

# સ્ત્રી અધિકારનો રક્ષક ઈસ્લામ કે પશ્ચિમી જગત ?!


સંપાદક....

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફયુઝાને રઝા મંઝિલ,

મુ.પો. **દયાદરા,** તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦

ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૨૦૧ | આવૃત્તિ-૨ | પ્રત : ૪૦૦૦ |
| ૨૨-ઝી કઅદા | હિ.સ. ૧૪૩૪ | સપ્ટેમ્બર-૨૦૧૩ |

નૂરાની આર્ટ-દયાદરા
મો. ૯૪૨૭૪૬૪૪૧૧

કિંમત : રૂા. ૫૦/-


1

A



## અનુક્રમણિકા


- **પ્રકાશકના બે બોલ.......** 0

**(પ્રકરણ : ૧)**
- લો સરખાવી લો ! ઈસ્લામ પહેલાં અને હાલના યૂરોપ તથા અમેરિકનોની સત્તા હેઠળમાં સ્ત્રીઓની બેઈજ્જતીની હાલત ! 09

**(પ્રકરણ : ૨)**
- સ્ત્રીની સ્થિતિ ઈસ્લામ પહેલાં અને પછી 19

**(પ્રકરણ : ૩)**
- ઈસ્લામમાં સ્ત્રી અધિકાર તથા માનવહક્કોનું મહત્વ અને વર્તમાન જગત ! 26

**(પ્રકરણ : ૪)**
- સ્ત્રીઓના હક્કો વિશે ઈસ્લામ પર વાંધાઓ તથા તેના લાજવાબ જવાબો..... સ્ત્રીઓના હક્કો અને ઈસ્લામ 32

**(પ્રકરણ : ૫)**
- ઈસ્લામમાં સ્ત્રીનો મકામ અને મર્તબો 43

**(પ્રકરણ : ૬)**
- માંનો મર્તબો કુર્આન તથા હદીષની દષ્ટિએ 49

**(પ્રકરણ : ૭)**
- બાળકોની કેળવણીમાં માનો કિરદાર 52

**(પ્રકરણ : ૮)**
- પતિ પત્નીના હક્કો 56

**(પ્રકરણ : ૯)**
- ઔરતોના મર્તબા કુર્આન હદીષમાં 74

**(પ્રકરણ : ૧૦)**
- ઈસ્લામમાં સ્ત્રીનો મર્તબો અને પશ્ચિમી જગત ! 75

(પ્રકરણ : ૧૧)
સ્ત્રી શોષણથી મુક્તિનો શ્રેષ્ઠતમ માર્ગ.......ઈસ્લામ ! 85

(પ્રકરણ : ૧૨)
ઈસ્લામમાં માબાપ તથા સ્ત્રીઓનું સ્થાન અને વર્તમાન જગતની હાલત ! 92

(પ્રકરણ : ૧૩)
ઈસ્લામમાં સ્ત્રીઓનો વારસાઈ હક્ક અને આપણે ! 104

(પ્રકરણ : ૧૪)
વારસામાં બહેનોના હિસ્સા વિશે કુર્આની આદેશને પાળો ! 110

(પ્રકરણ : ૧૫)
સ્ત્રી અને આપણો સમાજ 112

(પ્રકરણ : ૧૬)
ઈસ્લામમાં વારસાની વહેંચણી અને સ્ત્રીઓ પર થયેલાં એહસાનો 115

(પ્રકરણ : ૧૭)
પર્દાથી નફરત કરનાર ખૂદ મુસલમાન અને પર્દાધારી બની ગઈ ! એક ઈસાઈ સ્ત્રીનું મનમોહક વર્ણન 124

(પ્રકરણ : ૧૮)
એક નવ મુસ્લિમ જાપાની ખાતૂનનો ઈસ્લામ વિશે અભિપ્રાય 128

(પ્રકરણ : ૧૯)
મેં ઈસ્લામ શા માટે કબૂલ કર્યો ?! એક ઓસ્ટ્રેલિયન ખાતૂન સીસીલા મહમૂદાની કહાની ખૂદ તેણીની જ ઝબાની 133

(પ્રકરણ : ૨૦)
બ્રિટીશ અભિનેત્રીનો ઈસ્લામ સ્વીકાર ! 138

(પ્રકરણ : ૨૧)
ઈસ્લામ પ્રત્યેની ધૃણા જ ઈસ્લામ અંગીકારનો સબબ બની ! 140



અનુક્રમણિકા

(પ્રકરણ : ૨૨)
યૂરોપની મશહૂર મોડેલનો ઈસ્લામ સ્વીકાર ! 145

(પ્રકરણ : ૨૩)
ફ્રાંસની ગાયિકાનો ઈસ્લામ સ્વીકાર ! 147

(પ્રકરણ : ૨૪)
દીનની દાવત તથા તબ્લીગમાં સ્ત્રીઓનો રોલ 150

(પ્રકરણ : ૨૫)
મુસ્લિમ સ્ત્રીઓનો દીની ઈલ્મી શોખ કાલે અને આજે ! 157

(પ્રકરણ : ૨૬)
ઈસ્લામની તબ્લીગમાં સ્ત્રીઓનો કિરદાર 162

(પ્રકરણ : ૨૭)
સ્ત્રી નિકાહની કાઝી બને તો તેનાં બુરાં પરિણામો ! 171

(પ્રકરણ : ૨૮)
પતિ પત્નીના પ્રશ્નો સંબંધી જાણવા જેવા મસાઈલ 175

(પ્રકરણ : ૨૯)
સ્ત્રીઓને સ્વતંત્રતા આપવી ન જોઈએ ?! 189

(પ્રકરણ : ૩૦)
સ્ત્રીની પોલિટિકલ નેતાગીરી ઈસ્લામી રોશનીમાં 195

(પ્રકરણ : ૩૧)
મુસલમાન પરણિત સ્ત્રીઓને ખુશખબર ! 199

(પ્રકરણ : ૩૨)
મુસ્લિમ સ્ત્રીઓને ગુમરાહ કરવા કુર્આન પર એક વધુ આક્રમણ ! 201





# પ્રકાશકના બે બોલ...

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيۡكَ وَسَلَّمَ

**ફાનૂસ બનકે જિસ્કી હિફાઝત હવા કરે**
**વો શમ્અ કયા બુઝે જિસે રોશન ખુદા કરે**

સૂરજને ગમે તેટલાં વાદળો ઢાંકી દે પણ તેની રોશની ફેલાયા વિના રહેતી નથી. અત્તરને ગમે તેટલું પેક કરી દેવામાં આવે પણ તેની ખુશ્બુ ફેલાયા વિના રહેતી નથી, તેમ ઈસ્લામ પર ગમે તેવી અફવાઓ તથા ગલત પ્રોપેગન્ડાઓનાં વાદળો છોડવામાં આવે પણ ઈસ્લામનુ નૂર ફેલાયા વિના રહેતું નથી.

આજે ઈસ્લામ પ્રતિ પૂર્વગ્રહમાં રાચતુ પશ્ચિમી જગત તથા અન્ય ગૈર કૌમો ઈસ્લામ પર, ઈસ્લામના કાનૂનો પર વાંધા વચકા કાઢીને તેને બદ્‌નામ કરવાની તથા સામાન્ય જનોને તેનાથી ભડકાવી તેનાથી દૂર કરવાની તથા ધૃણા કરતા કરવાની સતત કોશિશો કરી રહી છે. ઈસ્લામના ફેલાવાથી ગભરાયને પબ્લિકને તેનાથી વિમુખ કરવા અવનવા તુક્કા ઉભા કરીને કેટલાક કહેવાતા એજ્યુકેટેડ પણ દીનથી અજ્ઞાન, નામના મુસ્લિમોને પણ પોતાના પક્ષમાં લેવા મથી રહેલ છે. ખાસ કરીને સ્ત્રીઓનું ઈસ્લામ પ્રતિ અધિક આકર્ષણ જોઈને તેણીઓને ઈસ્લામથી નફરત કરતી કરવા પ્રિન્ટ મીડિયા તથા ઈલેક્ટ્રોનિક મીડિયા સતત કામે લાગેલુ રહે છે.

આ બાબતોને લક્ષમાં રાખીને આપના પ્રિય માસિક "બરકાતે ખ્વાજા"માં





અવાર નવાર લેખો પ્રસિદ્ધ થતા રહ્યા છે. તો અમુક લેખોને એક જગાએ એકત્ર કરીને કિતાબ સ્વરૂપે અત્રે રજૂ કરીએ છીએ જેથી ઈસ્લામ પ્રત્યે અજ્ઞાન મુસ્લિમ, ગૈર મુસ્લિમ સૌના મનનું સમાધાન થઈ જાય અને ઈસ્લામે સ્ત્રીઓને શું હક્કો આપ્યા છે, શું ઈજ્જત આપી છે, ઈસ્લામમાં માબાપનું, બહેનનું શું મહત્વ છે, પતિ પત્નીના શું હક્કો છે, માનુ સ્થાન શું છે....એની સ્પષ્ટતા થઈ જાય, અને ગૈરોએ ઈસ્લામ સંબંધી સ્ત્રીઓના અધિકારો સંબંધી ફેલાવેલી અફવાઓ તથા ગલત પ્રોપેગન્ડાઓનાં વાદળો દૂર થઈ જાય અને સાથોસાથ એ દુષ્પ્રચાર કરનારાઓના પોતાના ત્યાં સ્ત્રીની શું ઈજ્જત થઈ રહી છે, શા અધિકારો સ્ત્રીને મળ્યા છે તેનું જ્ઞાન પણ સૌને લાધી જાય.

સાથોસાથ ઈસ્લામ વિશે દુષ્પ્રચારથી અંજાયને ઈસ્લામ પ્રતિ ધૃણા રાખનારી સ્ત્રીઓને અસલ ઈસ્લામની જ્યારે જાણકારી થઈ અને ઈસ્લામની સચ્ચાઈ સામે આવી તો કેવી કેવી સ્ત્રીઓએ ઈસ્લામ અંગીકાર કર્યો એટલું જ નહીં બલ્કે પર્દાથી નફરત કરતી સ્ત્રીઓએ પર્દાને અપનાવવામાં પોતાનું ગૌરવ સમજ્યું, તથા તેને સ્ત્રી સલામતીનો પ્રતિક જાણીને સદા માટે અપનાવી લીધો, તેનાં દૃષ્ટાંતો અત્રે રજૂ કરેલાં છે જે મુસલમાન બેપર્દા સ્ત્રીઓ માટે પણ સોચવાનો વિષય છે.

ઉમ્મીદ છે કે મુસલમાનો આ કિતાબનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરશે તથા ગૈર મુસ્લિમોને પણ વંચાવશે, ખાસ કરીને મુસ્લિમ બહેનો, ભાઈઓ પણ જરૂર આ કિતાબનો અભ્યાસ કરીને અન્ય કૌમની બહેનોને ભાઈઓને વંચાવી ઈસ્લામ પ્રતિની ગૈર સમજને તેમનાથી દૂર કરવા કોશિશ કરશે. (ઈન્શાઅલ્લાહ !)

વિશેષમાં ઈસ્લામે સ્ત્રીઓને જે હક્ક આપ્યા છે તેનો મુસ્લિમ યુવાનો વડીલો પણ અભ્યાસ કરે અને સ્ત્રીઓને તેમના હક્કો આપવા બાબતે ગંભીર બને, પશ્ચિમી જગતની જેમ સ્ત્રીને મનોરંજનનું રમકડુ કે કામવાળી લોંડી ન સમજે બલ્કે અલ્લાહની નેઅમત સમજીને પત્નીના, માં બહેનોના હક્કોનો ખાસ ખયાલ રાખે, નહીં તો અલ્લાહને ત્યાં હક્ક મારવાનો અઝાબ વેઠવો પડશે. એ જ પ્રમાણે બહેનો પણ પતિઓ હક્કોનો ખયાલ રાખી મહોબ્બત સાથે એકબીજા સાથે વર્તાવ રાખી જિંદગીને ખુશનૂમા ખીલેલા ગુલશન જેવી બનાવે.

તેમજ માબાપ ઘરડાં થતાં જેમ પશ્ચિમ જગત તથા અન્ય કૌમોના યુવાનો યુવતીઓ ઘરડાં માબાપોને એકલાં મૂકી અલગ રહેવા જતાં રહે છે અથવા

તો ઘરડાં માંબાપોને **Old House** (ઘરડાં ઘર)માં મૂકી આવે છે ! જે મા બાપે તેમને બચપનથી પાળી પોષીને મોટા કર્યાં, કેટલીય મુસીબતો વેઠી ભણાવ્યાં, કેળવ્યાં અને તેમની ઉચ્ચ કેરીયર બનાવવા પોતાની જાત તોડી નાખી, સર્વ જીવન મૂડી ખર્ચી કાઢી, તેમને ઘરડાં થતાં **Old House**માં મોકલી દેવામાં આવે છે ! તો એવા કપૂતો ન બનવાની ઈસ્લામ કેવી અસરકારક તા'લીમ આપે છે તે પણ અત્રે રજૂ કરેલ છે.

આશ્ચર્યની વાત છે કે જે કૌમ પોતાની સ્ત્રીઓને કેવળ મનોરંજનના રમકડાં બનાવી ચૂકી છે, સર્વ ક્ષેત્રે નગ્ન પ્રદર્શનો કરાવીને તેણીઓની બેઈજ્જતી કરી રહી છે તેમજ પોતાનાં માબાપોની સેવા ચાકરી નથી કરી શક્તી, તેમને ઘરડાં ઘરમાં મૂકી આવે છે ! વળી પછી તેમને જોવા પણ નથી જતા અને મરી જાય તો તેમની અંતિમ ક્રિયામાં જવાનો પણ તેમને સમય નથી ! તેઓ કયા આધારે ઈસ્લામ જેવા ઉચ્ચ અખ્લાક઼ શીખવતા ધર્મની વિરુદ્ધ અક્ષર પણ ઉચ્ચારી શકે છે ! છતાં એવું થઈ રહ્યું છે, જેથી આમ પબ્લિકની ગલતફહમીઓના નિવારણ માટે આ ''બરકાતે ખ્વાજા'' (માસિક)ના લેખ સંગ્રહને અત્રે કિતાબરૂપે રજૂ કરીએ છીએ.

તેમજ બાપની મિલ્કતમાંથી બહેનોને ભાઈઓ પૂરો હક્ક઼ આપતા નથી અને એફીડેવિટ કરાવીને હક્ક઼ને ઉઠાવી લેવા કહે છે, તો બીચારી બહેનો કરી આપે છે ! પણ ઈસ્લામે બહેનોને પોતાના પિતાની મિલ્કતમાં શું હિસ્સો આપ્યો છે તેના વિશે વર્ણન પણ આ કિતાબમાં વાંચવા મળશે. કાશ ! કે તેને વાંચીને લોકો તેના પર અમલ કરે. અને એ પણ સમજે કે ઈસ્લામે સ્ત્રીઓને આ હક્ક઼ મિલ્કતમાં આપ્યો છે એ બીજે ક્યાંય છે ખરો ?! પછી શાથી કહેવાય છે કે ઈસ્લામે સ્ત્રીઓને અધિકારો નથી આપ્યા ?! ઈન્સાફ કરો !

વળી આજકાલ યુવતીઓ તથા સગીરા બાળાઓ સાથે સામાન્ય પબ્લિક તો ઠીક પણ કહેવાતા સન્યાસી સાધુ સંતો તેમજ પાદરીઓ શું વર્તાવ કરી રહ્યા છે તેના સમાચારો તો અવારનવાર વર્તમાનપત્રોમાં ચમકતા જ રહે છે. અને અમેરિકામાં હાલમાં લશ્કરમાં લેડીઝ સૈનિકો સાથે બળાત્કારોના સમાચારો પણ પ્રસિદ્ધ થયા હતા ! અને વિશેષ તો આ એક સમાચાર જ પશ્ચિમી તથા અમેરિકાઓની સંસ્કૃતિની પોલ ખોલવા માટે પૂરતા છે, સાંભળો ! ''અમેરિકાના કેથોલિક, ખ્રિસ્તી પાદરીઓ વિરુદ્ધ જાતીય શોષણના સાતસો નવા આરોપો લાગ્યા છે. કેથોલિક બિશપોની એક સંસ્થા





તરફથી પ્રસિદ્ધ અહેવાલમાં જણાવાયું હતું કે આ આરોપો ગયા વર્ષે સામે આવ્યા હતા. અહેવાલમાં જણાવાયું હતું કે જાતીય શોષણની આ ઘટનાઓ ૧૯૬૦થી ૧૯૮૪ની વચ્ચે થઈ હતી. ફરિયાદ કરનાર લોકોમાં ૭૧ સગીરો પણ સામેલ છે. જે પાદરીઓ પર આરોપ લગાવાય છે તેમાંના ઘણાનાં મોત થઈ ચૂક્યાં છે ! તથા ઘણા પાદરીઓને હોદ્દા પરથી હટાવી દેવામાં આવ્યા છે. અહેવાલમાં જણાવ્યા પ્રમાણે ૨૮૦ પાદરીઓ પર જાતીય દુરાચારના આરોપો લાગ્યા હતા. ગયા વર્ષે જાતીય દુરાચારના કેસોના નિકાલ માટે અમેરિકન સર્વે ૧૪.૪ કરોડ ડોલર ખર્ચ કર્યો હતો.''

આ છે કહેવાતા સભ્ય દેશની પ્રજાના રક્ષકો એટલે લશ્કરીઓ તથા આધ્યાત્મિક ગુરૂઓ એટલે સન્યાસી પાદરીઓની હાલત ! તો સામાન્ય પ્રજાની શું હાલત હશે ?! (અલ્લાહની પનાહ !) જેથી મુસલમાનોએ યૂરોપ તથા અમેરિકાના કલ્ચરના અનુકરણને છોડીને ઈસ્લામી પવિત્ર કલ્ચર અપનાવવું જોઈએ.

અત્રે **''બરકાતે ખ્વાજા''** (માસિક)ના તંત્રી લેખો ઉપરાંત વિવિધ લેખકોના લેખો જે મઝકૂર માસિકમાં પ્રગટ થતા રહ્યા તેને એકત્ર કરીને રજૂ કર્યા છે. સર્વ લેખકોને રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદક઼ામાં બેહતરીન જઝાએ ખૈર બંને જહાનમાં આપે કે તેમની મહેનતોથી ઈસ્લામથી ધૃણા કરતા તથા ગુમરાહી તરફ જતા ઘણા નાદાન ઈન્સાનોને સીધો માર્ગ મળશે અને ઈસ્લામ પરના ગલત પ્રોપેગન્ડાનાં વાદળોના પ્રદૂષણનો સફાયો થશે અને હક્ક઼ના શોધકોને સન્માર્ગ મળશે. ઈન્શાઅલ્લાહ ! કમસે કમ હઠધર્મીઓની જબાનો ગુંગી તો થઈ જ જશે. (ઈન્શાઅલ્લાહ !)

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તા. ૨૩–સપ્ટે.–૨૦૧૩, ગુરૂવાર, હિ.સ. ૧૪૩૩, ૧૭ ઝીલ હજ્જ)*



بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ  اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ  اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

## (પ્રકરણ : ૧)

## લો સરખાવી લો ! ઈસ્લામ પહેલાં અને હાલના યૂરોપ તથા અમેરિકનોની સત્તા હેઠળમાં સ્ત્રીઓની બેઈજ્જતીની હાલત !

સૂના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હૈ
સોનેવાલો જાગતે રહીયો ચોરોં કી રખવાલી હૈ

ઈસ્લામ દુશ્મન તાકતો યહૂદ તથા નસારાઓ, યૂરોપ તથા અમેરિકાના ગોરા તન કાળા મનવાળાઓ તથા અન્ય કાફિરો ઈસ્લામની દુશ્મનીમાં એવા તો આંધળા થઈ ચૂક્યા છે કે ઈસ્લામના ઉપર કીચડ ઊછાળવાનો કોઈ પણ મોકો હાથથી જવા દેતા નથી. અવાર નવાર ઈસ્લામના કાનૂનો પર તો વળી ક્યારેક સ્ત્રીઓની બનાવટી લાગણીનાં ગીતો ગાઈને જૂઠો પ્રચાર કરતા રહેતા હોય છે કે, ''ઈસ્લામે સ્ત્રીના પર મઆઝલ્લાહ ! જુલ્મ કર્યો છે, તેને બંદી બનાવી છે, તેને હક્કો નથી આપ્યા.'' વગેરે. જો કે ઈસ્લામે સ્ત્રીને કેટલી ઈજ્જત તથા કેટલા હક્કો આપ્યા છે એ વાતો તો આ પૂરા અંકમાં તમે વાંચશો. ઈન્શાઅલ્લાહ ! અને આ આક્ષેપકારોએ સ્ત્રીઓને શું આપ્યું છે ? તેની પોલ પણ અંદર જોવા મળશે, પણ અહીં મારે એ વાતો જણાવવી છે કે **ઈસ્લામના આગમન પહેલાં સ્ત્રીની જે કફોડી હાલત હતી તે અને અત્યારનું યૂરોપ તથા અમેરિકા તેમજ**





**જેઓ પણ સ્ત્રી આઝાદીનાં બણગાં ફૂંકે છે તેમણે સ્ત્રીની શું હાલત કરી છે, તે સચોટ પૂરાવા સાથે રજૂ કરવું છે અને જે કહેવાતા મુસ્લિમ કે ગૈરના દિલમાં કોઈ ખૂણામાં ઈસ્લામે સ્ત્રી સાથે યોગ્ય વહેવાર નથી કર્યો એવી કોઈ શંકાનો સાયો પણ હોય તો તે દૂર કરવો છે.**

### ★ ઈસ્લામના આગમન પહેલાં સ્ત્રીઓ પર થતા જુલ્મની એક ઝલક ★

કુફ્ર પોતાની સાથે કેવળ અકીદાની ગુમરાહી નથી લાવતુ પણ સંસ્કારિક પડતી, નીચાપણુ અને અનૈતિકપણુ પણ સાથે લાવે છે. સામાન્ય બુદ્ધિ ધરાવનાર માણસ પણ જે કામ કરતાં ખચકાય છે પણ જ્યાં કુફ્રનો અંધકાર છવાય જાય છે ત્યાં મોટા મોટા શરમજનક કામ ઉઘાડે છોગે કરવામાં આવે છે. મોટા મોટા રઈસ કરે છે અને જરાય નથી શરમાતા ! અરબના કબીલાઓ પોતાના ઘમંડના કારણે પ્રખ્યાત છે પરંતુ કુફ્રની ગુમરાહી એમના લોહીમાં ભળી ગઈ હતી એટલા માટે આવી ગુનાહની હરકતો દિવસના અજવાળામાં એમની આંખોની સામે થતી બલ્કે તેઓ ખૂદ કરતા અને બિલકુલ ન શરમાતા. જાહેલિયતના જમાનામાં લોંડીઓ વેશ્યાગીરીનો ધંધો જાહેરમાં અપનાવતી હતી. મોટા મોટા રઈસ ખાનદાન પોતાની જુવાન અને ખૂબસૂરત લોંડીઓને એ મતલબના માટે વાપરતા હતા. એમને અલગ મકાનમાં રાખવામાં આવતી જેને 'મવાખીર' કહેવામાં આવતું હતું. દરેક પર ઝંડો લહેરાયેલો રહેતો અને એ લોંડીનું વેશ્યાખાનું એના માલિકના કબીલાના નામથી પ્રખ્યાત થતું.

ઈમામ ઈબ્ને જરીર અતાથી નકલ કરે છે કે જાહિલિયતના જમાનામાં દરેક કબીલા અને ખાનદાનની લોંડીઓ રાખવામાં આવતી હતી જે એમની તરફ સંબંધિત થતી. કહેવામાં આવતું કે આ ફલાણા કબીલાની રંડી છે, આ ફલાણા કબીલાની રંડી છે. એમના દરવાજાઓ પર ઝંડાઓ લગાડેલ રહેતા. ઈમામ ઈબ્ને જરીર એ વિવિધ ઝંડાઓવાળીઓમાંથી નવનાં નામ પણ લખ્યાં છે અને એમના કબીલાની વાત પણ કરી છે. ન એ વાત એબદાર ગણાતી હતી, ન એમની પાસે કોઈનું આવન જાવન બદનામીનું કારણ ગણાતું હતું.

એમના સિવાય વિવિધ બીજી સ્ત્રીઓ પણ હતી, જેઓ આ ધંધો ઉઘાડે છોગે કર્યા કરતી, કેટલાય લોકો એમની સાથે શાદી કરી લેતા જેથી એમની હરામ કમાણીથી એશ કરે. *(ઈબ્ને જરીર)*

## ★ મદીનામાં હુઝૂરના આગમન પહેલાં સ્ત્રીઓની હાલત ! ★

મદીનાની પરિસ્થિતિ પણ મક્કાથી કાંઈ જુદી ન હતી, ત્યાં એનો બધાથી મોટો કારોબાર કરનાર ખૂદ અબ્દુલ્લાહ બિન ઉબય હતો જેને અવસ તથા ખઝરજના કબીલાઓ પોતાનો બાદશાહ નક્કી કરનાર હતા. અને જ્યારે હુઝૂર મદીના તૈયબહમાં તશરીફ ફર્મા થયા, ત્યારે એના માટે સોનાનો તાજ સોનીની પાસે તૈયાર થઈ રહ્યો હતો. આ મર્તબાનો માણસ ત્યાં બધાથી મોટો હરામકાર હતો ! તેણે પોતાના ચકલામાં છ નવજવાન અને ખૂબસૂરત લોંડીઓ રાખેલ હતી અને એમનામાંથી દરેકના માટે એક નક્કી કરેલ રકમનું કમાવું દરરોજ જરૂરી હતું. જો કોઈ લોંડી નક્કી કરેલ રકમ ન આપતી તો એને મારપીટ કરવામાં આવતી અને નક્કી કરેલ રકમ પૂરી કરવા પર મજબૂર કરવામાં આવતી. આ સાહેબો આ લોંડીઓથી માત્ર દોલત જ ન કમાયા કરતા બલ્કે રાજકીય ફાયદાઓ પણ પ્રાપ્ત કરતા. અરબ કબીલાઓનો કોઈ રઈસ જો યથરબ આવતો તો તે પોતાની એક લોંડી મઆઝાને રાતવાસાના માટે એની પાસે મોકલી દેતો જેથી તે ઈબ્ને ઉબયના એહસાનને હમેશાં યાદ રાખે અને જરૂરતના સમયે તે એને પોતાના રાજનીતિક ઈરાદાઓની પરિપૂર્ણતા માટે ઉપયોગ કરી શક્તો.

અલ્લામા ઈબ્ને કષીર, અલ્લામા આલૂસી અને બીજા મુફસ્સીરીને સ્પષ્ટતા કરી છે કે :–

**(અર્થ)** : જેથી આજ લોંડી મઆઝા એક દિવસ કંટાળીને હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہની પાસે આવી અને પોતાના ગમની કહાની સંભળાવી. આપે બારગાહે રિસાલતમાં એની ગુઝારિશ પેશ કરી તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, એને આપના કબ્જામાં લઈ લો. અબ્દુલ્લાહ બિન ઉબય બદ્કારને ખબર પડી તો એણે મોટો શોર મચાવ્યો કે જુઓ ! હવે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અમારી લોંડીઓને પણ પોતાના કબ્જામાં લઈ રહ્યા છે ! એ સમયે નિકાહ બાબતની આયત નાઝિલ થઈ. આ રીતે કાનૂની રીતે વૈશ્યાગરીની ખરાબી





ઈસ્લામી માહોલથી ખતમ કરી દેવામાં આવી. જેને યૂરોપમાં આજે પણ કાનૂનની પીઠબળનું સમર્થન પ્રાપ્ત છે.

અલ્લામા કરતબી رحمۃ اللہ علیہ લખે છે કે એક તો તેઓ ઝિનાની રકમ વસૂલ કરતા હતા. બીજુ જો એ લોંડીથી ઔલાદ થતી તો એને પોતાની ગુલામ બનાવી લેતા અને એને વેચીને કિંમત વસૂલ કરતા. અને જો વ્યભિચારી કબીલાનો કોઈ રઈસ હોતો અને એના ગર્ભથી કોઈ બાળક જન્મ પામતું તો તે એ લોંડીને એકસો ઊંટ ફિદિયા તરીકે અદા કરીને પોતાના બાળકને લઈ જતો અને લોંડી તે સો ઊંટ પોતાના માલિકને આપી દેતી.

આ રીતે ઘણી જ બેશર્મીથી તે દૌલત કમાવવામાં લાગેલા રહેતા. કુર્આની આયતમાં એવી કમાઈને હરામ ગણાવવામાં આવી છે. હુઝૂર સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمએ પણ સાફ શબ્દોમાં ફર્માવી દીધું છે કે, ''ઝિનાકારીની કમાઈ નાપાક છે.'' *(હવાલો : માહનામા જામિઆ, રૌનાહી, યુ.પી., ઓગસ્ટ–૨૦૦૪)*

## ★ શું યૂરોપ તથા અમેરિકામાં આવાં ઓપન વેશ્યાઘરો નથી ?! ★

ઉપરોક્ત લખાણમાં તમોએ જાહિલિયતનો દૌર એટલે ઈસ્લામના આગમન પહેલાં સ્ત્રીઓની હાલતનો ચિતાર જોઈ લીધો ! હવે આવો ! સીધા ચાલ્યા જાવ યૂરોપ તથા અમેરિકાનાં તે બજારોમાં જ્યાં ડાન્સ પાર્ટીઓ, નૃત્યની કલબો અને બિયર બારો તરફ એક દૃષ્ટિ કરી લો ! નાના મોટાં શહેરોમાં વેશ્યાઘરો તથા હોટલોનું નિરીક્ષણ કરી લો ! અને દિલ પર હાથ રાખીને કહો કે શું એ જાહિલિયતના દૌરમાં જે હાલત સ્ત્રીની રમકડાના સમાન હતી તે આજે અહીં નથી ?! **ત્યારે પણ સ્ત્રીના શરીરને વેચીને પૈસા ઉભા કરવામાં આવતા હતા અને આજે પણ એ જ ધંધા ચાલી રહ્યા છે ! ફરક એટલો છે કે ત્યારે તેણીને લોંડી કહેવામાં આવતી હતી અને આજે રિસેપ્શનિસ્ટ, સેલ્સ ગર્લ, મેડમ, કલાકાર કે નૃત્યાંગના, બ્યૂટી ક્વીન, કોલગર્લ વગેરે લપસણાં** નામથી તેણીને ભ્રમમાં રાખવામાં આવે છે કે તેણી આઝાદ છે પણ એ જ ગુલામીના ધંધા કેવળ ધનની લાલચમાં વેશ્યાગીરીના સ્ત્રીઓ પાસેથી કરાવવામાં આવી રહ્યા છે.

જ્યારે દુનિયા પર સૂરજ અસ્ત થતાં અંધારી ચાદર તણાય છે, લોકો આરામની નીંદ માણે છે તે સમયે એ કપૂતો, લંડન, ન્યૂયોર્ક, હોંગકોંગ.. વગેરે દુનિયાનાં શહેરોમાં રાતને રંગીન લાઈટોથી દિવસ બનાવીને ગુનાહોની હોળી ખેલવાની દુકાનોને ગરમ કરે છે અને અસંખ્ય સ્ત્રીઓની ઈજ્જતની લિલામ થાય છે.

વળી ત્યારના રઈસો જે ધંધો કરતા હતા તે ધંધા આજના એ દેશોના રાષ્ટ્ર પ્રમુખો (જેમ કે બિલ ક્લિંટન તથા યુ.કે. વગેરેના પ્રધાનોનાં કૌભાંડો) તથા પ્રધાનો નથી કરતા ? છતાં શરમાય પણ છે ?!

દોસ્તો ! ફરી એકવાર આગલુ લખાણ વાંચો અને જાહિલિયતના દૌરમાં સ્ત્રીને લોંડી બનાવી શું કરવામાં આવતું હતું તે જુઓ અને આજના દૌરના સુધરેલા કહેવાતા દેશો, સ્ત્રીને આઝાદી આપવાનો દા'વો કરનારાઓને જુઓ કે એ બેમાં ક્યાં આગળ તમને ફરક જણાય છે ?! અને ઈન્સાફથી કહો કે **સ્ત્રી પર એ જ જુલ્મો આ ઢોંગી યૂરોપ તથા અમેરિકીઓ કરી રહ્યા છે જે જાહિલિયતના દૌરમાં કાફિરો કરતા હતા.** વળી એ નાલાયક પ્રવૃત્તિ કરવાવાળાઓએ દુનિયા કમાવવાની લાલચમાં પૂરા જગતમાં બેશરમી એટલી ફેલાવવી શરૂ કરી છે કે હવે તો આપણા રૂઢિચુસ્ત ગણાતા દેશમાં પણ એ બુરાઈ ચમકારા મારી રહી છે અને અહીં પણ એને રોકનાર કોઈ નથી. આવો ! એની પણ ઝલક જોઈ લઈએ.

## ★ આ સ્ત્રી આઝાદી છે કે તેનું શોષણ ?! ★

થોડા દિવસો પહેલાં હિંદુસ્તાનના આર્થિક પાટનગર મુંબઈમાં એક સુંદરી હરીફાઈ "ફેમિના મિસ ઈન્ડિયા" (**Femina Miss India**) ગોઠવાઈ. એ જોઈને આશ્ચર્ય થયું કે આ સુંદરી હરીફાઈને "સ્ત્રી શક્તિ" (**Women Power**)નું નામ આપવામાં આવ્યું હતું ! એક એવોર્ડના નામ પર સ્ત્રીને ઘણા બધા પુરૂષોની સામે સ્ટેજ પર નગ્ન કરીને પરેડ કરાવવી અને એના શરીરની ચામડી, રૂવાંટી અને નાઝુક ભાગોને માપ તોલ કરવા પછી આવા પ્રોગ્રામને સ્ત્રીઓની તાકાતનું નામ આપવું એ સ્ત્રીઓના શોષણનો ઘણો જ બુરો દાખલો છે. પરંતુ આવી સુંદરી હરીફાઈઓ અને ફેશન શો હવે દરેક બાજુ ઠેર ઠેર ગોઠવાઈ રહ્યા છે.





સૌંદર્ય પ્રસાધનો અને કોસ્મેટીકનો સામાન બનાવનારી મોટી મોટી કંપનીઓ આવા પ્રોગ્રામોને ગોઠવવામાં મદદ કરે છે અને એનો ખૂબ પ્રચાર પણ કરે છે. વિ□સુંદરી હરીફાઈમાં પાછલા થોડાક વર્ષોથી ડાઈના હેડન, સુસ્મિતા સૈન, એ□ર્યારાય, દિયા મિર્ઝા, પ્રિયંકા ચોપડા વગેરે હિંદુસ્તાની સુંદરીઓને સુંદરીઓની રાણીનો ખિતાબ આપવાનો સિલસિલો ચાલી પડયો છે.

જ્યારે ડાઈના હેડને મિસ વર્લ્ડ (**Miss Wolrd**)નો ખિતાબ જીત્યો હતો તો અમારે ત્યાં એક સમાચાર પત્રએ એ હેડિંગ લગાડી દીધું હતું કે "હિંદુસ્તાને દુનિયાને એક વાર ફરી જીતી લીધી !" એને વાંચીને એવું લાગ્યું કે કદાચ હિંદુસ્તાને સ્પોર્ટસમાં કોઈ મોટી સફળતા (સિધ્ધિ) મેળવી હશે અથવા સાયન્સ અને ટેકનોલોજીમાં કોઈ મોટું કામ અંજામ આપ્યું હશે ! અથવા વિ□ યુનિર્વસિટીના અસંખ્ય હેતુઓ પાર પાડી દીધા અને તમામ હેતુઓને પ્રાપ્ત કરીને હિંદુસ્તાન દુનિયાભરમાં પહેલા નંબરે આવી ગયું હશે ! કે પછી ગરીબીની રેખાને ઓછી કરીને હિંદુસ્તાન દુનિયાનો સૌથી સમુદ્ધ દેશ બની ગયો હશે. આ શું ! એવું કોઈ મહાન કામ અમે કર્યું નથી પરંતુ હિંદુસ્તાનની એક મહિલાએ નગ્નતામાં એવોર્ડ પ્રાપ્ત કર્યો અને તે પણ આખી દુનિયાના સામે પોતાના શરીરનું પ્રદર્શન કરીને !! શું આપણા દેશની સંસ્કૃતિ આવી હલકી વાતો પર ગર્વ લેવાનું શીખવાડે છે ?!

અચંબાની વાત એ છે કે આ શરમજનક કામના માટે શરીરના પ્રદર્શનની સુંદરી હરીફાઈ જીતનારી સ્ત્રીને લાખો ડોલર ઈનામ આપવામાં આવે છે ! એ પણ બદ્નસીબીની વાત છે કે આવી સુંદરી હરીફાઈ ખાસ કરીને ત્રીજી દુનિયાના દેશો અને એશિયા તથા આફ્રિકાના ગરીબ દેશોમાં વધારે થવા લાગ્યા છે. આ દેશમાં ગરીબી અને ભૂખમરો જેવા પ્રશ્નોને હલ કરવાને બદલે માત્ર બિકીની (અંડરવેર) પહેરીને આવનારી સુંદરીઓને લાખો ડોલર ઈનામ આપવામાં આવે છે ! બલ્કે સુંદરી હરીફાઈ જીત્યા બાદ આ સુંદરીઓ ગરીબ બાળકો કે અપંગ લાચાર બાળકોની સાથે ફોટા ખેંચાવે છે ! અને સ્ત્રીઓના હક્કોની વાતો કરે છે ! પણ આ બધું માત્ર ધોકો દેવાના માટે એક ફેશન બની ચૂક્યું છે.

## ★ કુમળી વયની છોકરીઓ નગ્નતા તરફ કેમ વળે છે ? ★

આજકાલ આ પ્રકારની "સુંદરી હરીફાઈ" મિસ બ્યુટીફૂલના નામથી

હાઈસ્કૂલોમાં પણ શરૂ થઈ ગઈ છે ! બલ્કે આ એવો સમય છે જયારે વિદ્યાર્થીઓને ઊંચી તા'લીમની તરફ ધ્યાનિષ્ઠ કરીને પોતાનું ભવિષ્ય સુધારવાનું હોય છે. પણ આજ "મિસ બ્યુટીફૂલ" આગળ ચાલીને "મિસ યુનિવર્સિટી" બનવાના માટે રસ્તો સુંવાળો કરે છે અને આગળ ચાલીને "મિસ ઈન્ડિયા" અને છેવટે "મિસ વર્લ્ડ" કે "મિસ યુનિવર્સ" સુધી ચાલી જાય છે. આવી "સુંદરતાની હરીફાઈ" કે "ફેશન શો"ની ખૂબ જાહેરાત કરવામાં આવે છે આ બધુ નજરોની સામે પુસ્તિકાઓ, સમાચાર પત્રો અને ટી.વી. પર જોઈને કુમળી વયની છોકરીઓ પણ શરીરનું પ્રદર્શન અને ફેશન પરસ્તીની તરફ આર્કષાય રહી છે, હિંદુસ્તાન અને બીજા ગરીબ દેશોમાં જયાં દુનિયાની વસ્તીનો મોટો હિસ્સો રહે છે ત્યાં કોસ્મેટીક અને સૌંદર્ય પ્રસાધનો બનાવનારી કંપનીઓ થકી આવી હરીફાઈઓ અને શો ઘણા જ રૂપિયા ખર્ચ કરીને ગોઠવવામાં આવે છે અને ત્યાંની સુંદરીઓને સુંદરતાનો તાજ પહેરાવવાનો સિલસિલો શરૂ કરી નાખ્યો છે. હવે જગા જગા અને દરેક ગલીમાં બ્યૂટી પાર્લર અને બ્યૂટી સ્ટોર્સ ખુલી રહ્યા છે, છોકરીઓ અને મહિલાઓને સુંદર અને આકર્ષક બનવાની હોડ લગાડી દીધી છે. આવી રીતે મૂડીવાદીઓએ કરોડો રૂપિયા કમાવાના માટે એક મોટી માર્કેટ તૈયાર કરી દીધી છે. **દોલત કમાવાના માટે નાઝુક નારીઓનું પ્રદર્શન કરવામાં આવે છે. અને દુનિયાને નગ્નતા, બેહયાઈ અને (બદ્ અખ્લાકીના) કુસંસ્કારના સમંદરમાં ધકેલવામાં આવી રહી છે.** પ્રખ્યાત રાષ્ટ્રીય સમાચાર પત્ર "ધી એશિયન એજ"માં એક રીપોર્ટ છપાયેલ હતો જેમાં જાહેર કરવામાં આવ્યું છે કે હિંદુસ્તાનમાં દરરોજ લગભગ ૩૫૦ છોકરીઓ અને મહિલાઓ આ ફેશન અને ગ્લેમરની દુનિયાની ઝગમગાટના પ્રદર્શનથી આકર્ષાઈને શરીર વેચવાની લાનતમાં લાગી રહી છે.

## ★ સ્ત્રીઓની ઈજ્જતો શાથી લૂંટાય છે ? ★

આજકાલ મહિલાઓની સંસ્થાઓ મહિલાઓના હક્કો પર શોર મચાવવાવાળા નામના આઝાદ ખયાલ લોકો અને કહેવાતા પ્રગતિશીલ લોકો સ્ત્રીઓ પર થનારા બળાત્કાર અને મારપીટના મામલાઓ વિશે ખૂબ વિરોધ પ્રદર્શિત કરી રહ્યા છે અને શોર મચાવી રહ્યા છે. ટી.વી.થી લઈને પાર્લામેન્ટ





સુધીમાં આ વિષયો પર ચર્ચા થઈ રહી છે પણ આ જ લોકો સુંદરી હરીફાઈ કે શરીરના પ્રદર્શનને આઝાદી અને પ્રગતિનું નામ દઈને એની હિમાયત (સમર્થન) કરે છે. કોઈ તત્વચિંતકે કહ્યું છે, નગ્નતા એવું કામ છે જેનું પરિણામ છેડતી તથા બેઈજજતીના રૂપમાં સામે આવે છે. (**Pornography is the theory, the rape is the practice**) આ વાત એ મહિલાઓની સંસ્થાઓ અને કહેવાતા આઝાદ ખયાલ લોકોએ અનુભવવી જોઈએ. આ સચ્ચાઈ પોતાની જગાએ છે કે આજકાલની ટોપ મોડલો અને પ્રખ્યાત બ્યૂટી ક્વિનોની બેઈજજતી નથી કરવામાં આવી રહી પણ એમના શરીરના પ્રદર્શનનાં દશ્યો નગ્ન પુસ્તિકાઓ, સમાચાર પત્રો, ટી.વી. અને ફિલ્મોના દ્વારા જયારે વારંવાર પુરૂષોની સામે જોવા મળે છે તો એ તેમને શારીરિક ઈચ્છા અને વાસના સંતોષવા માટે પ્રોત્સાહિત કરે છે જેના પ્રત્યાઘાત રૂપે મજબૂર, નાદાન અને ગરીબ છોકરીઓની ઈજ્જતો લૂંટાઈ રહી છે. સંસ્કારિક્તા પાયમાલ થઈ રહી છે અને બેહયાઈ અને બુરાઈમાં વધારો થઈ રહ્યો છે, સમાજનું માળખુ તૂટી રહ્યું છે, ઘરો બરબાદ થઈ રહ્યાં છે, માનવોનો સમાજ તબાહી તથા બર્બાદીની તરફ કૂચ કરી રહ્યો છે.

આજે આ ફેશન શોના પ્રોગ્રામો, સુંદરી હરીફાઈના પ્રોગ્રામો અને મોડેલિંગના કારણથી મહિલાઓ અને કુમળીવયની છોકરીઓમાં આકર્ષક બનવા, સુંદર બનવાની ચાહત પેદા થઈ ગઈ છે, પણ તેણીઓ એનાથી બેખબર છે કે પુરૂષ એમને મહોબ્બતની નજરોથી નહીં પરંતુ હવસની નજરોથી જોવા લાગ્યા છે. એટલા માટે છોકરીઓને કે મહિલાઓને સર્વસ્વ લૂંટાવીને પણ મહોબ્બત હાથ લાગવાની નથી ! પરંતુ એના કારણથી સમાજમાં બેહયાઈ અને બુરાઈની ઉન્નતી થઈ રહી છે જેના કારણે સ્ત્રીઓ વિશે ગુનાહોમાં વધારો થઈ રહ્યો છે. બેઈજજતી, મારપીટ, તલાકના બનાવો અને હત્યા કરવી કે જીવતી સળગાવી દેવાના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. સ્ત્રીઓને મૂર્ખ બનાવીને કે તેણીનું શોષણ કરીને પુરૂષ પોતાની આંખોની ઐયાશીનો સામાન તૈયાર કરી રહ્યા છે તો બીજી તરફ ફેશન અને સુંદરતાના સાધનો બનાવનારી કંપનીઓ અને મૂડીધારીઓ કરોડો રૂપિયા કમાઈ રહ્યા છે.

એનો હલ માત્ર એ છે કે **મહિલાઓના માટે પોતાના શરીરને ઢાંકવાના માટે અને પોશાક પહેરવાનો એક કાયદો અને નિયમ**

**(Dress code) હોવો જોઈએ. અને આ માત્ર એક ઈસ્લામી સમાજ અને ઈસ્લામી રીત રિવાજ જ પૂરો પાડી શકે છે.** ઈસ્લામ સ્ત્રીને ૧૦ રૂપિયાના સાબુના માટે શરીર દેખાડવા અને એના પ્રદર્શન કરીને કમાણી કરવાની હિમાયત નથી કરતો પરંતુ સ્ત્રીને પર્દાના નામ પર રક્ષણ, પાકીઝગી અને ઈજ્જત આપે છે. **આ જ સ્ત્રીઓની આઝાદી અને ઉન્નતીની વાતો કરનારા લોકો સ્ત્રીને માત્ર રમકડુ અને ઐયાશીનું સાધન સમજીને માત્ર એને લેડીના રૂપમાં જોઈ રહ્યા છે** અને જોવાડી રહ્યા છે. પણ **ઈસ્લામે સ્ત્રીને પત્ની, પુત્રી, બહેન અને માંના રૂપમાં હાજર કરીને એના હક્કો અને ઈજ્જતને જરૂરી ગણાવી છે.** આજના આ ફિત્નાના સમયમાં સ્ત્રીએ વેચાવા લાયક માલ અને પુરૂષોની આંખોની ઐયાશીનું કારણ ન બનતાં પોતાના ઘર અને ખાનદાનની ઈજ્જતદાર બેટી, બહેન, પત્ની અને માં બનીને રહેવું જોઈએ. પોતાની ઔલાદને સાચી રીતભાત આપીને અને ઘરની દેખભાળ અને સુધારણા કરીને આવનારા સમાજના ભવિષ્યને રોશન બનાવવું જોઈએ. *(જામે નૂર–દિલ્હી, મે–૦૩)*

### ★ યકીનન ! ઈસ્લામે જ સ્ત્રીને ઈજ્જત આપી છે ! ★

સારાંશ કે કહેવાતા સ્ત્રી આઝાદીના ચાહકોએ સ્ત્રીની હાલત રમકડાથી વિશેષ નથી રાખી, તેના પ્રદર્શનો કરી, તેના શરીરના સોદા કરી, વેપાર કરાવીને તેનાથી નાણાની રેલચછેલ કરી રહ્યા છે. જ્યારે ઈસ્લામે સ્ત્રીને ઈજ્જત આપી છે. સૌ પ્રથમ તો નજરો પર કુર્આન તથા હદીષે પાબંદી લગાડી કે, **"કોઈ ગૈર મર્દ અજનબી સ્ત્રીને ન જુએ, ન તાકે."** તો શું આ ઈજ્જત નથી કે કોઈ સ્ત્રીને નાચતી જોઈ લોકો તાળીઓ પાડે ! જ્યારે ઈસ્લામ સ્ત્રી પર નજર કરવાની પણ મના કરે છે. સ્ત્રીને પણ હુકમ થયો કે, **"તે ઢોરો જેમ નગ્ન ન ફરે બલ્કે ઈજ્જતની જિંદગી જીવે અને શરીર ઢંકાય તેવાં કપડાં પહેરે તથા બુરી નજરોથી બચવા પર્દો કરે."** તો શું આ ઈજ્જત નથી કરી અને તેનો મર્તબો ઊંચો નથી કર્યો ?! **"કોઈ ગૈર મેહરમ કોઈ સ્ત્રીને ન સ્પર્શે, નહીં તો કિયામતમાં તે હાથને આગની સાંકળોથી બાંધવામાં આવશે."** શું આ ઈજ્જતની વાત નથી તો શું ઈજ્જત એ છે કે સામુહિક બળાત્કારોના





બનાવો થાય છતાં ગુનેહગારો છૂટી જાય અને સ્ત્રી આપઘાત કરી લે ! આ ઈજ્જત છે.

### ★ મુસ્લિમ ભાઈ બહેનો ! સાવધાન ! ★

અલ્લાહ સાચી સમજ આપે. ખાસ મારી વિનંતિ મુસલમાન ભાઈ બહેનોને છે કે બહેનોને જે ઈજ્જત ઈસ્લામે આપી તેને અપનાવે અને આ સ્ત્રીના દુશ્મનો કહેવાતા ઢોંગી સ્ત્રી આઝાદીના નારા લગાડનારાઓની વાતોમાં ન આવે અને ભાઈઓ પણ માં બહેનોને સમજાવી, બેટીઓને ઈસ્લામી તા'લીમ આપી ઈજ્જતદાર જીવન જીવવા સમજાવે. ઈસ્લામી નેક ખાતૂનોના જીવન ચરિત્રનાં પુસ્તકો વંચાવે, જેથી ઈસ્લામનું તથા સ્ત્રી ચારિત્ર્યનું મૂલ્ય તેણીઓ સમજે.

ઈસ્લામથી વિમુખ ચાલવાનાં પરિણામો દુનિયાના મુસલમાનો ભોગવી રહ્યા છે, જે આપણી નજરો સમક્ષ જ છે અને હે ઈસ્લામના ફરઝંદો ! જો હજી પણ તમે હાલત સુધારવાની કોશિશ નહીં કરો અને પૂરાણા (ઈસ્લામના પહેલાંના) અને અર્વાચીન (યૂરોપ અમેરિકાના) જાહિલોના ચક્કરમાં સપડાયેલા રહીને પોતાનું સત્યાનાશ કરી નાખ્યું અને અન્ય બેહયા કૌમોનું અનુકરણ કરીને તમારી શરમ હયાની ચાદર ફેંકી મારી તો પછી તમારાથી મોટો નુકસાનમાં પડનાર કોણ થઈ શકે છે ! પછી "જેવું વાવો તેવું લણો" એ કાનૂન પ્રમાણે જો તમારા પર અલ્લાહના ગઝબની વીજળીઓ પડી તો તમારો પોતાનો દોષ હશે ! તમારા કરીમ પરવરદિગારે તથા રઉફ તથા રહીમ રસૂલે પાક ﷺ એ તો ઘણી જ સ્પષ્ટતા સાથે સાવચેત કરી દીધા અને એના પરિણામો પણ જણાવી દીધાં, હવે સમજવું ન સમજવું તમારી મરજી !

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, તંત્રી લેખ, ડિસેમ્બર–૨૦૦૪)*

## (પ્રકરણ : ૨)

# સ્ત્રીની સ્થિતિ ઈસ્લામ પહેલાં અને પછી

### ★ રહમતે આલમ ﷺના આગમન પહેલાં સ્ત્રીનું મૂલ્ય ★

રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم આ દુનિયામાં તશરીફ લાવ્યા તે અગાઉ સ્ત્રીનું મૂલ્ય કેવળ રમકડા જેટલું અથવા મનોરંજનના સાધનથી વિશેષ ન હતું. તેણી નિર્જીવ ચીજની જેમ એક પુરૂષથી બીજા પુરૂષની માલિકીમાં ચાલી જતી. અને કોઈ પુરૂષના મૃત્યુ બાદ તેના વારસદારની પાસે અન્ય ચીજોની જેમ જતી રહેતી હતી. બાળકીઓ ખાનદાનના માટે કલંકનું ટીલુ ગણવામાં આવતી હતી અને ઘાટકી માં–બાપ તેમને બિનજરૂરી બોજ સમજીને જીવતી દાટી દેતાં હતાં. સ્ત્રી વિશે લોકોમાં એવી માન્યતા જાણીતી હતી કે તેણીનું ખમીર ગુનાહમાંથી ઉઠાવવામાં આવેલ છે અને એ કારણે તેણીએ માનવ પિતા હઝરત આદમ અલૈહિસ્સલામને જન્નતમાંથી કઢાવ્યા હતા. એક પુરૂષ જેટલી સ્ત્રીઓને ઈચ્છે તેમને કશીય શરમ કે ખચકાટ વિના પોતાના શયનકક્ષમાં લઈ આવતો. નિકાહ કેવળ એક રસમ હતી જેમાં ન તો કોઈ પવિત્રતા અને ન તો કોઈ જિમ્મેદારીનો ખયાલ તેનાથી સબંધિત હતો. જો રોબર્ટ સ્મિથના પુસ્તક ‘‘ઈસ્લામ પહેલાં નિકાહનો સબંધ’’નો અભ્યાસ કરો તો તમને જાણવા મળશે કે આ નાઝુક તબકો (સ્ત્રીઓ) કેવા પ્રકારના જુલ્મો સિતમનો શિકાર હતો. એક સ્ત્રીએ એક જ સમયે કેટલા પુરૂષોની પત્ની બનીને રહેવું પડતું હતું, અને કેટલીક વાર તો પૂરા ખાનદાનના પુરૂષો તેણીને પોતાની હવસ (વાસના)નું નિશાન બનાવતા હતા. તે જુલ્મમાં સપડાયેલી તેણીનું કામ કેવળ એ રીતનું હતું કે તે પુરૂષ માટે મનોરંજનનો સામાન પૂરો પાડે.

### ★ પુત્રીને મારી નાખવાનો રિવાજ ★

અમે આ વિષય માટે અલ્લામા ઝમખશરીની ‘તફસીરે કેષાફ’માં સૂરએ તકવીરની એક આયતની તશરીહ (વિસ્તારપૂર્વક સમજુતી)નો ખુલાસો (ભાવાર્થ) રજુ કરીએ છીએ આપ ફર્માવે છે :–

જ્યારે બાળકીની ઉંમર છ (૬) વર્ષની થઈ જતી તો પતિ પત્નીને કહતો





કે, તેણીને ખુશ્બુ લગાડ અને અલંકારોથી શણગાર. પછી તે પતિ પત્નીને કહીને તે લાચાર બાળકીને પોતાના સગા સંબંધીઓને ત્યાં મુલાકાત માટે લઈ જતો અને છેવટે જંગલ તરફ પ્રયાણ કરતો અને ત્યાં એક ઊંડો ખાડો ખોદતો અને તે બદનસીબને તેના કિનારે ઉભા રહેવાનો હુકમ કરતો. અને તે બાળકીને કહેતો કે તે ખાડામાં ધ્યાનપૂર્વક જુએ. અને તે જ સ્થિતિમાં તેણીને ધક્કો મારીને ખાડામાં ફેંકી દેતો અને તેના પર માટી નાખીને તેને દાટી દઈ જમીન સરખી કરી દેતો.

જ્યારે કોઈ સ્ત્રી કોઈ ખાનદાનમાં જતી રહેતી તો તેણીની સ્વતંત્રતા એકદમ જતી રહેતી અને તેણી તે ખાનદાનની મિલ્કત ગણાતી, તેણીને પોતાના માં બાપ, ભાઈ બહેનને મળવાની તદ્દન રજા ન હતી. અને તેણી તદ્દન એક નિર્જીવ ચીજની જેમ ઘણી જ તકલીફોમાં જીવન વ્યતીત કરતી.

ઈબ્ને જરીરે પોતાની તફસીરે તિબરીમાં વર્ણવ્યું છે કે, ‘‘સ્ત્રી પોતાના પતિના મૃત્યુ બાદ તેના વારસોના હાથમાં જતી રહેતી. વિધવાનું માલિકીપણુ પ્રાપ્ત કરવા માટે તેણીના ઉપર એક ચાદર ઓઢાડી દેવામાં આવતી અને તે એ વાતની નિશાની હતી કે હવે તે સ્ત્રી ચાદર ઓઢાડનારના કબજામાં આવી ચૂકી છે. જો આ આફતો પામનારી સ્ત્રી સુંદર હોય તો તેણીને પોતાની પાસે રાખી લેતો, નહીં તો તે કોઈ બીજાના હાથમાં ઘણી જ નિર્લજ્જપણે તેણીને વેચી મારતો.

સ્ત્રી પર જુલ્મવર્ષા કેવળ અરબસ્તાનમાં જ નહીં બલ્કે પોતાની ખાસિયતોની વિવિધતા પ્રમાણે આખી દુનિયામાં થઈ રહી હતી.

**યુનાનીઓ**નું કથન હતું કે, આગથી દાઝી જવાનો અને સાપના દંશવાનો ઉપાય છે પરંતું સ્ત્રીના દંશવાનો (ખરાબીનો) ઈલાજ અશક્ય છે. એક યુનાની સાહિત્યકાર કહે છે કે, બે પ્રસંગોએ સ્ત્રી પુરૂષના માટે ખુશીનું કારણ હોય છે, એક તો શાદીના દિવસે બીજું તેણીના મૃત્યુના દિવસે.

આજે જેઓ સ્ત્રીની જૂઠી હમદર્દી જાહેર કરી આઝાદીના નામે સ્ત્રીને જાહેરમાં નગ્ન કરી નચાવી રહ્યા છે અને બેઈજ્જત બનાવી તેના શરીરને બજારમાં વેચાતુ મૂકી હરખાઈ રહ્યા છે તેમની ગઈકાલની હાલત પણ જોઈ લો :–

## ★ યૂરોપ અને સ્ત્રી ★

યૂરોપમાં પણ સ્ત્રી કોઈપણ પ્રકારની બાબતમાં સ્વતંત્ર ન હતી. તેણી પોતાની મરજીથી કોઈ નિર્ણય કરી શકતી ન હતી એટલે સુધી કે એવી પણ છૂટ ન હતી કે પોતે કમાઈને પોતાના માટે ખર્ચ કરી શકે અને પોતાની પસંદગીથી શાદી કરે. છોકરીઓ માં બાપની મિલ્કત ગણાતી હતી, તેઓ જેની સાથે પણ ઈચ્છતા તેમની શાદી કરાવી આપતા. શાદી એક વેપાર ગણાતો જેના દ્વારા માં બાપ પોતાનાં પુત્રો પુત્રીઓને વેચતા રહેતા હતા.

સ્ત્રી સ્વતંત્રતાના વિખ્યાત સુત્રધારી **(Mill)** પોતાના પુસ્તક ''સ્ત્રીઓની તાબેદારી''માં લખે છે કે, ‘‘યૂરોપના ઈતિહાસમાં જોશો તો જાણવા મળશે કે; હજી વધુ સમય નથી પસાર થયો જ્યારે કે પિતા પોતાની પુત્રીને જ્યાં ઈચ્છે ત્યાં વેચી નાખતો હતો અને તેણીની ઈચ્છાની કાંઈ પરવા કરતો ન હતો.’’

## ★ યહૂદિયત અને સ્ત્રી ★

**યહૂદિયત**ની ગણત્રી તે ધર્મોમાં થાય છે જેમણે કેવળ અમુક અકીદાઓ (માન્યતાઓ) જ નથી પ્રદર્શિત કર્યા બલ્કે તેના પાયા પર જીવન જીવવાની જરૂરી બાબતોની પણ વિગતે ચર્ચા કરી છે. એવા એક ધર્મ પાસે તો અપેક્ષા રાખી શકાતી હતી કે તે સ્ત્રી બારામાં વાસ્તવિકતા મુજબના વિચારો પ્રદર્શિત કરશે. પરંતુ તે આપણી સમક્ષ એવા ખયાલો રજુ કરે છે કે, ‘‘પુરૂષ નેક સ્વભાવ અને સારી આદતોવાળો છે અને સ્ત્રી કુટેવોવાળી અને પ્રપંચી છે. માણસ વંશજની પ્રથમ વ્યક્તિ હઝરત આદમ عليه السلام જન્નતમાં એશઆરામથી જિંદગી પસાર કરતા હતા કેમ કે આપ ખુદા તઆલાના આજ્ઞાંકિત હતા. પરંતુ તેમના પત્ની હવ્વાએ સૌ પ્રથમ ખુદાની આજ્ઞાના ઉલંઘન માટે પ્રેર્યા અને તેમને એવું ફળ ખવડાવ્યું જેને ખાવાની ખુદા તઆલાએ તેમને મના કરી હતી. પરિણામે આપને ખુદાની નેઅમતોથી વંચિત કરી દેવામાં આવ્યા અને આપને મુશ્કેલીઓ તથા તકલીફોની જિંદગી નસીબ થઈ.’’

‘અહદનામા કદીમ’માં છે કે, જ્યારે ખુદા તઆલાએ હઝરત આદમથી દર્યાફત કર્યુ (પુચ્છા કરી) કે, શું તેં ઝાડનું ફળ ખાધુ જેના માટે તને હુકમ કર્યો હતો કે તેને ન ખાઈશ ?





તો આદમ عليه السلام એ જવાબ આપ્યો કે, જે સ્ત્રીને તેં મારી સંગાથે કરી છે તેણે મને આ ઝાડનું ફળ આપ્યું અને મેં ખાધુ.

તો ત્યાર બાદ અલ્લાહ તઆલાએ હઝરત હવ્વાને ફર્માવ્યું કે, હું તારા હમલ (ગર્ભ)ની પીડાને વધારીશ અને તુ પીડા સાથે બાળકને જન્મ આપીશ. અને ખેંચાણ તારું તારા પતિ પ્રત્યે હશે અને તે તારા ઉપર હુકૂમત (સત્તા) ચલાવશે. *(પૈદાઈશ, ભાગ–૩)*

આ પ્રમાણે ગિત્તી પ્રકરણ–૩ નો અભ્યાસ કરો તો સ્ત્રીના માટે એવા નિયમો મળશે કે, તેણી તદ્દન લાચાર તથા મઝલૂમ (જેના પર જુલ્મ થયો હોય) જણાશે. એટલે સુધી કે યહૂદી કાનૂનની રૂએ પુરૂષ વારસની હાજરીમાં સ્ત્રી વારસાથી વંચિત થઈ જાય છે. એ જ પ્રમાણે સ્ત્રીને બીજા લગ્નનો હક ન હતો. *–(ઈન્સાયકલો પિડિયા બર્ટાનિકા)*

## ★ ઈસાઈયત અને સ્ત્રી ★

સ્ત્રીની સાથે ઈસાઈયતનું વલણ તો એથીયે અધિક અણછાજતું રહ્યું છે. તેનાથી સ્ત્રીને જેટલી નીચી કક્ષામાં ફેંકી શકાય તેટલી ફેંકી દીધી. સ્ત્રીના અનુસંધાનમાં ઈસાઈયત (ક્રિશ્ચયન, નસરાનિયત)ની ભાવનાઓનું અનુમાન તો **તરતૂલીસ** ના આ શબ્દો વડે લગાડી શકાય છે :–

‘‘સ્ત્રીઓ ! તમે નથી જાણતી કે તમારામાંથી દરેક હવ્વા છે. ખુદાનો ફત્વો જે તમારી જાતિ પર હતો તે હજી પણ તમારામાં મૌજૂદ છે તો પછી જુર્મ (ગુનોહ) પણ તમારામાં મૌજૂદ હશે. તમે તો શૈતાનનો દરવાજો છો, તમે જ તો સરળતાપૂર્વક ખુદાની તસવીર એટલે પુરૂષને બગાડયો.’’

## ★ સેન્ટપાલ પોતાના એક પત્રમાં લખે છે કે ★

‘‘સ્ત્રીએ મૂંગા મોઢે શ્રેષ્ઠ કક્ષાનું આજ્ઞાંકિતપણુ શીખવું જોઈએ. અને હું ઈજાઝત નથી આપતો કે તેણી શીખવાડે અથવા પુરૂષ પર હુકમ ચલાવે, બલ્કે ચૂપચાપ રહે. કેમ કે પ્રથમ આદમ ત્યાર બાદ હવ્વા બનાવવામાં આવ્યાં. અને આદમે ધોકો નથી ખાધો બલ્કે સ્ત્રી ધોકો ખાઈને ગુનાહમાં પડી.’’ *(થેમ્થસના નામે પુલિસનો પ્રથમ પત્ર, ભાગ–ર)*

એક અન્ય ખતમાં લખ્યું છે કે ‘‘વળી હું તમને જાણ કરવા ઈચ્છું છું કે,

દરેક પુરૂષનુ માથુ મસીહ અને સ્ત્રીનુ માથુ પુરૂષ અને મસીહનુ માથુ ખુદા છે. તે (પુરૂષ) ખુદાની સૂરત (રૂપ) અને જલાલ (મહાનતા) છે પણ સ્ત્રી પુરૂષનો જલાલ છે. એટલા માટે કે પુરૂષ સ્ત્રીથી નથી બલ્કે સ્ત્રી પુરૂષથી છે અને પુરૂષ સ્ત્રીના માટે નથી બલ્કે સ્ત્રી પુરૂષના માટે છે. વળી ફરિશ્તાઓના સબબે સ્ત્રીએ જોઈએ કે પોતાના પર તાબા હેઠળ હોવાની નિશાની રાખે.''

## ★ આપણા ત્યાં (ભારત)ની વાત ★

હિન્દુઓમાં વિખ્યાત કાનૂન બનાવનાર મનુરાજે સ્ત્રીના બારામાં કહ્યું છે કે, સ્ત્રી બાળપણમાં પોતાના મા બાપને આધિન રહે અને યુવાનીમાં પતિના કબજામાં અને વિધવા થયા બાદ પોતાના પુત્રોના ઈખ્તિયારમાં રહે, સ્વઅધિકારી (ખૂદ મુખ્તાર) બનીને કદી પણ ન રહે. *(મનુ સ્મૃતિ, ૫–૧૪૮)*

''સ્ત્રી માટે કુર્બાની (ભોગ) અને વ્રત કરવું પાપ છે, (તેણીએ) કેવળ પતિ સેવા કરવી જોઈએ. સ્ત્રીએ જોઈએ કે પોતાના પતિના મૃત્યુ પછી બીજા પતિનું નામ પણ ન લે, ઓછા ખોરાક સાથે પોતાના જીવનના દિવસો પૂરા કરે.''*(૧૫૫–૧૫૭:૫)*

જૂઠુ બોલવું સ્ત્રીઓની અંગત ખાસિયત છે. *(૯–૧૭)*

ચાણક્ય બ્રાહ્મણ લખે છે : દરિયો, સશસ્ત્ર સૈનિક, પંજા અને શિંગડાં ધરાવતાં પ્રાણીઓ, બાદશાહ તથા સ્ત્રી પર ભરોસો કરવો જોઈએ નહીં. *(ચાણકય નીતિ, ૧–૨૫)*

જૂઠુ બોલવું, વગર વિચાર્યે કામ કરવું, છેતરપિંડી, મૂર્ખામી, લાલચ, નાપાકી, નિર્દયતા આ સ્ત્રીની જન્મજાત ખામીઓ છે. (બ.૨)

શાહઝાદાઓ પાસેથી રહણીકરણીની સભ્યતા, આલિમો (વિધ્વાનો) પાસેથી મધુર વાણી, જૂગારીઓ પાસેથી દગાબાજી અને સ્ત્રીઓ પાસેથી પ્રપંચ શીખવો જોઈએ. *(બ: ૧૮–૮)*

આગ, પાણી, નર્યો અજ્ઞાની, સાપ, શાહી ખાનદાન અને સ્ત્રી આ સર્વે બરબાદીના સબબો છે, તેમનાથી સાવચેત રહેવું જોઈએ. *(૧૫–૫)*

મિત્ર સેવા કરનારને અને સ્ત્રી ગરીબ માણસને ત્યજી દે છે અને જ્યારે





તે ધનવાન થઈ જાય છે તો પછી તેની પાસે આવી જાય છે. *(૧૫–૫)*

વળી સતી પ્રથા પોતે જ એ વાત પુરવાર કરે છે કે અહીં સ્ત્રીના કોઈ નિશ્ચિત અસ્તિત્વને સમજવામાં આવતુ નથી અને પતિના મૃત્યુની સાથે તેણી પાસેથી પણ જિંદગીનો હક્ક છીનવી લેવામાં આવે છે.

## ★ સ્ત્રી પર ઈસ્લામના એહસાનો ★

દુનિયાના ધર્મોના તમે અભ્યાસ કરતા જશો તો દરેક ઠેકાણે સ્ત્રી મજબૂર તથા મઝલૂમ (શોષણ પામેલ) જોવા મળશે, સેવિકા તથા બાંદી જોવા મળ શે. પરંતું ઈસ્લામે આ મઝલૂમ (જુલ્મ પામેલ) તબકા પર એટલા પ્રમાણમાં એહસાનો કર્યા છે કે જેની ગણત્રી નથી થઈ શકતી. સૌ પ્રથમ તો તેણે એ વાતને સખ્તી સાથે રદિયો આપ્યો કે તેણીનો સંબંધ શૈતાનથી છે. કુર્આને અઝીમે એ હકીકતને સ્પષ્ટ કરી આપી કે સ્ત્રી પણ એવી જ રીતે સજીવ અને માનને પાત્ર છે જેવી રીતે પુરૂષ છે. કેમ કે બંને એક માં બાપનાં સંતાન છે. બંને પર પોતાના કાર્યોની અલગ અલગ જિમ્મેદારી છે અને કોઈને બીજાનાં કાર્યો તથા અમલો માટે જિમ્મેદાર ઠરાવી શકાતું નથી. *(સૂ. નિસાઅ, આ–૩૨)*

એ જ પ્રમાણે ઈસ્લામે વારસામાં છોકરીને પોતાના ભાઈની ભાગીદાર ઠરાવી અને પતિના મૃત્યુ બાદ તેના વારસામાંથી તેણીને એક નિશ્ચિત હિસ્સાની વારસદાર બનાવી. માં બાપ પર તેણીના ઉછેરની જિમ્મેદારી લાગુ પાડી અને તેણી સાથે ફરજો અદા કરવાની તાકીદ કરી. માં બાપથી વિદાય લીધા બાદ જ્યારે તેણી નિકાહના સંબંધ હેઠળ પોતાના પતિને ત્યાં જાય છે તો ત્યાં પણ તેણીના નિશ્ચિત હક્કો નક્કી કરવામાં આવ્યા. પુરૂષને તેણીના ભરણપોષણનો જિમ્મેદાર ઠરાવવામાં આવ્યો અને પુરૂષને એ વાતનો પાબંદ કરી દેવામાં આવ્યો કે તે તેણીના સાથે નમ્રતા તથા ભલાઈપૂર્ણ વર્તાવ કરે. પત્નીના સંબંધમાં જોડાતી વખતે તેણીના રાજીપાને જરૂરી ઠરાવવામાં આવ્યું. જો તેણી પોતાના પતિની સાથે રહી શકે તેમ ન હોય તો 'ખુલઅ' દ્વારા જુદા થઈ જવાનો અધિકાર તેને આપવામાં આવ્યો. ઈસ્લામે સ્ત્રી પર જેટલા પ્રમાણમાં એહસાનો કર્યા છે તેનો એક ગૈર મુસ્લિમ સ્ત્રીએ આ પ્રમાણે સ્વીકાર કર્યો છે :–

## ★ ગૈર મુસ્લિમ સ્ત્રીનો એકરાર ★

"મુહમ્મદ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ના આગમન થતાં પહેલાં સ્ત્રી સમાજમાં એકદમ હલકી માનવામાં આવતી હતી. તેની સ્થિતિ નિર્જીવ ચીજની જેમ હતી અને આ બધું યહૂદી પાદરીઓની તાલીમનો પ્રભાવ અને પરિણામ હતું. બેઈજ્જતી તેણીનું નસીબ બની ચૂકી હતી. તેણી ઘરના અન્ય સામાનોની જેમ એક હાથમાંથી બીજા હાથમાં ફરતી રહેતી હતી અને મરનારના વારસદારો જે રીતે ઈચ્છતા તેણીથી લાભ ઉઠાવતા. તેણીની રક્ષા તથા દેખરેખની કોઈ વ્યવસ્થા ન હતી. કોઈ કાનૂન એવો ન હતો જે તેણીનું રક્ષણ કરે. વારસામાં તેણીના માટે કોઈ હિસ્સો ન હતો. નબી અકરમ ﷺને સ્ત્રીની આ મઝલૂમિયત (જુલ્મ વેઠતી સ્થિતિ) કોઈ કાળે માન્ય ન હતી. તેમણે આ નિરાધાર મખ્લૂકને બેઈજ્જતીના સ્થાનેથી ઉઠાવીને પુરૂષોની લગોલગ ઈજ્જત તથા અદબના સ્થાને ઉભી કરી અને પુરૂષ તથા સ્ત્રી વચ્ચે સમાનતાની તાલીમ આપી. તેમણે પુરૂષોના શયનકક્ષમાં સ્ત્રીઓના અમર્યાદિત પ્રવેશ પર પાબંદી લગાડી. તેમણે નિકાહના સંબંધને પવિત્રતા આપી અને સ્ત્રીને વારસાના તથા 'ખુલઅ'ના હક્કો અતા કર્યા. પુરૂષ પર સ્ત્રીના ભરણપોષણની જિમ્મેદારીઓ નિયુકત કરી. તે ઉપરાંત આં હઝરત ﷺએ યતીમો, લાચારો અને વિધવાઓના ભરણ પોષણ કરનારાઓ અને તેમની મદદ કરનારાઓને ખુદાને ત્યાં મહાન બદલાના હકદાર ઠરાવ્યા. હુઝૂરે સંસ્કૃતિની પ્રગતિમાં સ્ત્રીઓની સેવાઓને સંપૂર્ણપણે સ્વીકારી. અને એ કારણે તેમની આધ્યાત્મિક તથા અખ્લાકી (સંસ્કારિક) પ્રગતિને ઈસ્લામી કાયદામાં ખૂબ જ પ્રમાણમાં મહત્વ આપ્યું. એ દૌરમાં જ્યારે હુઝૂર દુનિયામાં તશરીફ લાવ્યા તો દુનિયાની રીત ભાતમાં અસામાન્ય ક્રાંતિ હતી. અને તેનાથી જે ફેરફારો થયા તેને કોઈપણ યુગમાં ભૂલાવી શકાય તેમ નથી. *(મિસ નિલવરી, મુસ્લિમ વર્લ્ડ, ન્યુયોર્ક, જાન્યુ.૧૯૪૦)*

*–(હવાલો : રજૂકર્તા : મુહમ્મદ ઈમરાન રઝા, મુતઅલ્લિમ જામિઆ અશરફિયા–મુબારકપુર, બરકાતે ખ્વાજા–માસિક, ડિસેમ્બર–૨૦૦૪)*





## (પ્રકરણ : ૩)

## ઈસ્લામમાં સ્ત્રી અધિકાર તથા માનવહક્કોનું મહત્વ અને વર્તમાન જગત !

ઈસ્લામ એક પવિત્ર અને સર્વવ્યાપી ધર્મ છે જેણે સ્ત્રીઓને તેમની નૈસર્ગિક પ્રકૃતિના અનુસાર વ્યક્તિગત અને સામૂહિક લાયકાતો મુજબ જે હક્ક઼ અર્પણ કર્યા છે તેનું ઉદાહરણ કોઈ ધર્મમાં નથી. ઈસ્લામના ઉદય પહેલાં સ્ત્રીઓના હક્કોને પાયમાલ કરવામાં આવતા હતા. સમાજમાં તેણીનું કોઈ સ્થાન ન હતું. ઈરાનના પ્રાચીન ધર્મોમાં સ્ત્રીની કોઈ ઈજ્જત ન હતી. શાસ્ત્રો અને વેદોના શિક્ષણમાં પણ સ્ત્રીનું કોઈ સ્થાન ન હતું. બુદ્ધ મતનો તો એ ખ્યાલ હતો કે જે સ્ત્રી સાથે સંબંધ રાખે તેના માટે મુક્તિનો કોઈ અવકાશ નથી, પરંતુ ઈસ્લામ ધર્મના આગમન પછી સ્ત્રીઓની દુનિયા બદલાઈ ગઈ. ઈસ્લામે સ્ત્રીઓને તેમના સંપૂર્ણ હક્કો અર્પણ કર્યા, ધર્મ અને કુટુંબમાં ઈજ્જત અને સન્માન આપ્યું. માત્ર ઈસ્લામ જ એક એવો ધર્મ છે જેણે સંપૂર્ણ વિશ્વના દરેક માણસના હક્કોથી લઈને દરેકની સામાજિક હૈસિયત (દરજો) નક્કી કરી એટલા માટે કે ખુદાની દુનિયામાં કોઈ હૈસિયત વિનાનું ન રહે.

કુર્આને કુટુંબના બધા વિભાગમાં સ્ત્રીને ભાગીદાર બનાવી કુર્આને કરીમે સ્ત્રીને જ્યારે પત્નીના રૂપમાં પેશ કરી તો ફર્માવ્યું કે, "પુરૂષ સ્ત્રી માટે વસ્ત્ર છે અને સ્ત્રી પુરૂષ માટે." અને બીજી આયતમાં છે કે, "સ્ત્રીઓનો પણ હક્ક એવો જ છે જેવી રીતે પુરૂષોનો હક્ક઼ સ્ત્રીઓ પર શરીઅત મુજબ છે અને પુરૂષોને તેમના પર ફઝીલત છે." *(પારા–૨, રુકૂઅ–૧૩)*

અને સૂરએ નિસાઅમાં છે કે, "તેમના (પત્નીઓ)થી સારો વર્તાવ કરો."

હુઝૂરે અક્દસ ﷺએ હજજતુલ વિદાઅના અવસર પર ખુત્બો આપતાં ફર્માવ્યું, "તમારો તમારી પત્નીઓ પર અને તમારી પત્નીઓનો તમારા ઉપર હક્ક઼ છે." *(મિશ્કાત)* ઉપરાંત ફર્માવ્યું, તમારામાં સારા લોકો તે છે જે સ્ત્રીઓ સાથે સારું વર્તન કરે. અને બીજી રિવાયતમાં છે કે તમારામાં કામિલ મો'મિન તે માણસ છે જેના અખ્લાક઼ સારા હોય અને પોતાની પત્ની સાથે નમ્રતાથી વર્તાવ કરે. *(તિર્મિઝી શરીફ)*

અને કુર્આને જ્યારે સ્ત્રીઓની મહાનતા અને શ્રેષ્ઠતા બયાન ફર્માવી માંના રૂપમાં પેશ કરી તો ફર્માવ્યું કે, "માં અને બાપને 'ઉફ' પણ ન કહો." એટલા માટે કે દરેક વ્યક્તિ કોઈ સ્ત્રીનો સંતાન છે અને દરેક વ્યક્તિ માટે જરૂરી છે કે પોતાની માંને દુઃખ થાય તેવો એક શબ્દ પણ ન કહે. અને હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે, "માંના પગો નીચે જન્નત છે."

હઝરત અબૂ તુફૈલ رضی اللہ عنہ ફર્માવે છે કે એક દિવસ રસૂલે અકરમ ﷺ 'જોઅરાફા'માં ગોશ્ત વહેંચતા હતા અને વૃદ્ધા આવી. હુઝૂરે અકરમ ﷺ તેમને જોઈને ઊભા થઈ ગયા અને તેમના માટે ચાદર પાથરી દીધી. હઝરત તુફૈલ ફર્માવે છે કે મેં સહાબાથી પૂછયું, આ વૃદ્ધા કોણ છે ?! તેમણે ફર્માવ્યું, આ હુઝૂર ﷺનાં માં છે જેમણે આપ ﷺને પોતાનું દૂધ પીવડાવ્યું હતું.

પ્યારા વાંચકો ! ઉપર લખેલા પ્રેરેગ્રાફથી જાણવા મળ્યું કે કેવળ દૂધ પીવડાવનારી માંની ઈસ્લામમાં કેટલી ઈજ્જત છે કે જેમના સન્માન માટે હુઝૂરે અકરમ ﷺ ઊભા થઈ ગયા અને પોતાની ઉમ્મતને બોધ આપ્યો કે ઉપમાતા (**Foster Mother**) પણ ઈજ્જત અને સન્માનના લાયક છે. માંના હક્કોના મહત્વનો અંદાજો આ હદીષથી પણ લગાડી શકાય છે કે એક વ્યક્તિએ રસૂલે પાક ﷺથી પૂછયું કે, યા રસૂલલ્લાહ ! ﷺ મારા સારા વર્તનનો વધારે હક્કદાર કોણ છે ? આપ ﷺએ ફર્માવ્યું, તારી માં. તે વ્યક્તિએ બીજા વખત પૂછયું, પછી કોણ ? ફર્માવ્યું, તારી માં. તેણે ત્રીજી વખત પૂછયું, પછી કોણ ?! ફર્માવ્યું, તારી માં. ચોથી વખત પૂછવા પર ફર્માવ્યું, તારા પિતા, પછી જે જેટલો નજીક. *(તિર્મિઝી)*

આપણે સારી રીતે જાણીએ છીએ કે સ્ત્રીની જિંદગીના ઘણા સ્વરૂપ હોય છે કે ક્યારેક દિકરી હોય છે તો ક્યારેક બહેન, ક્યારેક પત્ની હોય છે તો ક્યારેક માં. ઈસ્લામે જિંદગીના બધા વિભાગમાં સ્ત્રીઓને તેમના હક્કો આપ્યા છે પરંતુ અહીંયા લેખને ન લંબાવતાં બધાને લખવા યોગ્ય નથી, માત્ર હવે વિધવાના હક્કો પર બસ કરીએ છીએ.

અરબસ્તાનના ઘણા કબીલાઓમાં આ રીવાજ હતો કે પતિના મરણ પછી વિધવા સ્ત્રીઓ પર ત્રાસ અને જુલ્મ કરવામાં આવતો હતો. તેણીને મનહૂસ ગણવામાં આવતી. હિંદુ ધર્મમાં તો **પતિના મૃત્યુ પછી તેની લાશ સાથે તેની જીવીત પત્નીને પણ સળગાવી દેવામાં આવતી** અને





આજે પણ કોઈ જવાન વિધવા બીજુ લગ્ન નથી કરી શકતી. અને સૌથી અચંબાની વાત તો એ છે કે વિધવા સ્ત્રીઓની ફરિયાદ સાંભળવા માટે કોઈ કાનૂન પણ ન હતો. **ઈસ્લામે આ ત્રાસદાયક પ્રથાનો વિરોધ કર્યો અને બેવા સ્ત્રીઓને તેમના હક્કો અપાવ્યા** અને ફર્માવ્યું, "તમારામાં જે મૃત્યુ પામે અને પત્નીઓ છોડે તે ચાર મહિના દસ દિવસ સુધી પોતાને રોકી રાખે અને જ્યારે તેમની (ઈદ્દત) મુદ્દત પૂરી થઈ જાય તો અય વાલીઓ ! તમારા ઉપર તે કાર્યમાં પૂછતાછ કરવી નથી જે સ્ત્રીઓ પોતાના મામલામાં શરીઅતના અનુસાર કરે. *(પારા-૨, રુકૂઅ-૧૪)*

પ્યારા વાંચકો ! હવે આપણે વિધવાઓ વિશે થોડીક હદીષો પણ વાંચતા ચાલીએ :-

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, **"વિધવાઓ અને મિસ્કીનોની મદદ માટે કોશિશ કરવાવાળો ખુદાના માર્ગમાં જેહાદ કરવાવાળા માફક છે."** *(બુખારી શરીફ, ભાગ-૨)*

હઝરત અબ્દુલ્લાહ બિન ઔફ رضی اللہ عنہ ફર્માવે છે કે, હુઝૂર ﷺને વિધવાઓ અને મિસ્કીનોના કામ કરવામાં સહેજ પણ મુંઝવણ ન થતી."

સારાંશ એ ઈસ્લામે પોતાના આગમન પછી વિધવા સ્ત્રીઓને તેમના હક્કો આપ્યા અને બીજાથી નિકાહ કરવાનો અધિકાર અપાવ્યો. પરંતુ આજના મોડર્ન યુગમાં પશ્ચિમી દેશોનો એ દાવો છે કે તેણે સ્ત્રીને જિંદગીના બધા હક્કો આપ્યા છે અને જિંદગીના બધા વિભાગમાં તેને બરાબર ભાગીદાર બનાવી છે, પણ પશ્ચિમી દેશોનો એ દાવો સફેદ જૂઠ સિવાય કાંઈ જ નથી, કેમ કે ઈસ્લામે તો જિંદગીની આંતરિક અને બાહ્ય બાબતોમાં સ્ત્રી અને પુરૂષના હક્કો નક્કી કર્યા હતા અને ચેતવણી આપી હતી કે ખબરદાર ! કોઈપણ પોતાના હક્કોની હદથી આગળ ન વધે, જ્યારે કે નવી સંસ્કૃતિએ બધી હદોને વેરવિખેર કરી નાખી. અને **વાસ્તવિક્તા તો એ છે કે આધુનિક સંસ્કૃતિએ સ્ત્રીઓને આઝાદીના નામ પર હલકી અને બેશરમ કરી દીધી,** તેણીને ઘરોથી કાઢી બજારો, દુકાનો અને ઓફિસોમાં લઈ આવી. મતલબ કે એક સ્ત્રી આખો દિવસ પુરૂષ બની ઓફિસો, કારખાનાઓ અને દુકાનોમાં રોજી કમાવવાનું કામ કરે અને સાંજે સ્ત્રી બની પુરૂષની જરૂરિયાતને

પૂરી કરે. આ રીતે આઝાદીના નામ પર ચડી ખાઈ તેના ખભા ઉપર સમાજનો બમણો ભાર નાખી દીધો. જો આઝાદી આનું જ નામ છે તો પછી કૈદબંધી કોને કહેશો ? જ્યારે કે ઈસ્લામે સ્ત્રીનો પૂરેપૂરો ખ્યાલ રાખ્યો છે અને એટલો જ ભાર લાદયો છે જેટલો તેણી સહન કરી શકે.

આજે વિશ્વની વધારે પડતી પ્રજા માનવ હક્કોને સુરક્ષિત રાખવાનો નારો લગાડે છે અને લોકોને એવી સમજ આપે છે કે ઈસ્લામ યુદ્ધ, લડાઈ, ઝઘડો, વિવાદ અને સામ્રાજીયતનો ધર્મ છે. આ ધર્મમાં કોઈના હક્કો સુરક્ષિત રાખવામાં આવતા નથી અને કોઈ સુખ ચૈનથી જિંદગી પણ નથી વિતાવી શકતું. ખાસ કરીને ઈસ્લામમાં સ્ત્રીઓનું કોઈ સ્થાન નથી, તેણીને પડદાની કાળી કોઠરીમાં રિબાઈ રિબાઈ જીવન જીવવું પડે છે. ઘરની ચાર દિવાર તેણીના માટે આખી દુનિયા હોય છે વગેરે.... પરંતુ અફસોસ ! માનવહક્કોના આ જૂઠા દાવેદાર ઈસ્લામી ઈતિહાસનો ધ્યાનપૂર્વક વાંચન કરતા તો તેમના પર એ હકીકત જાહેર થઈ જતી કે ઈસ્લામનો પાયો જ ન્યાય પર છે. ઈસ્લામી ઈતિહાસના સુવર્ણ પૃષ્ઠો આજે પણ માનવ હક્કોને પાયમાલ કરવાવાળાઓ માટે માર્ગદર્શક છે. જ્યારે કે હુઝૂર ﷺ બાળપણમાં હઝરત હલીમા સઅદીયહ رضی اللہ عنہاના પાસે હતા તે સમયે પણ આપ ﷺ એ પોતાના દૂધભાઈના હક્કોનો ખ્યાલ કર્યો અને દૂધમાંના એક સ્તનથી દૂધ પીતા અને બીજુ સ્તન પોતાના દૂધભાઈ માટે છોડી દેતા હતા. આ હુઝૂર ﷺની બચપણની જિંદગીનું એક એવું ઉજજવળ પ્રકરણ છે જેનું ઉદાહરણ પેશ કરવાથી દુનિયા અસમર્થ છે.

પ્યારા વાંચકો ! અહીંયા એક વાત સ્પષ્ટ કરી દઉં કે વ્યક્તિ પર બે પ્રકારના હક્કો હોય છે : એક હુકુકુલ્લાહ (અલ્લાહના હક્કો) અને બીજા માનવહક્કો. પરંતુ હુકુકુલ્લાહમાં સુસ્તી અથવા તેની પાયમાલીની સ્થિતિમાં અલ્લાહ ચાહે તો માફ કરી આપે, જો આ સુસ્તી અને પાયમાલીને અલ્લાહ તઆલા માફ કરી દે તો એ તેનો ફઝ્લ છે, નહીં તો અઝાબ અને સજા આપે તો એ તેનો ન્યાય છે. પરંતુ માનવહક્કોની પાયમાલીની સ્થિતિમાં જ્યાં સુધી તે માણસ પોતે માફ નથી કરતો અલ્લાહ પણ માફ નહીં કરે. હદીષ શરીફમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, શું તમને ખબર છે નિર્ધન કોણ છે ? લોકોએ કહ્યું,





અમારામાં નિર્ધન તે વ્યક્તિ છે જેની પાસે પૈસા અને સામાન ન હોય. હુઝૂર ﷺએ ફર્માવ્યું, મારી ઉમ્મતમાં નિર્ધન (ફકીર) તે વ્યક્તિ છે જે કયામતના દિવસે નમાઝ, રોઝા અને ઝકાત લઈને એવી સ્થિતિમાં આવે કે તેણે કોઈને ગાળ આપી હોય અથવા કોઈના ઉપર આક્ષેપ લગાડયો હોય, કોઈનો માલ ખાધો હોય, કોઈનું લોહી વહાવ્યું હોય. તો હવે તેને રાજી કરવા માટે તે વ્યક્તિની નેકીઓને પેલા મઝલૂમો (ત્રાસ અથવા જુલ્મનો ભોગ બનેલ)ની દરમ્યાન વહેંચવામાં આવશે અને તે નિર્ધન વ્યક્તિની નેકીઓ પૂરી થઈ ગયા પછી પણ જો લોકોના હક્કો તે નિર્ધન વ્યક્તિ પર બાકી રહી જશે તો હવે તે હક્કદારોના ગુનાહો તે વ્યક્તિ પર લાદી દેવામાં આવશે, ત્યાં સુધી કે તેને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે. *(મુસ્લિમ ભાગ-૨, પેજ-૩૨૦, તિર્મિઝી, ભાગ-૨, પેજ-૬૪)*

આ હદીષથી જાણવા મળ્યું કે હુકુકુલ્લાહ (અલ્લાહના હક્કો)ની સાથે સાથે માનવહક્કો અગત્યના છે, તેને પણ અદા કરવાની ભરપૂર કોશિશ કરવી જોઈએ. હુઝૂરે અકરમ ﷺએ પોતાની જિંદગીના અંતિમ દિવસોમાં હઝરત બિલાલ رضی اللہ عنہને એલાન કરવાનો હુકમ ફર્માવ્યો કે સર્વ લોકો મસ્જિદમાં એકત્રિત થઈ જાય જેથી કે હું થોડીક ચર્ચા કરું. એલાન મુજબ લોકો જમા થઈ ગયા. ત્યાર પછી હુઝૂર ﷺ મિમ્બર પર તશરીફ લાવ્યા અને એક ફસીહ (સરસ અંદાજમાં) ખુત્બો ફર્માવ્યા પછી એલાન કર્યું કે, "જે માણસનો મારા પર કોઈ હક્ક હોય તો તે મારાથી લઈ લે ! એટલા માટે કે કયામતના દિવસે મારું દામન ન પકડે." સારાંશ કે હઝરત ઉકાશા رضی اللہ عنہએ કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ જંગે તબૂક વખતે તમે મારી પીઠ ઉપર કોરડો માર્યો હતો ! જાહેર કરવાની ઈચ્છા તો ન હતી, પણ આપે એલાન ફર્માવ્યું એટલા માટે અર્ઝ કરવાની હિમ્મત કરી રહ્યો છું. અંતે આપ ﷺએ હઝરત સલ્માન رضی اللہ عنہના હસ્તે હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہાના ઘરેથી તે કોરડો મંગાવી હઝરત ઉકાશાને આપ્યો અને બદલો લેવાનો હુકમ ફર્માવ્યો. તે સહાબી બદલો લેવા તૈયાર થઈ ગયા તો સહાબાએ કિરામ ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગ્યા. હઝરત અબૂબકર અને હઝરત ઉમર رضی اللہ عنہماએ કહ્યું, હે ઉકાશા ! એક કોરડાના બદલામાં પાંચસો પાંચસો કોરડા અમોને મારી લો ! પણ બીમારીની હાલતમાં મારા આકા ﷺને

તકલીફ ન પહોંચાડો. પરંતુ ઉકાશાએ કોઈની વાત ન સાંભળી અને કહ્યું કે, યા રસૂલલ્લાહ ! ﷺ જ્યારે તમે મને કોરડો માર્યો હતો ત્યારે મારી પીઠ ઉઘાડી હતી ! તો જ્યારે સરવરે કાયનાત ﷺએ પીઠ મુબારકથી ખમીસ ઉઠાવ્યું તો ઉકાશાની નઝર 'મોહરે નબુવ્વત' પર પડી અને તેમની આંખોથી આંસૂ વહેવા લાગ્યાં. કોરડો હાથમાંથી પડી ગયો અને જલ્દીથી 'મોહરે નબુવ્વત'ને ચૂમી લીધી અને કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ મારો હેતુ બદલો લેવાનો ન હતો, બલ્કે તમારી મોહરે નબુવ્વતની ઝિયારત કરવાનો અને આપના જિસ્મ મુબારકને સ્પર્શ કરવાનો હતો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨)*

પ્યારા વાંચકો ! શાંતિ અને ન્યાયના પયગંબર હુઝૂર ﷺ દુનિયાના લોકોને સબક આપે છે કે **જો તમે કોઈ વ્યક્તિને તકલીફ પહોંચાડી છે તો જીવતે જીવ તેનો હક્ક આપી દો અથવા હક્ક લેવાવાળાથી માફ કરાવી લો, નહીં તો અલ્લાહ તઆલા માફ નહીં કરે.** ઈસ્લામના શત્રુઓ પોતાની આંખોથી દુશ્મનીનો ચશ્મો ઉતારીને જુએ કે જે ધર્મ માનવ હક્કોનો આટલો બધો રક્ષણહાર હોય તે આતંકવાદ ફેલાવનાર કેવી રીતે હોય શકે છે ?!

પ્યારા વાંચકો ! જો ઈસ્લામના ઈતિહાસનો ઈમાનદારીથી ધ્યાનપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો નિઃસંકોચ તમે કહેશો કે માનવના પાયાના હક્કો માત્ર ઈસ્લામે જ રજૂ કર્યા છે. અને ઈસ્લામ જ એક સર્વવ્યાપી ધર્મ છે જે માનવના બુનિયાદી હક્કોનો રક્ષક છે જેની સાબિતી જગા જગા તમને કુર્આન અને હદીષના પૃષ્ઠો પર જોવા મળશે. આ હકીકતની કબૂલાત ઈસ્લામના શ્રદ્ધાળુઓ સિવાય ગૈર મુસ્લિમ સ્કોલર્સે પણ કરી છે. 'હાર્ટ મિખાઈલે' વિ□ની મહાન હસ્તીઓની અનુક્રમણિકામાં મુહમ્મદ ﷺનું નામ સૌ પ્રથમ લખ્યું છે, તેનું એક જ કારણ છે કે આપની તા'લીમ અને હક્કપસંદી એ વિશ્વમાં એક એવું પરિવર્તન આણ્યું કે જેનું દષ્ટાંત ઈતિહાસ રજૂ કરવાથી અસમર્થ છે.

અલ્લાહ તઆલા બધા મુસલમાનોને માનવહક્કો પર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

*–(રજૂકર્તા : અલ્તાફ હુસૈન કુરચનવી, મુતઅલ્લિમ અલ્ જામિઅતુલ અશ્રફિયા–મુબારક, યુ.પી., બરકાતે ખ્વાજા–માસિક, ફેબ્રુઆરી–૨૦૦૮)*





## (પ્રકરણ : ૪)

## સ્ત્રીઓના હક્કો વિશે ઈસ્લામ પર વાંધાઓ તથા તેના લાજવાબ જવાબો.....

## સ્ત્રીઓના હક્કો અને ઈસ્લામ

ઈસ્લામે જે ચીજોના પાલનનો હુકમ આપ્યો છે એમાં આપણું, આપણા રાષ્ટ્રનું તેમજ આખા જગતના ઈન્સાનોનું ભલુ સમાએલું છે. અને જે ચીજોથી દૂર રહેવાનો હુકમ આપ્યો છે તેનું કારણ કેવળ અને કેવળ એક જ છે કે એમાં આપણુ, આપણા રાષ્ટ્રનું તથા સર્વ દુનિયાવાળાઓનું નુકસાન છે.

પુરૂષ હોય કે સ્ત્રી બંનેના પોત પોતાના હક્કો છે અને દરેકની પોત પોતાની ફરજો છે. મુસ્લિમ સમાજમાં પુરૂષ તથા સ્ત્રી બંનેને સમાન હક્કો મળ્યા છે, પરંતુ ઈસ્લામના ન્યાયપૂર્ણ કાનૂનોની વિરુધ્ધ પશ્ચિમની પોકળ બૂમો ઉઠી અને ધડ માથા વિનાના વાંધાઓ કરવાનું શરૂ કરી આપ્યું કે :–

૧. ઈસ્લામ સ્ત્રીઓના શિક્ષણનો વિરોધી છે.
૨. સ્ત્રીઓ પુરૂષોની સમાન છે પરંતુ ઈસ્લામ તેમનાથી સમાનતાનો હક્ક છીનવે છે જેથી ઈસ્લામ સ્ત્રીઓ પર જુલ્મ કરે છે.
૩. નમાઝની ઈમામત સ્ત્રી કેમ નથી કરી શકતી ?
૪. તલાકનો અધિકાર પુરૂષોને જ શા માટે ?
૫. છેવટે પુરૂષ જ ચાર શાદી શા માટે કરી શકે ?
૬. ઈસ્લામે સ્ત્રીઓને પર્દાનો હુકમ આપીને તેણીઓ પર જુલ્મ કર્યો છે !

ઈસ્લામ વિરોધી બળો ઈસ્લામ પર હુમ્લો કરવા માટે જેવી રીતે અન્ય માધ્યમોનો ઉપયોગ કરી રહેલ છે તેવી જ રીતે ઈસ્લામના લાગુ કરેલા કાનૂનો પર આંગળી ચીંધીને તેના અનુયાયીઓને તેનાથી નફરત કરાવવાની કોશિશ કરી રહેલ છે. ક્યારેક એવું કહીને ઈસ્લામી તા'લીમાત તથા કાનૂનોથી અજ્ઞાન હોવાની સાબિતી રજૂ કરી રહ્યા છે કે ઈસ્લામ સ્ત્રી શિક્ષણનો વિરોધી છે.

**જવાબ** : અમે તેમને જવાબમાં પૂછીએ છીએ કે કોણ કહે છે કે

ઈસ્લામ સ્ત્રી શિક્ષણનો વિરોધી છે ? ઈસ્લામે તો પુરૂષોની જેમ સ્ત્રીઓને પણ વ્યક્તિગત સ્વતંત્રતા આપી છે કે પુરૂષોની જેમ સ્ત્રીઓ પણ જે ઈલ્મ હાંસલ કરવા ચાહે અને જે ઈલ્મોમાં નિષ્ણાત બનવા ચાહે તો પોતાના પૂરા અધિકારની સાથે અને સંપૂર્ણ આઝાદી સાથે શરીઅતની હદોમાં રહીને હાંસલ કરી શકે છે. એના બારામાં ઈસ્લામ તદ્દન કોઈ રુકાવટ નથી નાખતો, જેમ કે હુઝૂર ﷺની જાહેરી હયાતમાં અને આપ ﷺના દુનિયાથી પર્દો કર્યા બાદ ખુલફાએ રાશિદીનના જમાનામાં સર્વ સ્ત્રીઓને ઈલ્મો તથા વિદ્યા પ્રાપ્તિની સંપૂર્ણ આઝાદી હતી. કમસે કમ દીનની પાયાની વાતોને જાણવી અને જિમ્મેદારીઓથી માહિતગાર થવું એ તો સ્ત્રી પુરૂષ બંનેના માટે અનિવાર્ય છે અને જો સ્ત્રી તેનાથી અજાણ છે તો ખૂદ પતિ તેણીને શીખવાડે અથવા બીજો કોઈ બંદોબસ્ત કરે. જો પતિ ન શીખવાડે અથવા અન્ય બંદોબસ્ત એના માટે ન કરે તો સ્ત્રી ઈલ્મ પ્રાપ્તિ માટે શરીઅતની તથા સંસ્કારિક હદોમાં રહીને ઘરથી બહાર જઈ શકે છે, ઈસ્લામ ધર્મ તેના માર્ગમાં કોઈ રુકાવટ ખડી નથી કરતો. જે ધર્મના નબી ﷺનો એ આદેશ હોય કે, **"ઈલ્મ (વિદ્યા) પ્રાપ્ત કરવી દરેક મુસલમાન પુરૂષ સ્ત્રી પર ફરજ છે."** તેના પર જ આ આક્ષેપ ! બતાવો કોઈ ધર્મમાં આવો આદેશ ? આટલી વિદ્યા પ્રાપ્તિની તાકીદ ? ક્યાંય નહીં મળે ! છતાં વિરોધીઓ આંધળા બની ઈસ્લામ વિરુધ્ધ ચિલ્લાઈ રહ્યા છે.

કહે છે કે ઈસ્લામમાં સ્ત્રીઓનો દરજ્જો પુરૂષોથી ઉતરતો છે જ્યારે કે "સ્ત્રીઓ પુરૂષની સમાન છે" વિરોધીઓ આ નારો લગાડતાં થાકતા નથી!

**જવાબ** : આ અક્કલના ઓથમીર લોકોને સમજાવવા માટે કુર્આન અલલ એલાન જાહેરાત કરી રહ્યું છે કે :–

**خَلَقَكُمْ مِنْ نَفْسٍ وَّاحِدَةٍ وَّ خَلَقَ مِنْهَا زَوْجَهَا** "અલ્લાહે તમને સૌને એક જીવ વડે પેદા કર્યા અને એ જ જિન્સ (જાત)થી એના જોડાને પેદા કર્યું." અને ફર્માવ્યું :–

**لِلرِّجَالِ نَصِيبٌ مِّمَّا اكْتَسَبُوا وَلِلنِّسَاءِ نَصِيبٌ مِّمَّا اكْتَسَبْنَ** "પુરૂષ જેવો અમલ કરે તેનું ફળ તે પામશે અને સ્ત્રીઓ જેવો અમલ કરશે તેનું ફળ તેણીઓ પામશે."



સ્ત્રી અધિકારનો રક્ષક ઈસ્લામ કે પશ્ચિમી જગત ?!

રબ તઆલાના આ આદેશોના પ્રકાશમાં જાણવા મળે છે કે **ઈસ્લામે દુનિયાવાળાઓને દર્શાવી આપ્યું કે સ્ત્રી પણ તેવી જ માનવ છે જેવો કે પુરૂષ.**

હવે અમે તે પશ્ચિમી જાનવરોને પૂછવા ચાહીએ છીએ કે પશ્ચિમના વાસનાના પૂજારીઓ ! "સમાનતા"નો નારો તો તમો ખૂબ લગાડો છો પણ તમારા ગરેવાનમાં ઝાંકીને જુઓ કે તમે સ્ત્રીઓને કેટલા હક્કો આપ્યા ? આજે તો દેશોમાં જ્યાં સમાનતાના ઝંડાધારીઓના કહ્યાનુસાર સ્ત્રી સંપૂર્ણ આઝાદ છે અને પુરૂષના કદમથી કદમ મિલાવીને પ્રગતિના પંથે દોડી રહી છે, મોટા હોદ્દાઓ પર સ્ત્રીઓ જરૂર હોય છે પણ અફસોસ ! કે મોટા હોદ્દાઓ ઉપર પુરૂષની સરખામણીમાં સ્ત્રીઓ મુશ્કેલીથી અમુક જ ટકા જોવા મળે છે.

સૌ પ્રથમ અમેરિકાનું નિરીક્ષણ કરો જ્યાં ગવર્નમેન્ટી હોદ્દાઓ પર અમુક ટકા સ્ત્રીઓ જરૂર મળશે પણ આજ સુધી કોઈ ખુશનસીબ સ્ત્રી અમેરિકાની પ્રમુખ ન બની શકી અને ગયા વરસે પોપ જોન પાલના મૃત્યુ પછી બીજા પોપની ચૂંટણીના માટે ડઝનબંધી પુરૂષો લાઈનમાં હતા પણ એક સ્ત્રીને જગા પણ આપવામાં ન આવી ! ક્યાં છે સમાનતા ? સ્ત્રીને પણ પોપ બનાવો !

સમાનતાના સૂત્રો પોકારનારાઓનો સ્ત્રીઓ સાથે ભેદભાવ ભર્યો વર્તાવ ખૂદ તેમના નિયમો હેઠળ જોતાં કેટલો જુલ્મભર્યો છે ?

હાલમાં જ એક ફિલ્મી અદાકારે કહ્યું કે, "ફિલ્મી દુનિયા પુરૂષોના પ્રભાવ હેઠળ છે." અને એક અન્ય સ્ત્રી ફિલ્મી કલાકારે કહ્યું કે, "હોલીવુડ પર પુરૂષોનો પ્રભાવ છે." એ વિચારવાની વાત છે કે **જે ક્ષેત્રમાં સ્ત્રીઓને સૌથી વિશેષ આઝાદ સમજવામાં આવે છે ત્યાં પણ તેણીની હૈસિયત બીજી કક્ષાની છે. તો શું સ્ત્રીઓને કેવળ પૈસા કમાવા માટે નગ્ન કરી નચાવીને પુરૂષોનું મનોરંજન જ કરવામાં આવી રહ્યું છે ?! આ તેમને આઝાદી મળી છે કે તેણીઓનું શોષણ થઈ રહ્યું છે ?**

એક મહત્વનો વાંધો તેઓ એ પણ કરે છે કે સ્ત્રી નમાઝની ઈમામત કેમ નથી કરી શકતી ?! જ્યારે કે તમે કહો છો કે ઈસ્લામ સ્ત્રી તથા પુરૂષ

બંનેને સરખા હક્કો આપે છે. તો જેવી રીતે પુરૂષ ઈમામતનો હક્કદાર છે તો સ્ત્રીને પણ તેણીનો હક્ક મળવો જોઈએ અને સ્ત્રીને પણ ઈમામતની ઈજાઝત આપવી જોઈએ.

**જવાબ** : સંસ્કારિક સભ્યતા તથા સંસ્કારથી પર લોકોને અમે જવાબ આપીશું કે નમાઝ ખુદા તથા બંદાની વચમાં એક રહસ્ય છે, નફ્સની પવિત્રતાનો એક ઝરીયો છે, નમાઝ ખુદાની નિકટતાનો એક જબરદસ્ત તરીકો છે, એના માટે દિલની એકાગ્રતા અને અને તલ્લીનતા જરૂરી છે, એટલા માટે હુઝૂર ﷺ સ્ત્રીઓનું આગલી સફોમાં રહેવાને નાપસંદ કરતા હતા, કેમ કે એ સ્થિતિમાં સ્વભાવિકપણે પુરૂષોનું ધ્યાન ભંગ થાય અને નમાઝનો હેતુ મરી પરવાડે. હવે જો સ્ત્રીને આગલી સફથી પણ આગળ ઈમામતના સ્થાને ઉભી કરી દેવામાં આવે તો શું સ્થિતિ ઉભી થશે ?! પછી શું એ નમાઝ ઈબાદત રહેશે કે ખરાબી ઉત્પન્ન કરશે ?! તેમજ એને પણ છોડો, પણ સ્ત્રીઓના માટે મહીનામાં અમુક દિવસો એવા હોય છે જેમાં ઈસ્લામી શરીઅત તેમને નમાઝ, રોઝા વગેરેથી રોકે છે, તો જો સ્ત્રીને ઈમામ બનાવી દેવામાં આવે અને ઈમામત દરમ્યાન જો માસિકનું લોહી આવી જાય તો તેણીની પણ નમાઝ જશે અને અન્યોની પણ. હવે તમે મને જણાવો કે શું આવા સંજોગોમાં સ્ત્રી પોતાનો આ અંગત મામલો મુક્તદીઓ સમક્ષ જાહેર કરી શકે છે ?! સ્ત્રી હયાનું પૂતળુ છે, જેથી તેણી કદી એવી હિંમત નથી કરી શક્તી. જો જાહેર કરશે તો આ સંજોગોમાં પણ લોકો રમૂજપૂર્વક તેણીની આ સ્થિતિની ચર્ચા કરશે. તો જરા બુદ્ધિ તથા સમજને હાજર કરીને બતાવો કે આવી હાલતમાં સ્ત્રીની ઈજ્જત થશે કે બેઈજ્જતી ? કે તેની ફજેતી ?!

એક વાંધો એ પણ કરવામાં આવે છે કે ઈસ્લામે તલાક્નો હક્ક કેવળ પુરૂષોને આપ્યો છે અને સ્ત્રીઓને એનાથી વંચિત રાખી. આ રીતે ઈસ્લામ સ્ત્રીઓ પર જુલ્મ કરે છે અને સમાનતા નથી રાખતો.

**જવાબ** : આ વાંધાનો જવાબ અમે એ આપીએ છીએ કે ઈસ્લામે સ્ત્રીની તમામ જિમ્મેદારીઓ દા.ત. ભરણપોષણ વગેરે પુરૂષોના જ માથે રાખેલ છે. તો જો એ કારણે તલાક્નો હક્ક પણ પુરૂષોને આપ્યો છે તો એ યોગ્ય વાત છે. કેમ કે પતિ પત્ની પર વિ□ાસ કરીને કે તેણી મારી પત્ની છે





અને તેણી મારાથી અલગ નથી થઈ શકતી તે દેર પરદેશ ચાલ્યો જાય છે. (અને એ વાત સિદ્ધ થયેલી છે કે સ્ત્રી અપૂર્ણ બુદ્ધિવાળી છે અને પુરૂષની સરખામણીએ દિમાગી એતબારથી પણ કમજોર છે અને તેણીની લાગણીઓ જલ્દી ભડકી ઉઠે છે અને તે કાંઈ સોચ્યા સમજ્યા વિના ફૈંસલો કરી લે છે. એનો અંદાજો એ વાતથી પણ સારી પેઠે કરી શકાય છે કે, હાલના દિવસોમાં એક ફિલ્મી હિરોઈને પોતાના પતિથી તલાક્ની માંગણી કરી અને સાથોસાથ સુપ્રિમ કોર્ટનો દરવાજો ખટખટાવી દીધો, કેવળ એ કારણે કે તે પોતાની પુત્રીને પોતાની સાથે પરદેશ લઈ જવા દેતો ન હતો.) તમે બે મિનિટના માટે દિમાગને હાજર કરીને વિચારો કે જો તલાક્નો હક્ક બંનેને આપવામાં આવે તો પત્ની પતિની ગેરહાજરીમાં તેની માલ મત્તાને લઈને અથવા છોડીને રફુચક્કર થઈ જાય તો ?! વળી તેમનો આ વાંધો ઉઠાવવો કે ઈસ્લામે સ્ત્રીઓને તલાક્ના હક્કથી વંચિત રાખી છે એ વાંધો સરાસર ગલત છે, કેમ કે ઈસ્લામે સ્ત્રીઓને ખુલઅ (નિકાહથી મુક્તિ પામવી) તથા તફ્વીઝના રૂપમાં તલાક્નો હક્ક આપ્યો છે. એટલે કે પુરૂષ તલાક્નો હક્ક પત્નીને સુપરત કરી આપે અથવા સ્ત્રી અમુક રકમ આપીને તલાક મેળવી લે.

દુનિયાના પૂજારીઓ અને ઈસ્લામના દુશ્મનો તરફથી એક વાંધો એ પણ કરવામાં આવે છે કે ઈસ્લામ પુરૂષોને ચાર શાદીઓનો હક્ક આપીને નફ્સ પરસ્તી અને ઐયાશીની તા'લીમ આપે છે. જો એવું જ હોય તો પછી એકલા મર્દો જ શા માટે ?! સ્ત્રીઓને પણ એની ઈજાઝત મળવી જોઈએ !

**જવાબ** : આ પૂર્વગ્રહનું આંજણ આંજનારાઓને ખબર નથી કે ઈસ્લામનો કોઈપણ કાનૂન હિકમતથી ખાલી નથી હોતો. સ્ત્રીઓને ચાર શાદીની રજા એટલા માટે નથી આપવામાં આવી કે સ્ત્રીના પેટથી પેદા થનાર બાળકોનો વંશ ગુમનામ થઈ જશે અને તે ખ્વાહિશ કરનારા પુરૂષોમાં પણ ટકરાવ ઉભો થશે. એથી ઉલ્ટુ પુરૂષ બાબતે કે તે ચારમાંથી જેની સાથે ચાહે સંભોગ કરી શકે છે અને એના કારણે વંશની નિશ્ચિતતા પણ સલામત રહે છે. **પરંતુ એ ઈજાઝત પુરૂષને ઈસ્લામે એ સંજોગોમાં આપી છે કે જ્યારે કે તે એ સર્વ પત્નીઓમાં ન્યાય તથા સમાનતા રાખી શક્તો હોય. જો ન્યાય તથા સમાનતા કરવાથી લાચાર છે તો ઈસ્લામ ચાર પત્નીઓ કરવાની રજા હરગિઝ નથી આપતો.**

અલ્લાહ તઆલા કુર્આને મુક઼દસમાં ઈર્શાદ ફર્માવે છે :–

فَانْكِحُوا مَا طَابَ لَكُمْ مِنَ النِّسَاءِ مَثْنٰى وَثُلٰثَ وَرُبٰعَ

فَاِنْ خِفْتُمْ اِلَّا تَعْدِلُوْ فَوَاحِدَةً

''જે સ્ત્રીઓ તમને પસંદ આવે તેમને નિકાહમાં લાવો, બે–બે, ત્રણ–ત્રણ, ચાર–ચાર. પછી જો ડરો કે ન્યાય તથા સમાનતા નહીં કરી શકો તો એક જ કરો.''

## ★ અધિક સંખ્યામાં પત્નીઓ શા માટે ? ★

૧. સ્ત્રી વાંઝિયી છે અને પુરૂષની ઈચ્છા છે કે બાળજન્મ થાય.

૨. પ્રથમ પત્નીને એવી બીમારી લાગી ગઈ જેના કારણે પતિ પત્નીના વચ્ચે સંભોગ થવો મુશ્કેલ છે.

૩. કોઈ આકસ્મિક સંજોગોના કારણે કોઈનાથી મહોબ્બત થઈ જાય અને સામી બાજુથી તેને સમર્થન હોય.

૪. તંદુરસ્તી તથા ખુશહાલીના સબબે અમુક પુરૂષોમાં વાસના અધિક હોય છે, જો અધિક પત્નીઓની રજા ન હોય તો પુરૂષનું હરામ કામોમાં સપડાઈ જવાનો ભય રહે છે.

૫. જે તલાક઼ પામેલ તથા વિધવા સ્ત્રીઓ હોય છે તેમની શાદીનો મામલો મુશ્કેલ હોય છે, જો પત્નીવાળો પુરૂષ આવી તેણી સાથે શાદી કરી લે તો તે સ્ત્રી સુકૂન તથા ઈત્મિનાનની જિંદગી પસાર કરી શકે છે.

૬. બીજી વાત એ છે કે દુનિયાના ઘણા ઈલાકાઓ યુદ્ધોમાં બર્બાદ થઈ જાય છે, એમાં પુરૂષો જ કામ આવે છે જેથી પુરૂષોની કમી થઈ જાય છે અને સ્ત્રીઓની અધિક્તા , તો હવે એ વિધવાઓનો ઈલાજ શું થાય ?!

આ સબબોના કારણે બહુપત્નીત્વ એક ન રોકી શકાય તેવી બાબત છે. પરંતુ સ્ત્રીઓને બહુપતિત્વ આપવામાં આવે તો જીવન વ્યવસ્થા વેરવિખર થઈ જાત. દા.ત. વંશમાં ભેળસેળ થતી અને ખબર ન પડત કે બાળકનો પિતા કોણ છે ? અને પછી તેના કારણે બાળકની તા'લીમ તથા કેળવણી પર અસર પડત. અને બીજું એ કે એ બેહયાઈનું ઉઘાડુ પ્રકરણ છે, જો કોઈ દિવસે ચારેવ પતિ એવો ઈરાદો કરી લેત કે અમારે પત્ની પાસે જવું





છે તો એવા સંજોગોમાં તે બીચારીની હાલત અકથ્ય થઈ જાત અને એ પુરૂષોમાં પણ દુશ્મનીનો દરવાજો ખુલી શક્તો હતો.

આ સર્વ મસ્લેહતોને નજર સમક્ષ રાખીને ઈસ્લામે પુરૂષોને તો ચાર શાદીની ઈજાઝત આપી અને સ્ત્રીઓને એનાથી મના કર્યું. હવે જો કોઈ બુદ્ધિવાન અને સમજદાર આ સર્વ હિકમતો અને મસ્લેહતોને જોઈને પણ ઈસ્લામના આ ક઼ાનૂન પ્રતિ આંગળી ચીંધે તો એનાથી મોટો બેવકૂફ઼ કોઈ નહીં હોય.

પશ્ચિમી સંસ્કૃતિના પૂજારીઓ હજી વાંધાઓ કરવાથી થાક્યા નથી. આટલા વાંધાઓ કરવા છતાં પણ તેમનું પેટ નથી ભરાતુ અને પોતે જ્ઞાનથી કોરા હોવાના ડંકા વગાડી રહ્યા છે. તેઓ એક વાંધો એ પણ કરી રહ્યા છે કે ઈસ્લામે સ્ત્રીને પર્દાનો હુકમ આપીને તેણી પર જુલ્મ કર્યો છે અને તેમને ઘરોમાં કેદ કરીને કેન્સર જેવી જીવલેણ બીમારીને ઉત્તેજન આપ્યું છે. એટલા માટે કે કેવળ ઘરોમાં કેદ રહેવાથી બહારની તાજી હવાથી વંચિત રહેવાના કારણે કેન્સર જેવો જીવલેણ રોગ જન્મ લે છે !

**જવાબ**: સૌ પ્રથમ તો અમે તેમને એ પૂછવા ચાહીએ છીએ કે જો ઘરોમાં કેદ રહેવાથી અને તાજી હવા ન ખાવાથી કેન્સર થાય છે તો એ બીમારીમાં સ્ત્રી જ શા માટે ખાસ છે પુરૂષો તો ઘરોમાં કેદ નથી રહેતા અને એ તો તાજી હવા પણ ખાય છે તો પછી પુરૂષોને કેન્સર શા માટે થાય છે ?

હવે આ નિરર્થક વાંધાનો જવાબ પણ સાંભળો ! ઈસ્લામે સ્ત્રીઓને પર્દાનો હુકમ આપીને તેમના પર મહાન એહસાન કર્યું છે, જો ઈસ્લામે આ સુંદરતાની પૂતળીઓને પર્દાનો હુકમ ન આપ્યો હોત તો સૃષ્ટિની વ્યવસ્થામાં કેટલી ખરાબીઓ જન્મ લેત એ ગણત્રી બહાર છે. વર્તમાનકાળમાં જે બેહયાઈ તથા બિભત્સતાની ભરમાર છે તે આ જ બેપર્દગીની ભેટ છે એની ભાળ ડો. સ્ટીફ઼નના આ લખાણથી સારી પેઠે મળે છે. ડો. સ્ટીફ઼ન કલાર્ક લખે છે :–

''સ્ત્રી તથા પુરૂષની ભેળસેળ, નામહરમો (ભલે સગાં હોય)નું ઘરમાં વિના રોકટોક આવવું જવું, આમ સંબંધીઓનું ઘરોમાં વિના ઈજાઝત ઘુસી જવું, ચાય પાણી કરવું આ સર્વ ચીજો મારી દષ્ટિએ નુકસાનકર્તા છે અને એની અસર પેઢીઓ સુધી પહોંચે છે. મેં આ ભેળસેળથી પુરૂષોને સ્ત્રીઓની

પ્રતિ આકર્ષિત જોયા, ઘરોને ઉજડતાં જોયાં, સ્ત્રીઓ અને પુરૂષોને જેલ જતાં જોયાં, તેનું કારણ ઘરમાં વિના રોકટોકની આવજા છે અને બસ.''

પશ્ચિમના સંકૂચિત દષ્ટિવાળાઓએ ઈસ્લામના આ કાનૂનને ગંભીરતાથી ન લીધો અને તેઓ લે પણ કેમ કરીને ! જ્યારે કે પર્દો તેમની વાસના ભૂખ અને હવસખોરીના માર્ગમાં આડ ઉભી કરી રહ્યો છે.

આજે પશ્ચિમના ગુલામો સ્ત્રી આઝાદીની જે વાત કરી રહ્યા છે એમાં એમની ખતરનાક ચાલ સામેલ છે. પર્દો તથા હિજાબના બારામાં ગૈરો પણ મુસલમાનોની સાથે સાથે તેના ફાયદા તથા મહત્વનો સ્વીકાર કરી રહ્યા છે કે યક઼ીનન ! ઈસ્લામે સ્ત્રીઓને પર્દાનો હુકમ આપીને તેમના પર મહાન એહસાન કર્યું છે. ઈસ્લામે સ્ત્રીઓને પર્દામાં અને હિજાબનો હુકમ આપીને ખરેખર સાચી ઈજ્જતનો માર્ગ બતાવ્યો અને તેણીને ઘરમાં રાખીને તેની આબરૂ તથા ચારિત્રની રક્ષાનો સામાન પૂરો પાડયો છે. જો સ્ત્રી ઘરથી બહાર બેપર્દા ઘુમતી ફરતી અને સંપૂર્ણ આઝાદ થઈ જાત તો ખબર નહીં મુસ્લિમ સમાજનો શો હાલ થાત. એ સર્વ વાંધાઓ અને તેના જવાબોથી એ વાત ચમકતા, સૂરજ જેમ સ્પષ્ટ થઈ જાય છે કે ઈસ્લામે સ્ત્રીઓને રૂહાની, અંગત, સાંસ્કૃતિક, સામાજિક અને તા'લીમી હૈસિયતોથી શું શું નથી આપ્યું.

## ★ વર્તમાનકાળમાં આઝાદીના નામ પર સ્ત્રી શોષણ ★

આજકાલ સ્ત્રીઓ જેને સમાનતા તથા આઝાદી સમજી રહી છે પણ હક઼ીક઼તમાં એની આડમાં ખરેખર તેણીઓનું શોષણ થઈ રહ્યું છે. પશ્ચિમી વાસના ભૂખ્યાઓએ પોતાની વાસના સંતોષવાના માટે સ્ત્રીઓને એક ધોકામય સૂત્ર આપ્યું કે, ''સ્ત્રીઓ પુરૂષો સમાન છે.'' જાહેરી રીતે આ દિલને મોહી લેનાર સૂત્ર સ્ત્રીઓને ખૂબ જ ગમ્યું અને પછી તેણીઓએ પણ પશ્ચિમી જાનવરોની સાથે મળીને સમાન હક્ક઼ તથા આઝાદીનો નારો લગાડયો. પણ અફસોસ ! આ બહેનો એનાથી બેખબર છે કે આ મૂડીવાદીઓ ''સમાનતા''નો નારો આપીને તેણીઓનું શોષણ કરી રહ્યા છે.

આજે આપણે કોઈ પણ ખાતા, વિભાગ કે ડિપાર્ટમેન્ટનું નિરીક્ષણ કરીએ તો એ વાત આપણા પર ખૂબીપૂર્વક જાહેર થઈ જાય છે કે એમાં અધિક્તા કોની છે, પુરૂષની કે સ્ત્રીની ? આજે પણ ઓફીસના કામોમાં તે જ હસીનાઓને ઓફર મળે છે જેમનામાં આકર્ષણ તથા ગ્રાહકોને પોતાના





પ્રતિ આકર્ષવાની ભરપૂર કાબેલિયત હોય છે. જેમ કે મેગેઝીનો વર્તમાનપત્રો તથા પેમ્પલેટોમાં વારંવાર જોવામાં આવ્યું છે કે ઓફીસ વર્કના માટે એ શરતની સાથે જાહેરાત આપવામાં આવે છે કે તે જ છોકરીઓ સંપર્ક કરે જે દેખાવડી તથા મનોહર હોય. અને જાહેર છે કે આ સર્વ ચીજો સરાસર સ્ત્રીઓના શોષણના માટે છે, તેણીઓના હક્કો પૂરા પાડવાના માટે હરગિઝ નથી. આજના દરેક સમજદાર પુરૂષ તથા સ્ત્રીના માટે જરૂરી છે કે તે એ વાત પર વિચાર કરે કે, ''સમાનતા''ના આ સૂત્ર (નારા) પાછળ પશ્ચિમવાસીઓની અંદર સ્ત્રીઓ માટે કેટલી હમદર્દી છે ?! અમે તો કહીએ છીએ કે પશ્ચિમી શૈતાનોએ હોટલો, રેસ્ટોરન્ટો, નાટયગૃહો, પાર્કો, ફરવાના સ્થળો, સીનેમા હોલો, કંપનીઓ, વેપાર તથા કારોબારના અને ''ફેશન શો''ના નામ પર તેણીઓનું બ્લેક મેલિંગ કરીને તેણીઓનો ઉપયોગ કર્યો છે અને તેમના પર જુલ્મ કર્યો છે, એવો જુલ્મ જેનું ઈતિહાસમાં કોઈ દષ્ટાંત નથી મળતું.

આજે ખાસ કરીને સ્ત્રીઓને સ્વતંત્ર રીતે વિચારવાની અને નિષ્પક્ષપણે ચિંતન કરવાની જરૂર છે કે પશ્ચિમના ''સમાનતા''ના સૂત્ર પાછળ તેમના માટે હમદર્દી છે કે છેપરપિંડી ?!

## ★ સ્ત્રીઓમાં વધી રહેલ ગુમરાહીનો જિમ્મેદાર કોણ?! ★

ઈસ્લામે સૌથી અધિક ધ્યાન સ્ત્રી વર્ગ પર આપ્યું છે પરંતુ આજના આ પ્રગતિ પામેલ ધોકાબાઝ દૌરની ચમક દમકને જોઈને સ્ત્રીઓ ઈસ્લામી બંધારણને પૂરાણુ અને જૂનવાણી સમજે છે, તેમની નજીક ખુદાઈ ક઼ાનૂન જેલ ખાનુ છે, જ્યારે કે ખરેખર તો ખુદાઈ ક઼ાનૂન તેણીઓ માટે હિફ઼ાઝતખાનુ (સલામતીનું સ્થળ) છે. આવા વિચારો કેવળ તે જ સ્ત્રીઓ ધરાવે છે જેઓ ઈસ્લામી શિક્ષણથી અજ્ઞાન છે અથવા તો પછી એ કે એમનાં માથાંઓ પર આઝાદીનું ભૂત સવાર છે.

લગભગ એક દસકાથી અધિક અરસાથી દરેક નેક દિમાગ તથા નેક ચિંતન રાખનાર તથા પવિત્ર સમાજનો ઈચ્છુક શખ્સ સ્ત્રીઓની ઈજ્જત તથા આબરૂને લઈને એક અજીબ ઉલઝનમાં સપડાયેલ છે. કોઈ પણ સમજદાર એ ફૈસલો નથી કરી શક્તો કે છેવટે તેણીઓની ઈજ્જતની

પાયમાલી તથા તેણીઓ ભટકી જવાનો જિમ્મેદાર કોણ છે ?!

ઈસ્લામે ૧૪૦૦ વરસ પહેલાં તેણીઓની જાનોની હિફાઝત કરતાં એ એલાન કર્યું હતું કે, "તેણીઓને જીવતી ન દાટો ! તેમને પણ માંઓનાં પેટોએથી બહાર આવીને જિંદગી ગુજારવાનો હક્ક આપો."

બરાબર એ જ પ્રમાણે ઈસ્લામે તેણીઓની ઈજ્જત આબરૂ તથા પવિત્રતા તથા ચારિત્રને પણ ધ્યાનમાં રાખીને એ હુકમ આપ્યો હતો કે હે ઈજ્જતદાર સ્ત્રીઓ ! તમે ઘરની અંદર જ રહેશો, જરૂરત વિના ઘરની બહાર બેપર્દા ન નીકળશો, ઘરથી બહાર નીકળતી વખતે પર્દાનો જરૂર ખયાલ રાખશો, એવાં કપડાં ન પહેરશો કે જેનાથી નગ્ન જણાવ અને કોઈની વાસનામય નજરો તમારા હુસ્નને પી લે. રસ્તે ચાલતી વખતે એક કિનારેથી ચાલજો, એવી પાઝેબ (સેમ્પલ) અને ખુશ્બુ લગાડીને ન ચાલશો જેનો અવાજ તથા સુગંધથી લોકોનાં દિલમાં હલચલ પેદા થાય. જુઓ ! ખબરદાર ! નાઈટ કલબો, ડાન્સ પાર્ટીઓ, ફેશન શોઓ તથા ફિલ્મોની શોભા ન બનશો. હોટલો, રેસ્ટોરેન્ટો તથા પિકનિકના સ્થળોમાં સૈર કરવી એ તમારી પાકી તથા ચારિત્રના માટે ખતરનાક રહેશે અને સમાનતાનો નારો તમારા હક્કમાં ઝેરીલો સાબિત થશે. પણ અફસોસ ! કે જ્યારે સ્ત્રીઓને આ તા'લીમ આપવામાં આવે છે તો તેણીઓ તેને હક્ક મારવું, જૂનવાણીપણુ તથા રૂઢીચુસ્તતા જેવા ન જાણે કેટલા અને કયા કયા વિશેષણોથી સંબોધે છે અને નિઃસંકોચ એવું કહી આપે છે કે, મિયાં ! આ એકવીસમી સદી છે ! મોર્ડન કલ્ચર તથા મોર્ડન સોસાયટીની સદી છે, હવે પૂરાણી વાતો કરવી એ તમારા વિચારો તથા એહસાસોના મુર્દા હોવાની દલીલ છે ! વળી તેણીઓની હઠધર્મી તથા મોર્ડન પસંદી તથા પશ્ચિમી ગુલામીનું પરિણામ તેણીઓને માટે વ્યભિચાર, અપહરણ, બળાત્કાર તથા બ્લેકમેલિંગ જેવા દુઃખદ આઘાતજનક સ્વરૂપોમાં જાહેર થાય છે.

આ થોડાક લખાણનો અભ્યાસ કરીને વાંચકો જાતે જ ફૈંસલો કરી શકે છે કે સ્ત્રીઓના સ્વચ્છંદી થઈ ભટકી જવાનો જિમ્મેદાર કોણ છે ?! અમારા ખયાલ પ્રમાણે આ સ્ત્રીઓની ગુમરાહીમાં અન્યોની જેટલી દખલ છે એનાથી વિશેષ સ્ત્રીઓનો એમાં મહત્વનો રોલ સમાયેલો છે. ખૈર, આ તો રહી સ્વચ્છંદીપણાની વાત પરંતુ હવે એ ફૈંસલો કરવાનો રહેશે કે આ





સ્વચ્છંદીપણાનું નિવારણ કેવી રીતે કરવામાં આવે અને તેના નિવેડાના બારામાં કોણ મહત્વનો ભાગ ભજવી શકે છે ? તો તેના માટે થોડીક અદના તદબીરો રજૂ કરી રહ્યા છીએ, જો તેના પર અમલ કરવામાં આવે તો ઘણી હદ સુધી સ્ત્રીઓની ઈજ્જતની પાયમાલી, બેઆબરૂપણુ તથા ગુમરાહીને કંટ્રોલ કરવામાં આવી શકે છે.

જેમ કે જો આજે નેક સમાજ બનાવવો છે તો સ્ત્રીઓએ પોતાના કદમો પાછળ લઈ જવા પડશે અને ફરીથી તેણીઓને ભૂતકાળની રવિશને અપનાવવી પડશે અને ઈજ્જત તથા આબરૂ, પાકદામની તથા ચારિત્ર્યની પોતાના શિયળની રક્ષાના માટે સૌ પ્રથમ પોતાનું તેમજ માહોલનું નિરીક્ષણ કરવું પડશે અને પકડ કરવી પડશે. એના અનુસંધાનમાં માં બાપ પણ બેહતરથી બેહતર કિરદાર અદા કરી શકે છે. એક તો એ કે પોતાની દીકરીઓને સહીહ તા'લીમાત, દીની વાતો તથા સભ્યતા તથા સુઘડપણાથી માહિતગાર કરાવે. અને બીજુ એ કે તેમના પહેરવા ઓઢવા તથા હરવા ફરવા પર તીવ્ર દષ્ટિ રાખે. બીજું તેણીઓ ઘરેથી જવાના સમયો પર ધ્યાન આપે અને તેણી કેવી રીતે લોકો સાથે મેલજોલ રાખે છે તેનો પણ ખયાલ રાખે. અને બાળપણથી જ તેણીને દીની સમજ ઈજ્જત આબરૂ તથા દુનિયાની બુરાઈ તથા બુરી સ્ત્રીઓની સોહબતથી દૂર રહેવા સમજાવે તો જરૂર એ યુવાન થતાં સાવધાન જિંદગી જીવીને ઈજ્જતદાર સચત્રિવાન યુવતી બનશે. *(અશ્રફિયહ, મુબારકપુર, ઉર્દૂ–ડિસેમ્બર–૦૬)*

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, એપ્રીલ–૨૦૦૭)*

## (પ્રકરણ : ૫)

# ઈસ્લામમાં સ્ત્રીનો મક઼ામ અને મર્તબો

વજૂદે ઝન સે હૈ તસ્વીરે કાઈનાત મેં રંગ
ઉસ્કે સાઝસે હૈ ઝિંદગી કા સોઝે દરૂં

### ★ હુઝૂર ﷺના આગમન પહેલાં ઔરતની હાલત ★

હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આગમન થતાં પહેલાં સ્ત્રી સમાજમાં એકદમ હલકી માનવામાં આવતી હતી. તેની સ્થિતિ નિર્જીવ ચીજની જેમ હતી. બેઈજ્જતી તેણીનું નસીબ બની ચૂકી હતી. તેણી ઘરના અન્ય સામાનોની જેમ એક હાથમાંથી બીજા હાથમાં ફરતી રહેતી હતી અને મરનારના વારસદારો જે રીતે ઈચ્છતા તેણીથી લાભ ઉઠાવતા. તેણીની રક્ષા તથા દેખરેખની કોઈ વ્યવસ્થા ન હતી. કોઈ કાનૂન એવો ન હતો જે તેણીનું રક્ષણ કરે. અલ્લામા ઝમખશરી પોતાની "તફસીરે કેષાફ"માં સૂરએ તકવીરની એક આયતની તશરીહ (ખુલાસો) બયાન કરે છે કે, જ્યારે બાળકીની ઉંમર છ (૬) વર્ષની થઈ જતી તો પતિ પત્નીને કહેતો કે, તેણીને ખૂશ્બુ લગાડ અને અલંકારો શણગાર. પછી તે પતિ પત્નીને કહીને તે લાચાર બાળકીને પોતાના સગા સંબંધીઓને ત્યાં મુલાકાત માટે લઈ જતો અને છેવટે જંગલ તરફ પ્રયાણ કરતો અને ત્યાં એક ઊંડો ખાડો ખોદતો અને તે બદ્નસીબને તેના કિનારે ઉભા રહેવાનો હુકમ કરતો અને તે બાળકીને કહેતો કે ખાડામાં ધ્યાનપૂર્વક જુએ અને તે જ સ્થિતિમાં તેણીને ધક્કો મારીને ખાડામાં ફેંકી દેતો અને તેના ઉપર માટી નાખીને તેને દાટી દઈ જમીન સરખી કરી દેતો."

ઈબ્ને જરીરે પોતાની તફસીરે તિબરીમાં વર્ણવ્યું છે કે "સ્ત્રી પોતાના પતિના મૃત્યુ બાદ તેના વારસોના હાથમાં જતી રહેતી, વિધવાનું માલિકીપણું પ્રાપ્ત કરવા માટે તેણીના ઉપર એક ચાદર ઓઢાડી દેવામાં આવતી અને તે એ વાતની નિશાની હતી કે હવે સ્ત્રી ચાદર ઓઢાડનારના કબજામાં આવી ચૂકી છે. જો આ આફતો પામનારી સ્ત્રી સુંદર હોય તો તેણીને પોતાની પાસે રાખી લેતો, નહીં તો તે કોઈ બીજાના હાથમાં ઘણી જ નિર્લજ્જપણે તેણીને





વેચી મારતો."

યૂરોપમાં સ્ત્રી કોઈપણ પ્રકારની બાબતમાં સ્વતંત્ર ન હતી. તેણી પોતાની મરજીથી કોઈ નિર્ણય કરી શક્તી ન હતી. એટલે સુધી કે એવી પણ છૂટ ન હતી કે તે પોતે કમાઈને પોતાના માટે ખર્ચ કરી શકે અને પોતાની પસંદગીથી શાદી કરે. છોકરીઓ માં બાપની મિલ્કત ગણાતી હતી. તેઓ જેની સાથે પણ ઈચ્છતા તેમની શાદી કરાવી આપતા. શાદી એક વેપાર ગણાતો જેના દ્વારા માં બાપ પોતાના પુત્રો પુત્રીઓને વેચતા રહેતા હતા. સ્ત્રીની સાથે ઈસાઈયતનું વલણ ઘણુ અણછાજતુ રહ્યું છે. સ્ત્રીને જેટલી નીચી કક્ષામાં ફેંકી શકાય તેટલી ફેંકી દીધી.

### ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આગમન બાદ ઔરતોની હાલત ★

હુઝૂરને સ્ત્રીની આ મઝલૂમિયત કોઈ કાળે માન્ય ન હતી, તેમણે આ નિરાધાર મખ્લૂકને બેઈજ્જતીના સ્થાનેથી ઉઠાવીને પુરૂષોની લગોલગ ઈજ્જત તથા અદબના સ્થાને ઊભી કરી અને પુરૂષ તથા સ્ત્રી વચ્ચે સમાનતાની તા'લીમ આપી. તેમણે નિકાહના સંબંધને પવિત્રતા આપી અને સ્ત્રીને વારસાના તથા ખુલઅના હક્કો અતા કર્યા. પુરૂષ પર સ્ત્રીના ભરપોષણની જિમ્મેદારીઓ નિયુક્ત કરી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સંસ્કૃતિની પ્રગતિમાં સ્ત્રીઓની સેવાઓને સંપૂર્ણપણે સ્વીકારી. અને એ કારણે તેમની આધ્યાત્મિક તથા અખ્લાકી પ્રગતિને ઈસ્લામી કાયદામાં ખૂબ જ પ્રમાણમાં મહત્વ આપ્યું. ઈસ્લામ ધર્મમાં સ્ત્રીને જે મકામ અને મર્તબો મળ્યો છે એવો મકામ અને મર્તબો બીજા કોઈપણ ધર્મમાં નથી મળ્યો. સ્ત્રીને આવો ઉચ્ચ મકામ નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જ આપ્યો છે કારણ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સ્ત્રીઓ સાથે સારા વર્તાવની તા'લીમ ન આપી હોત અને સ્ત્રીઓના હક્કો નક્કી ન કર્યા હોત તો પહેલાંની જેમ જ અત્યારે સ્ત્રીનો મકામ હોત કે પહેલાં છોકરીઓને પૈદા થવાની સાથે જ દફન કરી દેવામાં આવતી હતી. લોકો છોકરાની પૈદાઈશ પર ખુશ થતા હતા અને છોકરીઓની પૈદાઈશ પર નારાજ થતા હતા તો આવી હાલતમાં ઈસ્લામનો દીપ સળગ્યો અને લોકોની અક્કલો ઉપર પડેલા અજ્ઞાનતાના પડદા હટી ગયા ત્યારે ઔરતોને હક્ક મળ્યો અને લોકોમાં એમને પણ ઈજ્જત આપવામાં આવી. અને આ તા'લીમ માટે નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને છોકરીઓ આપવામાં આવી કે

આપનો પોતાની છોકરીઓ સાથે સુંદર વર્તાવ જોઈ લોકો સબક શીખે.

### ★ ઔરત પર ઈસ્લામના એહસાન ★

દુનિયાના ધર્મોનો તમે અભ્યાસ કરતા જશો તો દરેક ઠેકાણે સ્ત્રી મજબૂર તથા મઝલૂમ જોવા મળશે. સેવીકા તથા બાંદી જોવા મળશે. પરંતુ ઈસ્લામે આ મઝલૂમ તબકા પર એટલા પ્રમાણમાં એહસાનો કર્યા છે કે જેની ગણત્રી નથી થઈ શક્તી. સૌ પ્રથમ તો તેણે એ વાતને સખ્તી સાથે રદિયો આપ્યો કે તેણીનો સંબંધ શૈતાનથી છે. કુર્આને હકીમે એ હકીકતને સ્પષ્ટ કરી આપી કે સ્ત્રી પણ એવી જ રીતે સજીવ અને માનને પાત્ર છે જેવી રીતે પુરૂષ છે. કેમ કે બંને એક માં બાપનાં સંતાન છે. બંને પર પોતાના કાર્યોની અલગ અલગ જિમ્મેદારી છે અને કોઈને બીજાના કાર્યો તથા અમલો માટે જિમ્મેદાર ઠરાવી શકાતુ નથી. *(સૂરએ નિસાઅ, આયત–૩૨)*

ઈસ્લામના આ ઉમદા પૈગામો, ઉપદેશો માત્ર ઔરતો માટે જ છે. ઔરતોને એમની ઈજ્જતનો એટલો વિચાર નથી જેટલી તેમની પવિત્રતાની રક્ષા મઝહબે ઈસ્લામે કરી છે. ઈસ્લામે ઔરતને અતિ બેઈજ્જતીમાંથી બહાર કાઢીને ઈજ્જત તથા મહાનતાની ઉચ્ચ ચોટી પર ખડી કરી દીધી, દરેક પ્રકારની મુક્તિઓથી નવાજી, જન્મથી લઈને નિકાહ અને બીજી બાબતોમાં પુરૂષોની જેમ ઈખ્તેયાર આપ્યો. ઔરતને મર્દની જેમ માલ દૌલતમાં હિસ્સેદાર ઠરાવી. ઔરતની હૈસિયત એક ગુલામથી વધારે ન હતી, દુનિયાએ ઔરતને ઠુકારવી દીધી હતી, ઔરત મુરઝાયેલ ચહેરા પર તાજગીનો પાવડર કોણે માલીશ કર્યો ?! ઔરતોને પોતાનો ખોવાયેલ વકાર ક્યાંથી પાછો મળ્યો ?! ઔરતને ઈસ્લામે મહાન કરી. દુનિયાએ ઔરતને બુરાઈ તથા ઝઘડાની જડ ગણી નાખી હતી પણ ઈસ્લામે ઔરતને અમ્નો શાંતિ અને ચૈન પામવાનું સ્થાન ગણાવી. ઔરતનું અસ્તિત્વ દુનિયાના માટે જહન્નમ કલ્પવામાં આવતુ હતું પણ ઈસ્લામે ઔરતના કદમો નીચે જન્નત રાખી દીધી, ઔરતને ઈજ્જત, આબરૂ અને ચારિત્રની મહામૂલી દૌલતથી નવાઝવા માટે ઈસ્લામે એમને પર્દાનો હુકમ આપ્યો અને પર્દાનો મકસદ એમના હુસ્નો જમાલ અને ઈજ્જત આબરૂની અનમોલ દૌલતને લાલચુ નજરોથી બચાવવું છે. જ્યારે કે ઈસ્લામ દુશ્મન મઝહબો પર્દા પર વાંધો ઉઠાવી કહે છે કે, પર્દો સ્ત્રીઓની બેઈજ્જતી છે ! સ્ત્રીની આઝાદીનો





દુશ્મન છે, પર્દો સ્ત્રીનો હક્ક મારે છે. હકીકતમાં તેઓ ઔરતોના શુભેચ્છક નથી પરંતુ બુરું ઈચ્છનાર છે. તેઓ ઔરતોની ઈજ્જત, આબરૂ, પવિત્રતા અને સ્ત્રીત્વમય વકારના દુશ્મન છે. તેઓને એટલું પણ ભાન નથી કે બેપર્દગીના કારણે ઝિના, અપહરણ અને કતલ જેવી લડાઈ ઝઘડાની સંખ્યામાં તેજીની સાથે વધારો થયો છે. આપણા હિંદુસ્તાનમાં જ પ્રતિ દિન અખબરોમાં જોવા મળે છે કે આ ખરાબીઓ ખૂબ જ તેજીની સાથે આગળ વધી છે જેનાથી હુકૂમત બેચૈન અને લાજવાબ નજર આવે છે. તા. ૮–ઓકટોબર–૨૦૦૪ શુક્રવારના સંદેશ અખબારમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓએ નવજવાન યુવતીઓ સાથે બળપૂર્વક સંભોગ કર્યો હોવાની ખબર છપાઈ છે. ઈસ્લામ સિવાય જેટલા મઝહબો છે તેઓ ઔરતોની ઈજ્જતની હિફાઝત કરવાને બદલે તેઓની ઈજ્જતને નિલામ કરે છે. જેમ કે ધાર્મિક પ્રસંગને નામે નાચગાન વગેરે તમાશા થાય છે, પરંતુ ઈસ્લામે આ ખરાબીઓને રોકવા માટે સખ્ત સજાઓ નક્કી કરી છે. દુનિયામાં વ્યભિચારની એવી સજા કુર્આને નિશ્ચિત ઠરાવી કે જો વ્યભિચારી પુરૂષ અને સ્ત્રી અપરણિત હોય તો તેમને સો કોરડાઓ મારવામાં આવે અને તેમના પર જરાય પણ દયાભાવના નહીં કરવામાં આવે અને જો વ્યભિચારી બંને જણ પરણિત હોય તો તેઓને જાહેર મજમામાં પથ્થરો વડે મારી મારીને ત્યાં સુધી પથ્થરમારો કરવામાં આવશે કે જેથી તેઓ મૃત્યુ પામે અને આ મુજરિમોની સાથે જરા પણ દયાભાવનાનો વર્તાવ કરવામાં આવશે નહીં. આજે પણ દુનિયાની કૌમ બરબાદ થાય છે તો તેનું મોટુ કારણ એ જ છે કે તેઓની ઔરતો બેપર્દા થઈ બહાર નીકળે છે. નગ્નતાભર્યા પોશાક હોય છે, સ્વચ્છંદતાભર્યા વર્તાવ હોય છે જે ગૈર મર્દને તેના તરફ આકર્ષે છે તથા ખામીયુક્ત કાનૂનોને કારણે બળાત્કારીઓ બદ્માશો છટકી જતા હોય છે જેના કારણે સ્ત્રીઓના અપહરણ તથા બળાત્કારના વગેરે બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે. એટલે ઈસ્લામે સ્ત્રીની ઈજ્જત સાચવવા ખાતર જ સખત કાયદા રાખ્યા અને આજથી ચૌદસો વર્ષ પૂર્વે હુઝૂર સરવરે કાઈનાત صلی اللہ تعالیٰ علیہ وسلم એ પર્દા વિશે ફર્માવ્યું કે સ્ત્રી પર્દામાં રહેવાની વસ્તુ છે જે સમયે તે પોતાના ઘરેથી બહાર નીકળે છે તો શૈતાન તેને પુરૂષોની નજરોમાં ખૂબસૂરત કરીને દેખાડે છે. *(તિર્મિઝી શરીફ)*

## ★ ઈસ્લામમાં ઔરતની ફઝીલત ★

નેક સ્ત્રી દુનિયાની સૌથી મોટી નેઅમત છે. રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદે ગિરામી છે : દુનિયા લાભ ઉઠાવવાની ચીજ છે અને સૌથી શ્રેષ્ઠ ચીજ નેક સ્ત્રી છે. *(મુસ્લિમ)*

સ્ત્રી શારીરિક અને પેદાઈશી હૈસિયતથી અતિશય અશક્ત અને નમણી હોય છે એટલા માટે તેના દિલને રાજી રાખવાની વધારે અગત્યતા હોય છે. સૂરએ નિસાઅમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :– ''તમે સ્ત્રીઓની સાથે ખૂબ જ સારા તરીકાની સાથે જિંદગી પસાર કરો. તેણીઓ તમને પસંદ નથી તો બની શકે છે કે તમને એક (કોઈ) ચીજ પસંદ ન આવે અને અલ્લાહ તઆલાએ તેમાં મોટી ખૂબી રાખેલી છે.'' *(સૂરએ નિસાઅ)*

હજ્જતુલ વિદાઅના એક લાંબા ખુત્બામાં સ્ત્રીઓના હક્કમાં વસિયત ફર્માવી અને ફર્માવ્યું કે હું તમને સ્ત્રીઓ સાથે ભલાઈ કરવાની વસિયત કરું છું તો તમે આ વસિયતનો સ્વીકાર કરી લો, યકીનન ! સ્ત્રીઓ પાંસળીમાંથી પૈદા કરવામાં આવેલી છે અને પાંસળી વાંકી હોય છે, જો તમે પાંસળીને સીધી કરવા ઈચ્છો તો તૂટી જશે અને જો તેના હાલ પર છોડી દેશો તો વાંકી જ રહેશે, હું તમને સ્ત્રીઓની સાથે ભલાઈની વસિયત કરું છું તો તમે તેને જરૂરથી માનો. *(બુખારી તથા મુસ્લિમ)*

હઝરત અબૂ સુલૈમાન علیہ رحمۃ اللہ الرحمٰن ફર્માવ્યા કરતા હતા કે સ્ત્રી દુનિયાદારીની ચીજોમાંથી નથી બલ્કે સ્ત્રી આખેરતના સામાનોમાંથી છે જે તને દીની કામો માટે ફુરસદ તથા સહુલત આપે છે.

હઝરત ઉમર رضی اللہ عنہ નો ઈર્શાદ છે : ઈમાન પછી પાકીઝા સ્ત્રીથી વધીને કોઈ નેઅમત નથી જે દીની કામોમાં તારી મદદ કરે છે. હદીષ શરીફમાં છે કે, પોતાની પત્નીને ખર્ચો આપવો એ જેહાદમાં સદકો આપવાથી અફઝલ છે. *(કીમીયાએ સઆદત)*

સમાજનો નિઝામ ચલાવવા માટે સમાજમાં ઔરતના ત્રણ મકામ ખાસ છે : (૧) **માં** (૨) **બીવી** (૩) **બેટી.** આ ત્રણ મર્તબાની અઝીમ ફઝીલત કુર્આન શરીફ અને હદીષ શરીફથી સાબિત છે. માંના મર્તબાના બારામાં કહેવામાં આવ્યું છે કે : **(૧)** હશ્રના દિવસે ઈન્સાન પોતાની માં ના નામે





ઓળખવામાં આવશે. **(૨)** માં ના અદબને નઝરમાં રાખી કહેવામાં આવ્યું કે માં ને ઉફ પણ ન કહો. (ચાહે તે કેવી પણ હોય).

બીવીના બારામાં કહેવામાં આવ્યું છે કે બીવી મર્દનું અડધું ઈમાન છે અને તેનાથી નેક ઔલાદ બાકી અડધું ઈમાન છે.

બેટીની ફઝીલતના બારામાં હદીષ શરીફમાં છે કે જેની ત્રણ બેટીઓ હોય અને તે એમનું સારી રીતે પાલન પોષણ કરે તો તે જન્નતી છે એટલે સુધી કે અગર બે બેટીઓ બલ્કે માત્ર એક બેટી પણ હોય તો એનું સારું પાલન પોષણ જન્નતનું સર્ટિફિકેટ છે.

*–(અઝ : હાફેઝ મુહમ્મદ સરફરાઝ ઘંટીવાલા, મુતઅલ્લિમ અલ્ જામિઅતુલ્ અશ્રફિયહ્, મુબારકપુર, બરકાતે ખ્વાજા–માસિક, ડિસેમ્બર–૨૦૦૪)*

## (પ્રકરણ : ૬)

### આ છે ઈસ્લામી તા'લીમ તથા સંસ્કાર

### માંનો મર્તબો કુર્આન તથા હદીષની દૃષ્ટિએ

સામાન્ય રીતે જ્યારે "માં" શબ્દ માણસના કાનમાં પહોંચે છે તો તેની નજરોમાં મહોબ્બત તથા પ્યાર અને મમતાનો એક અસીમ સમુદ્ર વહેવા લાગે છે અને તેની સમક્ષ પોતાની માંની અથાગ મહોબ્બતો આવવા લાગે છે. બાળપણથી લઈ ઘડપણ સુધી બધી જ ખુશી તથા મહોબ્બત અને દુઃખના સંજોગોમાં સહારાનો મોભ એટલે કે આપણી માં ને ઈસ્લામે શું મર્તબો આપ્યો છે, અને એક પુત્રને પોતાની માં સાથે કેવું વર્તન તથા સન્માન તથા કેવો આદર તેણીનો કરવાનો છે એ આપણે કુર્આન તથા હદીષની રોશનીમાં અત્રે નિહાળીશું. રબ તઆલા પોતાની મુકદ્દસ કિતાબમાં ઈર્શાદ ફર્માવે છે : (અર્થાત) પોતાના માં બાપ સાથે સારું વર્તન કરો, જો તમારી હાજરીમાં તેમાંથી કોઈ એક અથવા બંને વૃદ્ધાવસ્થાએ પહોંચે તો તેમની સામે "ઉફ" પણ ન કહો અને ન તેમને ફટકારો, તેમની સાથે ખૂબ જ અદબથી વાત કરો, અને તેમની સમક્ષ નરમી તથા આજીજીથી ઝૂકી રહો અને દુઆ કરતા રહો કે હે મારા પરવરદિગાર ! આ બંને પર તારી રહમતો વરસાવ જેમ કે બાળપણમાં તેમણે મારું પાલનપોષણ કર્યું. *(અલ્ કુર્આન)*

જાણવા મળ્યું કે પોતાના માં બાપને કોઈ પણ રીતે કોઈ પ્રકારની ઈજા ન પહોંચાડો, તેમની ખુશીનો ખયાલ રાખો ખાસ કરી વૃદ્ધવસ્થામાં તેમનો ખૂબ જ ખયાલ રાખો.

હવે આપણે જોઈએ કે પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ માં ના મર્તબા વિશે શું ફર્માવ્યું છે. સુનને નિસાઈમાં છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **"માંની ખિદમત કર કેમ કે જન્નત માંના કદમો નીચે છે."** અન્ય એક હદીષ છે : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે, જ્યારે સરકારને સવાલ કરવામાં આવ્યો કે અમારા સદ્વર્તનનો સૌથી વધુ હક્કદાર કોણ છે ? તો આકાએ દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે તારી માં ! ફરી પૂછવામાં આવ્યું કે ત્યાર પછી ? તો ફર્માવ્યું કે, તારી માં ! ફરી સવાલ કરવામાં આવ્યો કે ત્યાર બાદ ? તો ફર્માવ્યું, તારી માં ! અને ચોથી વાર જવાબમાં





બાપનું વર્ણન ફર્માવ્યું. *(બુખારી, મુસ્લિમ)*

ધ્યાન આપો કે ત્રણવાર માં ને સદ્વર્તન અને એહસાનની હક્કદાર ઠરાવવામાં આવી અને ચોથી વાર બાપને. એનું કારણ શું ? તો પ્યારા વાંચકો ! આપણી માં નવ મહીના સુધી આપણો બોજ પોતાના પેટમાં ઉઠાવે છે, ત્યાર પછી સુવાવડની તકલીફો વેઠી આપણને આ દુનિયાની રંગીનીઓ બતાવે છે, બે વરસ સુધી દૂધ પીવડાવી પોતાના દિલનું લોહી આપે છે, પોતાની પાસે સૂવડાવે છે, શિયાળાની ઠંડી રાતોમાં પોતે આપણા પેશાબ પર સૂવે અને આપણને સૂકી જગ્યામાં સૂવડાવે, બીમાર પડયા તો આખી આખી રાતની ઊંઘ આપણા માટે કુર્બાન કરી દે છે આવાં અસંખ્ય એહસાનો અને ઉપકારના કારણે આપણા ઈસ્લામે માં નો હક્ક અને અધિકાર ઔલાદ પર વધુ રાખ્યો, જે એહસાન અને ઉપકારનો બદલો આપણે કદીએ ચૂકવી શકતા નથી. વળી ઘણા લોકો તો થોડાક પૈસા અને માલ આપી સમજે છે કે મેં હક્ક અદા કરી લીધો, એક હજ્જ કરાવી તો જાણે માં ના બધા જ હક્ક ચૂકવી આપ્યા. સંદતર નહીં !

પ્યારા વાંચકો ! તેનો બદલો નહીં ચૂકવી શકાય. સાંભળો ! એકવાર એક માણસ સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં હાજર થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારી માં ઘણી જ સખત સ્વભાવની છે. તો સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કે નવ મહીના સુધી લગાતાર તને પોતાના પેટમાં રાખ્યો ત્યારે તો તેણી સખત ન હતી ! તે માણસ બોલ્યો કે હું સાચું કહું છે કે મારી માં ખૂબ જ સખત છે. હુઝૂરે ફર્માવ્યું કે તેણી સંપૂર્ણ રાત તારા માટે જાગતી રહી અને પોતાનું દૂધ પીવડાવતી રહી તે સમયે તો તેણી સખત ન હતી ! તો તે માણસે અર્ઝ કરી કે, હુઝૂર ! એ બધાનો બદલો મેં ચૂકવી આપ્યો છે. તો સરકારે ફર્માવ્યું કે તું કઈ રીતે બદલો આપી ચૂક્યો ?! તેણે અર્ઝ કરી કે મેં મારા ખભા પર બેસાડી તેણીને હજ્જ કરાવી છે ! તો સરકારે ઈર્શાદ ફર્માવ્યો કે શું તું સૂવાવડની તકલીફનો બદલો આપી શકે છે ?!

અને બીજી એક હદીષનો ખુલાસો છે કે ચાલીસ હજ્જ ખભા પર બેસાડી કરાવવા છતાં તેણીના દૂધના એક ટીપાનો પણ બદલો નથી આપી શક્તો. માટે તેમની જેટલી પણ તા'ઝીમ કરીએ એ અપૂર્ણ છે. અને માં ને નારાજ

કરનાર વિશે પણ સાંભળો કે તેનો શું અંજામ થાય છે. હઝરત અબ્દુલ્લાહ બિન ઔફા ફર્માવે છે કે એકવાર અમે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં હાજર હતા, એક વ્યક્તિએ આવી અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! એક માણસના મૌતનો સમય આવી ચૂક્યો છે પણ ઝબાન પર કલ્મો જારી નથી થતો. સરકારે ફર્માવ્યું, તે નમાઝ પઢતો હતો ? અર્ઝ કરવામાં આવી, હા ! ત્યારબાદ સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم તેની પાસે તશરીફ લઈ ગયા. સરકારે કલ્માની તલ્કીન કરી તો તેણે અર્ઝ કરી કે, હુઝૂર ! હું નથી પઢી શક્તો ! પછી કારણ પૂછવામાં આવ્યું તો માલૂમ થયું કે માં નો નાફર્માન હતો. સરકારે સવાલ ફર્માવ્યો કે શું તેણી જીવંત છે ? તેણીને બોલાવવામાં આવી અને સરકારે સવાલ ફર્માવ્યો કે શું આ તારો પુત્ર છે ? તેણીએ અર્ઝ કરી, હા ! અલ્લાહના રસૂલ. સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે હું તેને આગમાં સળગાવું તો તું બચાવ કરીશ કે નહીં ?! તેણીએ અર્ઝ કરી, હા ! યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم ત્યારબાદ સરકારે ફર્માવ્યું કે અલ્લાહ તઆલા અને મને ગવાહ બનાવી કહે કે હું (મારા પુત્રથી) રાજી છું. તેણીએ આમ જ કર્યું. પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તે માણસને કલમાની તલ્કીન ફર્માવી અને તેણે તરત જ કલ્મો પઢયો. તો સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અલ્લાહનો શુક્ર અદા કર્યો અને ફર્માવ્યું કે, પાકી છે તે રબ માટે જેણે એને આગથી નજાત બખ્શી. *(અઝ્ઝવાજિર, પેજ–૬૮)*

પ્યારા વાંચકો ! જુઓ કે માંની નારાજગીના કારણે કલ્મો પણ નસીબ નથી થતો માટે હમેશાં તેણીને ખુશ રાખવી અને તેણીની આજ્ઞાનું પાલન કરવું એ આપણી ખુશ નસીબી છે. પણ જો શરીઅત વિરૂધ્ધ કામની આજ્ઞા કરે તો તે ન માનવું અને અલ્લાહ અને તેના રસૂલના હુકમને અનુસરવો જરૂરી છે. માં ની ઘણી જ ફઝીલતો છે જે આ ટૂંકા લખાણમાં આવરી શકાય તેમ નથી... બસ દુઆ છે કે મૌલા પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં આપણને માં બાપના ફર્માબરદાર બનાવે. આમીન

*–(સાભાર : એહતેરામે વાલિદૈન, સુન્ની ફઝાઈલે આમાલ)*

*–(રજૂ : આલિમા કારીયહ્ અનીસા પટેલ–પાલેજ, બરકાતે ખ્વાજા–માસિક, ડિસેમ્બર–૨૦૦૪)*





## (પ્રકરણ : ૭)

## બાળકોની કેળવણીમાં માનો કિરદાર

આ વાસ્તવિક્તા છે કે માની ગોદ બાળકો માટે સૌથી પ્રથમ વર્ગની પ્રતિષ્ઠા ધરાવે છે. બાળકો સૌથી પહેલાં જે કાંઈ શીખે છે તે મા થકી જ શીખે છે. તે સમયે બાળકોનું દિમાગ એટલું સાદુ હોય છે કે ''મા'' જે વાત શીખવી દે છે તે તેમના દિલો દિમાગમાં ઉતરી જાય છે. બાળકો તેને જિંદગીભર નથી ભૂલતાં. માત્ર એ જ નથી કે મા બાળકોને બેસાડીને કાંઈ શીખવાડે ત્યારે જ શીખે છે, બલ્કે બાળકો માના ચારિત્ર, આચરણ અને ભાવનાથી પણ ઘણુ શીખે છે. મા જેનાથી મહોબ્બત કરે છે બાળકો પણ તેનાથી મહોબ્બત કરે છે અને મા જેનાથી ધૃણા, નફરત કરે છે તેનાથી બાળકો પણ ધૃણા કરે છે. બાળકો બાળવયના કારણે સારું, ખરાબ અને ખરા ખોટાની સમજ નથી ધરાવતાં બલ્કે તેઓ પોતાના વડીલોને જેવુ કરતાં જુએ છે તેવું પોતે પણ કરે છે અને જેવું સાંભળે છે તેવું બોલે છે. સારાંશ કે માના ચરિત્ર અને વાતચીતમાં માનવતા, દયાભાવના અને સભ્યતા હશે તો જરૂર બાળકો સુધી પહોંચશે અને માને અપશબ્દો, ગાળો ભાડતાં અને લડાઈ ઝઘડો કરતાં જોશે તો બાળકો પણ સમજશે કે આ જ સારું કામ છે ! અને આ જ કરવું જોઈએ, એટલા માટે કે આ તો મારી માની શૈલી (તરીકો) છે. માને જેવી રીતે મઝહબ (ધર્મ) પર અમલ કરતાં જોશે બાળકોનું ધાર્મિક વલણ એટલુ જ વધતુ જશે. મતલબ એ કે બાળકોની અનુભૂતિ, ભાવનાઓ અને ચરિત્રનું કેન્દ્ર સર્વ પ્રથમ મા હોય છે. જ્યારે આ વાત સ્પષ્ટ છે કે માની તા'લીમ અને કેળવણીની છાપ ઘણી સારી હોય છે તો બાળકોની કેળવણીના સંબંધે માની જવાબદારી ઘણી વધી જાય છે. જે સમાજને પોતાની નવી નસલ (પેઢી)ના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાની ફિકર (ચિંતા) હોય તો તેના માટે ''મા''ના ચરિત્રનું મહત્વ સમજવું પડશે અને માઓએ પણ પોતાનો કિરદાર અને રોલ ભજવવો પડશે. હદીષ શરીફમાં ''મા''ને ઘણો મહાન દરજ્જો આપવામાં આવ્યો છે. અને ફર્માવ્યું છે કે ''જન્નત માના કદમ નીચે છે'' આ હદીષ શરીફે મુસ્લિમ બાળકો અને બાળકીઓ માટે માના વ્યક્તિત્વને એટલુ સર્વશ્રેષ્ઠ બનાવી દીધુ છે કે જેનું અનુમાન કરવું ઘણુ મુશ્કેલ છે.

નબી ﷺના જમાનામાં જ્યારે કે ચોતરફ મુજાહિદો ઈસ્લામની સરબલંદી માટે જેહાદનો ઝંડો બુલંદ કરેલા હતા અને વિરોધીઓ ઈસ્લામને ઝડપી ઉખાડી નાખવા માટે એડી ચોટીની તાકૃત લગાડી દેવાનો જઝબો દિલમાં રાખતા હતા. આ સ્થિતિમાં એક સહાબી જેમના મા બીમાર હતાં. નબીની બારગાહમાં આવ્યા અને દરખાસ્ત કરી કે મને પણ જેહાદમાં જવાની પરવાનગી આપો. તો આપ ﷺએ ફર્માવ્યું કે પોતાની માની સેવા કરીને જેહાદનો સવાબ પ્રાપ્ત કરો.

હઝરત ઉવૈસ કરની અલ્લાહના રસૂલ ﷺના જમાનામાં યમનમાં ઈબાદતમાં તલ્લીન હતા. જીવંત હોવા છતાંય પણ નબી ﷺની બારગાહમાં હાજર ન થઈ શક્યા. કેમ કે મા વૃદ્ધા હતી. એક વખત થોડા સમય માટે પરવાનગી લીધી. અને મદીના મુનવ્વરા હાજર થયા પરંતુ સરકાર ﷺ મદીના મુનવ્વરાથી બહાર ગઝવહ (જંગ)માં તશરીફ લઈ ગયા હતા. એટલા માટે આપ ﷺની મુલાકાત ન થઈ શકી. માના તરફથી આપેલો સમય પૂરો થયો. તરત જ મદીના શરીફથી પાછા આવ્યા. માની આ ફર્માબરદારીના બદલામાં એમને અલ્લાહ અને રસૂલની બારગાહમાં તે સ્થાન હાંસલ થયું કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત ઉમર અને હઝરત અલી رضی اللہ عنہما ને પોતાનો પોશાક આપીને યમન મોકલ્યા કે ત્યાં જઈને ઉવૈસ કરનીથી ઉમ્મતની મગફિરત માટે દુઆ કરાવે. માઓને આ ઈજ્જત ઈસ્લામે આપી છે. જો ઔલાદ માની આ ઉચ્ચતા અને મહાનતાને સારી રીતે સમજે અને એમની સેવા કરે તો જન્નતની ઠંડી હવાઓ તેમની રાહ જોતી હશે. અને જો માઓ પોતાના મર્તબાને સમજે અને સારી પેઢી બનાવવામાં પોતાનું યોગદાન આપે તો થોડા જ સમયમાં સર્વશ્રેષ્ઠ અને સંસ્કારી સમાજ આપણી સામે હશે.

આજે જ્યારે આપણે ગલી, મહોલ્લા અને બજારથી પસાર થઈએ છીએ અને નાના મોટા બાળકોને જોઈએ છીએ તો ઘણો અફસોસ થાય છે. તા'લીમ અને તેહઝીબ (સંસ્કાર)નો માહોલ ઉઠતો જાય છે. આખો આખો દિવસ ગલીઓમાં રમતા રહેવું, ખરાબ ખરાબ ગાળો ભાંડવી, બીજાને તકલીફ આપવી, પોતાનાથી નાના બાળકો તથા જાનવરોને મારવાં..... વગેરે આપણા બાળકોની આદત બની ગઈ છે. આવા માહોલમાં જે બાળકો ઉછેર પામશે તે પોતાના ઘર અથવા કુટુંબ માટે શું કરી શકશે ? અને કેવી રીતે





પોતે એક સફળ જિંદગી વ્યતિત કરી શકશે ? એ સમજવું મુશ્કેલ છે. એટલા માટે વર્તમાન યુગની માઓએ પોતાના બાળકોની કાળજી અને દેખરેખ રાખવી પડશે અને પોતે આગળ વધવુ પડશે. અહીંયા અમે સ્ત્રીઓને પોતાના બાળકોની તા'લીમ તથા કેળવણીના સંબંધે થોડીક મહત્વપૂર્ણ વાતો તરફ ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ, જો એના ઉપર અમલ કરવામાં આવ્યો તો થોડાક જ વર્ષોમાં એક તંદુરસ્ત અને સુસંસ્કૃત સમાજ આપણી સામે હશે. વર્તમાન યુગમાં બાળકોની તા'લીમ અને કેળવણી માટે નિમ્ન લિખિત વાતો તરફ ધ્યાન આપવુ જરૂરી છે :–

(૧) પોતાના બાળકોને ઉઠવા બેસવા, ખાવા પીવા, સૂવા જાગવા અને વડીલો સાથે વર્તાવ કરવા સંબંધે વગેરે વસ્તુઓનો તરીકો શિખવાડો. (૨) મોટી વ્યક્તિઓ અને મહેમાનોને સલામ કરતાં શિખવાડો. (૩) લોકોના પૂછવા પર પોતાના માતા પિતાનું નામ બતાવતાં શિખવાડો. (૪) પોતાનું એડ્રેસ અને ફોન નંબર યાદ કરાવો. (૫) મોટી વ્યક્તિઓની ઈજ્જત કરવા અને તેમની વાતો માનવાનું શિખવાડો. (૬) ગાળો ભાંડવાથી સખતીથી રોકો. (૭) પોતાના ઘર અને કુટુંબીજનોના વિશે તેમને બતાવો જેથી તે પોતાનાઓને ઓળખે. (૮) કોઈકવાર પોતાના કુટુંબીજનોની સાથે મળવા લઈ જાવ, ત્યાં તોફાન કરે તો ઘરે લાવીને એકાંતમાં ધમકાવો, બધાની સામે સજા ન આપો. (૯) અલ્લાહ તબારક વ તઆલાની મહાનતા અને તેનાં નામોનો અદબ શિખવાડો, અને વાત વાત પર અલ્લાહની કૃસમ ખાવા પર રોકો. (૧૦) અંબિયાએ કિરામ علیہم السلام ખાસ કરીને હુઝૂરે અક્દસ ﷺનો એહતેરામ અને એમનાથી મહોબ્બતની તા'લીમ એટલી આપો કે તેઓ તેમનાં બારામાં થોડી સરખી ગુસ્તાખી સાંભળવાને પણ પસંદ ન કરે. (૧૧) નબીઓ અને વલીઓના દિલચસ્પ વાકિ્આઓ સંભળાવો પછી તેમનાથી સાંભળો. (૧૨) કુર્આન મજીદની તા'લીમ એવા ઉસ્તાદ પાસે અપાવો કે જે તજવીદની સાથે પઢતાં શિખવાડતો હોય. (૧૩) સૂરએ ફાતિહા અને કમસે કમ ચાર નાની સૂરતો પોતે યાદ કરાવો. (૧૪) દુરૂદ શરીફ શિખવાડી તેની ફઝીલતો બતાવો, અને કોઈવાર તેમને દુરૂદ શરીફ પઢવાનુ પણ કહો. (૧૫) વુઝૂ અને નમાઝ પઢવાનો તરીકો શિખવાડો અને સાથે નમાઝ પઢાવો. (૧૬) નિયમિત સ્કૂલ અને મદ્રસે મોકલો. (૧૭) આખો દિવસ ખાસ કરીને સ્કૂલ મદ્રસે જવાના સમયે કપડાં અને શરીરની સફાઈ પર ધ્યાન અપાવો. (૧૮) બાળકો માટે તેમની પસંદગીની વસ્તુઓ

ખરીદીને ઘરમાં રાખો. તેમને પૈસાની આદત કદી ન પાડો. (૧૯) અવસર મુજબ તેમના ખેલકૂદ અને દિલખુશ થાય તેવી પ્રવૃત્તિનું આયોજન કરો. (૨૦) ક્યારેક બુઝુર્ગોના મઝારો અને સમાજના મર્હૂમોની ક઼બ્રો પર ફાતિહા પઢવા માટે મોકલો. (૨૧) તેમને ક઼િર્અત, તક઼રીર અથવા નઅત શરીફ શિખવાડો અને તેમના માટે ઘરમાં મેહફિલે મીલાદનો નાનો પ્રોગ્રામ રાખો. (૨૨) તેમને કલ્મા અને ખાસ ખાસ દુઆઓ યાદ કરાવો. (૨૩) બાળકોને એટલુ મહત્વ આપો કે તમારી મહોબ્બતનો એમને એહસાસ થવા લાગે અને પોતાના સર્વ બાળકોમાં બરાબરી અને ન્યાય કરો. (૨૪) ભૂલચૂક પર ટકોર કરો અને જરૂર હોય તો સજા આપવામાં સુસ્તી ન કરો. (૨૫) પરીક્ષામાં પાસ થવા પર અને સારાં કામો કરવા પર ઈનામ અને ભેટ આપવાનો જરૂર બંદોબસ્ત કરો. (૨૬) મોબાઈલથી વાત કરવાનો ઢંગ પણ શિખવાડો પરંતુ બને ત્યાં સુધી મોબાઈલ તેમના હવાલે ન કરો.

ઉપર વર્ણન કરેલી વાતો પર ધ્યાન આપવું ઘણુ જરૂરી છે અને આ વાતોને પોતાની જવાબદારીઓ સમજવી પડશે. અને કોઈ કારણસર સમય ન મળી શકે તો બીજાની પાસે આ વાતોને પૂરી પડાવો, ભલે ને તેના માટે પૈસા ચૂકવવા પડે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે માતા પિતાની પોતાની ઔલાદ માટે સૌથી શ્રેષ્ઠ ભેટ સારી વિદ્યા અને તા'લીમ છે.'' જો બાળકોને તા'લીમ ન આપવામાં આવે અને તેમના માટે ધન દૌલત તથા જમીન જાયદાદનો બંદોબસ્ત કરી આપવામાં આવે તો શક્ય છે કે બાળકો ધન દૌલતને પણ વેડફી નાખે. મા બાપની આબરૂ અને ઈજ્જત પર પાણી ફેરવી દે. અને જો સારી તા'લીમ અને કેળવણી હશે તો તેઓ પોતે પણ કાંઈક બની શક્શે અને પોતાના સમાજનું નામ પણ રોશન કરી શક્શે. જે પોતાની ઔલાદની સારી કેળવણી કરે તો તે દુનિયામાં ઘણી બધી ખૈરો બરકત જોશે અને પોતાની ઔલાદને સહી માર્ગે જોઈને તેની આંખો ઠંડી થશે અને આખેરતમાં બદલો તેનાથી પણ વધીને છે.

**અપને હાથોં સે બના તૂ ભી કોઈ કસરે અઝીમ**
**નઝરે હૈરત સે કિસી ગૈર કી તામીર ન દેખ !**

*–(રજૂકર્તા : મુહમ્મદ યૂનુસ–ટુંડજ, તાલિબે ઈલ્મ : જામિઆ અશ્રફિયા મુબારકપુર–યુ.પી., કન્ઝુલ ઈમાન ઉર્દૂ–માસિક, જુલાઈ : ૨૦૧૧, હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, મે–૨૦૧૨)*





## (પ્રકરણ : ૮)

# પતિ પત્નીના હક઼્ક઼ો

પ્રિય વાંચક બહેનો તથા ભાઈઓ ! આજે સ્ત્રી આઝાદીનાં ગીતો ગાનારાઓએ સ્ત્રીને ક્યાંયની નથી રાખી. કારણ કે પશ્ચિમી દેશોમાં સ્ત્રી પુરૂષો શાદી કરતાં નથી પણ પોતાની વાસનાને નાજાઈઝ રીતે પર પુરૂષો તથા પર સ્ત્રીઓ સાથે ટેમ્પરરી વિ□ાસ વિનાના સંબંધો રાખીને સંતોષી લે છે અને તેનાથી પેદા થતાં બાળકોને ગવર્નમેન્ટ પાળતી પોષતી હોય છે, જે કમનસીબ બાળકને પોતાના માં બાપની પણ ખબર નથી હોતી, તેની કોઈ સંસ્કૃતિ કે કલ્ચર બનતું નથી અને મોટુ થઈને તે પણ એવી જ પ્રાણીઓ જેમ પ્રાણાલિકામાં જીવન પસાર કરે છે. સ્ત્રી પુરૂષો સમયાંતરે પાર્ટનરો બદલતા રહે છે અને છેવટના જીવનમાં તેઓ નિઃસહાય તથા નિરાશ બની જતાં હોય છે, **કારણ કે પતિ પત્નીના પવિત્ર બંધન વિના સાચો પ્રેમ કોઈ કાળે મળી શકતો નથી**, અને અંતે આવાં યુવાનોના ભાગે ઉદાસી ભર્યું એકલતાવાળુ જીવન કે આપઘાતનો માર્ગ જ બાકી રહે છે.

પણ આવો ! ઈસ્લામની પવિત્રતા જુઓ કે સ્ત્રી પુરૂષને નિકાહના બંધનમાં બાંધી દીધાં તથા પતિ પત્નીના પવિત્ર બંધનમાં કેટલી મહોબ્બત ભર્યું જીવન હોય છે તે જુઓ અને ઈસ્લામે શું નીતિ નિયમો પતિ પત્નીના સુખમય જીવન માટે રજૂ કર્યા છે તેનો અભ્યાસ કરો અને પોતાના મુસલમાન હોવા પર ગર્વ લો ! અને રબ તઆલાનો શુક્ર અદા કરીને ઈસ્લામના કાનૂનોને મજબૂતીથી પકડી લો. *–તંત્ર : બરકાતે ખ્વાજા*

### ★ પતિના હક્કો ★

સૂરએ રૂમની આયતમાં નીચે મુજબની ત્રણ વાતો વર્ણન કરવામાં આવી છે, જે દાંપત્ય જીવન વ્યવસ્થા માટે પાયાની શીલા છે અને જેની કાળજી પતિ તથા પત્ની બંનેએ સમાન રીતે રાખવી જરૂરી છે.

**(૧)** પુરૂષોને જણાવવામાં આવ્યું કે તમારી પત્નીઓ તમારી જ જાતિમાંથી સર્જન પામેલ છે, તમારી જેમ જ ઈચ્છાઓ, ભાવનાઓ અને લાગણીઓ તેમનામાં પણ સમાએલ છે, નિર્જીવ મખ્લૂક અને નિસ્ચેત શરીર નથી.

**(૨)** તેમના સર્જનનો આશય એ પણ છે કે તે તમારા માટે રાહત તથા સંતોષનો સામાન છે, તમારા માટે દિલી સંતોષનો સબબ છે, તમારા દર્દનો ઈલાજ અને તમારા ગમનો ઉપાય છે. તમારા માટે પૈદા કરવામાં આવી છે કે તમારો જીવ તેનાથી લાગે, તેનાથી બેહલે.

**(૩)** તમારા અને તેણીના સંબંધોનો પાયો જ મહોબ્બત નિખાલસતા અને સહાનુભૂતિ પર હોવો જોઈએ. દરેક માણસને પોતાના સાથના માટે પોતાની સમજાતિની શોધ હોય છે અને આ ખુદાની પેદા કરેલ ફિતરત (પ્રકૃતિ) છે જેથી પતિ તથા પત્નીના આપસમાં નિખાલસ પ્રેમને અલ્લાહ તઆલાએ પોતાની નિશાનીઓમાંથી એક નિશાની ઠરાવી છે. કુર્આને કરીમે એક સંતોષ (સુકૂન) શબ્દ વડે પત્નીના સાથની જે હકીકતને સ્પષ્ટ કરી છે તે પતિ પત્નીના સંબંધોની ફિલોસોફીને પોતાનામાં સમાવે છે. તેની આંત્રિક અંગત જિંદગીની ખેંચતાણ તથા મુશ્કેલીઓમાં સાંત્વન તથા સંતોષ તથા આરામ માટેની જગા હોવી જોઈએ અને પતિ પત્નીના આપસના સંબંધોમાં એટલું ખુશનુમા વાતાવરણ હોવું જોઈએ જેનાથી સ્ત્રીના સર્જનનો હેતુ પૂર્ણ થાય. એટલે કે આપસમાં નિખાલસ પ્રેમ, લાગણી અને ચૈન હોવાં જોઈએ. જો કોઈનાથી હેતુઓ પૂર્ણ ન થયા તો તેમાં બંનેનો અથવા બેમાંથી કોઈ એકનો વાંક છે, આ પરસ્પર મેલ જોલ કઈ રીતે સ્થપાઈ શકે છે, તેનો કેવળ એક માર્ગ છે અને તે એ કે પત્ની પતિનું આજ્ઞા પાલન કરે અને પતિ પત્નીને ખુશ રાખે.

પતિ પત્ની બંને આપસમાં હક્કોના આધારે લગભગ સમાન છે. પરંતુ જેવી રીતે બાપ અધિકારી થઈને રહે અને પુત્ર આજ્ઞાંકિત રહે, અને બાપ હુકમ આપે અને પુત્ર માને, એ જ રીતે સમાજના વ્યવસ્થા તંત્રમાં પુરૂષને સ્ત્રી પર પ્રતિનિધિત્વ પ્રાપ્ય છે.

કુર્આને કરીમ ફર્માવે છે, ( તર્જુમો) :– ''પુરૂષ સ્ત્રીઓ પર હાકિમ, તેમના કાર્યોની વ્યવસ્થા કરનારા અને હુકમ લાગુ પાડનારા છે. અને દુનિયાના વ્યવસ્થા તંત્ર અને અંગત સંચાલનમાં સ્ત્રી પુરૂષને આધિન તથા તેના તાબા હેઠળ છે.''

અને એટલા માટે કે પુરૂષને પોતાની શારીરિક શકિત અને દિલ તથા દિમાગની બેહતરી પ્રાપ્ય છે. અને બીજું એ કે સ્ત્રી ખર્ચમાં પુરૂષની જરૂરતમંદ રહે છે.





અને પુરૂષ સ્ત્રીના જાઈઝ ખર્ચાનો બોજ ઉઠાવે છે એટલા માટે નેક (ભલી) પત્નીની નિશાની એ છે કે, તેણી પતિની ગેરહાજરીમાં તેની ઈજ્જત તથા આબરૂ અને તેના માલ તથા સંપત્તિની દેખરેખ રાખે અને દરેક સમયે પોતાની અને પોતાના પતિની ઈજ્જત આબરૂ (પ્રતિષ્ઠા) અને માલનો ખયાલ રાખે. અલ્લાહ તઆલાએ તેણીમાં પોતાના ચારિત્રનો ખયાલ અને પતિની વફાદારીની ભાવના પેદા કરીને તેને સુરક્ષિત કરી દીધેલ છે. સંક્ષિપ્ત શબ્દોમાં સ્ત્રીની જિમ્મેદારીમાં આ ત્રણ ફરજો છે જે કુર્આને કરીમે તેણીના પર લાગુ પાડી છે :–

૧. પોતાના પતિની આજ્ઞાંકિત અને વફાદાર હોય.
૨. સુઘડ (સમજુ) હોય, પતિના માલ દૌલતને બર્બાદ ન કરે.
૩. ચારિત્રવાન હોય કે પોતાની અને પોતાના પતિની ઈજ્જત આબરૂમાં આંચ ન આવવા દે.

## ★ પતિના હક્કો હદીષની રોશનીમાં ★

પતિનો મહાન હક પત્ની પર છે. **પતિને ખુશ (રાજી) રાખવો મોટી ઈબાદત છે** અને નારાજ તથા ઉદાસ રાખવો ઘણો જ મોટો ગુનોહ છે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) એ ફર્માવ્યું છે કે,

**(૧)** જો હું ખુદા સિવાય કોઈ અન્યને સિજદો કરવાનો હુકમ આપત તો સ્ત્રીઓને હુકમ કરત કે તેણીઓ પોતાના પતિઓને સિજદો કરે.

**(૨)** જે સ્ત્રીને એવી સ્થિતિમાં મૃત્યુ આવે કે મૃત્યુવેળા તેનો પતિ તેનાથી ખુશ હોય તો તે (સ્ત્રી) જન્નતમાં જશે.

**(૩)** જ્યારે કોઈ પતિ કોઈ પત્નીને કોઈ કામના માટે બોલાવે તો તે સ્ત્રી ચુલાની પાસે બેઠી હોય પણ તેના માટે જરૂરી છે કે તે ઉઠીને પતિની પાસે ચાલી આવે.

**(૪)** જ્યારે કોઈ પુરૂષ પોતાની પત્નીને એવો હુકમ આપે કે પીળા રંગના પહાડને કાળો અને કાળા રંગના પહાડને સફેદ બનાવી આપે તો સ્ત્રીએ પોતાના પતિના એ હુકમને પણ પાળી બતાવવો જોઈએ. *(મિશ્કાત, ભાગ–૨, પેજ–૨૮૩,મુજબતબા)*

**ફાયદો** : મતલબ એ છે કે એકદમ કઠિન કામનો પણ પતિ હુકમ

આપે તો પણ સ્ત્રીએ તેની અવગણના ન કરવી જોઈએ, બલ્કે તેની દરેક આજ્ઞાના પાલન માટે પોતાની શકિત મુજબ તૈયાર રહેવું જોઈએ. એક અન્ય ઠેકાણે અલ્લાહના રસૂલે (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) ઈર્શાદ ફર્માવ્યો :

**(૫)** જ્યારે પતિ સ્ત્રીને પોતાના બિછાને બોલાવે અને સ્ત્રી આવવાની ના પાડી દે અને તેનો પતિ એ વાતથી નારાજ થઈને સૂઈ જાય તો આખી રાત ખુદાના ફરિશ્તા તે સ્ત્રી પર લાનત કરતા રહે છે.

**(૬)** સ્ત્રી ઈમાનની મજા (આસ્વાદ) પામશે નહીં જ્યાં સુધી પતિનો હક અદા ન કરી આપે.

**(૭)** સ્ત્રી પર પતિનો હક એવો છે કે તેના બિછાનાને ન છોડે અને તેની કસમને સાચી ઠરાવે અને તેની રજા વિના બહાર ન જાય અને એવી વ્યકિતને ઘરમાં આવવા ન દે જેનું આવવું પતિને નાપસંદ હોય. *(તિબરાની)*

**(૮)** સ્ત્રી જ્યારે પાંચેવ નમાઝો પઢે અને રમઝાન માસના રોઝા રાખે અને પોતાની ઈજ્જત તથા ચારિત્રની રક્ષા કરે તો જન્નતના જે દરવાજેથી ઈચ્છે પ્રવેશ કરે. *(અબૂ નુઈમ)*

**(૯)** જે સ્ત્રી ખુદાના હુકમોનું પાલન કરે અને પતિના હક્કો અદા કરે અને નેક કામની યાદ અપાવે અને પોતાના ચારિત્ર તથા તેના માલમાં અપ્રમાણિકતા ન કરે તો તેના અને શહીદોના વચ્ચે જન્નતમાં એક દરજ્જાનો ફરક હશે. વળી તેનો પતિ ઈમાન સાથે નેક આદતોવાળો છે તો તે જન્નતમાં તેની પત્ની છે, નહીં તો શહીદોમાંથી કોઈક તેણીનો પતિ થશે. *(તિબરાની)*

**(૧૦)** તે સ્ત્રી જેનો પતિ નારાજ છે તેની નમાઝ કબૂલ નથી થતી અને કોઈ નેકી બુલંદ નથી થતી. *(બયહકી)*

**(૧૧)** જ્યારે સ્ત્રી પોતાના પતિને તકલીફ પહોંચાડે છે તો હૂરો કહે છે કે, ખુદા તને કત્લ કરે ! તેને તકલીફ ન આપ ! એ તો તારી પાસે મહેમાન છે અને નજીકમાં જ તારાથી અલગ થઈને અમારી પાસે આવશે. *(તિર્મિઝી શરીફ)*

**(૧૨)** પરહેઝગારી (તકવા) પછી નેક પત્નીથી વધીને કોઈ ચીજ નથી. પતિ તેણીને જે કહે તે માને, જ્યારે પતિ તેણી પ્રત્યે જુએ તો ખુશ કરી આપે અને જો પતિ કસમ આપીને કાંઈ કહે તો તેણી તેને પૂર્ણ કરી





આપે. *(ઈબ્ને માજહ)*

**(૧૩)** કોઈ સ્ત્રી પોતાના રબના હક્કો અદા નથી કરી શકતી જ્યાં સુધી કે તે પોતાના પતિના હક્કો અદા ન કરે. *(હાકિમ તથા તરગીબ)*

**(૧૪)** એક સ્ત્રી એ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને પૂછયું કે, પતિનો પત્ની પર શું હક્ક છે ? તો આપે ફર્માવ્યું કે, પતિનો હક્ક પત્ની પર એવો છે કે, જો પતિનું શરીર ઝખ્મો વડે ભરાઈ ગયું હોય અથવા તેના નાક વાટે લોહી કે પરૂ વહેતુ હોય અને પત્ની તેને જીભ વડે ચાટે પછી તેને ગળી જાય તો પણ તેનો હક્ક અદા થશે નહીં.

**(૧૫)** કિયામતના દિવસે મર્તબામાં અલ્લાહ તઆલાની નજીક સૌથી વધુ તે શખ્સ ખરાબ હશે જે પોતાની પત્ની સાથે (એકાંતમાં) મળે અને તેણીની વાત લોકોને કહે. અને તે સ્ત્રી પણ ઘણી જ ખરાબ હશે જે પોતાના પતિથી હળી મળી અને તે વાત લોકોમાં જાહેર કરે. *(મુસ્લિમ)*

**નોંધ** : આ ઈસ્લામની પાકીઝા તા'લીમ છે જેમાં પતિ પત્નીને પણ આવી પવિત્ર તા'લીમ આપી છે, જ્યારે આજે પશ્ચિમી દેશોમાં કે તેના રંગે રંગાયેલાઓ બોયફ્રેન્ડ તથા ગર્લ ફ્રેન્ડ સાથે આડા સંબંધોનો જાહેરમાં એકરાર કરતા સમાચારો તેમજ જાહેરમાં ચુંબનનાં દશ્યો આવા વ્યભિચારીઓનાં પેપરો તથા ટી.વી. પર આપવામાં આવે છે.

**(૧૬)** કુકર્મી સ્ત્રીની બુરાઈ હજારોના કુકર્મોની બરાબર છે અને નેક સ્ત્રીની નેક સતર (છુપાવવાની જગા) સિદ્દીકો અને વલીઓની નેકીના બરાબર છે. અને ફર્માવ્યું કે, સ્ત્રી પોતાના ઘરના કારોબારમાં લાગેલી રહે તો જો ખુદાએ ઈચ્છયું તો મુજાહિદોના જેટલો સવાબ પામશે. –*(કન્ઝુલ ઉમ્માલ)*

## ★ પતિ સાથે જીવન નિર્વાહનો તરીકો ★

પતિ પત્નીનો સંબંધ એક એવો મજબૂત સંબંધ છે કે આખી જિંદગી એ બંધનમાં રહીને પસાર કરવાની છે. જો પતિ પત્નીમાં પૂરેપૂરી એક્યતા અને મનમેળ રહ્યો તો એથી વિશેષ કોઈ નેઅમત નથી. અને જો કોઈ પતિ પત્ની વચ્ચે મતભેદ ઉદ્ભવ પામ્યો અને ઝઘડા કંકાસની પરિસ્થિતિ સર્જાઈ તો એથી વિશેષ કોઈ મુસીબત નથી. કેમ કે એનાથી પતિ પત્ની બંનેનું જીવન જહન્નમ બની જાય છે. અને બંને જણ જીવનભર ગુંગળામણ અને

બળાપાની આગમાં સળગતાં રહે છે. વર્તમાનકાળમાં પતિ પત્નીના ઝઘડા કંકાસ એટલા પ્રમાણમાં વધી ગયા છે કે હજારો પુરૂષો તથા હજારો સ્ત્રીઓ આ બલામાં સપડાએલાં છે. અને મુસલમાનોના હજારો કુટુંબો આ મતભેદની આગમાં સળગી રહ્યાં છે. અને પતિ પત્ની બંને પોતાની જિંદગીથી ત્રાસી જઈને રાત દિવસ મરવાની દુઆ માંગતાં રહે છે. એટલા માટે અમે યોગ્ય સમજીએ છીએ કે આ સ્થાને કેટલીક એવી નસીહતો લખી દઈએ કે જો સ્ત્રી પુરૂષ તેના પર અમલ કરવા લાગે તો અલ્લાહ તઆલાથી ઉમ્મીદ છે કે પતિ પત્નીના ઝઘડાઓથી સમાજ સદંતર પવિત્ર થઈ જશે અને મુસલમાનોનું દરેક ઘર શાંતિ તથા ચૈન સંતોષની જન્નત બની જશે.

**(૧)** દરેક સ્ત્રી પતિના ઘરમાં કદમ રાખતાં જ પોતાના માટે એ અનિવાર્ય સમજી લે કે તે દરેક વખતે દરેક સ્થિતિમાં પોતાના પતિનું દિલ પોતાના હાથમાં લઈને જીવતી રહે અને તેના ઈશારાઓ પર ચાલતી રહે. જો પતિ હુકમ આપે કે આખો દિવસ તડકામાં ઉભી રહે અથવા આખી રાત જાગી જાગીને મને પંખો હલાવતી રહે, તો સ્ત્રી માટે દુનિયા તથા આખેરતની ભલાઈ એમાં જ છે કે થોડી તકલીફ ઉઠાવીને અને ધીરજ રાખીને આ હુકમનું પણ પાલન કરે અને કયારે પણ કોઈ પણ હાલતમાં પતિના હુકમની અવગણના ન કરે.

**(૨)** દરેક સ્ત્રીએ જોઈએ કે તેણી પોતાના પતિના સ્વભાવને પારખી લે અને ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરતી રહે કે તેના પતિને કઈ કઈ ચીજો અને કઈ કઈ વાતો અણગમતી છે, અને તે કઈ કઈ વાતોથી ખુશ થાય છે અને કઈ કઈ વાતોથી નારાજ થાય છે. ઉઠક બેઠકમાં, સૂવા જાગવામાં, પહેરવા ઓઢવામાં અને વાતચીતમાં તેની આદતો તથા શોખ કયા અને કેવા છે, એ રીતે પતિનો સ્વભાવ ખૂબ જ સારી પેઠે જાણી લે, ત્યાર બાદ સ્ત્રીએ જોઈએ કે તેણી દરેક કામ તેના પતિના સ્વભાવને અનુરૂપ કરે અને કદી પણ કોઈ પણ કામ પતિના સ્વભાવની વિરૂધ્ધ થવા ન પામે.

**(૩)** સ્ત્રીએ જોઈએ કે પુરૂષને કદી પણ કટુવાણી ન સંભળાવે અને ન તેની સમક્ષ ગુસ્સામાં ચીસો પાડી પાડીને બોલે, તેની વાતોનો કડવો તીખો જવાબ ન આપે. ન કદી તેને મહેણુ મારે ન પજવે અને ન તેની લાવેલી ચીજોમાં ખામી કાઢે અને ન પતિના મકાન તથા સામાનને હલકુ જણાવે.

ન પતિના માં બાપ અથવા તેના ખાનદાન અથવા તેની શિકલ તથા





સૂરતના વિશે એવી વાત કરે જેનાથી પતિના દિલને ઠોકર લાગે અને ફોગટમાં તેને સાંભળીને ખોટુ લાગે. આ પ્રકારની વાતોથી પતિનું દિલ દુઃખાઈ જાય છે અને ક્રમે ક્રમે પતિને પત્નીની નફરત થવા લાગે છે જેનું પરિણામ લડાઈ ઝઘડા સિવાય કાંઈ નીકળતું નથી. એટલે સુધી કે પતિ પત્નીમાં જબરદસ્ત બગાડ પેદા થઈ જાય છે જેનું પરિણામ એવું નીકળે છે કે કયાં તો તલાકની નોબત આવે છે અથવા તો પત્ની પોતાના પિયરમાં બેસવા માટે મજબૂર થઈ જાય છે અને પોતાની ભાભીઓના મહેણાં સાંભળીને ગુંગળામણની ભઠ્ઠીમાં એ જ પ્રમાણે સળગતી રહે છે. અને પિયર તથા સાસરીના બંને કુટુંબો વચ્ચે મતભેદની આગ ભડકી ઉઠે છે, તો વળી કયારેક કોર્ટ કચેરીના ચક્કર કાપવાના થાય છે, અને કયારેક મારપીટ થાય અને પોલીસ કેસોનો અવિરત ચાલનારો ક્રમ ચાલુ થઈ જાય છે, અને પતિ પત્નીની જિંદગી જહન્નમ બની જાય છે અને બંને કુટુંબો લડી ઝઘડીને તબાહ તથા બર્બાદ થઈ જાય છે.

**(૪)** સ્ત્રીએ જોઈએ કે પતિની આવકની સ્થિતિ જોઈને તેનાથી વધારે ખર્ચ ન માંગે બલ્કે જે કાંઈ મળે તેના પર સબ્ર તથા શુક્રની સાથે પોતાનુ ઘર સમજીને ધૈર્ય તથા હસી આનંદ સાથે જીવન પસાર કરે. જો કોઈ ઘરેણુ અથવા કપડું અથવા સામાન પસંદ પડી જાય અને પતિની આર્થિક સ્થિતિ એવી નથી કે તે તેને લાવી શકે તો કદી પણ તેની ફર્માઈશ ન કરે.

**(૫)** સ્ત્રીએ કદી પણ પોતાના પતિના દેખાવ પર કટાક્ષ ન કરવો જોઈએ અને ન કદી પતિનું અપમાન તથા નાશુક્રી કરે અને કદી પણ ભૂલે ચૂકે પણ કડવા વેણ ન કાઢે.

**(૬)** પત્ની માટે જરૂરી છે કે હમેશાં ઉઠતા બેસતાં, વાતચીતમાં, દરેક સ્થિતિમાં પતિ સમક્ષ સભ્યતા સાથે રહે અને તેની માનમર્યાદાનો ખયાલ રાખે. પતિ જ્યારે કદી બહારથી આવે તો પત્નીએ જોઈએ કે સૌ કામ છોડીને ઉભી થઈ જઈને પતિની તરફ ધ્યાન આપે અને તેની ખબર પૂછે અને તુરંત તેને આરામ તથા રાહતની વ્યવસ્થા કરી આપે, અને કોઈ એવી વાત ન કરે જેનાથી પતિના દિલને દુઃખ પહોંચે.

**(૭)** જો પતિની કોઈ વાતથી પત્નીને ગુસ્સો આવી જાય તો કોઈ વાત એ રીતે ન બોલે કે પતિનો ગુસ્સો ઓર વધી જાય.

**(૮)** સ્ત્રીએ જોઈએ કે પતિ પાસેથી તેની આવક તથા ખર્ચનો હિસાબ

ન માંગ્યા કરે કેમ કે પતિઓના ખર્ચ પર સ્ત્રીઓની રોકટોકથી સામાન્યતઃ પતિઓને ખીજ ચઢે છે.

**(૯)** જ્યાં સુધી સાસુ સસરા જીવતાં છે ત્યાં સુધી સ્ત્રી માટે જરૂરી છે કે તે બંનેની પણ તાબેદારી અને સેવા ચાકરી કરે અને શકય હોય ત્યાં સુધી તેમને ખુશ રાખે. નહીં તો યાદ રાખો કે પતિ તે બંનેનો પુત્ર છે, જો તે બંનેએ પોતાના પુત્રને ડરાવી ધમકાવીને ચાવી ચઢાવી તો ચોક્કસ પતિ પત્નીથી નારાજ થઈ જશે અને પતિ પત્ની બંનેના સંબંધો વેરવિખેર થઈ જશે. એ જ પ્રમાણે પોતાના જેઠો, દિયરો અને નણંદો, ભાણ્યાંઓની સાથે પણ ખુશદિલી પૂર્વક વર્તે અને સૌનું દિલ રાજી રાખવા પ્રયત્નશીલ રહે.

**(૧૦)** સ્ત્રીને સાસરીમાં કોઈ તકલીફ પહોંચે તો કદી પણ પિયરમાં આવીને ચુગલી ન ખાઈ, કેમ કે સાસરીની નાની નાની વાતોની ફરિયાદ પિયરમાં આવીને માં બાપને કરવી એ ખૂબ જ ખરાબ તથા બુરી વાત છે. સાસરીવાળાઓને એ વાતથી ખૂબ જ ખોટુ લાગે છે એટલે સુધી કે બંને ઘરો વચ્ચે બગાડ અને લડાઈ ઝઘડા શરૂ થઈ જાય છે, પરિણામે પતિ પત્ની વચ્ચે ઝઘડા ઉભા થાય છે અને જિંદગી જહન્નમનો નમૂનો બની જાય છે.

**(૧૧)** સ્ત્રીએ જોઈએ કે શકય હોય ત્યાં સુધી પોતાના શરીરના કપડાંની સ્વછતા અને સફાઈનું ધ્યાન રાખે, મેલી ઘેલી અને અણઘડ બનેલી ન રહે બલ્કે પોતાના પતિની મરજી તથા સ્વભાવ મુજબ શણગાર પણ કરતી રહે. કમસે કમ હાથ પગમાં મેંદી, કાંસકી, ચોટલો, સૂરમો, કાજળ વગેરેની કાળજી કરતી રહે (પણ લાલી, લીપસ્ટીક, હેરકટીંગથી તો દૂર જ રહે ! શણગાર પતિ માટે જ કરે, તે પણ શરઈ હદમાં રહીને જ) જેથી કયાંક પતિ તેના અણઘડપણાને લઈને અન્ય સ્ત્રીઓની પ્રત્યે નજરો દોડાવતો ન થઈ જાય, નહીં તો તે સ્ત્રીએ જીવનભર રડવા પીટવા સિવાય અન્ય કોઈ આરો રહેશે નહીં.

**(૧૨)** સ્ત્રીએ જોઈએ કે પ્રથમ પોતાના પતિ તથા સાસરીના અન્ય માણસોને ખવડાવે પછી પોતે ખાય. આ રીતે કરવાથી પતિ અને તેના ઘરવાળાઓના દિલમાં સ્ત્રીની કદર તથા ઈજ્જત અને મહોબ્બત વધી જશે.

## ★ ઉત્તમ પત્નીની ઓળખ ★

**૦૧.** ઉત્તમ પત્ની તે છે જે પોતાના પતિનું આજ્ઞાપાલન તથા તેની સેવા





ચાકરીને પોતાની ખાસ ફરજ સમજે.

**૦૨.** જે પતિની સર્વ હક્કો અદા કરવામાં ઉણપ ન વર્તે.

**૦૩.** જે પતિના ખૂબીઓ તરફ ધ્યાન રાખે અને ખામીઓ તથા ઉણપોની પ્રત્યે ધ્યાન ન ધરે. (દર ગુઝર કરતી રહે)

**૦૪.** જે પોતે તકલીફ વેઠીને પોતાના પતિને સગવડ પહોંચાડવાની કોશિશ કરતી રહે.

**૦૫.** જે પોતાના પતિની પાસે તેની આવકથી વિશેષ માંગણીઓ ન કરે.

**૦૬.** જે પોતાના પતિ સિવાય કોઈ અજનબી પુરૂષ નામહરમ પર નિગાહ ન નાખે, ન અન્યની નજર પોતાના ઉપર પડવા દે.

**૦૭.** પર્દામાં રહે અને પોતાના પતિની પ્રતિષ્ઠા તથા આબરૂની રક્ષા કરે.

**૦૮.** જે પતિના માલ, સામાન તથા મકાન અને ખૂદ પોતાની જાતને પતિની અમાનત સમજીને દરેક ચીજની રક્ષા તથા દેખરેખ કરતી રહે.

**૦૯.** જે પોતાના પતિની મુસીબતમાં પોતાના જાનમાલની કુર્બાની સાથે પોતાની વફાદારીની સાબિતી આપે.

**૧૦.** જે પોતાના પતિના દાબ તથા જુલ્મ પર હમેશાં સબર કરતી રહે.

**૧૧.** જે સાસરીમાં તથા પિયરમાં સૌની પ્યારી, દિલ જીતનારી અને ઈજ્જતવાન (આવારા નહીં) હોય.

**૧૨.** જે પડોશીઓ તથા હળતી મળતી સ્ત્રીઓની સાથે સદ્‌વર્તાવ અને શરાફત તથા માણસાઈભર્યો વર્તાવ કરે અને સૌ તેની ખૂબીઓના પ્રશંસક હોય.

**૧૩.** જે મઝહબની પાંબદ અને દીનદાર હોય અને હુકૂકુલ્લાહ (ખુદાનો હક્કો) અને હુકૂકુલ એબાદ (બંદાઓના હક્કો)ને અદા કરતી હોય.

**૧૪.** જે સાસરીવાળાઓની કડવી વાતો પણ સહન કરતી હોય.

**૧૫.** જે બધાં ઘરનાં સભ્યોને ખવડાવી પીવડાવીને છેલ્લે જમતી હોય.

*–(જન્નતી ઝેવર)*

## ★ પત્નીના હક્કો ★

નેક સ્ત્રી દુનિયાની સૌથી મોટી નેઅમત છે. રહમતે આલમ (સલ્લલ્લાહુ

અલૈહિ વસલ્લમ)નો ઈર્શાદે ગિરામી છે, (અર્થ) : દુનિયા લાભ ઉઠાવવાની ચીજ છે અને સૌથી શ્રેષ્ઠ ચીજ ''નેક સ્ત્રી'' છે. *(મુસ્લિમ)*

બીજી હદીષમાં તેની વિગત આ પ્રમાણે ફર્માવી છે, ''અલ્લાહ તઆલાના તકવા (પરહેઝગારી) અને ઈમાન પછી મુસલમાન માણસના માટે સૌથી બેહતર ચીજ નેક સ્ત્રી છે કે તેણીને જે હુકમ આપવામાં આવે તેનું પાલન કરે અને જો તેણી તરફ જુએ તો ખુશ કરી દે. અને જો તેણીને છોડીને પરદેશ વગેરે કયાંય ચાલ્યો જાય તો તેની ગેરહાજરીમાં પોતાના નફસની (મનેચ્છાઓની) અને પતિના માલની રક્ષા કરે. *(ઈબ્ને માજહ)*

સ્ત્રીઓનો હક્ક પુરૂષો પર એવી રીતે છે કે જેવી રીતે પુરૂષોનો હક્ક સ્ત્રીઓ ઉપર છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

''જેવી રીતે પુરૂષોનો હક્ક સ્ત્રીઓ પર છે તેવી જ રીતે નિયમાનુસાર સ્ત્રીઓનો હક્ક પુરૂષો ઉપર પણ છે.''

સ્ત્રી શારીરિક અને પેદાઈશી હેસિયતથી અતિશય અશકત અને નમણી (નાઝુક) હોય છે એટલા માટે તેના દિલને રાજી રાખવાની વધારે અગત્યતા હોય છે. દરેક શકય તરીકાથી તેના નાઝ ઉઠાવવાની અને હક્ક અદા કરવાની અને સભ્ય વર્તાવથી વર્તવાની ખૂબ જ આવશ્યકતા છે. સૂરએ નિસાઅમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે, ''તમે સ્ત્રીઓની સાથે ખૂબ જ સારા તરીકાની સાથે જિંદગી પસાર કરો. તેણીઓ તમને પસંદ નથી તો બની શકે છે કે તમને એક (કોઈ) ચીજ પસંદ ન આવે અને અલ્લાહ તઆલાએ તેમાં મોટી ખૂબી રાખેલી છે.''

હદીષ શરીફમાં પણ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) એ ફર્માવ્યું જેનો નિર્દેશ પણ એ જ દિશામાં છે કે, મુસલમાન પુરૂષ મુસલમાન સ્ત્રી સાથે દુશ્મની ન રાખે (કેમ કે) જો તે તેણીની એક આદતથી નાખુશ છે તો બીજી આદતથી ખુશ હશે. *(મુસ્લિમ શરીફ)*

હજજતુલ વિદાઅના એક લાંબા ખુત્બા (પ્રવચન)માં સ્ત્રીઓના હક્કમાં વસિયત ફર્માવી અને ફર્માવ્યું કે, હું તમને સ્ત્રીઓ સાથે ભલાઈ કરવાની વસિયત કરું છું તો તમે આ વસિયતનો સ્વીકાર કરી લો. યકીનન સ્ત્રીઓ પાંસળીમાંથી પેદા કરવામાં આવેલી છે અને પાંસળી વાંકી હોય છે. જો તમે પાંસળીને સીધી કરવા ઈચ્છો તો તે તૂટી જશે અને જો તેના હાલ પર





છોડી દેશો તો વાંકી જ રહેશે. હું તમને સ્ત્રીઓની સાથે ભલાઈની વસિયત કરું છું તો તમે તેને જરૂરથી માનો. *(બુખારી તથા મુસ્લિમ)*

એટલે કે સ્ત્રીનું સર્જન પાંસળીમાંથી થયું છે જેવી રીતે પાંસળી પ્રકૃતિ મુજબ વાંકી છે અને વાંકી હોવાને કારણે તે લાભદાયી પણ છે. એ જ સ્થિતિ સ્ત્રીઓની પણ છે અને તેનામાં લાગણીઓની કઠિનતા તથા નાઝુકપણુ પણ છે અને તેણીમાં તેનું હોવું જરૂરી પણ છે, નહીં તો તેણી ઔલાદનો ઉછેર ન કરી શકત. એટલા માટે તમે એવું ન કરો કે તેની પ્રાકૃતિક વિશિષ્ટતાને અવગણીને તેની સુધારણા કરવાનો પ્રયત્ન કરો, ન તેને તમારી મરજી મુજબ વાળો, જો તમે એવું કરવા ચાહશો તો તેને તોડી નાખશો. હા જો તમે તેણીની કઠણાઈ અને નરમાશની ભાવનાઓની કદર કરીને તેણી સાથે સંબંધ સ્થાપશો અને તેણીની લાગણીઓને ઠેસ ન પહોંચાડો અને તેણીની સુધારણામાં કડકાઈ અને ઉતાવળ કરવાને બદલે ધીમે ધીમે ધીરજ તથા સહનશીલતાથી કામ લેશો તો ચોક્કસ તેણી સાથે સંબંધો આનંદમય બનશે અને તેના વડે સ્ત્રીની સુધારણા થઈ શકશે. એટલા માટે સ્ત્રીઓ સાથે ઉત્તમ વ્યવહાર કરવો એ જ પુરૂષનું કામ છે અને એ જ માર્ગ અપનાવો જોઈએ.

એક ઠેકાણે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

''અલ્લાહની બાંદીઓ (સ્ત્રીઓ)ને ન મારો. તો હઝરત ઉમર (રદિયલ્લાહુ અન્હૂ) રસૂલુલ્લાહ ﷺની પાસે આવ્યા અને બોલ્યા કે, સ્ત્રીઓ પુરૂષોની સામે ખૂબ જ નીડર છે. તો આપે તેમને મારવાની છૂટ આપી દીધી. તો રસૂલુલ્લાહ ﷺના ઘરાનાને ઘણી સ્ત્રીઓએ ઘેરો કર્યો, (ભેગી થઈ) અને તેણીઓએ પોતાના પતિઓની ફરિયાદ કરી. તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, જે લોકો પોતાની સ્ત્રીઓ પર જુલ્મ કરે છે તે તમારામાંથી સારા માણસો નથી. *(અબૂદાઊદ)*

રહમતે આલમ ﷺ એ સ્ત્રીઓના બારામાં જે કાયદેસરની વાત કહી છે તે એ છે કે, તમારામાંથી વધુ સારો શખ્સ તે છે જે પોતાના ઘરવાળાઓના માટે અધિક સારો હોય અને હું તમારામાં સૌથી વધુ પોતાના ઘરવાળાઓના માટે સારો છું. *(તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)*

માણસના બેહતર અને સારા હોવાની આ એક એવી ઓળખ જણાવી

દેવામાં આવી છે કે અરીસામાં દરેક પોતાનું પ્રતિબિંબ જોઈ શકે છે. જે પોતાના સાથે ન્યાય અને એહસાન નથી કરી શકતા ! તે અન્યોની સાથે શું કરી શકે છે ? કેમ કે ભલાઈ ઘરથી શરૂ થવી જોઈએ. એક પ્રસંગે એક જણે હાજર થઈને અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! પત્નીનો હક્ક પતિ પર શું છે ? તો આપે ફર્માવ્યું કે,

“જ્યારે પોતે ખાય તો તેણીને ખવડાવે, જ્યારે અને જેવું પણ પોતે પેહરે ત્યારે તેણીને પણ પેહરાવે, ન તેણીના મોઢા પર થપ્પડ મારે અને તેણીને ન બુરૂ ભલુ કહે અને ન ઘર સિવાય તેની સજાના માટે તેને જુદી કરે.” *(ઈબ્ને માજહ)*

હિન્દા બિન્તે ઉત્બાએ હુઝૂરની પાસે આવીને અર્ઝ કરી કે, મારો પતિ કંજૂસ છે, મારો અને બાળબચ્ચાંનો પૂરો ખર્ચ નથી આપતો પણ જ્યારે કે હું તેની અજાણતામાં લઉં. તો આપે ફર્માવ્યું, “તુ ભલાઈની સાથે રહેવા અને પોતાના બાળબચ્ચાંના માટે લઈ શકે છે.”

એક અન્ય ઠેકાણે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું કે, તમે તમારી સ્ત્રીઓને ગુલામોની જેમ ન મારો છેવટે દિવસ (રાત)માં તમે તેમનાથી મળશો અને તમને તેમની જરૂરત પડશે. *(બુખારી)*

જો કોઈની અધિક પત્નીઓ છે તો તેમનામાં અદ્‌લો ઈન્સાફ રાખે. હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું કે, જેની પાસે બે પત્નીઓ હોય અને તે તેમની વચ્ચે ન્યાય નથી કરતો તો તે કિયામતના દિવસે એ સ્થિતિમાં આવશે કે તેનું અડધુ ધડ પડેલુ હશે.

## ★ પત્ની સાથે જીવન નિર્વાહનો તરીકો ★

ઉપરોકત હદીષો પર વિચાર કરવાથી જાણવા મળે છે કે પુરૂષ માટે જરૂરી છે કે તે નિમ્ન લિખિત વાતો ઉપર અમલ કરે, નહીં તો ખુદાની બારગાહમાં ઘણો જ મોટો ગુનેહગાર અને સગા સંબંધી તથા સમાજની દષ્ટિમાં દરેક ઠેકાણે ઝલીલોખાર (બેઈજ્જત) થશે.

**(૧)** પતિ પર તેની પત્નીનો એ હક્ક ફરજ છે કે તે પોતાની પત્નીના ખાવા પીવા અને રહેવા અને અન્ય જીવન જરૂરી ચીજોની પોતાની શકિત મુજબ અને હૈસિયત પ્રમાણે વ્યવસ્થા કરે. અને દરેક સમયે એ વાતોનો ખયાલ રાખે કે આ અલ્લાહની બંદી મારા નિકાહના બંધનમાં બંધાયેલી છે.



સ્ત્રી અધિકારનો રક્ષક ઈસ્લામ કે પશ્ચિમી જગત ?!

અને તેણી પોતાના માં બાપ, ભાઈ, બહેન અને તમામ સગાં સ્નેહી કુટુંબીઓને છોડીને કેવળ મારી થઈને રહી ગઈ છે. અને મારી જિંદગીના દુઃખ સુખમાં સમાન રીતે ભાગીદાર બની થઈ છે. એટલા માટે તેણીની જિંદગીની સર્વ જરૂરતોની વ્યવસ્થા કરવી એ મારી ફરજ છે. યાદ રાખો કે જે પુરૂષો પોતાની લાપરવાહીથી પોતાની પત્નીના ભરણ પોષણ અને જીવન જરૂરી ચીજોની વ્યવસ્થા નથી કરતા તેઓ ઘણા જ મોટા ગુનેહગાર અને બંદાઓના હક્કોમાં ગિરફતાર થયેલા અને ખુદાના કહેર તથા જહન્નમના અઝાબની સજાને પાત્ર છે.

**(૨)** એ પણ સ્ત્રીનો હક્ક છે કે પતિ તેણી સાથે સહશયનનો હક્ક અદા કરતો રહે. શરીઅતમાં તેની કોઈ મર્યાદા નિશ્ચિત નથી પણ ઓછામાં ઓછું એટલું તો હોવું જ જોઈએ કે પત્નીની ઈચ્છા પૂર્ણ થતી રહે અને આમ તેમ દ્રષ્ટિ ન ગુમાવે.

**(૩)** સ્ત્રીને કદી પણ કોઈ મોટા વાંક વિના કદી ન મારે. હા, જો સ્ત્રી કોઈ મોટી ભૂલ કરી બેસે તો બદલો લેવા કે દુઃખ આપવા માટે નહીં પણ તેણીની સુધારણા અને ચેતવણીની નિય્યતથી પતિ તેણીને મારી શકે છે પણ મારવામાં એનું સંપૂર્ણ ધ્યાન રાખે કે તેને સખત ચૌટ કે ઘા ન પહોંચે. *(કુર્આન મજીદ)*

**ફાયદો :** ફિકહની કિતાબોમાં લખ્યું છે કે પતિ પોતાની પત્નીને ચાર વાતો માટે શિક્ષા આપી શકે છે અને તે ચાર વાતો આ મુજબ છે :

**(અ)** પતિ પત્નીને શણગાર સજવાનો અને સફાઈ સુથરાપણુ રાખવાનો હુકમ આપે તેમ છતાં પણ તે તેણી અણઘડ અને મેલી ઘેલી બનીને રહે.

**(બ)** પતિ પ્રેમ કરવાની ઈચ્છા વ્યકત કરે અને પત્ની કશીય મજબૂરી વિના ના પાડે.

**(ક)** સ્ત્રી હૈઝ તથા જનાબત (માસિક બંધ થયા બાદ તથા સંભોગ કર્યા બાદ) સ્નાન ન કરતી હોય.

**(ડ)** વિના કારણે નમાઝ ત્યજી દેતી હોય.

આ ચાર સ્થિતિઓમાં પતિઓએ જોઈએ કે પ્રથમ પત્નીને સમજાવી આપે. જો માની જાય તો ઠીક નહીં, તો ડરાવે ધમકાવે અને જો તેનાથી પણ ન માને તો એ શરતની સાથે મારવાની ઈજાઝત છે કે મોઢા પર ન મારે અને એવો સખત

માર ન મારે કે હાડકુ તૂટી જાય અથવા શરીર પર ઘા થઈ જાય.

**(૪)** પુરૂષ માટે જરૂરી છે કે સ્ત્રીના દેખાવની ટીકા ન કરે (મહેણા ન મારે) અને સ્ત્રીના પિયરવાળાઓ પર ટીકા ટિપ્પણ અને મહેણા ન મારે. ન સ્ત્રીના માં–બાપ, સગાં સ્નેહીઓ સમક્ષ તેણીને બુરૂ ભલુ કહે.

**(૫)** પુરૂષ નિઃશક સ્ત્રી પર હાકિમ છે, પણ પુરૂષના માટે જરૂરી છે કે પોતાની પત્નીને કોઈ એવા કામની ફર્માઈશ ન કરે જે તેણીની શકિત બહારનું હોય અથવા તે તેણીને અતિશય અણગમતુ હોય.

**(૬)** પતિએ જોઈએ કે મુસાફરીમાં જતી વેળા પોતાની પત્ની સાથે અતિશય પ્યાર તથા મહોબ્બતની સાથે હસી ખુશીથી મુલાકાત કરીને ઘરેથી નીકળે અને મુસાફરીએથી પાછા આવતાં કાંઈ ન કાંઈ સામાન પત્ની માટે ચોક્કસ લાવે, એવું કરવાથી મહોબ્બતમાં વધારો થશે.

**(૭)** સ્ત્રી પિયરેથી કોઈ વસ્તુ લાવીને અથવા પોતે બનાવીને રજુ કરે તો પતિએ જોઈએ કે ભલે તે ચીજ તદ્દન ઉતરતી કક્ષાની હોય તો પણ તેના માટે ખુશી પ્રદર્શિત કરે. અને અમુક પ્રશંસાત્મક શબ્દો પણ કહી આપે જેથી કરીને તેણીનું દિલ ન તૂટે અને તેનો ઉત્સાહ મંદ ન થઈ જાય.

**(૮)** પત્ની જો બીમાર પડી જાય તો પતિની એ વહેવારિક ફરજ છે કે પત્નીની ખબર અંતર રાખવામાં તથા સેવા ચાકરીમાં કદી પણ કોઈ ઉણપ ન કરે બલ્કે પોતાની દિલદારી અને હમદર્દી અને ભાગદોડ વડે સ્ત્રીના દિલ પર એવી છાપ બેસાડી દે કે મારા પતિને મારાથી અતિશય પ્રેમ છે. તેનું પરિણામ એ આવશે કે પત્ની તેના આ એહસાનને યાદ રાખશે અને તેણી પણ પતિની સેવા સુશ્રુષામાં જ પોતાના પ્રાણ પાથરી દેશે.

**(૯)** પતિએ જોઈએ કે પોતાની પત્ની પર વિશ્વાસ તથા ભરોસો કરે અને ઘરગથ્થુ બાબતો તેણીને સુપ્રત કરી દે જેથી પત્ની પોતાની હૈસિયતને (લાયકાતને) ઓળખે અને તેણીની કદર તેનામાં ખૂદ વિ□સનીયતા (આત્મવિશ્વાસ) પેદા કરશે અને તે ખૂબ જ દિલચસ્પી તથા પ્રયત્નપૂર્વક ઘરગથ્થુ મામલાઓની વ્યવસ્થાને સંભાળશે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું છે કે, સ્ત્રી પોતાના ઘરની નિગેહબાન અને રક્ષક છે અને આ મામલામાં સ્ત્રીને કિયામતમાં ખુદાવંદે કુદુસ પૂછતાછ ફર્માવશે.





પત્ની પર વિ□ાસ કરવામાં એ લાભ થશે કે, તેણી પોતે પોતાને ઘરગથ્થુ વ્યવસ્થાની બાબતોમાં એક ક્ષેત્રની જિમ્મેદારી અનુભવશે અને પતિને મહદઅંશે ઘરેલુ ગરબડોથી મુક્તિ મળી જશે અને સંતોષપૂર્ણ જિંદગી નસીબ થશે.

**(૧૧)** સ્ત્રીને તેના પતિ પર એક હક્ક એ પણ છે કે પતિ પત્ની સાથે સહશયનની ખાનગી વાતોને અન્ય લોકો સમક્ષ ન વર્ણવે બલ્કે તેને રહસ્ય બનાવીને પોતાના દિલમાં જ રાખે. કેમ કે હદીષ શરીફમાં આવ્યું છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું કે, ખુદાની નજીક બદતરીન (સૌથી ખરાબ) શખ્સ તે છે કે જે પોતાની પત્નીની પાસે જાય અને તેની ગુપ્ત વાતોને લોકો સમક્ષ પ્રદર્શિત કરે અને પત્નીને અન્ય લોકોની દ્દષ્ટિમાં હલકી પાડે. *(મુસ્લિમ, ભાગ–૧, પેજ–૪૬૪)*

**(૧૨)** પતિએ જોઈએ કે પત્ની સમક્ષ આવે તો મેલાં ઘેલાં ગંદા કપડાંમાં ન આવે બલ્કે શરીર, પોશાક, સતર (ગુપ્ત ભાગ) વગેરેની સફાઈ સ્વચ્છતાનો ખયાલ રાખે. કેમ કે પતિ જેવી રીતે એવું ઈચ્છે છે કે તેની પત્ની શણગાર કરીને રહે તે જ પ્રમાણે સ્ત્રી પણ એવું ઈચ્છે છે કે મારો પતિ મેલો ઘેલો ન રહે. પતિ પત્ની બંને જણે એક બીજાની લાગણીઓ તથા ભાવનાઓનો ખયાલ રાખવો જરૂરી છે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને એ વાતથી સખત નફરત હતી કે, માણસ મેલો ઘેલો બનીને રહે એને તેના વાળ વિખરાયેલા રહે. આ હદીષ પર પતિ પત્ની બંને જણે અમલ કરવો જોઈએ.

**(૧૩)** સ્ત્રીનો તેના પતિ પર એ પણ હક્ક છે કે પતિ સ્ત્રીની સુઘડતા અને શણગાર માટેનો સામાન એટલે સાબુ, તેલ, કાંસકો, મેંદી, ખુશ્બુ વગેરે પૂરી પાડતો રહે જેથી સ્ત્રી પોતાને સાફ સુથરી રાખી શકે અને શણગાર સજીને રહે.

**(૧૪)** પતિએ જોઈએ કે મામૂલી મામૂલી પાયાહિન વાતો પર પોતાની પત્ની માટે બદગુમાની ન કરે બલ્કે એ મામલામાં હમેશાં સાવચેતી અને સમજદારી વડે કામ લે. યાદ રાખો કે મામૂલી શકના કારણે પત્ની ઉપર આક્ષેપ લગાડવો અથવા બદગુમાની કરવી ઘણો જ મોટો ગુનોહ છે.

**(૧૫)** જો પતિ પત્નીનામાં કોઈ મતભેદ કે તણાવ પેદા થઈ જાય તો

પતિ માટે જરૂરી છે કે તલાક આપવા કદી પણ ઉતાવળ ન કરે બલ્કે પોતાના ગુસ્સાને કાબૂમાં રાખે અને ગુસ્સો ઉતર્યા બાદ ઠંડા કલેજે વિચારીને અન્ય લોકોની સલાહ મેળવીને એવું વિચારે કે પતિ પત્નીમાં સમાધાનની કોઈ સ્થિતિ નીકળી આવે છે કે કેમ ? જો સમાધાન તથા મેળાપની કોઈ સ્થિતી નીકળી આવે તો કદી પણ કોઈ કાળે તલાક ન આપે. કેમ કે તલાક સારી વસ્તુ નથી. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું છે કે, હલાલ ચીજોમાં સૌથી અધિક ખુદાની નજીક નાપસંદીદા ચીજ તલાક છે. *(અબૂદાઊદ, ભાગ–૧, પેજ–૩૦૩, પ્રકરણ–કરાહતે તલાક)*

**(૧૬)** જો કોઈની પાસે બે કે તેથી અધિક પત્નીઓ છે તો તેના ઉપર ' ફર્ઝ' છે કે તમામ પત્નીઓ વચ્ચે ન્યાય તથા સમાનતાભર્યો વર્તાવ કરે. ખાવા, પીવા, મકાન, સામાન, શણગારની ચીજો મતલબ કે તમામ બાબતોમાં સમતોલપણું જાળવે. એ પ્રમાણે દરેક પત્ની પાસે રાત પસાર કરવાનો વારો નક્કી કરવામાં પણ સમાનતાનો ખયાલ ધ્યાનમાં રાખે. કેમ કે જો પતિ સમાનપણે વહેવાર નથી રાખતો તો હુકૂકુલ એબાદ (બંદાઓના હક્કો)માં સપડાશે અને જહન્નમની સજાને પાત્ર ઠરશે.

**(૧૭)** જો પત્નીની કોઈ વાત કે કાર્ય, કુટેવ, ખરાબ વર્તન, સ્વભાવની કડકાઈ, લાંબી જીભ વગેરેથી પતિને જો કદી તકલીફ પહોંચે તો પતિએ સબર તથા સંયમ અને સહનશીલતાથી કામ લેવું જોઈએ કેમ કે સ્ત્રીઓનું આડાપણુ એક પ્રાકૃતિક ચીજ છે.

**(૧૮)** પતિએ જોઈએ કે સ્ત્રીના ખર્ચાઓ બારામાં એકદમ કંજૂસી ન કરે અને ન હદથી વધુ ફુઝૂલખર્ચી કરે. પોતાની આવક પ્રમાણે ખર્ચાઓ નિશ્ચિત કરે, ન પોતાની શક્તિથી એકદમ ઓછું ન પોતાની શકિત બહાર.

**(૧૯)** પતિએ જોઈએ કે પોતાની પત્નીને ઘરની ચાર દિવાલોમાં કેદ કરીને ન રાખે બલ્કે માં બાપ તથા સંબંધીઓને ત્યાં આવવા જવાની છૂટ આપતો રહે અને તેણીની સહેલીઓ, સંબંધી સ્ત્રીઓ અને પડોશણો સાથે પણ હળવા મળવાની કોઈ પાબંદી ન લગાડે, શરત એ કે તે સ્ત્રીઓ સાથે મેલ જોલ રાખવામાં કોઈ ફિત્ના ફસાદનો ભય ન હોય અને જો તે સ્ત્રીઓના મેળમેળાપથી સ્ત્રીના બદચલન અથવા બદઅખ્લાક (ખરાબ ચારિત્રવાળી) થઈ જવાનો ભય હોય તો તે સ્ત્રીઓ સાથે મેળમેળાપ પર પાબંદી લગાડી





દેવી જરૂરી છે અને એ પતિનો હક્ક છે. –*(જન્નતી ઝેવર)*

## ★ ઉત્તમ પતિની ઓળખ ★

**૦૧.** જે પોતાની પત્ની સાથે નમ્રતા, ખુશમિજાઝી અને સદ્‌વર્તાવની સાથે વર્તે.

**૦૨.** જે પોતાની પત્નીના હક્કો અદા કરવામાં કોઈ પ્રકારની બેદરકારી અને ઉણપ ન કરે.

**૦૩.** જે પોતાની પત્નીનો એવી રીતે થઈને રહે કે કોઈ પરાઈ સ્ત્રી ઉપર નજર ન નાખે.

**૦૪.** જે પોતાની પત્નીને પોતાના એશઆરામમાં સમાનતાની ભાગીદાર જાણે.

**૦૫.** જે કદી પોતાની પત્નીઓ પર જુલ્મ તથા સિતમ ન કરે અને કોઈ પ્રકારની નિરર્થક જબરદસ્તી ન કરે.

**૦૬.** જે પોતાની પત્નીની તુંડમિજાઝી અને ખરાબ વર્તણૂંક પર સબ્ર કરે.

**૦૭.** જે પોતાની પત્નીની ખૂબીઓ ઉપર નજર રાખે અને મામૂલી ગલતીઓને દરગુઝર કરે.

**૦૮.** જે પોતાની પત્નીની મુસીબતો, બીમારીઓ, રંજ તથા ગમમાં તેણીની સેવા ચાકરી અને તેણીનું દિલ ખુશ રાખે અને વફાદારીની સાબિતી આપે.

**૦૯.** જે પોતાની પત્નીને પર્દામાં રાખીને ઈજ્જત તથા આબરૂની રક્ષા કરે.

**૧૦.** જે પોતાની પત્નીને દીનદારીની તાકીદ કરતો રહે અને શરીઅતના માર્ગે ચલાવે.

**૧૧.** જે પોતાની પત્ની તથા બાળબચ્ચાંઓને કમાઈ કમાઈને હલાલ રોજી ખવડાવે.

**૧૨.** પોતાની પત્નીના પિયરવાસીઓ અને તેણીની સહેલીઓની સાથે પણ સદ્‌વર્તાવ કરે.

**૧૩.** જે પોતાની પત્નીને બેઈજ્જતી તથા બદનામીથી બચાવે.

**૧૪.** જે પોતાની પત્નીના ખર્ચામાં કંજૂસાઈ ન કરે.

**૧૫.** જે પોતાની પત્નીને એ રીતે કન્ટ્રોલમાં રાખે (એ રીતે વર્તે) કે તેણી કોઈ બુરાઈ પ્રત્યે નજર પણ ન કરે.

**ઉપસંહાર :** એક વાર રહમતે આલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ આઈશા સિદ્દીકા (રદિયલ્લાહુ તઆલા અન્હા)ને ઈર્શાદ ફર્માવ્યો કે, હે આઈશા ! જ્યારે તમે ખુશ રહો છો તો પણ મને માલૂમ થઈ જાય છે અને નારાજ થાવ છો તો પણ ખબર પડી જાય છે. અર્ઝ કરી, હુઝૂર ! કેવી રીતે ? તો ફર્માવ્યું, જ્યારે જ્યારે ખુશ રહો છો તો આ પ્રમાણે કસમ ખાવ છો કે, ''કસમ છે મોહમ્મદના રબની !'' અને જ્યારે નારાજ રહો છો તો આ રીતે કસમ ખાવો છો કે, ''કસમ છે ઈબ્રાહીમના રબની !'' એ સાંભળીને હઝરત આઈશાએ અર્ઝ કરી કે, હુઝૂર ! વાત સાચી છે પણ તે વખતે પણ દિલ તો દસ્તૂર પ્રમાણે (યથાવત) આપની ઉલ્ફત તથા મહોબ્બતમાં ચૂર જ રહ્યા કરે છે, કેવળ જીભથી એવું કહું છું !

મતલબ એ છે કે દાંપત્ય જીવનમાં કદીક નફરત તથા કડવાશના પ્રસંગો પણ આવે છે પણ તે સંજોગોમાં પણ એકબીજાના હક્કો અને અદબનો લેહાઝ સાચવવો એ અતિશય જરૂરી છે.

પતિ પત્નીએ જોઈએ કે દરેક પોત પોતાના હક્કોને ઓળખે અને શરીઅતના તકાઝાઓ પ્રમાણે તેના પર અમલ કરે. આજે કેટલાય ઘરો પતિ પત્નીના મતભેદો અને તેમની વચ્ચેની કડવાશના લીધે જહન્નમ બનેલાં છે તેનું કારણ કેવળ એ છે કે પતિ–પત્ની પોતાના હક્કોને ઓળખતાં જ નથી. મૌલા તઆલા મુસલમાનોને શરઈ તરીકા પર જિંદગી પસાર કરવાની તૌફીક અતા ફર્માવે. આમીન બિજાહિ સૈયદુલ મુરસલીન, સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ. *(કિતાબ હુકૂકુલ ઝવજૈનમાંથી સાભાર)*

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, તંત્રી લેખ, ડિસેમ્બર–૨૦૦૪)*





## (પ્રકરણ : ૯)

## ઔરતોના મર્તબા કુર્આન હદીષમાં

તફસીરે કુર્તબીમાં છે કે એક વાર બારગાહે રિસાલત મઆબ ﷺ માં ઔરતોએ અર્ઝ કરી, અલ્લાહ તઆલા ઔરતોને છોડીને પુરૂષોનો ઉલ્લેખ કરે છે તો શું ઔરતોમાં કોઈ ભલાઈ નથી ? એના પર અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ કરી : ઈન્નલ મુસ્લિમીન વ મુસ્લિમાત... (છેવટ સુધી) અને 'સલાહુલ અરવાહ'માં અમે વર્ણવ્યું છે કે :–

**"નમાઝી તથા રોઝાદાર સ્ત્રીઓ હૂરોથી એવો મર્તબો ધરાવે છે જેમ કે રેશમને ટાટ પર ફઝીલત છે."**

હઝરત ઈમામ જવઝી عليه الرحمة والرضوان બયાન કરે છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું : "અલ્લાહ તઆલાએ પુરૂષો તથા સ્ત્રીઓ (બંનેમાં) ચાલીસ ચાલીસ અબદાલ (વિલાયતનો એક દરજ્જો) નિશ્ચિત કરી રાખ્યા છે. જ્યારે કોઈ તેમનામાંથી મૃત્યુ પામે છે તો તેની જગાએ બીજાને બનાવી દેવામાં આવે છે."

નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે, "ઈમાનદારના માટે સૌથી ફાયદામંદ તકવા તથા પરેઝગારી પછી નેક તથા સાલેહ પત્ની છે, જ્યારે તેણીને હુકમ આપે તો તેનું પાલન કરે અને જ્યારે તેને જુએ તો ખુશી ઉપજે, અને જ્યારે તેના પર કસમ ખાય તો પૂરી કરે, જ્યારે પતિ બહાર જાય તો તેની ગેરહાજરીમાં તેના માલ તથા આબરૂની રક્ષા કરે. જાણી લો ! જેવો તમારા ઔરતો પર હક્ક છે તેવો ઔરતોનો પણ તમારા પર હક્ક છે. તમારા હક્કોમાંથી એ છે કે તેણી બિસ્તર પર કોઈ અન્યને ફરકવા ન દે જેને તમે સહી નથી શક્તા અને જે તમને નાપસંદ હોય તેને ઘરે આવવા ન દે. અને તેણીના હક્કોમાંથી એ છે કે પતિ ખાવા પીવા તથા પહેરવશના મામલામાં સારી રીતે વર્તે.–*(નુઝહતુલ મજાલિસ, ભાગ–૨, ઉર્દૂ, પેજ–૮૦)*

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, સપ્ટેમ્બર–૨૦૦૫)*

## (પ્રકરણ : ૧૦)

## ઈસ્લામમાં સ્ત્રીનો મર્તબો અને પશ્ચિમી જગત !

મોહસિને ઈન્સાનિયત સૈયેદોના મુહમ્મદ ﷺએ જ્યારે ઈસ્લામી શહેર મક્કા મુકર્રમાથી દા'વતે હક્કનું એલાન ફર્માવ્યું તે સમયે ન ફક્ત મક્કા શરીફ બલ્કે તમામ અરબસ્તાનમાં જહાલત અને અંધકારના વાદળો છવાયેલાં હતાં. શક્તિવાનો અને હોદ્દેદાર ગરીબ કમજોર પર જુલ્મો સિતમના પહાડ તોડતા. જુલ્મો સિતમની તમામ રીતો અને ચાલો કામમાં લાવવામાં આવતી. આ સબબો અને કારણોને લઈને તે દૌરને "દૌરે જાહિલિયત" કહેવામાં આવે છે.

ઔરત તો નાઝુક બનાવટ હતી જ, તો કેમ કરીને તેના પર જુલ્મો સિતમના પહાડ ન તોડવામાં આવતા. તે જાહિલિયતના જમાનામાં એક પુરૂષ બેશુમાર અને ઘણી જ શાદીઓ કરતો, જેને અને જ્યારે ચાહતો તલાક઼ આપતો, વારાસામાં ઔરતનો કોઈ હિસ્સો ન રહેતો, બેટો બાપની પત્નીઓને વારસામાં પામતો, બાળકીઓને જીવતી દફન કરી આપવી તે દૌરે જાહિલિયતની ખાસિયતવાળી પ્રકૃતિ હતી. *(દાએરતુલ મઆરિફ, પેજ–૨૫૨, ભાગ–૬)*

અરબોની એક આદત એ હતી કે એક મર્દ જીવનનિર્વાહની ગુંજાઈશ સાથે જેટલી ઔરતો સાથે ચાહતો શાદી કરતો અને પોતાની નફસાની ખ્વાહિશથી જ્યારે અને જેને ચાહતો તલાક઼ (Divorce) આપ દેતો. વિધવા સ્ત્રી પતિના વારસાનો હિસ્સો ગણવામાં આવતી જેના કારણે પતિની ઔલાદ અને તેની પત્નીઓ વચ્ચે પતિ પત્નીનો સંબંધ અને રિશ્તો ક઼ાયમ થતો. ઈસ્લામે આ બધાને ફક્ત હરામ જ ન કર્યું બલ્કે દુનિયાથી તેનું નામોનિશાન મિટાવી દીધું. *(દાએરતુલ મઆરિફ, પેજ–૨૫૬, ભાગ–૬)*

ઉપરના લખાણથી નીચે જણાવેલ મુદ્દાઓ (Points) બહાર આવે છે : (૧) અગણિત શાદીઓ કરવી (૨) નફ્સની ઈચ્છાઓને અનુસરીને (મનેચ્છા મુજબ) સ્ત્રીઓને તલાક઼ આપવી (૩) સ્ત્રીઓને વારસાથી વંચિત રાખવી (૪) પુત્રનું પોતાની માંને વારસામાં પામવું (૫) બાળકીઓને જીવતી દાટી દેવી.





આવો ! હવે આપણે આ બધા મુદ્દાઓ પર ઈસ્લામી મુબારક તા'લીમાત, રહમત અને નૂર ભરી હિદાયતની ટૂંકમાં ચકાસણી (Survey) કરીએ :–

**(૧)** ઈસ્લામ આવ્યો અને તેણે એકી સાથે ચારથી વધુ પત્નીઓ રાખવા પર પાબંદી લગાડી દીધી. ઈર્શાદે બારી તઆલા છે : **(અર્થ)** : "તો નિકાહમાં લાવો જે સ્ત્રીઓ તમને ગમે બે બે, ત્રણ ત્રણ, ચાર ચાર." *(સૂરએ નિસાઅ, આ. ૩)*

ઉપરોક્ત આયતે સ્પષ્ટ કરી દીધું કે એકી સાથે ચારથી વધુ પત્નીઓ રાખવાની કોઈ ગુંજાઈશ નથી.

તિર્મિઝીની હદીષ છે : ગયલાન બિન સલ્મા સક઼ફીએ ઈસ્લામ ક઼બૂલ કર્યો. તેમની પત્ની બીવીઓ હતી તેમણે પણ ઈસ્લામ ક઼બૂલ કર્યો તો નબીએ કરીમ ﷺએ તેમનાથી ચાર જ પત્નીઓ રાખવાનો હુકમ આપ્યો. *(કન્ઝુલ ઈમાન, પેજ–૧૧૪)*

એવી જ એક રિવાયત છે કે એક સાહબ ઈસ્લામ લાવ્યા, તેમની આઠ પત્નીઓ હતી. સરકાર ﷺએ હુકમ આપ્યો કે તેમાંથી ચાર રાખો. *(અબૂ દાઊદ)*

પરંતુ જો કોઈને ખૌફ હોય કે એકથી વધુ પત્નીઓ રાખવામાં તેમની દરમ્યાન અદલો ઈન્સાફ નહીં કરી શકે તો એકથી વધુ પત્નીઓ રાખવાની પણ ઈજાઝત નથી. કુર્આનમાં છે : **(અર્થ)** : "પછી જો ડરો કે બે પત્નીઓ સરખી રાખી શક્શો નહીં તો એક જ કરો." *(સૂરએ નિસાઅ, આ. ૩)*

પત્નીઓ વચ્ચે લિબાસ, ખાવા પીવા, રહેઠાણ અને રાત ગુજારવામાં ઈન્સાફ કરવો ફર્ઝ છે. જો કોઈ આ બધામાં ઈન્સાફ ન કરી શકે તો એકથી વધારે પત્નીઓ રાખવાની ઈજાઝત નથી.

**(૨)** જાહિલિયતની બુરી રસ્મોમાંથી એક એ પણ હતી કે પુરૂષ જેને જ્યારે ચાહતો તલાક઼ આપતો અને તેનાથી વધીને જુલ્મ એ કે તે અસંખ્ય તલાક઼ આપી શક્તો હતો.

ઈમામ ઈબ્ને જરીર તિબરી લખે છે : (દૌરે જાહિલિયતમાં) પુરૂષ જેટલી ચાહતો તેટલી તલાક઼ો આપી શકતો, કોઈ પાબંદી ન હતી. દરેક વાર ઈદ્દત ગુજરતા પહેલાં રુજૂઅ (Remarrige with own conditionally divoreced wife) કરી શકતો હતો. એકવાર એક અન્સારીએ પોતાની

પત્નીને ધમકી આપી કે ન તો હું તારી નજીક આવીશ, ન તો તું મારાથી આઝાદ થઈ શકીશ ! પત્નીએને પૂછયું, આવું શી રીતે ? અન્સારીએ જવાબ આપ્યો, હું તને તલાક઼ આપ્યા કરીશ અને ઈદ્દત ગુજરતા પહેલાં રુજૂઅ કર્યા કરીશ. સ્ત્રી પોતાના અંધકારમય ભવિષ્યની કલ્પના કરી ધ્રુજી ઉઠી અને હુઝૂર ﷺની બારગાહમાં આવી પોતાની મઝલૂમિયતની દાસ્તાન અને શિકાયત સંભળાવી. તો અલ્લાહ તઆલાએ તેના હબીબ ﷺ પર આ આયત નાઝિલ ફર્માવી : **(અર્થ)** : "આ તલાક઼ બે વાર સુધી છે, પછી રોકી લેવું ભલાઈની સાથે છે અથવા છોડી દેવું ભલમનસાઈથી."*(અલ્ બક઼રહ્, આ. ૨૨૯)*

આમ અસંખ્ય તલાક઼ રજઈનો દરવાજો બંધ કરી દેવામાં આવ્યો. અને અલ્લાહ તઆલાના આ ફર્માને ઔરતો પર થતા જુલ્મનો હમેશાંના માટે ખાત્મો ફર્માવી દીધો.

(૩) ઔરતોનો વારસામાં કોઈ હિસ્સો ન રહેતો

અરબમાં વારસાની વહેંચણીનો એ ક઼ાનૂન હતો કે ઔરતો અને નાનાં બાળકો પોતાના મરણ પામેલ બાપ અથવા પતિના વારસાથી મોટા ભાગે વંચિત રહેતાં. અને તેનું કારણ એ બતાવતા કે જે કોઈ મેદાને જંગમાં બહાદુરીનું પ્રદર્શન કરવાને લાયક નથી તે વારસાનો હક્ક઼દાર નથી. હિંદુસ્તાનમાં પણ ઔરતને વારસદાર ગણવામાં આવતી નથી. જયારે યૂરોપની હાલત તો એનાથી પણ બદ્તર છે. યૂરોપમાં ફક્ત મોટો પુત્ર વારસ બનતો, અન્ય પુત્રોને વારસાથી વંચિત રાખતા ! એવા અંધકારમય દૌરમાં આપણા નબી પર હયાતબખ્શ સંદેશ બનીને નીચેની આયત નાઝિલ થઈ : "અને સ્ત્રીઓ માટે (પણ) હિસ્સો છે તેમાંથી જે માં બાપ અને સગાંઓ મૂકી ગયાં, વારસો થોડો હોય કે વધુ, હિસ્સો છે અંદાજ કાઢેલો." *(સૂ. નિસાઅ્, આ.૭)*

ઉપરોક્ત આયતે સ્ત્રીઓને પુરૂષોની જેમ વારસ ઠરાવી દીધી. મોટા પુત્રની ખાસિયતને (Specialization) ખતમ કરીને પોતાના બાપની બરાબરની વારસદાર અને ભાગીદાર બનાવી કુર્આનના શબ્દો, نَصِيبًا مَّفْرُوضًا એ સ્પષ્ટ કરી દીધું કે વારસાના તમામ હિસ્સા ખાલિક઼ે કાએનાતના મુક઼ર્રર કરેલ છે તેમાં ફેરબદલ (Modification)નો કોઈને હક્ક઼ હાંસલ નથી.





## ★ પુત્રનું પોતાની માંને વારસામાં પામવું ! ★

આ કેટલી ખરાબ, વિકૃત અને જાલિમાના આદત હતી કે ફક્ત તેની કલ્પનાથી જ એક શરીફ ઈન્સાનની રૂવાંટી ઊભી થઈ જાય છે કે દીકરો પોતાની માં પર એવો અધિકાર ધરાવે અને વ્યવહાર કરે જે એક લોંડી અને પત્ની સાથે કરે ! અલ્લાહે માંને કેટલો અઝીમ મર્તબો આપી તેને જુલ્મની ચક્કીમાંથી કાઢી સુરૈયાની બુલંદી અતા ફર્માવી. સૌથી પહેલાં એક ઈર્શાદે રબ્બાની જોઈ લો જેમાં વાલિદૈનને મોહતરમ ઠરાવવામાં આવ્યાં અને બંનેવ સાથે સદ્વર્તાવનું શિક્ષણ આપવામાં આવ્યું.

કુર્આનમાં છે : **(અર્થ)** : "અને માં બાપ સાથે સદ્વર્તન કરો, જો તારી હાજરીમાં તેમનામાંનું એક અથવા બંને વૃદ્ધાવસ્થાએ પહોંચી જાય તો તેમને "ઉંહ" (પણ) કહીશ નહીં. અને તેમને ઘુરકિશ નહીં અને તેમની સાથે સન્માનથી વાત કરીશ. *(સૂ બની ઈસ્રાઈલ, આ. ૨૩, ૨૪)*

ઉપરોક્ત આયતોમાં કેટલા બેહતરીન અંદાઝથી વાલિદૈન (માં બાપ) સાથે સદ્વર્તન અને તેમના હક્કોની મહત્વતા બયાન કરવામાં આવી. હવે પછી કોણ એવો મુસલમાન હશે જે પોતાની અમલી જિંદગીમાં તેમનાથી વિરુદ્ધ વર્તન (Disobey) કરે. જે વાલિદૈન સાથે ખરાબ વર્તાવ અને નાફર્માની કરે તેમના માટે કેટલા જલાલમાં ઝબાને નબુવ્વતથી આ શબ્દો નીકળે છે, **"હે લોકો ! શું તમને સૌથી મોટો ગુનોહ ન બતાવું ?! તો લોકોએ અર્ઝ કરી, જરૂર યા રસૂલલ્લાહ ! ﷺ ઈર્શાદ ફર્માવો ! હુઝૂર ﷺએ ફર્માવ્યું, અલ્લાહ સાથે શિર્ક કરવું અને વાલિદૈનની નાફર્માની કરવી."** *(બુખારી શરીફ)*

ઈમામ બયહકી રિવાયત બયાન કરે છે કે હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, હું જન્નતમાં દાખલ થયો તો મેં કિ઼રાઅત સાંભળી. મેં કહ્યું, આ કોણ છે ? જન્નતવાળાઓએ જવાબ આપ્યો, હારિષા બિન નોઅમાન. પછી હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે મારા સહાબીઓ ! માંની સાથે સદ્વર્તાવનો આ બદલો છે. હારિષા માંની તેમજ લોકો સાથે સદ્વર્તન કરતા હતા. *(મિશ્કાત, પેજ–૪૧૯)*

અબૂ દાઊદની એક હદીષમાં છે, નબી ﷺ મક઼ામે જાએરાનામાં લોકોમાં ગોશતની વહેંચણી ફર્માવી રહ્યા હતા. એવામાં એક સ્ત્રી હુઝૂર

ﷺની નજીક આવ્યાં. સરકાર ﷺએ તેમના માટે પોતાની ચાદર મુબારક બિછાવી. તો તેણી તેના ઉપર બેસી ગયાં. રિવાયત કરનાર સહાબી અબૂ તુફૈલ ફર્માવે છે, મેં પૂછયું કે આ કોણ છે જેને સરકાર ﷺએ સન્માન અતા ફર્માવ્યું ? તો સહાબાએ જવાબ આપ્યો, આ હુઝૂર ﷺનાં તે માં છે જેમણે હુઝૂરને બચપણમાં દૂધ પીવડાવ્યું હતું. *(મિશ્કાત, પેજ—૪૨૦)*

સરવરે કાએનાત ﷺએ પોતાની દૂધ પીવડાવનારી માં હઝરત હલીમા સાથે આ પ્રમાણે વર્તાવ કરી તા'લીમ આપી કે આ પ્રમાણે માંને ઈજ્જત આપવામાં આવે. બલ્કે બુખારી મુસ્લિમની એક રિવાયતમાં છે, માં જો કાફિર અથવા મુશ્રિકા હોય તો પણ તેણી સાથે હુસ્ને સુલૂક કરવામાં આવે.

હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર બયાન કરે છે, મારી મુશ્રિકા માં મારી પાસે આવ્યાં તો મેં હુઝૂર ﷺની બારગાહમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારી મુશ્રિકા માં મારી પાસે આવે છે, પરંતુ તેણીને ઈસ્લામમાં કોઈ લગાવ નથી, તો શું હું તેણી સાથે સદ્‌વર્તાવ કરું ? તો હુઝૂર ﷺએ જવાબ આપ્યો, હા ! તેની સાથે પણ સદ્‌વર્તાવ કરો. *(મિશ્કાત, પેજ—૪૧૯)*

આ છે હુઝૂર ﷺના આદેશો જેણે જાહિલિયતની મઝલૂમ (જુલ્મમાં સપડાયેલી) માંને તહતુષ્ષરાથી કાઢીને સૂરૈયાની બુલંદી અતા ફર્માવી.

## ★ બાળકીઓને જીવતી દફનાવી દેવી ★

સૌથી વધારે ઈન્સાનિયતને હચમચાવી નાખનાર બુરી આદત જે દૌરે જાહિલિયતમાં હતી તે પુત્રીઓને જીવતી દાટી દેવાની હતી. કુર્આન નાઝિલ થયું તો તેણે એલાન કર્યું : **(અર્થ)** : ''અને જ્યારે જીવતે જીવ દાટી દેવાએલીને પૂછવામાં આવે કયા ગુનાહસર મારી નાંખવામાં આવી ?'' *(સૂ. તકવીર, આ. ૭, ૮)* કયામતના દિવસે પોતાની બાળકીઓને જીવતી દાટી દેવાવાળા બાપ પાસે આનો શું જવાબ હશે ?!

હુઝૂર ﷺ ફર્માવે છે, બેશક ! અલ્લાહ તઆલાએ માંઓની નાફર્માની તથા બાળકીઓને જીવતી દાટી દેવાને હરામ ફર્માવ્યું. *(બુખારી, મિશ્કાત, પેજ—૪૧૯)*

બુખારી, મુસ્લિમની વધુ એક હદીષ વાંચો અને ઈમાનને તાજગી બખ્શો. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે, એક સ્ત્રી મારી





પાસે કાંઈક માંગવા આવી. તેની સાથે તેની બે છોકરીઓ હતી. મારી પાસે એક ખજૂર સિવાય એને આપવા માટે કશું ન મળ્યું તો મેં તે ખજૂર તેણીને આપી દીધું. તેણીએ ખજૂરના બે ભાગ કરી પોતાની બાળકીઓને ખવડાવ્યું, પોતે કશું પણ ન ખાધું. પછી તેણી ઉઠીને ચાલી નીકળી. એવામાં હુઝૂર ﷺ તશરીફ લાવ્યા. તો મેં આ પ્રસંગ બયાન કર્યો. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, જે પુત્રીઓની આ પ્રકારની આજમાઈશમાં સપડાયેલ હોય, અને પુત્રીઓ સાથે નેક વર્તાવ કરે, તો આ પુત્રીઓ તેના માટે જહન્નમની આગથી આડ અને પર્દો બની જશે. *(મિશ્કાત, પેજ—૪૨૧)*

મુસ્લિમ શરીફની વધુ એક હદીષ સાંભળો ! હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, ''જેણે બે પુત્રીઓની પરવરિશ કરી ત્યાં સુધી કે તેઓ પોતાના પતિઓ સુધી પહોંચી ગઈ, તો એવો માણસ અને હું કયામતના દિવસે આ પ્રમાણે હશે, અને હુઝૂરે પોતાની આંગળીઓ મિલાવી દીધી.''

સુબ્હાનલ્લાહ ! કયામતના દિવસે આ ખુશનસીબ ઈન્સાન પોતાના નબી ﷺથી તદ્દન નજીક હશે.

તે સ્ત્રી જેના પર ઈન્સાન કેટલા જુલ્મો કરતો હતો, જેની એક ઝલક આપણે ઉપર જોઈ, તે ઔરતને ઈસ્લામે વકાર અને ઈજ્જત અર્પણ કરી. જેનું દૃષ્ટાંત દુનિયાના બીજા ધર્મોમાં જોવા મળતુ નથી.

અલ્લાહ તઆલા ફર્માવે છે : **(અર્થ)** : ''અને તેણીઓ સાથે સારો વર્તાવ રાખો.'' *(સૂરએ નિસાઅ્, આ. ૧૯)*

ખાલિકે કાએનાતે કેટલો સાફ હુકમ આપ્યો કે મારા બંદાઓ ઔરતો સાથે નેક વર્તાવ અને હુસ્ને સુલૂકના સાથે જિંદગી ગુજારો. જો ઔરત અશક્ત અને કમજોર છે તો મારી તાકતથી ડરો ! ઔરતોને જુલ્મો સિતમનું નિશાન ન બનાવો.

હુઝૂર ﷺ ફર્માવે છે : ''તમારામાં સૌથી બેહતર એ છે જે પોતાની પત્નીના માટે બેહતર હોય, અને હું મારાં ઘરવાળાંઓ સાથે તમારામાં સૌથી બેહતર છું.'' *(મિશ્કાત, પેજ—૨૮૧)*

ઉપરોક્ત બંનેવ ઈર્શાદોથી એક વાત સ્પષ્ટપણે જાહેર થઈ કે જે માણસ પોતાની પત્ની સાથે સદ્‌વર્તન ન કરે તે બેહતર ઈન્સાન નથી.

અલ્લાહ તઆલાએ સ્ત્રીઓને વધારે મહત્વ અને ઈજ્જત આપતાં ઈર્શાદ ફર્માવ્યો : **(અર્થ)** : "અને સ્ત્રીઓનો પણ હક્ક્ એવો જ છે જેવો એમના પર છે શરીઅત મુજબ." *(બક્રહ–૨૨૮)*

અલ્લામા આલૂસીએ આ આયતની તશરીહમાં નીચે પ્રમાણે હદીષ નકલ ફર્માવી, હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે લોકો ! તમારી પત્નીઓના ઉપર તમારા કેટલાક હક્કો છે, અને તમારી પત્નીઓ માટે તમારા કેટલાક હક્કો છે, તમારા હક્કો તમારી પત્નીઓ પર એ છે કે તેણીઓ તમારા બિસ્તર પર કોઈ એવા શખ્સને ન આવવા દે જેને તમે નાપસંદ કરો છો ! અને તેમને ઘરોમાં આવવાની પણ ઈજાઝત ન આપે. સાંભળો ! પત્નીઓના તમારી ઉપર હક્કો એ છે કે તમે તેણીઓ માટે લિબાસ અને ખાવા પીવાનો સારો ઈતેજામ કરો. *(રૂહુલ મઆની, પેજ–૫૨૯, જિલ્દ–૧, બહવાલા : તિર્મિઝી, નિસાઈ)*

અલ્લાહ તબારક વ તઆલાએ ઔરતોને વધુ વક઼ાર અર્પણ કરતાં ફર્માવ્યું : **(અર્થ)** : "તેણીઓ તમારો પોશાક છે અને તમે તેણીઓનો પોશાક." (બકરહ્–૧૮૭) કુર્આનની આ તાબીર કેટલી ખૂબસૂરત છે ! કેટલા ઉમદા અને બેહતરીન શબ્દોની સાથે પતિ પત્નીના સંબંધોને વર્ણન કર્યા. જેવી રીતે પત્નીઓ તમારા માટે લિબાસ છે તેવી જ રીતે તમે પણ તેમના માટે લિબાસ છો. આ લેહાઝથી બંનેના હક્કો બરાબર છે. લિબાસની તફસીર કેટલી અર્થપૂર્ણ છે. તેની ટૂંકમાં તફસીર એ છે કે લિબાસ પર્દો છે જે દરેક ઐબને છુપાવે છે. ઝીનત અને શણગાર છે જે ખૂબસૂરતીને નિખારે છે, રાહત છે જે ઠંડી અને ગરમીથી બચાવે છે. અલ્લાહ અને તેના રસૂલ ચાહે છે કે એક સારી પત્ની તેના પતિ માટે અને સારો પતિ તેની પત્ની માટે પર્દો, શણગાર તેમજ રાહત બને. આ બુલંદ ફર્માનમાં એક ઈશારો એ પણ છે કે ઈન્સાન વગર લિબાસે નામુકમ્મલ અને અધૂરો છે. આ લિબાસ ઈન્સાનિયતને પૂર્ણ કરવાવાળો છે. બલ્કે એક હદીષથી એ વાત પણ સાબિત થાય છે કે સ્ત્રી જે ઈન્સાનિયતનો લિબાસ છે તેના વગર દીન પણ અધૂરો છે.

હુઝૂર ﷺએ ફર્માવ્યું, જેણે શાદી કરી લીધી તેણે પોતાના દીનનો ૨/૩ હિસ્સો પોતાના દામનમાં સમેટી લીધો. *(રૂહુલ મઆની, ૪૬, ૨–૧)*





આ ઔરત ન ફક્ત ઘરની શોભા અને ખૂબસૂરતી છે બલ્કે દીનનો પણ હુસ્ન અને કમાલ છે. તેના વગર ઘર પણ બે રોનક છે અને પતિની જિંદગી પણ ઉદાસ અને તેનો દીન પણ અધુરો અને ઉણપવાળો છે. એટલા માટે રસૂલુલ્લાહ ﷺ એ સ્ત્રીઓને મહત્વ, ઈજ્જત અને વક઼ાર અર્પણ કર્યું. હુઝૂર ﷺની અમલી જિંદગીમાં આ પ્રમાણેની ઈજ્જત અને વકારનાં દુર્લભ દષ્ટાંતો મૌજૂદ છે, અને આના અનુસંધાનમાં ઈર્શાદો પણ તે છે જે ઝબાને નબુવ્વતથી જ નીકળી શકે છે. બીજાની ઝબાનમાં તે તાક઼ાત અને કુવ્વત ક્યાં ? તેમજ બીજાની વાણીમાં તે લતાફત અને બલાગત (મીઠાશ તથા આકર્ષણ) ક્યાંથી ?

ઈમામ બુખારીએ એક રિવાયત બયાન કરી. હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺ અમુક અજવાઝે મુતહ્હરાતની પાસે તશરીફ લાવ્યા અને તેમની પાસે ઉમ્મે સુલૈમ પણ હતાં. આપે ફર્માવ્યું, "હે અનજશહ ! આ શીશીઓ (ઔરતોને) જરા સંભાળીને ધીરે ધીરે લઈને ચાલો." *(બુખારી, પેજ–૯૦૮, જિલ્દ–૨)*

સરકાર ﷺએ એક સફરમાં તે વખતે ઈર્શાદ ફર્માવ્યો જ્યારે હઝરત અનજશહ ઉમ્માહતુલ મુ'મિનીનની સવારીઓને ઝડપી હાંકી રહ્યા હતા. જ્યારે હુઝૂર ﷺએ આ હાલત જોઈ તો ફર્માવ્યું, "અનજશહ ! આ શીશીઓ છે, ક્યાંક તૂટી ન જાય." સુકૂનની સાથે આગળ વધો. સરકારે ઔરતોની લતાફત અને નાઝુક મિજાઝીના સબબે તેણીઓને શીશીઓ કહી. કદાચ સાહિત્યની દુનિયાએ પહેલીવાર આ ખૂબસૂરત તાબીર (સરખામણી) સાંભળી હશે.

બુખારી, મુસ્લિમની વધુ એક રિવાયત છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "તમે સ્ત્રીઓના વિશે મારી વસિયત ક઼બૂલ કરો. તેણીઓની સાથે સદ્‌વર્તાવ કરો. અને ઔરતો પાંસળીથી પેદા કરવામાં આવી અને પાંસળીનો સૌથી વાંકો હિસ્સો ઉપરનો હોય છે, જો તમે તેને સીધી કરવા જશો તો તૂટી જશે. અને આમને આમ છોડી દેશો તો વાંકીને વાંકી રહી જશે એટલા માટે તેમની સાથે મારી વસિયત ક઼બૂલ કરી નેક વર્તાવ કરો." *(મિશ્કાત, પેજ–૨૮૦)*

બુખારી મુસ્લિમની વધુ એક હદીષ જોઈ લો ! હુઝૂર ﷺએ ફર્માવ્યું, "તમારામાંથી કોઈ પોતાની પત્નીને એક નોકરની જેમ ન મારે, પછી

દિવસના અંતે (રાતમાં) તેણી સાથે સંભોગ કરે !" *(મિશ્કાત, પેજ–૨૮૦)*

આ સમજાવવાની રીત કેટલી ખૂબસૂરત છે કે શરીફ ઈન્સાનને એ શોભા નથી આપતું કે પોતાની પત્નીને માર મારે અને રાતમાં તેણી સાથે સંભોગ પણ કરે !

હુઝૂર ﷺએ હુજ્જતુલ વિદાઅમાં અંતિમ અને કાયમી પયગામ પોતાની ઉમ્મતને આપ્યો, તેનો એક હિસ્સો આ પણ છે, "ઔરતો સાથે સદ્‌વર્તાવ કરો કેમ કે તે તમારી પાસે કૈદીની જેમ છે, પોતાની જાનોની માલિક નથી. તમે તેને અલ્લાહની અમાનતની સાથે લીધેલ છે અને અલ્લાહના કલમાઓની સાથે તેની શરમગાહ હલાલ કરેલ છે. *(સીરતે ઈબ્ને હેશામ, ૨૫૯–૨૬૦, જિલ્દ–૨)*

અંતમાં તે નમૂના પણ જોઈ લઈએ જે નબી કરીમ ﷺની હયાતે મુબારકાનાં દષ્ટાંતો છે, કેમ કે હુઝૂર ﷺની જિંદગી આપણા માટે નમૂનો (Ideal) છે :–

હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે, હુઝૂર ﷺની પાસે પણ બાળકીઓ સાથે રમ્યા કરતી હતી, અને તે છોકરીઓ મારી સહેલીઓ હતી. એવામાં જ્યારે હુઝૂર ﷺ તશરીફ લાવતા તો મારી સહેલીઓ (અદબના કારણે) છુપાઈ જતી. તો સરકાર ﷺ તેમને રમવા માટે મારી પાસે મોકલતા, પછી તેઓ મારી સાથે રમતી. *(મિશ્કાત–૨૮૦)*

સુબ્હાનલ્લાહ ! કુર્બાન જાવ અદાએ નબુવ્વત પર ! ઉમ્મુલ મુ'મિનીન હઝરત હઝરત આઈશા નાની વયનાં હતાં ત્યારે હુઝૂર ﷺ તેમની સાથે કેવો વર્તાવ કરતા હતા.

હુઝૂર ﷺ અને હઝરત આઈશા رضی اللہ عنہاની એક વધુ અદા પણ જોઈ લો ! આ પણ બુખારી મુસ્લિમની રિવાયત છે. ઉમ્મુલ મુ'મિનીન ફર્માવે છે કે મારા નબી ﷺ મારા હુજરા (કમરા)ની સાથે ઊભા રહેતા. હબશી છોકરા મસ્જિદના સહનમાં નાના નાના નેઝાઓથી રમતા. હું ઘણા જ શોખથી તેમની આ રમત જોતી. અને સરકાર ﷺ પોતાની ચાદરથી મારો પર્દો ફર્માવતા અને હું હુઝૂરના મુબારક કાન અને ખભા શરીફની પાછળ છુપાઈને તેમની રમત જોતી. હુઝૂર ﷺ મારા માટે ઊભા જ રહેતા ત્યાં સુધી કે હું ન પાછી ફરતી. હુઝૂર ﷺ એવું ન ફર્માવતા કે હે આઈશા ! બસ કરો !





હઝરત આઈશા رضی اللہ عنہا ખૂદ ફર્માવે છે, તમે જાતે અંદાઝો લગાડી શકો છો કે એક કમ ઉમર છોકરી જે ખેલ જોવાની શોખીન હતી તેની હુઝૂર કેટલી કદર ફર્માવતા ! *(મિશ્કાત–૨૮૦)*

પત્ની સાથે ઉલ્ફત મહોબ્બતનું આ એક ઈમાન અફરોઝ દષ્ટાંત છે. હુઝૂર ﷺનો મુકદ્દસ સમય રિસાલતની જિમ્મેદારીઓ અદા કરવા માટે કેટલો કિંમતી હતો તેનો કોઈપણ અંદાઝો કરી શકે છે, છતાં પણ આટલો કિંમતી સમય ઉમ્મુલ મુ'મિનીનના દિલને ખુશ કરવા માટે આ રીતે ખર્ચ કરતા.

## ★ માનવ અધિકારની બાંગો પાડનારને ચેલેંજ ! ★

સ્ત્રી અધિકાર તથા માનવ અધિકારની બૂમો પાડનારાઓ યૂરોપિયનો તથા અમેરિકાનો પૂર્વગ્રહના ચશ્મા હટાવે અને ઈન્સાફની નજરે ઈસ્લામનો અભ્યાસ કરે કે માં બાપને તેમજ સ્ત્રીઓ, બાળકીઓને જે હક્કો ઈસ્લામે આપ્યા છે તે કોઈ મઝહબમાં છે ખરા ?! માનવ અધિકારની ગુલબાંગો પોકારનારા પોતાનાં ઘરડાં માં બાપને પાલવી નથી શક્તા ! તેમની ચાકરી કરવાથી ભાગે છે તો **Old House** (ઘરડાં ઘર) સ્થાપી બેઠા ! જ્યાં ઘરડાં માં બાપોને છોડી મૂકી તેમની હાલતની ખબર કાઢવા કે મરી જાય તો અંતિમ વિધિમાં જવાની પણ તેઓ દરકાર નથી કરતા ! તેઓ ક્યા મોઢે ઈસ્લામ તથા મુસલમાનો પર કશોય આક્ષેપ કરી શકે છે ?! અને ઉપર સ્ત્રીને ઈજ્જતદાર માં, ઈજ્જતદાર બહેન તથા ઈજ્જતદાર પુત્રી તથા ઈજ્જતદાર પત્નીનો દરજ્જો આપનાર ઈસ્લામ સામે ક્યા મોઢે આક્ષેપ કરી શકે છે કે ઈસ્લામ સ્ત્રી પર જુલ્મ કરે છે ! સ્ત્રીને "મોડેલ" તથા "ડાન્સર" તથા "સેક્સ વર્કર" બનાવનારી આ કૌમો "સેલ્સ ગર્લ તથા "એર હોસ્ટેસ" વગેરે બનાવી સ્ત્રીઓનાં અંગોના તથા સ્મિતના સોદા કરનારાઓ કયા મોઢે કહી શકે છે કે અમે સ્ત્રીને આઝાદી આપી તથા સન્માન આપ્યું ?!

(અઝ : હઝરત અલ્લામા ઈફતેખાર અહમદ કાદરી મિસ્બાહી મદની, *શૈખુલ હદીષ : દારુલ ઉલૂમ કાદરિયા ગરીબ નવાઝ–લેડી સ્મિથ, સા. આફ્રિકા,* અનુવાદક તથા સંપાદક, મૌલાના મુહમ્મદ તૌસીફ હલદરવી, *મુદર્રિસ : દારુલ ઉલૂમ કાદરિયા ગરીબ નવાઝ–લેડી સ્મિથ, સા. આફ્રિકા, બરકાતે ખ્વાજા–માસિક, માર્ચ–૨૦૦૯)*

(પ્રકરણ : ૧૧)

## સ્ત્રી શોષણથી મુક્તિનો શ્રેષ્ઠતમ માર્ગ.......

# ઈસ્લામ !

આજે વિશ્વભરમાં પશ્ચિમી દેશો થકી અવાર નવાર ઈસ્લામ વિરુદ્ધ વિવિધ પ્રોપેગન્ડા થતા રહે છે. મીડિયા પર તેમનો કન્ટ્રોલ છે અને તે સતત ઈસ્લામ અને તેના કાનૂનો વિરુદ્ધ બકવાસ કરતું રહે છે. ૯/૧૧ના બનાવ બાદ યૂરોપ અમેરિકામાં ઈસ્લામનો અભ્યાસ કરનારાઓની સંખ્યા ખૂબ વધી ગઈ અને ઘણા લોકો ખાસ કરીને સ્ત્રીઓનું ઈસ્લામ સ્વીકારવાનું પ્રમાણ ખૂબ ઊંચુ જવા લાગ્યું તો વિશ્વની સ્ત્રીઓને ભડકાવવા પશ્ચિમી દેશોએ નવુ સૂત્ર વહેતુ કર્યું કે ઈસ્લામ સ્ત્રીનું શોષણકર્તા ધર્મ છે, એમાં તેણીને આઝાદી નથી, તેણીને પૂરતા હક્કો નથી આપતો, તેણીને બુરખામાં બંદી કરી ઘરની ચાર દિવારીમાં કેદ રાખી છે.... વગેરે

### ★ ઈસ્લામના આગમન પહેલાં સ્ત્રીની કફોડી હાલત ★

જાહેલિયતના (ઈસ્લામ પહેલાંના) જમાનામાં લોંડીઓ વેશ્યાગીરીનો ધંધો જાહેરમાં અપનાવતી હતી. મોટા મોટા રઈસ ખાનદાન પોતાની જુવાન અને ખૂબસૂરત લોંડીઓને એ મતલબના માટે વાપરતા હતા. એમને અલગ મકાનમાં રાખવામાં આવતી જેને 'મવાખીર' કહેવામાં આવતું હતું. દરેક પર ઝંડો લહેરાયેલો રહેતો અને એ લોંડીનું વેશ્યાખાનું એના માલિકના કબીલાના નામથી પ્રખ્યાત થતું.

ઈમામ ઈબ્ને જરીર અતાથી નકલ કરે છે કે જાહિલિયતના જમાનામાં દરેક કબીલા અને ખાનદાનની લોંડીઓ રાખવામાં આવતી હતી જે એમની તરફ સંબંધિત થતી. કહેવામાં આવતું કે આ ફલાણા કબીલાની રંડી છે, આ ફલાણા કબીલાની રંડી છે. એમના દરવાજાઓ પર ઝંડાઓ લગાડેલ રહેતા. ઈમામ ઈબ્ને જરીરે એ વિવિધ ઝંડાઓવાળીઓમાંથી નવનાં નામ પણ લખ્યાં છે અને એમના કબીલાની વાત પણ કરી છે. બેહયાઈની એ હાલત હતી કે ન એ વાત એબદાર ગણાતી હતી, ન એમની પાસે કોઈનું આવન જાવન બદનામીનું કારણ ગણાતું હતું.

એમના સિવાય વિવિધ બીજી સ્ત્રીઓ પણ હતી, જેઓ આ ધંધો ઉઘાડે





છોગે કર્યા કરતી, કેટલાય લોકો એમની સાથે શાદી કરી લેતા જેથી એમની હરામ કમાણીથી એશ કરે. *(ઈબ્ને જરીર)*

### ★ મદીનામાં હુઝૂરના આગમન પહેલાં સ્ત્રીઓની હાલત ! ★

મદીનાની પરિસ્થિતિ પણ મક્કાથી કાંઈ જુદી ન હતી, ત્યાં એનો બધાથી મોટો કારોબાર કરનાર ખૂદ અબ્દુલ્લાહ બિન ઉબય હતો જેને અવસ તથા ખઝરજના કબીલાઓ પોતાનો બાદશાહ નક્કી કરનાર હતા. અને જ્યારે હુઝૂર મદીના તૈયબહમાં તશરીફ ફર્મા થયા, ત્યારે એના માટે સોનાનો તાજ સોનીની પાસે તૈયાર થઈ રહ્યો હતો. **આ મર્તબાનો માણસ ત્યાં બધાથી મોટો હરામકાર હતો !** તેણે પોતાના ચકલામાં છ નવજવાન અને ખૂબસૂરત લોંડીઓ રાખેલ હતી અને એમનામાંથી દરેકના માટે એક નક્કી કરેલ રકમનું કમાવું દરરોજ જરૂરી હતું. જો કોઈ લોંડી નક્કી કરેલ રકમ ન આપતી તો એને મારપીટ કરવામાં આવતી અને નક્કી કરેલ રકમ પૂરી કરવા પર મજબૂર કરવામાં આવતી. આ સાહેબો આ લોંડીઓથી માત્ર દોલત જ ન કમાયા કરતા બલ્કે રાજકીય ફાયદાઓ પણ પ્રાપ્ત કરતા. અરબ કબીલાઓનો કોઈ રઈસ જો યષરબ આવતો તો તે પોતાની એક લોંડી મઆઝાને રાતવાસાના માટે એની પાસે મોકલી દેતો જેથી તે ઈબ્ને ઉબયના એહસાનને હમેશાં યાદ રાખે અને જરૂરતના સમયે તે એને પોતાના રાજનીતિક ઈરાદાઓની પરિપૂર્ણતા માટે ઉપયોગ કરી શક્તો.

અલ્લામા ઈબ્ને કષીર, અલ્લામા આલૂસી અને બીજા મુફસ્સિરીને સ્પષ્ટતા કરી છે કે :–

**(અર્થ)** : જેથી આજ લોંડી મઆઝા એક દિવસ કંટાળીને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની પાસે આવી અને પોતાના ગમની કહાની સંભળાવી. આપે બારગાહે રિસાલતમાં એની ગુઝારિશ પેશ કરી તો હુઝૂર ﷺ એ ફર્માવ્યું, એને આપના કબ્જામાં લઈ લો. અબ્દુલ્લાહ બિન ઉબય બદ્કારને ખબર પડી તો એણે મોટો શોર મચાવ્યો કે જુઓ ! હવે હુઝૂર ﷺ અમારી લોંડીઓને પણ પોતાના કબ્જામાં લઈ રહ્યા છે ! એ સમયે નિકાહ બાબતની આયત નાઝિલ થઈ. આ રીતે **કાનૂની રીતે વેશ્યાગરીની ખરાબી ઈસ્લામી માહોલથી ખતમ કરી દેવામાં આવી**, જેને યૂરોપમાં આજે પણ કાનૂનની પીઠબળનું સમર્થન પ્રાપ્ત છે.

અલ્લામા કરતબી رحمة الله عليه લખે છે કે એક તો તેઓ ઝિનાની રકમ વસૂલ કરતા હતા. બીજુ જો એ લોંડીથી ઔલાદ થતી તો એને પોતાની ગુલામ બનાવી લેતા અને એને વેચીને કિંમત વસૂલ કરતા. અને જો વ્યભિચારી કબીલાનો કોઈ રઈસ હોતો અને એના ગર્ભથી કોઈ બાળક જન્મ પામતું તો તે એ લોંડીને એકસો ઊંટ ફિદિયા તરીકે અદા કરીને પોતાના બાળકને લઈ જતો અને લોંડી તે સો ઊંટ પોતાના માલિકને આપી દેતી.

આ રીતે ઘણી જ બેશર્મીથી તે દૌલત કમાવવામાં લાગેલા રહેતા. કુર્આની આયતમાં એવી કમાઈને હરામ ગણાવવામાં આવી છે. હુઝૂર સરવરે આલમ ﷺએ પણ સાફ શબ્દોમાં ફર્માવી દીધું છે કે, ''ઝિનાકારીની કમાઈ નાપાક છે.'' *(હવાલો : માહનામા જામિઆ, રૌનાહી, યુ.પી., ઓગસ્ટ–૨૦૦૪)*

હવે આવો ! ઈસ્લામ વિરુદ્ધ થતા આ પ્રોપેગન્ડાઓ (દુષ્પ્રચાર)માં કેટલું તથ્ય છે તેને ઈતિહાસની રોશનીમાં જોઈ લઈએ. એક નિષ્પક્ષ ગૈર મુસ્લિમ સ્ત્રીનો રિપોર્ટ વાંચી લો :–

## ★ ગૈર મુસ્લિમ સ્ત્રીનો એકરાર ★

‘‘મુહમ્મદ ﷺના આગમન થતા પહેલાં (ઉપર વર્ણવ્યું તેમ) સ્ત્રી સમાજમાં એકદમ હલકી માનવામાં આવતી હતી. તેણીની સ્થિતિ નિર્જીવ ચીજની જેમ હતી અને આ બધું યહૂદી પાદરીઓની તાલીમનો પ્રભાવ અને પરિણામ હતું. બેઈજ્જતી તેણીનું નસીબ બની ચૂકી હતી. તેણી ઘરના અન્ય સામાનોની જેમ એક હાથમાંથી બીજા હાથમાં ફરતી રહેતી હતી અને મરનારના વારસદારો જે રીતે ઈચ્છતા તેણીથી લાભ ઉઠાવતા. તેણીની રક્ષા તથા દેખરેખની કોઈ વ્યવસ્થા ન હતી. કોઈ કાનૂન એવો ન હતો જે તેણીનું રક્ષણ કરે. વારસામાં તેણીના માટે કોઈ હિસ્સો ન હતો. નબી અકરમ ﷺને સ્ત્રીની આ મઝલૂમિયત (જુલ્મ વેઠતી સ્થિતિ) કોઈ કાળે માન્ય ન હતી. તેમણે આ નિરાધાર મખ્લૂકને બેઈજ્જતીના સ્થાનેથી ઉઠાવીને પુરૂષોની લગોલગ ઈજ્જત તથા સન્માનના સ્થાને ઉભી કરી અને પુરૂષ તથા સ્ત્રી વચ્ચે સમાનતાની તાલીમ આપી. તેમણે પુરૂષોના શયનકક્ષમાં સ્ત્રીઓના અમર્યાદિત પ્રવેશ પર પાબંદી લગાડી. તેમણે નિકાહના સંબંધને પવિત્રતા આપી અને સ્ત્રીને વારસાના તથા ‘ખુલઅ’ના હક્કો અતા કર્યા. પુરૂષ પર સ્ત્રીના ભરણપોષણની જિમ્મેદારીઓ નિયુકત કરી. તે ઉપરાંત





આં હઝરત ﷺએ યતીમો, લાચારો અને વિધવાઓના ભરણ પોષણ કરનારાઓ અને તેમની મદદ કરનારાઓને ખુદાને ત્યાં મહાન બદલાના હક્કદાર ઠરાવ્યા. હુઝૂરે સંસ્કૃતિની પ્રગતિમાં સ્ત્રીઓની સેવાઓને સંપૂર્ણપણે સ્વીકારી. અને એ કારણે તેમની આધ્યાત્મિક તથા અખ્લાકી (સંસ્કારિક) પ્રગતિને ઈસ્લામી કાયદામાં ખૂબ જ પ્રમાણમાં મહત્વ આપ્યું.

એ દૌરમાં જ્યારે હુઝૂર દુનિયામાં તશરીફ લાવ્યા તો દુનિયાની રીત ભાતમાં અસામાન્ય ક્રાંતિ હતી. અને તેનાથી જે ફેરફારો થયા તેને કોઈપણ યુગમાં ભૂલાવી શકાય તેમ નથી. *(મિસ નિલવરી, મુસ્લિમ વર્લ્ડ, ન્યુયોર્ક, જાન્યુ.૧૯૪૦)*

## ★ યૂરોપ અમેરિકાની કલબો તથા વૈશ્યાઘરો સ્ત્રી શોષણનાં પ્રતીક ! ★

પશ્ચિમીઓ કહે છે કે ઈસ્લામે સ્ત્રીને લોંડી બનાવીને, ગુલામડી બનાવીને, બંદી બનાવીને રાખી છે, તો એ વાતનું ખંડન તો તમે વાંચ્યું અને હજી વાંચશો, પણ ઈન્સાફથી બતાવો કે જે કામો જાહિલિયતના (ઈસ્લામ પહેલાંના) યુગમાં થતાં હતાં તે આજે યૂરોપ અમેરિકા વગેરે ગૈર ઈસ્લામી હુકૂમતવાળા દેશોમાં થઈ રહ્યાં છે કે નહીં ?

સ્ત્રીને વૈશ્યા કોણે બનાવી ? વૈશ્યાઘરોની ક્યાંથી શરૂઆત થઈ ? બાર ડાન્સ ગર્લ્સ કોની ઉપજ છે ? મોડેલ બની અંગ પ્રદર્શન કરી પબ્લિક સામે ચાલવું એ કોણે કાઢયું ? સ્ત્રી શા માટે વૈશ્યા બની ? એબોર્શન (ગર્ભના નાશ)ની પદ્ધતિ કોણે શોધી ? સ્ત્રીઓએ એબોર્શન શા માટે કરાવવું પડે છે ? આના જવાબો શોધતા ચાલો તો સમજાય જશે કે સ્ત્રી શોષણ ક્યાં થાય છે !

ઈસ્લામમાં તો પર સ્ત્રી પર નજર કરવી જ હરામ છે. તેને સ્પર્શવું તો દૂરની વાત છે એટલે એ વાત તો નક્કી કે **ઈસ્લામી દેશોમાં વૈશ્યાગીરીની શરૂઆત તથા ડાન્સ કલબો સ્થપાઈ જ ન હતી.** હિંદુસ્તાનની પૂરાણી સંસ્કૃતિ પણ એકંદરે સ્ત્રીની માન મર્યાદાનો ખયાલ રાખનાર રહી છે જેથી **સાફ જાહેર થાય છે કે યૂરોપ અમેરિકાના દેશોએ સૌ પ્રથમ સ્ત્રીને વૈશ્યા બનાવી, વૈશ્યા ઘરો બનાવ્યાં, ડાન્સ કલબો બનાવી.** વૈશ્યાઘરો એટલા માટે છે કે જ્યાં પુરૂષો પોતાની વાસના અમુક

રકમ આપીને ત્યાંની સ્ત્રી સાથે સંતોષી આવે. એટલે પુરૂષના આનંદ માટે ભાડુતી સ્ત્રીઓ ત્યાં આ સેવા બજાવે છે ! હવે અમને બતાવો કે લોંડી કઈ બલાનું નામ છે ? ગુલામડી બીજી કઈ બલા છે ? હાલમાં તેને રૂડુ રૂપાળુ નામ "સેક્સ વર્કર" કહેવામાં આવે છે, અને એ દેશોમાં આ સરકારમાન્ય પ્રમાણિત ધંધો છે ! જેના પર ટેકસો લગાડી લાખો પાઉન્ડ ડોલર ત્યાંની ગવર્નમેન્ટો કમાણી કરે છે. જ્યાં લાચાર સ્ત્રીઓ પૈસાને ખાતર મજબૂર થઈ પોતાની ઈજ્જત આબરૂના સોદા કરે છે એ દેશો કયા મોઢે કહી શકે છે કે એમણે સ્ત્રીને ઈજ્જત આપી, આઝાદી આપી !

જો આ દેશો ખરેખર સ્ત્રી આઝાદીમાં માને છે અને સ્ત્રીને સન્માન આપે છે તો સૌ પ્રથમ સર્વ વેશ્યાગૃહો બંધ કરાવી આપે, તે તેણીઓને યોગ્ય પુરૂષો સાથે પરણાવી આપે અને તેમની રોજી રોટીનો પૂરતો બંદોબસ્ત કરી આપે. નહીં તો પોતે મહા જાલિમ હોવા છતાં અન્યો પર સ્ત્રી પર જુલ્મ કર્યાનો આક્ષેપ ન બાંધે.

## ★ દુનિયાને ઊંધા ચશ્મા ! ★

હવ એ પણ સમજી લો કે અમેરિકીઓ તથા પશ્ચિમીઓએ સ્ત્રીને માં, બાપ, ભાઈ, બહેન, પતિ કે પુત્ર પુત્રીઓની, ખાનદાનવાળાઓની સેવામાંથી બહાર કાઢીને એર હોસ્ટેસ, સેલ્સ ગર્લ, સેક્રેટરી, રિસેપ્શનિસ્ટ.... વગેરે બનાવી કે તેણીએ ગ્રાહકો સાથે ફરજીયાત હસીને વાત કરવી, સારી રીતે વર્તી તેમને ખુશ કરી દેવા, તેમની સેવા ચાકરી કરવી. શું આ લોંડીપણુ નથી ?! ઘરમાં પોતાની ઔલાદ, પોતાના પતિ, પુત્રો પુત્રીઓ, ઘરવાળ ાંઓ, માં બાપની સેવા કરવા રહે ત્યારે લોંડી, ગુલામડી, ચાર દિવાલની જેલમાં કેદી કહેવાય અને પરાયા બદનઝર કરનારા પુરૂષોની કે બોસની સેવા કરે તો તેને આઝાદી કહેવાય ?! શું ધોકો પબ્લિક સાથે થઈ રહ્યો છે ! પછી બહાર નીકળવાથી અન્ય આડા સંબંધોની જે ખરાબીઓ અને તેમાંથી મુસીબતો ઉભી થાય તે વધારાની ! છતાં એનું નામ સ્ત્રી આઝાદી ! અને ઘરમાં ઈજ્જતથી રહે તો તેને સ્ત્રી શોષણ કહેવાય ! આ કઈ બાજુનું ગણિત છે ?! અરે ! હદ તો એ છે કે કહેવાય છે કે હવે પશ્ચિમી હોસ્પિટલોમાં દર્દીની સારવાર કરવા એવી પણ નર્સો રાખવામાં આવે છે કે દર્દીને સેક્સની ઈચ્છા થાય તો તે પણ પૂર્ણ કરી આપે ! અને એને એક પ્રકારની દર્દીની





ટ્રીટમેન્ટમાં ગણવામાં આવે છે ! બતાવો, ક્યાં છે સ્ત્રીની ઈજ્જત ? સ્ત્રીનો શો ઉપયોગ થઈ રહ્યો છે ?!

## ★ સ્ત્રીની ઈજ્જત તથા કાળજી માટે ઈસ્લામી આદેશો ★

રબ તઆલાએ સ્ત્રીઓના ભરણપોષણની જિમ્મેદારી પુરૂષોના માથે રાખી છે જેથી તેણીએ કોઈ બોસના હાથ નીચે પર પુરૂષોની સાથે સેલ્સ ગર્લ કે સેક્રેટરી બનીને ન રહેવું પડે. સાંભળો !

"પુરૂષ ઉપરી (નિગરાં) છે સ્ત્રીઓ પર, એટલા માટે કે અલ્લાહે એમનામાં એકને બીજા પર ફઝીલત (શ્રેષ્ઠતા) આપી, અને એટલા માટે કે પુરૂષોએ તેણીઓ પર પોતાના માલ ખર્ચ કર્યા. તો સદ્‌નસીબ સ્ત્રીઓ અદબવાળીઓ છે." *(સૂરએ નિસાઅ, આયત–૩૪)*

બીજે ઠેકાણે સ્ત્રીના હક્ક઼ને પુરૂષ પર ફર્ઝ ઠરાવતાં રબ તઆલા ફર્માવે છે :–

"અને સ્ત્રીઓનો હક્ક઼ (પુરૂષો પર) એવો જ છે જેવો કે એમના પર શરીઅત મુજબ, અને પુરૂષોને એમના પર ફઝીલત છે." *(સૂરએ બકરહ્, આયત–૨૨૮)*

બતાવો ! કોઈ મઝહબ પણ સ્ત્રીની ઈજ્જત કરવાનો આવો પણ હુકમ આપે છે ? આજે તો પર સ્ત્રીના સૌંદર્યના નઝારાને તાકીને આનંદ માણવાનું સામાન્ય છે. એને કોઈ જાણે બુરુ નથી જાણતું ! પણ સાંભળો ઈસ્લામ શું કહે છે ? રબ તઆલા ફર્માવે છે :–

"મુસલમાન પુરૂષોથી કહી દો કે પોતાની નજરો નીચી રાખે અને પોતાની શર્મગાહોની હિફાઝત કરે, આ એમના માટે ઘણુ જ સુથરુ છે. બેશક ! અલ્લાહને એમના કામોની ખબર છે." *(પારા–૧૮, રુકૂઅ–૧)*

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવે છે : "જે મુસલમાનની પહેલી નજર કોઈ સ્ત્રીની સુંદરતા પર પડી ગઈ અને તેણે નજરો નીચી કરી લીધી તો અલ્લાહ એને ઈબાદતમાં ગણે છે જેની મીઠાશ તે અનુભવે છે." *(મિશકાતુલ મસાબીહ)*

તેમજ ફર્માવ્યું, "જે આંખ હરામ જોશે તે આંખમાં ક઼યામતના દિવસે આગના સળીયા નાખવામાં આવશે." જે મઝહબ હરામ જોવા ના પાડે તો બીજી વાત જ શું કરવી ?!

આજે યૂરોપી દેશો અમેરિકામાં **Old House** છે, શાથી ? માં બાપને પાળવા તેમની ચાકરી કરવા ઔલાદ તૈયાર નથી ! જ્યારે ઈસ્લામે માંને શું મર્તબો આપ્યો અને બાપને શું મર્તબો આપ્યો તે જુઓ ! સુનને નિસાઈમાં છે, નબી કરીમ ﷺએ ફર્માવ્યું :–

"માંની ખિદમત કર કેમ કે **જન્નત માંના કદમો નીચે** છે." અને હદીષે પાકમાં **બાપને જન્નતની ચોખટ** કહેવામાં આવેલ છે. જેથી જે સાચો મુસલમાન હશે તે માંબાપનો મર્તબો સમજશે અને ઘરડાં થતાં તેમને ધુત્કારી "ઘરડાં ઘર"માં નહીં મૂકી આવે ! જેમ કે અન્ય કૌમોમાં થાય છે. આ માન માંનુ બાપનુ ઈસ્લામમાં છે. વળી રસૂલે પાક ﷺએ **માંના હક્કને બાપ કરતાં અધિક** બતાવ્યો છે.

હુઝૂર ﷺએ પત્નીનું માન સાચવવાની તાકીદ કરી છે, ફર્માવ્યું : "તમારામાંથી સૌથી સારો તે છે જે પોતાના ઘરવાળાઓ (પત્ની, માં વગેરે)ના માટે અધિક સારો હોય, અને હું તમારામાં સૌથી વધુ મારાં ઘરવાળાંઓ માટે સારો છું." *(તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)*

વળી આજે સ્ત્રીના ગર્ભમાં જ યંત્રો વડે જાણી લઈ બાળકી હોય તેની હત્યા એબોર્શન કરીને કરવામાં આવે છે, "જ્યારે નબી કરીમ ﷺએ પુત્રીઓનો સારી રીતે ઉછેર કરીને તેને શાદી કરાવી આપનાર માં બાપને જન્નતી કહ્યાં છે." અને આ એબોર્શન એ ઈસ્લામમાં ખૂનના ગુના સમાન છે. પુત્ર તથા પુત્રીના ઉછેરમાં પુત્રીની ખાસ કાળજીનો હુકમ છે.

વળી વિધવાના પુનઃલગ્નની તાકીદ ઈસ્લામે જ કરી છે. જ્યારે કે કેટલીક જાતિમાં તો બાળ લગ્ન બાદ બાળ વિધવાઓ પતિનું નાનપણમાં મૃત્યુ થતાં બાળપણથી મૌત સુધી શાદી વિના મનહૂસ તરીકે જહન્નમમાં જીવતે જીવ સબડતી હતી.

એ ઉપરાંત અગાઉના લખાણમાં પણ ગૈર મુસ્લિમ સ્ત્રીએ ખૂદ અભ્યાસ કરી જે દર્શાવ્યું છે તેમાં સ્ત્રીઓ સાથે સારો વર્તાવ તથા અન્ય હક્કો ઈસ્લામે આપ્યા છે તે તમે જોઈ ગયા. સારાંશ કે સ્ત્રી શોષણથી બચવાનો કોઈ શ્રેષ્ઠતમ માર્ગ હોય તો તે એક ઈસ્લામ જ છે. રબ તઆલા સૌને સારી મતિ આપે. (આમીન)

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ઓક્ટોબર–૨૦૦૯)*





## (પ્રકરણ : ૧૨)

## ઈસ્લામમાં માબાપ તથા સ્ત્રીઓનું સ્થાન અને વર્તમાન જગતની હાલત !

મુસલમાન સ્ત્રીઓને ઈસ્લામી કાનૂન પ્રમાણે તેણીની ઈજ્જતની રક્ષા તથા માહોલની પવિત્રતાની સલામતી માટે અદબભેર પર્દામાં રહેવાનું કહેવામાં આવે છે તો ગૈરોને તકલીફ થાય છે અને ઈસ્લામના વિરોધીબળો આક્ષેપ કરવા માંડે છે કે ઈસ્લામમાં સ્ત્રીઓને આઝાદી નથી, તેણીને ઘરમાં કેદી બનાવવામાં આવે છે, તેણીને ગુલામડી બનાવવામાં આવે છે....વગેરે વગેરે. જો કે એમની વ્યાખ્યામાં સ્ત્રી આઝાદી એટલે "સ્ત્રી નગ્નતાભર્યા પોશાક પહેરીને ફરે, પરપુરૂષોને બોયફ્રેન્ડ બનાવે અને રાત મધરાત કલબોમાં જાય અને સ્વચ્છંદી બનીને જીવે." તો આવી આઝાદીનાં પરિણામો તો આખો દેશ ભોગવી રહ્યો છે જેમ કે રોજ બળાત્કારના બનાવોના સમાચારો એમનાં જ વર્તમાન દૈનિક પત્રો પ્રસિદ્ધ કરતાં રહે છે. તો શું આ તેણીને આબાદ કરવું છે કે તેણીને બર્બાદ કરવું છે ?! આ આઝાદી છે કે તેણી પર જુલ્મ છે ?! એટલું જ નહીં વૃદ્ધ માતાઓ તથા વિધવાઓની એમનાં ત્યાં કેવી દયાજનક, દુઃખદ તથા શરમજનક સ્થિતિ છે એનો રિપોર્ટ પણ એમનાં જ વર્તમાનપત્રો અવાર નવાર આપે છે જેઓ ગલત રીતે ડંકા વગાડે છે કે ઈસ્લામે સ્ત્રીને હક્કો નથી આપ્યા. આવો ઈસ્લામે શું હક્કો સ્ત્રીઓને આપ્યા એની ચર્ચા પછી કરીશું પ્રથમ એક નજર એ વર્તમાનપત્રોના સમાચારો તથા વિધવાઓની દારૂણ હાલત તરફ કરી લઈએ.

### ★ ૬૬ વર્ષની વૃદ્ધાએ વૃદ્ધાશ્રમના ચોથા માળેથી પડતુ મૂક્યું ! ★

જ્યાં સુધી સગાં વૃદ્ધ માબાપની દેખરેખ તથા કાળજી લેવાની વાત છે તો કોઈપણ કૌમના સમાજમાં તેની અવગણના સામાન્યતઃ કરવામાં નથી આવતી અને વિશેષતઃ મુસલમાનોમાં તો ઈસ્લામી આદેશાનુસાર મોટાભાગે માબાપની ખાસ કાળજી લેવાતી હોય છે. જવલ્લે જ માબાપને વૃદ્ધાશ્રમનો

આશરો લેવો પડે એવું બને. હા ! સ્ત્રી આઝાદી તથા માનવ અધિકારની બૂમો પાડતા પશ્ચિમી દેશોમાં માબાપની કદર નથી રહી ! અને એની ચાલે ચાલીને આપણા ત્યાં પણ પરિસ્થિતિ એવી સર્જાયી છે કે ઘણે ઠેકાણે વૃદ્ધાશ્રમો બની ગયાં છે. જે નિરાધાર હોય તેમની વાત અલગ પણ દીકરા દીકરીઓ હોવા છતાં માબાપે વૃદ્ધાશ્રમમાં આશરો લેવો પડે તો એમના પર શું ગુજરતી હશે ?! તો એવી જ એક વૃદ્ધાના આપઘાતનો વડોદરાનો કિસ્સો વર્તમાનપત્રમાં નીચે મુજબ પ્રસિદ્ધ થયો :–

"સ્વજનો વિના પીડાતી વૃદ્ધાએ વૃદ્ધાશ્રમના ચોથા માળેથી પડતુ મૂકી જીવન ટૂંકાવ્યું : સંસારમાં એકલી પડી ગયેલી વૃદ્ધ માતાને એની પુત્રી વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યા પછી માનસિક રીતે પડી ભાંગેલ માતાએ વૃદ્ધાશ્રમના ચોથા માળેથી ભુસ્કો મારી આત્મહત્યા કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર ૬૬ વર્ષના પુષ્પાબેન નામના વૃદ્ધાનો એક પુત્ર અમેરિકામાં અને મોટી પુત્રી લંડનમાં સ્થાયી થયાં છે અને એક નાની પરણીત પુત્રી તેના સાસરામાં રહે છે....." *(ગુજરાત સમાચાર, તા. ૧૯–૨–૨૦૧૩)*

સાથોસાથ અમદાવાદના વધુ એક આઘાતજનક સમાચાર પણ આ માર્ચના જ છે, જેની વિગત વર્તમાન પત્રમાં આ પ્રમાણે છે : "સ્નેહના દુકાળની વચ્ચે વૃદ્ધાશ્રમોની સંખ્યા વધી રહી છે. જિંદગીનાં ૧૭ વરસ વૃદ્ધાશ્રમમાં વિતાવનાર ૭૮ વર્ષનાં કમનસીબ મહિલાની જીવનકહાની સામાજિક ઉષ્માઓના ખાલીપાની કહાની કહી જાય છે. ૨૮ વર્ષ અગાઉ પતિ મૃત્યુ પામ્યા. વિધવાએ એક પુત્ર અને ત્રણ પુત્રીઓ ઉછેરીને સામાજિક ફરજો પૂર્ણ કરી હતી. પણ ૧૭ વરસ અગાઉ વિધવા માતાએ વૃદ્ધાશ્રમ જોવાનો વારો આવ્યો. પુત્રીઓ નિયમિત ખબર લેતી હતી પણ એકના એક પુત્રને માતા અકસ્માતે પડી જતાં થાપાનુ હાડકુ ભાગી જવા છતાં માતાની સંભાળ લેવાની લાગણી પણ ન થઈ. સરકારી અધિકારી તરીકે કામગીરી કરતા પુત્રએ નાણા આપવા પણ આનાકાની કરી તો સામાન્ય સ્થિતિની ત્રણ પુત્રીઓ તથા એક સેવાભાવી સદ્‌ગૃહસ્થના સહકારથી ઓપરેશન કર્યું. ઓપરેશન બાદ પુત્રના ઘરે માતાને થોડા દિવસ સાર સંભાળ માટે મૂકવાની વાત આવી તો તેની પણ પુત્રએ ના પાડી દીધી ! છેવટે એ જ આઘાતમાં માતાએ જીવ છોડયો તો છેવટે પુત્રએ અંતિમવિધિ માટે બે





કલાક આપ્યા !" *(ગુજરાત સમાચાર, તા. ૧૧–૩–૨૦૧૩)*

અફસોસ છે આવા કપૂતો પર કે જે જનેતાએ જીવથી વધારે જતન કરીને પુત્રને મોટો કર્યો, ભણાવ્યો કમાતો ધમાતો કર્યો, તે માતાની થોડા દિવસ પણ સંભાળ રાખવા તૈયાર નથી !

## ★ વૃંદાવનની વિધવાઓની શરમજનક દુઃખદ હાલત ★

હજી પણ જો વૃદ્ધાશ્રમોનો સર્વે કરવામાં આવે તો ઔલાદ હોવા છતાં કેટલાંય માબાપ વ્યથિત મને મજબૂરન વૃદ્ધાશ્રમમાં જીવનના અંતિમ દિવસો કાપતાં જોવા મળશે. આ તો ગુજરાતની વાત હતી, આવો હવે ઉત્તર પ્રદેશના વૃંદાવનમાં વિધવાઓ કેવી ભયાનક દારૂણ સ્થિતિમાં જીવે મરે છે તેનો રિપોર્ટ પણ જોઈ લો :–

"વૃંદાવન અને તેની આસપાસમાં રહેતી વિધવાઓ દારૂણ પરિસ્થિતિમાં જીવે છે પરંતુ મૃત્યુ પછી તો તેમની અંતિમવિધિ ખૂબ શરમજનક રીતે થાય છે. અખબારી અહેવાલોના આધારે થયેલી તપાસમાં બહાર આવ્યું છે કે કોઈ આશ્રમ અંતિમવિધિની જવાબદારી સ્વીકારતુ નથી એટલે આશ્રમની બાકીની મહિલાઓ સફાઈ કામદારને પૈસા આપીને બોલાવે છે જે રાત્રે આવી મૃતદેહના ટુકડા કરીને તેને એક કોથળામાં ભરીને નિકાલ કરી દે છે. "હિંદુ" અખબારમાં પ્રગટ થયેલી આ સ્ટોરી કાળજુ કંપાવી દે એવી છે.

ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લામાં આવેલા વૃંદાવન અને તેની આસપાસના વિસ્તારોમાં રહેતી વિધવાઓની હાલત અંગે ડિસ્ટ્રીક્ટ લીગલ સર્વિસ ઓથોરિટીએ કરેલા સર્વેમાં ઉપરોક્ત ચોંકાવનારી માહિતી મળી હતી. વિધવાઓની દશા અંગે અગાઉ છપાયેલા અહેવાલોના આધારે ઉત્તરપ્રદેશના ન્યાયમૂર્તિ અલ્તમેશ કબીરે નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીએ રાજ્યની લીગલ સર્વિસ ઓથોરીટીને સર્વે કરવાનો આદેશ આપ્યો હતો.

સ્ટેટ લીગલ સર્વિસને એવો પણ આદેશ આપવામાં આવ્યો હતો કે કેવા કારણોસર **આ મહિલાઓને તરછોડી દેવાઈ છે** તેની પણ તપાસ કરી **તેમના કુટુંબીજનો અને સંતાનો સામે પગલાં લો.** કેમ કે મેન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટસ એન્ડ સીનીયર સીટીઝન એક્ટ ૨૦૦૭ની કલમ

૨૪ હેઠળ **કુટુંબીઓ પર પગલાં લઈ શકાય છે.** આવી મહિલાઓની મિલ્કતો અને મિલકતના હક્કનું રક્ષણ કરવા પણ સત્તાવાળાઓએ પ્રયાસ કરવા જોઈએ એમ પણ લીગલ સર્વિસના રીપોર્ટમાં જણાવાયું છે.

આખો અહેવાલ મથુરાના ડિસ્ટ્રીક્ટ જજ સાથે રહીને વિધવાઓ સાથે કરાયેલી વાતચીત બાદ તૈયાર કરાયો છે. અહેવાલમાં દર્શાવાયું છે કે વૃંદાવન અને તેની આસપાસના વિસ્તારોમાં ૩,૧૫૧ જેટલી વિધવાઓ રહે છે. મોટાભાગની મહિલાઓ પશ્ચિમ બંગાળની છે અને વિધવા તરીકે નર્કસમાન જિંદગી તરફ તેમનું કુટુંબ તેમને ધકેલી દે છે.

કેટલાક કેસોમાં તો **યુવાન વયે વિધવા થતી મહિલાઓને ફરી લગ્ન કરવા દેવામાં નથી આવતાં અને તેનું કુટુંબ તેને તરછોડી દે છે.** કેમ કે આવક નહીં લાવતી હોવાથી મોટી ઉંમરે તેની જવાબદારી સ્વીકારવા કોઈ તૈયાર નથી હોતું......" *(ગુજરાત સમાચાર, તા. ૧૨–૧–૨૦૧૨)*

**ક્યાં છે સ્ત્રી આઝાદીની બૂમો પાડનારા અને માનવઅધિકારના ઝંડાધારીઓ ?!** આ તો અમુક નમૂના છે, આવું દેશભરમાં કેટલા ઠેકાણે થતું હશે, તો **ત્યાં તેમને સ્ત્રીઓ પ્રત્યે લાગણી કેમ નથી ઉભરાતી અને એના સામે પ્રચારની ચળવળ કેમ નથી ચલાવવામાં આવતી ?** પ્રાણીઓ માટે **જીવદયાની બૂમો પાડનારાઓને આ વિધવાઓમાં જીવ હોવાનુ નથી જણાતું ?** આવો ! હવે ઈસ્લામ માબાપની કાળજી સંબંધે તથા વિધવાઓના સંબંધે શું આદેશો આપે છે અને શું તાકીદ કરે છે તેનો અભ્યાસ કરીએ જેનાથી માબાપની તથા વિધવાઓની ઈજ્જત, તા'ઝીમ તથા કાળજી લેવાની ભાવના દિલોમાં જાગી ઉઠે.

### ★ માબાપની કાળજી સંબંધે કુર્આની આદેશ ★

રબ તઆલા ફર્માવે છે : "અને તમારા રબે હુકમ ફર્માવ્યો કે તેના સિવાય કોઈની બંદગી ન કરો, અને **માબાપની સાથે સારો વર્તાવ કરો.** જો તમારી સામે એમનામાંથી એક અથવા **બંનેવ વૃદ્ધાવસ્થામાં પહોંચી જાય તો તેમને "ઉફ" ન કહેશો** અને **તેમને ધમકાવશો નહીં** અને **તેમની સાથે ઈજ્જતભેર વાત કરશો. અને તેમના માટે આજીજીનો હાથ બિછાવ નરમ દિલથી,** અને અર્ઝ કર કે, હે મારા રબ ! તું આ બંને





પર રહમ કર જેવી રીતે કે આ બંનેવે મને બચપણમાં પાળ્યો." *(સૂરએ અસ્રાઅ્, આયત : ૩૩, પારા : ૧૫, કન્ઝુલ ઈમાન)*

આવો હુકમ કુર્આનમાં અનેક ઠેકાણે છે, જેમ કે એક ઠેકાણે રબ તઆલાનો આદેશ થયો, "તમે ફર્માવો, જે કાંઈ માલ ભલાઈમાં ખર્ચ કરો તો માબાપ તથા નજીકના સગાં તથા અનાથો તથા મોહતાજો તથા વટેમાર્ગુઓના માટે છે. અને જે ભલાઈ કરો, બેશક ! અલ્લાહ એને જાણે છે." *(સૂરએ બક઼રહ, પારા–૨, આયત : ૨૧૫)*

એક ઠેકાણે અલ્લાહનું ફર્માન છે : "અને અમે માણસને હુકમ કર્યો કે પોતાનાં **મા બાપની સાથે ભલાઈ કરે,** તેની માએ તેને પેટમાં રાખ્યો તકલીફથી, તેને જણ્યો તકલીફથી." *(સૂ. અહક઼ાફ, પા–૨૬, આ–૧૫)*

### ★ ખુદાને રાજી કરવો છે તો માબાપને રાજી રાખો ! ★

જો ખુદા નારાજ થશે તો બંદાને બંને જહાનમાં બર્બાદી તથા તબાહી સિવાય કાંઈ જ હાથ આવશે નહીં અને ખુદાને રાજી કરવાના ઈલાજ માટે આવો, અલ્લાહના પ્યારા રસૂલ صلی اللہ علیہ وسلم શું ફર્માવે છે તે જુઓ :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, "**અલ્લાહની રઝામંદી માબાપની રઝામંદીમાં** છે અને **અલ્લાહની નારાઝગી માબાપની નારાઝગીમાં** છે." *(તિર્મિઝી, ૨/૧૨)*

કેટલાક લોકો એવા દુનિયામાં જોવા મળશે કે જગતભરમાં લોકપ્રિય તથા વહાલા બને છે, દુનિયાવાળાઓ સાથે ખૂબ સારો વહેવાર કરે છે પણ ઘરે મા બાપ સાથે વાત કરવાની કે તેમની ખબર પૂછવાની કે તેમની રઝામંદીની પરવા નથી કરતા તેઓ સબક લે.

તેમજ હદીષે પાકમાં છે : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું : **"માબાપની ઈતાઅત (આજ્ઞાપાલન) અલ્લાહ عزوجل ની ઈતાઅત** છે અને **બાપની નાફર્માની ખુદા તઆલાની નાફર્માની છે."** *(તિબ્રાની)*

એક હદીષમાં છે, હઝરત અબૂ અમામા رضی اللہ عنہ વર્ણવે છે કે એક શખ્સે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની બારગાહમાં હાજર થઈને અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ !

ﷺ માબાપનો ઔલાદ પર શું હક્ક છે ? આદેશ આપ્યો, **આ બંનેવ તારી જન્નત તથા દોઝખ છે.** *(મિશ્કાત શરીફ, પેજ–૪૨૧)*

## ★ માબાપને રંજાડનારાઓ ખબરદાર ! સાવધાન ! ★

હાલમાં વર્તમાન પત્રોમાં વાંચવા મળે છે કે ક્યાંક પુત્રએ મિલ્કતના માટે **પિતાને કુહાડીના ફટકા મારીને કે દાદર પરથી ગબડાવી દઈને પતાવી દીધો !** તો ક્યાંક પુત્રએ પિતા શાદી ન કરાવતો હોવાથી કે રિસાઈને પિયર બેઠેલી પત્નીને બોલાવવા ન દેતો હોવાથી **લાકડીના સપાટા મારી પતાવી દીધો !** આવા બનાવો વાંચવા સાંભળવા મળે છે, જ્યારે કે અલ્લાહ ! રબ્બુલ ઈઝ્ઝતનું ફર્માન તો છે કે ખબરદાર ! મા બાપને "ઉફ !" કે "હું હ્ !" પણ ન કહો, નહીં તો તેમની નારાઝગીમાં તમારી બંને દુનિયામાં તબાહી નિશ્ચિત છે. વળી આજે પોતે સુખેથી પુત્રો જીવે છે, ક્યાંક પરદેશમાં મોજ મજાથી જીવે છે અને અહીં માબાપ દરદરની ઠોકરો ખાય છે અથવા દરેક કામમાં લોકોનાં મોહતાજ બની જીવી રહ્યાં છે અથવા વૃધ્ધાશ્રમોમાં કૂંચવાતા મને, કપાતા જિગરે દિવસો વિતાવી રહ્યાં છે ! તેવા લોકો વિચારે કે ક્યાંક અંતિમ દિવસોમાં તેમના પણ આ હાલ ન થાય ! કેમ કે હદીષે પાકમાં એવાઓ માટે જ વોર્નિંગ આવેલી છે, સાંભળો !

એક હદીષમાં છે કે, "તે શખ્સે પોતાના બાપની સાથે સારો વર્તાવ નથી કયો જેણે પોતાના બાપને તીવ્ર દષ્ટિએ (કડક નજરે આંખો કાઢીને) જોયો. નજરોથી નારાઝગી દર્શાવી. *(તફસીરે દુર્રે મન્સૂર, ૧૭૧/૪)* જ્યારે કડક નજરે જોવાની મનાઈ છે તો ગાળાગાળી તથા ફટકા મારનારના શા હાલ થશે ?!

એક હદીષમાં છે : મા બાપની નાફર્માનીથી બચો ! એટલા માટે કે જન્નતની ખુશ્બુ હજાર વરસના અંતર સુધી આવે છે અને **માબાપનો નાફર્માન તેની ખુશ્બુ પણ સુંઘી શકશે નહીં.** *(અહ્યાઉલ ઉલૂમ)*

તથા એક હદીષમાં છે : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે એકવાર રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **તેનું નાક ધૂળમાં મળે, તેનુ નાક ધૂળમાં મળે, તેનું નાક ધૂળમાં મળે !** અર્ઝ કરવામાં આવી,





કોનુ યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવ્યું, **એનું જેણે વૃધ્ધ મા બાપ અથવા એ બેમાંથી કોઈ એકને પામ્યાં છતાં જન્નતી ન થયો.** એટલે કે તેમની સેવા ચાકરી ન કરી અને ન કોઈ અન્ય રીતે તેમને રાજી રાખ્યાં જેના કારણે તે જન્નતનો હક્કદાર ન બન્યો. *(મુસ્લિમ શરીફ, ૨/૩૧૪, મિશ્કાત શરીફ–૪૧૮)*

મુસલમાનો ! વિચારો ! આ બર્બાદીની દુઆ તે માગી રહ્યા છે જેમને અલ્લાહ તઆલાએ રહમતુલ્લિલ્ આલમીન બનાવીને મોકલ્યા છે ! અને રસૂલે પાક ﷺની દુઆ કદી રદ નથી થતી ! જેથી ડરો ! અને માબાપને રાજી કરવામાં લાગી જાવ ! નહીં તો જહન્નમમાં પડવું નિશ્ચિત થશે !

## ★ માબાપ સાથે મહોબ્બત કરનારને મહાન બદલો ! ★

નારાઝગીની દષ્ટિથી મા બાપ પર નજર કરનાર તથા તેમના નાફર્માન વિશે વાંચ્યું કે તે જન્નતની ખુશ્બુ પણ પામશે નહીં, પણ માબાપ તરફ રહમની મહોબ્બતભરી નજર કરનારને શું બદલો મળે છે તે પણ જોઈ લો !

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે પણ આજ્ઞાંક્તિ ફરઝંદ **પોતાનાં માબાપને એકવાર રહમની નજરથી જુએ તો અલ્લાહ તઆલા તેના બદલામાં એક મક્બૂલ હજ લખશે.** લોકોએ અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ દિવસમાં સો વખત જુએ તો પણ ?! ફર્માવ્યું, હા ! અલ્લાહ ઘણો જ મહાન તથા ઘણો જ પાક છે.

સુબ્હાનલ્લાહ ! માણસ અન્ય કાંઈ કરવા લાચાર હોય પણ સાચા દિલથી મહોબ્બતભરી રહમ નજર તો માબાપ પર કરી શકે છે ! કેટલો મહાન બદલો એનો છે કે **મક્બૂલ હજ દરેક દષ્ટિ પર મળશે.** માણસ લાખો રૂપિયા ખર્ચીને, મુસીબતો વેઠીને હજ તો કરે છે પણ એની કોઈ ગેરંટી નથી કે એ મક્બૂલ થઈ ! જ્યારે અહીં હદીષમાં ગેરંટીથી છે કે ફક્ત એક રહમતભરી નજર કરી અને એક મક્બૂલ હજજનો સવાબ ! લૂટો મુસલમાનો સવાબ લૂટો ! જો તમારાં માબાપ હયાત હોય તો આ લાભથી વંચિત ન રહેશો !

### ★ માનો હક્ક઼ બાપથી પણ વિશેષ છે ★

હઝરત મુઆવિયહ બિન જામિઅહ رضی اللہ عنہથી રિવાયત છે કે જામિઅહ رضی اللہ عنہ એ હુઝૂરે અક઼દસ ﷺની ખિદમતમાં અર્ઝ કરી કે હું જેહાદ પર જવા ચાહું છું તો આપની સેવામાં મશવરો લેવા આવ્યો છું. આપે ફર્માવ્યું, તારી મા છે ? અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, તારી માની ખિદમત કર કે **જન્નત તેણીના ક઼દમ નીચે છે.** *(મિશ્કાત શરીફ, પેજ : ૪૨૧)*

એક હદીષમાં છે : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે એકવાર એક શખ્સ રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયો. તેણે સવાલ કર્યો, યા રસૂલલ્લાહ ! ﷺ સૌથી વિશેષ મારી ખિદમતનો મુસ્તહિક઼ કોણ છે ? આક઼ા ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "તારી મા !" તેણે અર્ઝ કરી, પછી કોણ ? આપે ઈર્શાદ ફર્માવ્યો, "તારી મા !" તેણે અર્ઝ કરી, પછી કોણ ? ઈર્શાદ થયો, "તારી મા !" પૂછવામાં આવ્યું, પછી કોણ ? રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તારો બાપ !" *(સહીહ બુખારી, મિશ્કાત શરીફ, પેજ : ૪૧૮)*

આ હદીષ પરથી રસૂલુલ્લાહ ﷺની નજીક માનુ મહત્વ કેટલુ અધિક છે તે સમજી શકાય છે. જેથી માની ખૂબ કાળજી રાખવી અને જીવનપર્યંત તેમની ખિદમતમાં રહેવું જોઈએ એ જ ઈસ્લામી તા'લીમ છે.

### ★ શું માનો હક્ક઼ અદા થઈ શકે ખરો ?! ★

એક શખ્સે પોતાની માને ખભા પર સવાર કરીને સાત હજો કરાવી. સાતમા હજ્જ વખતે તેને ખયાલ આવ્યો કે કદાચ મેં માનો હક્ક઼ અદા કરી આપ્યો છે. રાતે ખ્વાબમાં જોયું કે કોઈ કહેનારો કહી રહ્યો હતો કે જ્યારે તું બાળક હતો અને સખત ઠંડી હતી. તું માતા પાસે સૂઈ રહ્યો હતો અને તેં જાજરૂ કરી નાખ્યું તો તારી માએ બિસ્તર ઉઠાવીને ધોયું. ગરીબીના કારણે બીજુ બિસ્તર ન હોવાથી તારી મા સખત ઠંડીમાં ભીંજાયેલા બિસ્તર પર સૂઈ ગઈ અને તને રાતભર પોતાની છાતી પર સૂવાડી રાખ્યો હતો. તું કહે છે કે હક્ક઼ અદા થઈ ગયો ?! હે નાદાન ! હજી તો તું એક રાતનો હક્ક઼ પણ અદા નથી કરી શક્યો. *(તાલીમુલ અખ્લાક઼ બહવાલા બરકાતે શરીઅત)*

હદીષ શરીફમાં છે કે એક સહાબી رضی اللہ عنہએ હાજર થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ એક રસ્તામાં એવા ગરમ પથ્થરો પર કે ગોશ્ત





એના પર રાખવામાં આવતો તો ક઼બાબ બની જાય, એવા ગરમ પથ્થરો પર મેં છ માઈલ સુધી મારી માને પોતાની ગરદન પર સવાર કરીને લઈ ગયો છું. તો શું હવે તેણીનો હક્ક઼ અદા થઈ ગયો ? રસૂલે કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, તારા જન્મ વેળા જેટલા પ્રમાણમાં દર્દના ઝટકા તેણીએ વેઠયા છે કદાચ એમનામાંથી એક ઝટકાનો બદલો થઈ શકે. *(તિબ્રાની)*

જાણવા મળ્યું કે માણસ કહી જ નથી શક્તો કે મેં મારી માને આ આપ્યું કે તે આપ્યું, આ અહેસાન કર્યું કે તે એહસાન કર્યું ! માનો બદલો વાળી શકાતો જ નથી. છતાં જેઓ માતાઓને નિરાધાર રઝળતી કરી મૂકે તો કેવા બદ્‌બખ્ત તથા નમકહરામ કહેવાશે ?!

### ★ મા સાથે કે માસી સાથે ભલાઈ કરનારના ગુનાહ માફ ! ★

સૈયદના હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما કહે છે કે એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારાથી એક મહાન ગુનોહ થઈ ગયો છે તો શું મારા માટે તૌબાનો કોઈ ચારો છે ?! પૂછયું, તારી મા જીવે છે ? તે શખ્સે કહ્યું, નહીં ! આપે ફર્માવ્યું, શું તારી માસી છે ? તેણે કહ્યું, હા ! હુઝૂરે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, તેણીની સાથે ભલાઈ કર ! (તારો ગુનોહ માફ થઈ જશે.) *(તિર્મિઝી શરીફ, ૨/૧૨)*

એક દિવસ એક શખ્સે હઝરત અબૂ ઈસ્હાક઼ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانનેે કહ્યું કે મેં રાત્રે ખ્વાબમાં આપની દાઢી યાકૂત તથા જવાહિરાતથી સજ્જ થયેલી જોયી છે. હઝરત અબૂ ઈસ્હાક઼ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَان ફર્માવવા લાગ્યા કે, તેં સાચુ કહ્યું ! રાતે **મેં મારી માના ક઼દમ ચૂમ્યા હતા, આ તેની બરકત છે.** પછી એક હદીષે પાક સંભળાવી કે શહનશાહે કૌનૈન ﷺ ફર્માવે છે, અલ્લાહે લોહે મહફૂઝ પર એ લખી આપ્યું છે કે, "હું ખુદા છું, મારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી. **જે શખ્સનાં માબાપ તેનાથી રાજી છે તેનાથી હું પણ રાજી છું."** *(નુઝહતુલ મજાલિસ)*

આજે લોકો માબાપના હાથ પગો ચૂમવામાં શરમ અનુભવે છે ! અને પીર બુઝુર્ગો, ઉસ્તાદોના હાથ પગો ચૂમી લે છે. તો આ હદીષ પરથી સમજવું જોઈએ કે પ્રથમ મા બાપના હાથ પગો ચૂમે, તેમની તા'ઝીમ કરતાં શીખે પછી જરૂરથી પીર, બુઝુર્ગ, ઉસ્તાદના હાથ પગ ચૂમે, તેમની દુઆઓ લે,

પણ મા બાપની દુઆ જરૂરથી લે. જેમ કે હદીષે પાકમાં છે : **બાપની દુઆ બેટાના હક્ક઼માં એવી છે કે જેવી રીતે એક નબીની દુઆ ઉમ્મતીના હક્ક઼માં હોય છે.** તેમજ **માની દુઆથી બેટા વલી બની જતા હોય** છે, જેમ કે હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہનો વાક઼યો મશ્હૂર છે, જેથી માબાપથી ખાસ દુઆ કરાવતા રહેવું જોઈએ.

અને માબાપના મૃત્યુ બાદ પણ તેમને ભૂલી જવાનાં નથી, બલ્કે તેમની ક઼બ્રની સતત ઝિયારત કરતા રહેવું જોઈએ. જેમ કે હદીષે પાકમાં સરકારે દો આલમ صلی اللہ علیہ وسلم ફર્માવે છે : ''જે સવાબની નિય્યતે માબાપ અથવા એ બંનેમાંથી એકની ક઼બ્રની ઝિયારત કરે તો **હજ્જે મબરૂરનો સવાબ** પામશે. અને જે માબાપ અથવા એમનામાંથી કોઈ એકની ક઼બ્રની ઝિયારત પુષ્કળ પ્રમાણમાં કરતો હોય તો **ફરિશ્તા તેમની ક઼બ્રની ઝિયારત માટે આવશે.**

આ છે માબાપનો ઈસ્લામમાં મર્તબો ! અને માબાપની કાળજી લેવાની બરકતો ! અને આ જ કારણે **ગમે તેવો અજ્ઞાની મુસલમાન મોટાભાગે માબાપની કાળજી લેતો રહે છે અને યથાશક્તિ ખિદમત કરતો રહે છે.** કદાચ જ આવી તા'લીમ કોઈ અન્ય મઝહબમાં માબાપની ઈજ્જત તથા કાળજી સંબંધે હશે, જેથી અધિક્તર મા બાપને તરછોડવાના બનાવો ગૈર મુસ્લિમોમાં બને છે અને **Old House** કે ઘરડાં ઘર કે વૃદ્ધાશ્રમોમાં એમની જ સંખ્યા અધિક હોય છે. મુસલમાન માટે જરૂરી છે કે માબાપના આદાબ સંબંધી આ કુર્આન હદીષની તા'લીમથી જો તેઓ પણ પોતાની ઔલાદને વંચિત રાખશે તો તેમના પણ ઉપર વર્ણન થયા તેવા ભૂંડા દિવસો આવી શકે છે ! માટે બાળકોને દુનિયાના એજ્યુકેશનની સાથે સાથે દીની અખ્લાક઼ી તા'લીમ જરૂર આપે જેથી બાળક જ્યારે સમજી લેશે કે, ''માના ક઼દમો નીચે જન્નત છે'' તો એ કદી માબાપને ન સતાવશે ન તરછોડશે.

### ★ પુત્રી, વિધવા, ત્યક્તા તથા યતીમ વિશે ઈસ્લામી આદેશો ★

આજે વિધવા સ્ત્રીઓની શું હાલત થઈ રહી છે તે તો આગલા લખાણોમાં આપે જોઈ લીધું, એ ઉપરાંત પુત્રી જન્મના પ્રસંગને પણ કેટલાક લોકો ગમીનો પ્રસંગ સમજે છે તથા ઈસ્લામના ઝહૂર પહેલાં **પુત્રીઓને જીવતી દાટી દેવામાં આવતી હતી** તો આજે ગર્ભ પરીક્ષણ કરી **ગર્ભમાં જ તેનું ખૂન ગર્ભપાત થકી કરવામાં આવે છે !** તેમજ ત્યક્તા તથા યતીમોની





પણ કફોડી હાલત થતી હોય છે. પણ ઈસ્લામે તેમને શું ઈજ્જત આપી છે તેનો પણ અભ્યાસ કરી લો.

સહીહ મુસ્લિમમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જેની ઉછેર હેઠળ બે પુત્રીઓ બાલિગ થતા સુધી રહે તે **ક઼યામતના દિવસે** આ રીતે આવશે કે **હું અને તે પાસે પાસે હોઈશું.** અને હુઝૂર صلی اللہ علیہ وسلمએ પોતાની આંગળીઓ ભેગી કરીને ફર્માવ્યું, આ પ્રમાણે !

શરહેસુન્નહમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે શખ્સ **યતીમને પોતાના ખાવા પીવામાં શરીક કરે** તેના માટે અલ્લાહ તઆલા જરૂર **જન્નત વાજિબ** કરી આપશે, સિવાય કે એવો ગુનોહ કર્યો હોય જેની મગફેરત ન થાય. અને જે શખ્સ ત્રણ **પુત્રીઓ** અથવા એટલી જ **બહેનોની પરવરિશ કરે,** તેમને અદબ શીખવાડે, **તેમના પર મહેરબાની કરે,** ત્યાં સુધી કે અલ્લાહ તઆલા તેમને બેનિયાઝ કરી આપે (એટલે તેમને જરૂરત ન રહે) તો **અલ્લાહ તઆલા તેના માટે જન્નત વાજિબ કરી આપશે.** કોઈકે અર્ઝ કરી, જો બે પુત્રીઓ હોય તો ? ફર્માવ્યું, બે (હશે તો પણ). અને જો લોકોએ એક માટે કહ્યું હોત તો પણ એ જ ફર્માવતા. (એટલે એમાં પણ એ જ સવાબ છે).

ઈમામ અહમદ તથા હાકિમે તથા ઈબ્ને માજહએ સુરાકા બિન માલિક رضی اللہ عنہથી રિવાયત કરી કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, શું તમને ન બતાવી દઉં કે અફઝલ સદક઼ો શું છે ? તે **પોતાની તે પુત્રી પર સદક઼ો (ખર્ચ) કરવું છે જે તમારા તરફ પાછી આવી** (એટલે કે **વિધવા** થઈ અથવા **પતિએ તલાક઼** આપી હોય) તમારા સિવાય તેનો કમાનાર કોઈ નથી. *(ઈસ્લામી અખ્લાક઼ો આદાબ)*

તેમજ **વિધવાની ખિદમત કરનાર વિશે છે,** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **વિધવાઓ** તથા **મિસ્કીનોની ખબરગીરી કરનારા** અલ્લાહની રાહમાં **જેહાદ કરનારની જેમ** છે. અને મારા ખયાલમાં આપે ફર્માવ્યું, એ ક઼યામ કરનાર (નમાઝ પઢનાર)ની જેમ જે ન થાકે અને એ રોઝાદારની જેમ જે રોઝો ન છોડે. *(મિશ્કાત શરીફ, ૩/૪૫૧)*

સારાંશ કે ઈસ્લામે સ્ત્રીઓ પર કેટ કેટલાં એહસાનો કર્યા છે ! તેમજ વિધવાઓની શાદીને કેટલાક લોકો અચબ તથા શરમની વાત સમજે છે અને **ભરયુવાનીમાં શાદી થતાં જ પતિ મૃત્યુ પામે છતાં તેણીને શાદી ન કરવા દઈને તે વિધવાની જિંદગીને ઝહેર બનાવી દેતા હોય છે, તેણીને મનહૂસ સમજતા હોય છે. આપણે ત્યાં ભારતમાં એક સમયમાં તો પતિના મૃત્યુ પર પત્નીએ પતિની ચિતા પર પતિ સાથે જીવતા સળગીને સતી થવુ પડતુ હતું !** જ્યારે ઈસ્લામના મહાન પયગંબરની જ તે જાત છે જેમણે ૨૫ વરસની વયે સૌ પ્રથમ **એક વિધવા હઝરત ખદીજા** رضی اللہ عنہا **ની સાથે શાદી કરીને દુનિયાને સબક઼ આપ્યો કે વિધવાની શાદી થઈ શકે છે અને તેની શાદી કરીને તેને પણ આનંદથી જીવન જીવવાનો હક્ક઼ છે અને તે હરગિઝ મનહૂસ નથી, તેણી પણ માનવ છે અને ઈજ્જતને પાત્ર વ્યક્તિ છે.**

તો જે લોકો સ્ત્રીઓ બાબતે વિરોધીઓની ઉડાવેલી અફવાઓથી ગલતફહમીમાં હોય તેઓ ફરી ઉપરનો લેખ વાંચે અને ઈસ્લામે સ્ત્રીઓની રક્ષાની, ઈજ્જતની તથા તેમની જિંદગી ખુશગવાર રહે તે માટે કેટલા આદેશો આપેલા છે તે જુએ અને બોધ લઈને સ્ત્રીઓની ક઼દર કરતાં શીખે. તેમજ મુસલમાનો પણ સ્ત્રીઓ, પુત્રીઓ, યતીમો, વિધવાઓ સાથે કુર્આન હદીષના સૂચવ્યાનુસાર સારામાં સારો વ્યવહાર કરે એમાં જ સૌની ભલાઈ છે, નહીં તો દુનિયા તથા આખેરતના અઝાબ માટે તૈયાર રહે !

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, એપ્રિલ–૨૦૧૩, તંત્રી લેખ)*





## (પ્રકરણ : ૧૩)

## ઈસ્લામમમાં સ્ત્રીઓનો વારસાઈ હક્ક઼ અને આપણે !

આજે મુસ્લિમ સમાજ જે બેઅમલી અને બદ્ નિય્યતિનો શિકાર છે તેનાથી કોઈ પણ બેખબર નથી. દિલથી લઈને દિમાગ સુધી અને શરીરથી લઈને લિબાસ સુધી અંગ્રેજી સંસ્કૃતિ તથા કલ્ચરની બોલબાલા જોવા મળે છે. વિચાર તથા દષ્ટિની વિશાળતાઓમાં માનવતા, શરાફત, મહોબ્બત, લાગણી તથા હમદર્દી, ગમખ્વારીની જગ્યાએ ઘમંડ તથા અભિમાન, જુલ્મો સિતમ અને હક્ક઼ તલ્ફી (કોઈનું પડાવી ખાવું) નજર આવે છે. એક માણસ બીજા માણસનો હક્ક઼ ઝુંટવે છે ત્યાં સુધી કે એક ભાઈ બીજા ભાઈનો હક્ક઼ મારે છે અને બહેનનો હક્ક઼ દબાવે છે.

હક્ક઼ દબાવવા બાબતનાં ઘણા દષ્ટાંતો છે એમાંથી એક દષ્ટાંત સ્ત્રીઓના વારસા સંબંધી પણ છે, જેના પ્રતિ ગંભીરતા આમ તથા ખાસ લોકોના દિલો દિમાગથી નીકળી ચૂકી છે. દુનિયાની જાહોજલાલી તથા માલ દૌલતની લાલચે મુસલમાનોને ઈસ્લામી ક઼ાનૂનથી ઘણા દૂર કરી દીધા છે.

ઈસ્લામ ધર્મે સ્ત્રીઓને માનવંતુ સ્થાન આપીને અપમાન, તિરસ્કાર અને દુર્દશામાંથી કાઢી ઊંચા આસને બેસાડી છે. ઈસ્લામ ધર્મમાં અલ્લાહ તઆલાના હુકમ મુજબ સ્ત્રીઓને અનેક હક્કો અને અધિકારો આપવામાં આવ્યા છે. દયાજનક સ્થિતિઓમાંથી તેણીઓને બહાર કાઢવામાં આવી છે અને તેણીઓ સાથે સદ્ વર્તાવ કરવાના આદેશો અપાયા છે.

પણ આજે આપણા મુસ્લિમ સમાજમાં જેહાલત અથવા હક્ક઼ તલફીના કારણે એવી માન્યતા સર્વત્ર ફેલાઈ ગઈ છે કે, ''મરનાર વ્યક્તિના જે દીકરા હોય તેમને જ બધો વારસો મળે અને મરનારની દીકરીઓનો કશો હક્ક઼ નથી !'' આ માન્યતા તદ્દન ગલત અને પાયાહિન છે. વળી કેટલાક મુસલમાનો એવું કહે છે કે, ''સ્ત્રીઓ પોતાનો હક્ક઼ માગતી નથી માટે અમે આપતા નથી, તેણી પોતાનો હક્ક઼ માફ કરી દે છે ! અરે ભાઈ ! તેણીનો હક્ક઼ તેણીના હાથમાં મૂકો અને પછી માફ કરે તો જૂદી વાત છે ! પણ આમ જ માફ કરાવી લો તો ન ચાલે ! સ્ત્રી શરમમાં બોલતી નથી પણ દિલમાં

રંજ જરૂર અનુભવતી હોય છે. વળી કેટલાક કહે છે કે આપણે છોકરીની શાદી કરાવી દઈએ છીએ તેમાં ખર્ચ થાય છે, સોનુ વગેરે આપીએ છીએ જેથી તેણીનો હક્ક઼ પૂરો થયો ! નહીં ભાઈ ! એવું નથી ! શાદી તો છોકરાની પણ કરો છો ! પછી તેનો હક્ક઼ શા માટે ?! હક્ક઼ તો દરેકનો બાકી જ રહે છે ! કેટલાક વળી એવું સમજે છે કે ફોઈ અને બહેનોને આપવાથી આપણો માલ ઓછો થઈ જશે. પરંતુ યાદ રાખવું જોઈએ કે **વારસાઈનો મસ્અલો ઈસ્લામી શરીઅતનો મહત્વનો મસ્અલો છે, જેના સબૂતમાં કુર્આન તથા હદીષ અને ઈજમાએ ઉમ્મતની દલીલો આવેલી છે.**

હદીષે પાકમાં છે, સઅદ બિન રબીઅની પત્ની કબીલાએ સઅદથી પોતાની બે દીકરીઓને લઈને હુઝૂરે અકરમ ﷺની બારગાહમાં આવ્યાં અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આ બંને સઅદ બિન રબીઅની દીકરીઓ છે જે આપની સાથે ગઝવએ ઉહદમાં શહીદ થઈ ગયા છે અને તેમના કાકાએ બધો માલ હડપ કરી લીધો છે, તેમના માટે કાંઈ નથી છોડયું અને વગર પૈસે તેમનો નિકાહ પણ નથી થઈ શક્તો. આપે ઈર્શાદ ફર્માવ્યો, અલ્લાહ તઆલા એનો ફેંસલો ફર્માવશે. તો તરત જ વારસાની આયત નાઝિલ થઈ. જેથી સરકાર ﷺએ એક માણસને તેમના કાકા પાસે મોકલ્યો અને ફર્માવ્યું કે સઅદની બે દીકરીઓને ૨/૩ આપી દો અને માંને આઠમો ભાગ, એના પછી જે કાંઈ બચી જાય તે તમારો છે.

એના સિવાય બીજી પણ હદીષો છે જેમાં સરકાર રસૂલે અકરમ ﷺએ વારસદારોના હિસ્સા અને ભાગનું વર્ણન ફર્માવ્યું છે અને વારસાની વહેંચણી માટે ઈલ્મે ફરાઈઝ શીખવાની તલકીન પણ ફર્માવી છે. ઈર્શાદે રસૂલે અકરમ ﷺ છે કે : تَعَلَّمُوا الْفَرَا ئِضَ وَ عَلِّمُوهَا النَّاسَ فَانَّهَا نِصفُ الْعِلْمِ

"ઈલ્મે ફરાઈઝ શીખો અને બીજાઓને પણ શીખવાડો કેમ કે તે અડધો ઈલ્મ છે."

બીજી એક હદીષમાં ઈર્શાદ ફર્માવ્યો કે :–

اقْسِمُوْ الْمَالَ بَيْنَ اَهْلَ الْفَرَائِضِ عَلٰى كِتَابِ اللّٰهِ

"અલ્લાહની કિતાબમાં બતાવ્યા મુજબ તમે તે લોકોને ભાગ વહેંચી આપો જેમના હિસ્સા નક્કી કરવામાં આવ્યા છે."





કુર્આને હકીમમાં વારસાઈ ક઼ાનૂનના આદેશો 'સૂરએ નિસાઅ'માં ફર્માવ્યા છે. તેમાં ઈર્શાદે રબ્બાની છે :–

يُوْصِيْكُمُ اللّٰهُ فِىۡ اَوْلَادِكُمْ لِلذَّكَرِمِثْلُ حَظِّ الْاُ نْثَيَيْنِ۔

"અલ્લાહ તમને હુકમ કરે છે તમારા સંતાનોના વારસાની વહેંચણીમાં પુરૂષનો હિસ્સો બે સ્ત્રીઓના હિસ્સા સમાન છે." *(આયત–૧૧)* મતલબ એ થયો કે પુરૂષને ડબલ હક્ક઼ મળશે અને સ્ત્રીને સિંગલ. તેનું કારણ એ છે કે, ઉપર મુજબ બાપની સંપત્તિમાંથી દીકરીને હિસ્સો મળે જ છે અને પરણાવ્યા પછી પતિના માલમાંથી પણ શરીઅતના મુજબ તેણીને હિસ્સો મળે છે. ઉપરાંત મહેરની રકમ ભેટ સોગાદ વગેરે શાદી પ્રસંગે મળે છે, તે સર્વેનો માલિકી હક્ક઼ ઈસ્લામે તે સ્ત્રીને જ આપ્યો છે. તે માલ ઉપર અથવા ચીજ વસ્તુ ઉપર, તેણીની માં, પતિ અથવા પિતાનો કોઈ જ હક્ક઼ નથી. આ રીતે દીકરીને પણ તેના ભાઈ જેટલું મળી જાય છે. સૂરએ નિસાઅ, આયત ૧૧માં ફર્માવ્યું, "જે મરનારના સંતાનોમાં એકલી દીકરીઓ જ હોય ભલે બેથી વધુ તો મરનારની સંપત્તિમાંથી તેણીઓને ૨/૩ ભાગ મળશે પરંતુ મરનારને જો માત્ર એક જ દીકરી હોય (બીજાં સંતાન ન હોય) તો તેણીને ૧/૨ (અડધો) હિસ્સો મળશે." આ રીતે વહેંચણી કર્યા બાદ, બાકીનો વધેલો હિસ્સો બીજા વારસદારોમાં વહેંચાશે.

ઉપર મુજબ દીકરીઓના હક્ક઼ સ્પષ્ટપણે 'સૂરએ નિસાઅ'માં બતાવી દેવામાં આવ્યા છે, છતાં પણ અલ્લાહના આદેશોનો છડેચોક ભંગ કરીને તેણીઓને પોતાનો હક્ક઼ મેળવવાથી વંચિત રાખવામાં આવે છે તે માટે અલ્લાહથી ડરવું જોઈએ. આયતની શરૂઆતમાં જ يُوْصِيْكُمُ اللّٰهُ فِىۡ اَوْلَادِكُمْ શબ્દો વાપર્યા છે. يُوْصِيْكُمُ اللّٰهُ શબ્દ સ્પષ્ટ કરે છે કે એ અલ્લાહનો આદેશ છે, વારસાનો ઈસ્લામી ક઼ાનૂન કોઈ વ્યક્તિ અથવા કમિટીએ બનાવેલ નથી કે આપણી મરજી પ્રમાણે તેમાં ફેરફાર થઈ શકે. કુલ બે આયતોમાં માં, બાપ, પતિ, પત્ની, ભાઈ, બહેન, દીકરા, દીકરી... વિગરેના હક્કો઼ ઘણા જ વિગતવાર બયાન કરવામાં આવ્યા છે. એ બે આયતો પૈકી પહેલી આયતના અંતમાં ફરીથી આ રીતે તાકીદ કરી દે છે કે, **فريضة من الله** એટલે કે, "આ આદેશ અલ્લાહ તરફથી ફર્ઝ કરેલો

છે.'' બીજી આયતના અંતમાં આ રીતે ફરીથી આદેશ આપ્યો છે કે, فريضة من الله એટલે કે ''આ વસિય્યત આ આદેશ અલ્લાહ તરફથી છે.''

સમગ્ર 'સૂરએ નિસાઅ'માં બીજા અહકામની સાથે વારસા વહેંચણીના હુકમોને મહત્વ આપીને સમજાવ્યા છે અને એની વિશે વારંવાર તાકીદ અને મહત્વતા જાહેર કરેલ છે.

ઉપર જણાવેલ આયતો અને હદીષોથી સ્પષ્ટ જણાયું કે વારસાની ગણના ''હુકુકુલ ઈબાદ'' (બંદાઓ હક્ક઼)માં થાય છે. બંદાઓના હક્ક઼ અદા કરી દેવા ફરજિયાત છે. જ્યાં સુધી એ હક્ક઼ તલ્ફી (હક્ક઼ મારવો) એ જુલ્મ અને એ અત્યાચાર તે મઝલૂમ શખ્સ માફ ન કરી આપે જેનો હક્ક઼ માર્યો છે ત્યાં સુધી સજાપાત્ર ગણાશે અને એ ક઼યામતમાં બરબાદી લાવીને જ રહેશે.

યાદ રાખો ! નબીએ કરીમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો છે, સર્વે હક્ક઼વાળાઓને તેમના હક્ક઼ પહોંચાડવામાં આવશે ત્યાં સુધી કે શિંગડાં વિનાની બકરીનો બદલો શિંગડાવાળી બકરીથી લેવામાં આવશે.

ઉપરોક્ત હદીષનો અર્થ એ છે કે જો શિંગડાવાળી બકરીએ શિંગડા વિનાના બકરીને ભેટી મારી હશે તો ક઼િયામતના દિવસે તે શિંગડા વિનાની બકરી ભેટી મારનાર બકરીને ભેટી મારીને પોતાનો હક્ક઼ વસૂલ કરશે.

ભાઈઓ અને બહેનો ! મુંગા જાનવરોના હક્ક઼ આપવા માટે પણ આટલી બધી ચોકસાઈ થવાની છે, તો પછી ઈન્સાન છે કે જેને દરેક રીતે વાકેફ કરી દેવામાં આવ્યો હોય અને છતાં જો તે કોઈનો હક્ક઼ ડૂબાડશે, તો ક઼િયામતના દિવસે તેની કેવી કફોડી હાલત થશે ? તેનો માત્ર વિચાર કરતાં જ આપણને કંપારી છૂટી જાય છે.

યાદ રાખો કે મરનારની દીકરીઓ હોય, બહેનો હોય, માં હોય.... વગેરે જે સ્ત્રીઓ હક્ક઼દાર હોય તેમના હક્ક઼ શરીઅતના આદેશો મુજબ આપી દેવામાં જ આપણી ભલાઈ છે. **કોઈનો હક્ક઼ દબાવવો એ હરામ માલ ખાધા બરાબર છે.** ઈસ્લામી ક઼ાનૂન પ્રમાણે વસિય્યત, વારસો અને દરેક પ્રકારની માલી લેવડ દેવડનો મક઼સદ એક ખુશહાલ સુવ્યવસ્થિત સમાજની સ્થાપ્ના કરવાનો છે. જેથી મુસ્લિમોએ વહેલી તકે ઈસ્લામી





આદેશો પર અમલ કરવાનું શરૂ કરવું જોઈએ. ઈસ્લામના આદેશોને અમલમાં મૂકવા જોઈએ. વર્તમાન યુગમાં વારસા વહેંચણીના ઈસ્લામી આદેશો પ્રચલિત કરવા જોઈએ, તેની પહેલ કરવામાં ઘણો જ સવાબ છે. હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો છે, ''જેણે મારી સુન્નતોમાંથી કોઈ એક સુન્નતને જીવંત કરી જે મારા પછી ભૂલાઈ ગઈ હોય, તો જેટલા લોકો તેની ઉપર અમલ કરશે તેનો સવાબ તે સુન્નત જીવંત કરનાર શખ્સને મળશે.''

વળી મિશ્કાત શરીફની હદીષમાં આ મુજબ જણાવ્યું છે કે, ''મારી ઉમ્મતના બગાડવાના સમયે જેણે મારી સુન્નતને પકડી રાખી તેને સો શહીદોનો સવાબ અર્પણ કરવામાં આવશે.''

હવે વિચાર કરો કે **એક સુન્નત જીવંત કરવાનો આટલો બધો સવાબ રાખ્યો છે તો એક ફર્ઝ જીવંત કરનારને કેટલો મહાન સવાબ મળશે ?!** આજે લોકોએ સ્ત્રીઓનો વારસાઈ હક્ક઼ લગભગ નાબૂદ કરી નાખ્યો છે, તો આવા મરી પરવારેલા ફર્ઝને જો કોઈ શખ્સ જીવંત કરે, તેનો પ્રચાર કરે, તે પ્રથાને પ્રચલિત કરે તો ઉપરની હદીષ મુજબ સો શહીદોથી વિશેષ સવાબ અને જ્યાં સુધી એ ફર્ઝ ઉપર લોકો અમલ કરતા રહેશે ત્યાં સુધી એ સર્વે અમલ કરનારાઓના જેટલો જ સવાબ પણ તેને મળતો રહેશે.

અત્રે એક મસ્અલો બયાન કરીને લેખ સમાપ્ત કરું છે. મરનારનો જે કાંઈ માલ, ધન, સંપત્તિ હોય તેમાંથી પ્રથમ જે ખર્ચ કરવાનો છે તે આ મુજબ છે :–

(૧) પ્રથમ કફન દફનનો ખર્ચ કરવો (૨) પછી મરનારનું દેવું અદા કરવી દેવું (૩) તે પછી મરનારે જે કાંઈ વસિય્યત કરી હોય તે મુજબ અદાયગી કરી દેવી. (૪) વારસોના વચ્ચે માલની વહેંચણી. અત્રે એ વાત યાદ રાખવની છે કે કફન દફનનો ખર્ચ અને દેવું ભરપાઈ થયા બાદ જે કાંઈ સંપત્તિ બચશે તો તેવા બચેલા માલના ત્રીજા ભાગ મુજબ વસિય્યત પૂરી કરવામાં આવશે. વસિય્યતમાં ૧/૩ સંપત્તિ આપી શકે છે તેથી વધુ વસિય્યત કરી શકતો નથી. એ રીતે કફન દફન તથા કરજની રકમ અને વસિય્યત મુજબનો હક્ક઼ અપાયા બાદ જો કાંઈ જ ન બચે તો વારસદારોને

કશું જ મળશે નહીં. અને એ પણ શરતો મુજબ અનુક્રમે અદાયગી થઈ ગયા બાદ જે માલ બચતો હોય, તો તે બચેલા માલની વહેંચણી ઈસ્લામી ક઼ાયદા મુજબ તમામ વારસદારો વચ્ચે કરવામાં આવશે. તેમાં વિશેષ કરીને, માં, બહેન, ફોઈ, દીકરીઓ એ રીતે સ્ત્રી વર્ગના વારસદારોને કેટલો હક્ક઼ મળે તેમ છે તેની જાણકારી કોઈ પણ મુફ્તી સાહબ પાસેથી મંગાવી લેવા અને ઈસ્લામી ક઼ાનૂન મુજબ દરેક હક્ક઼દાર પુરૂષને અને દરેક હક્ક઼દાર સ્ત્રીને જે જે હિસ્સો તેમને મળતો હોય તેનો હિસ્સો તેમને અવશ્ય આપી દેવો, એવું કરવાથી હક્ક઼ અદા થઈ જશે અને અલ્લાહ તેમજ તેના પ્યારા હબીબ ﷺ પણ રાજી થશે. અલ્લાહ દરેક મુસલમાનને નેક તૌફીક઼ આપે, અને હુકૂકુલ ઈબાદ અદા કરવાની સદ્‌બુદ્ધિ આપે. સ્ત્રી વર્ગના હક્ક઼ો સમજવાની તથા એની અદાઈગીની તૌફીક઼ આપે. (આમીન)

*–(અઝ : મુફ્તી મુહમ્મદ હસન રઝવી, બેડીવાળા–જામનગર બરકાતે ખ્વાજા–માસિક, જુન–૨૦૦૮)*





## (પ્રકરણ : ૧૪)

## વારસામાં બહેનોના હિસ્સા વિશે કુર્આની આદેશને પાળો !

મુસલમાનો ! કુર્આન પર ઈમાન છે તો તેના આદેશોને માથે ચઢાવો અને પિતાના મૃત્યુ બાદ પિતાની જે મિલ્કત જમીનો, ઘરો, બેલેન્સ તથા અન્ય થાપણો જે બચ્યું કે બાકી રહ્યું હોય તેના કુર્આની આદેશ મુજબ ભાઈઓ તથા બહેનોમાં ભાગ પાડી દરેકનો હક્ક઼ દરેકને સોંપો, નહીં તો તમો કોઈનો માલ હડપ કરનારા ગણાશો, અને તેની સજા દુનિયા તથા આખેરતમાં વેઠવી પડશે. **કોઈની એક ઈંચ જમીન પચાવી પાડી હશે તો ક઼યામતમાં એ બધી જ જમીનનો પાતાળ સુધીનો ભાગ (સાત જમીનો) પચાવી પાડનારના ગળે લટકાવવામાં આવશે.** એવો અસહ્ય અઝાબ ત્યાં વેઠવાનો થશે. *(મુસ્લિમ શરીફ, બુખારી શરીફ)*

બહેનને હિસ્સો આપવાની વાત આવે છે તો કેટલાક કહે છે કે બહેનો તો માફ કરી આપે છે ! ભાઈ ભાઈ હિસ્સા માટે દુશ્મન બને છે અને ઝઘડે છે તેને જોતાં બહેન બીચારી કાંઈ બોલતી નથી તો હિસ્સો આપ્યા વિના તેણી પાસે એફીડેવીટ કરાવીને હક્ક઼ ઉઠાવી લેવડાવે છે ! તમારે મિલ્કતની જરૂરત છે તો કેમ તે માણસ નથી ?! તેને જીવન જીવવાનું નથી ?! તેણીને ઔલાદ નથી ?! અને તેણીને જરૂરત હોય કે ન હોય પણ શરીઅતે આપેલ તેણીનો હક્ક઼ તેને આપવો જ જોઈએ. વળી કેટલાક કહે છે કે બહેનને તો અમે શાદી કરી આપી, ઘરેણા આપ્યાં વગેરે.......તો કેમ ભાઈ ?! તમારી શાદીમાં ખર્ચા નથી થયા ? તમારી પાછળ ખર્ચા નથી થયા ?! એ તો માબાપની ભાઈની ફરજ હતી કે દીકરીને ઠેકાણે પાડે, પણ **બાપની મિલ્કતમાં એનો ચોક્કસ હક્ક઼ છે એ તેણીને આપો નહીં તો હરામનો માલ પચાવી પાડનારમાં તમારું નામ લખાશે ! અને ક઼યામતમાં બધું જ ગળે વળગશે !** વળી હાલમાં જમીનો કરોડો ને અબજોમાં વેચાય રહી છે તો બહેનોને શરીઅત મુજબ ભાગ આપવાને બદલે ભાઈઓ અમુક લાખ પકડાવીને પતાવી નાખે છે ! તો આ સરાસર ધોકો છે ! એમને કુલ મિલ્કતમાંથી જે શરીઅત સૂચવે છે તેટલો ભાગ આપો અને આપો જ ! મરનારની પત્ની તથા પુત્રો પુત્રીઓ હયાત છે તો કુલ મરનારની મિલ્કતના આઠ હિસ્સા થશે, માને એક હિસ્સો, બાકીના

હિસ્સાઓમાંથી પુત્રોને ડબલ, પુત્રીઓને સિંગલ હિસ્સો વહેંચાશે. બાપની મિલ્કતમાંથી બહેનને "ચોથાઈ" આપવી એવું જે બોલાય છે એ ગલત છે. કેટલા ભાઈ, કેટલી બહેનો છે તે પ્રમાણે મિલ્કતના હિસ્સા પાડીને પછી જ વહેંચણી થશે. વાંચકોની સમજ માટે નીચે એક વારસા વિશેનો સવાલ જવાબ રજૂ કરીએ છીએ જેને વાંચો અને હિદાયત મેળવો.

**સવાલ** : શું ફર્માવે છે દીનના આલિમો તથા શરીઅતના મુફતીઓ આ મસ્અલામાં કે 'ઝયદ'ના પિતા મૃત્યુ પામ્યા છે અને માતા પણ મૃત્યુ પામ્યાં છે. 'ઝયદ'ના પિતાનું એક મકાન છે. ઝયદને એક ભાઈ તથા બે બહેનો છે. એટલે કે મરનારના કુલ બે પુત્રો તથા બે પુત્રીઓ હયાત છે. ઝયદ પોતાની બહેનોને હિસ્સો આપવાની ના પાડે છે. જેથી કુર્આન તથા હદીષની રોશનીમાં જવાબ આપશો કે પુત્રીનો પિતાની મિલ્કતમાં કેટલો હિસ્સો છે, તો મહેરબાની થશે.

**અલ્જવાબ** : **الجواب هو الموفق للحق والصواب** પુત્રીઓ કદી મેહરૂમ (વંચિત) થતી જ નથી, ચાહે કેટલીયે વૃધ્ધ થઈ જાય, ચાહે પરણિત હોય, દરેક સંજોગોમાં બાપના વારસામાં તેણીઓનો હિસ્સો છે. જો ભાઈ માબાપના મૃત્યુ પછી બહેનોને હિસ્સો આપવાથી ઈન્કાર કરે તો હદીષે પાકમાં એના માટે સખત ચેતવણી આવી છે. ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ–૨, પેજ–૭૬૬ પર નક્લ થયેલ છે : હુઝૂરે અક્દસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "ક્યામતના દિવસે ત્રણ પૈસા જેટલા માલના બદલામાં સાતસો બાજમાઅત નમાઝોનો સવાબ આપવો પડશે, અને જો નમાઝોનો સવાબ નહીં હોય તો અન્ય નેકીઓનો સવાબ આપવો પડશે. અને જો તેની પાસે અન્ય નેકીઓ પણ નહીં હોય તો હક્કદારના ગુનાહો તેના ઉપર નાખવામાં આવશે, અને તેને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે. (અલ્અયાઝુબિલ્લાહિ તઆલા) પુત્રીઓનો હિસ્સો કુર્આનમાં નિશ્ચિત કરેલો છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : **يوصيكم الله فى اولاد كم للذ كر مثلُ حظ الا نثيين** "તમારી ઔલાદના બારામાં અલ્લાહ તમને હુકમ આપે છે કે એક પુત્રનો હિસ્સો બે પુત્રીઓના સમાન છે." જેથી વર્ણવેલ સ્થિતિમાં બાપની સંપત્તિ (મિલ્કત) સ્થાવર કે કેશ વગેરેના કુલ છ ભાગ કરવામાં આવે, બે બે હિસ્સા બંને ભાઈઓને અને એક એક હિસ્સો બંને પુત્રીઓને મળશે. અલ્લાહ બેહતર જાણનાર છે. **લખનાર** : (મુફતી) મુહમ્મદ શાબાનઅલી નઈમી, માલોની–મુંબઈ *(બહવાલા માહનામા ઝિયાએ સાબિર–મુંબઈ, નવેમ્બર–૨૦૦૮) –(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, મે–૨૦૧૩)*





## (પ્રકરણ : ૧૫)

# સ્ત્રી અને આપણો સમાજ

### ★ પુત્રીઓ સાથે સારો વર્તાવ ★

નબીએ કરીમ ﷺનાં બીવી સાહેબા હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે મારી પાસે એક ઔરત તેની બે છોકરીઓની સાથે આવી અને મારી પાસે કંઈક માંગ્યું. મારી પાસે એક ખજૂરના સિવાય એણે કાંઈ ન જોયું. મેં એ ખજૂર એને દઈ દીધું. તો એણે એને તેની બે પુત્રીઓની વચ્ચે અડધુ અડધુ વહેંચી દીધું અને એણે જાતે કાંઈ ન ખાધું. પછી તેણી એની પુત્રીઓને લઈને જતી રહી. એના પછી મારી પાસે અલ્લાહના રસૂલ ﷺ આવ્યા. તો મેં હુઝૂરને પેલી ઔરતનો વાક્યો બયાન કર્યો. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, જે શખ્સને પુત્રીઓથી અજમાઈશમાં નાખવામાં આવે અને પછી એ તેણીઓ સાથે સારો વર્તાવ કરે તો એ પુત્રીઓ એના માટે જહન્નમની આગથી પર્દો બની જશે. *(સહીહ મુસ્લિમ, ભાગ–૩, પેજ–૩૨૦)*

આ હદીષ પછી રિવાયતોમાં એ પણ આવ્યું છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ એ ઔરત માટે એ સારા વર્તાવને કારણે જન્નત વાજિબ કરી દીધી અથવા એવું ફર્માવ્યું કે એને એના લીધે જહન્નમથી આઝાદ કરી દીધી. *(મુસ્લિમ)*

આ હદીષથી પુત્રીઓની ફઝીલત અને એમના વિશે સારા વર્તાવની તાકીદ માલૂમ પડે છે. અને એ કે પુત્રીઓ અલ્લાહ તરફથી આજમાઈશનો સબબ છે. **એટલા માટે પુત્રીઓને નાપસંદ કરવું અથવા એમની સાથે નફરત કરવી ખુદાના અઝાબને દા'વત આપવા સમાન છે. કુર્આન શરીફમાં પુત્રીઓથી નાખુશ રહેવા પર જાહિલિયતના યુગની નિશાની ઠરાવવામાં આવી.** ઈર્શાદે બારી તઆલા છે :–

**وَاِ ذَا بُشِّرَ اَحَدُ هُمۡ بِالۡاُ نۡثٰى ظَلَّ وَجۡهُهٗ مُسۡوَدًّا**
**وَّهُوَ كَظِيۡمٌ**

અર્થાત : "અને જ્યારે એમાં કોઈને દિકરી થવાની ખુશ ખબરી દે તો

આખો દિવસ એનું મોં (ચેહરો) કાળુ રહે છે અને એ ગુસ્સો કરે છે.'' *(પારા–૧૪, સૂરએ નહલ–૧૩, તર્જુમો : આ'લા હઝરત)*

આથી માલૂમ થાય છે કે પુત્રી થવા પર નારાજ થવું એ કાફિરોનો તરીકો છે. એટલા માટે પુત્રીની ખ્વાહિશ (ઈચ્છા) મુદ્લે (મુતલકન) બુરી નથી. અને દીનની ખિદમતની નિય્યતથી હોય તો મેહમૂદ તથા પસંદીદા સવાબનો સબબ છે. વર્ણવેલી આયતમાં **જાહિલિયતના યુગમાં કાફિરોની હાલત બયાન કરી છે કે જ્યારે એમને ત્યાં દિકરી (છોકરી) પૈદા થાય તો ઉદાસીનું વાતાવરણ છવાઈ જતું, બાપનો ચેહરો ગ઼મથી નારાજ થઈ જતો, શર્મને કારણે લોકોથી છુપાઈ છુપાઈને ફરતો ! અરબના અમુક કબીલા મુઝાર, ખઝાઆ તથા તમીમ તો એમની પુત્રીઓને જીવતી દાટી દેતા હતા.** એમનો એ દસ્તૂર હતો કે જ્યારે પુત્રીની ઉમર છ વર્ષની થાય ત્યારે બાપ જંગલમાં જઈ એક ઊંડો ખાડો ખોદતો પછી પુત્રીની માંને હુકમ આપતો કે એને ગુસ્લ કરાવ અને સારો પોશાક પહેરાવ. પછી એ એને લઈને જંગલ તરફ ચાલી નીકળતો અને પેલા ખાડાની કબ્રમાં પોતાની પુત્રીને હુકમ કરતો કે નીચે જો શું છે ?! જ્યારે એ પુત્રી નીચે જોતી તો ધક્કો મારી એને ખાડામાં ધકેલી દેતો. પુત્રી બાપ ! બાપ ! કહેતી પરંતુ બાપ જાલિમના રૂપમાં માટી એના ઉપર નાખી દફન કરી દેતો. આ હતો અરબનો ખરાબ માહોલ અને પુત્રીઓ સાથે એમનો દિલ હલાવી દે તેવો વર્તાવ ! વર્ષોથી અરબની એ હાલત હતી, કોઈ એ પુત્રીઓની ચીસો પર કાન દેવાવાળુ સાંભળવાવાળુ ન હતું. આ તો ઈસ્લામની બરકત છે અને પયગંબરે ઈસ્લામ صلی اللہ علیہ وسلمની પાકીઝા તા'લીમાતની અસર છે કે દબાયેલી કચડાયેલી આ નાઝુક જાતિને ઔરતનું મકામ અને ઈન્સાનિયતનો વક઼ાર આપ્યો. માં બાપો અને આમ લોકોના દિલોમાં મહોબ્બત અને હમદર્દીની ભાવના પૈદા કરી અને જહાલતના અંધકારને ખત્મ કર્યો. માટે ઔરત માટે પણ ભલાઈનો હુકમ આપ્યો અને ખાસ કરીને પુત્રીઓની દેખભાળ અને તા'લીમ અને ઉછેર પર ખૂબ જ ધ્યાન આપ્યું. નીચેના લખાણ પર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના અમુક ઈર્શાદો જોઈ લો :–

## ★ જેણે પુત્રીઓનો ખ્યાલ રાખ્યો એ જન્નતી છે ! ★

૧. હઝરત અબ્બાસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલે કરીમ





صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે માણસની પુત્રી થાય અને એણે ન એને જીવતી દફન કરી, ન એને હલકી સમજી, ન પુત્રને તેણી પણ અગ્રતા આપી તો અલ્લાહ એને જન્નતમાં દાખલ ફર્માવશે. *(અબૂ દાઊદ, મિશ્કાત–૪૨૩)*

૨. હઝરત અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, જેણે ત્રણ પુત્રીઓ અથવા એમના જેવી બહેનોની પરવરિશનો ઈન્તેજામ કર્યો પછી એમને ઈલ્મ અને અદબથી શણગારી અને એમની ઉપર મહેરબાની ભલાઈ કરતો રહ્યો, ત્યાં સુધી કે અલ્લાહ એમને બેનિયાઝ (માલમાલ) કરી દે (એટલે કે શાદી થઈ જાય) તો અલ્લાહ તઆલા એના માટે જન્નત વાજિબ કરી દે છે. એક માણસે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! બે હોય તો ? હુઝૂરે ફર્માવ્યું, બે હોય ત્યારે પણ. ત્યાં સુધી કે લોકોએ અર્ઝ કરી કે એક જ હોય તો ? ફર્માવ્યું, જો એક હોય તો પણ. *(મિશ્કાત–૪૨૩)*

૩. હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે. કહે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જેની પરવરિશમાં બે પુત્રીઓ બાલિગ થતાં સુધી રહી તો એ ક઼યામતના દિવસે એવી રીતે આવશે કે હું અને એ એકદમ નજીક હશે. આમ કહેતાં કહેતાં હુઝૂર صلی اللہ علیہ وسلمએ પોતાની આંગળીઓ મિલાવી ફર્માવ્યું કે આવી રીતે ! *(મુસ્લિમ શરીફ, મિશ્કાત–૪૨૧)*

## ★ અફઝલ સદક઼ો શું છે ? ★

૪. હઝરત સુરાકા બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે હું તમને એ ન બતાવી દઉં કે અફઝલ સદક઼ો શું છે ?! તમારી પુત્રી જે તમારી પાસે પાછી આવી છે (તલાક થવાથી કે વિધવા થવાને કારણે) એનો તમારા સિવાય કોઈ આધાર નથી. *(ઈબ્ને માજહ, મિશ્કાત–૪૨૫)*

બલ્કે તમે એકલા આધાર છો તો એની દેખરેખ, ભરણપોષણ, બીજા નિકાહ કરવાનું ચાહે તો એનો ઈન્તેજામ, ઘરે બેસી રહેવાનું ચાહે તો એની એ માટે મદદ કરવી એ અફઝલ સદક઼ો છે, એ શરતે કે ઘરે બેસી રહેવું એના માટે જરૂરી અને હાલના સંજોગોના તકાઝાની વિરુધ્ધ ન હોય.

*–(હવાલો : અઝ : હઝરત મૌલાના અબ્દુલમુબીન નોઅમાની સાહબ, અનુવાદક: મુહમ્મદ સજ્જાદ પટેલ દયાદરવી, બરકાતે ખ્વાજા–માસિક, જુલાઈ–૨૦૦૭)*

## (પ્રકરણ : ૧૬)

## ઈસ્લામમાં વારસાની વહેંચણી અને સ્ત્રીઓ પર થયેલાં એહસાનો

ઈસ્લામે સ્ત્રીઓને જે ઈજ્જત તથા મર્તબો આપ્યો છે તેનો જોટો કોઈ અન્ય મઝહબમાં જડવો શક્ય નથી. માનો મર્તબો ઈસ્લામમાં જે છે તે ક્યાંય નથી, બાપ કરતાંય માનો હક્ક઼ વિશેષ છે. પત્નીના હક્ક઼ો જે ઈસ્લામમાં છે તે પણ ક્યાંય નથી. એ જ પ્રમાણે વારસાઈના સંબંધે પણ મા તથા બહેનોને ઈસ્લામે જે હક્ક઼ો આપ્યા છે એનું દષ્ટાંત પણ અન્ય ઠેકાણે મળવું દુર્લભ છે. જેઓ ઈસ્લામ પ્રતિ પૂર્વગ્રહ રાખી કૂપ્રચાર કરે છે કે ઈસ્લામે સ્ત્રીઓ સાથે ન્યાય નથી કર્યો, (મઆઝલ્લાહ !) તેઓ પણ આ લેખનો અભ્યાસ કરે અને પોતાની ગલતફહમીઓને દૂર કરે.

### ★ શું તમે બહેનોને વારસાનો હિસ્સો નથી આપ્યો ?! ★

મુસલમાનો પણ વારસાની વહેંચણી કરે તો કુર્આન હદીષના આદેશ મુજબ મા તથા બહેનોના હિસ્સાની પૂરેપૂરી ગણત્રી કરીને **તેમની મિલ્કત તેમના હાથમાં થમાવે,** નહીં તો તેણીઓનો હક્ક઼ મારી ખાવાની સજા આખેરતમાં ભોગવવા તૈયાર રહે ! **કેટલાક કહે છે કે બહેનો તો પોતાનો હક્ક઼ો માફ કરી દે છે! વાહ ! ભાઈઓ માલદાર હોય છતાં મિલ્કતો માટે ઝઘડા કરે અને બહેનો માફ કરી આપે ! બહાનાં કોઈ જાતનાં ન બનાવશો અને તેણીઓને તેમના હક્ક઼ની મિલ્કત આપી દો, નહીં તો રબના દરબારમાં સજા ભોગવવી પડશે.** કેટલાક કહે છે કે આપણે તેમની શાદીઓમાં ખર્ચા કર્યા વગેરે..... **તો ભાઈઓ ! તમારી શાદીઓમાં ખર્ચા નથી થયા ?!** એ તો તેણીનો હક્ક઼ હતો મા બાપ પર તે નિભાવાયો પણ **તેણીનો મિલ્કતમાં જે હક્ક઼ છે તે આપવો જ પડશે, નહીં તો તમો નાહક્ક઼ હરામ માલ હડપ કરનાર ઠરશો !** કેટલાક "બહેનોને ચોથાઈ" આપવી એવું કહે છે પણ **એ જેહાલત છે,** હક઼ીક઼તમાં કેટલાં ભાઈ–બહેનો છે, મા હયાત છે કે નહીં ?! તેના પ્રમાણે ગણત્રી કરીને જે ભાગ હોય તે જ આપવો. સુન્ની મુફતીને સવાલ લખીને પૂછાવી લેવો જેથી તમો ગુનેહગાર ન રહો. **જેઓએ હજી**





**પણ બહેનોને હક્ક઼ ન આપ્યો હોય તેઓ જીવંત છે તો આપી દે, બહેનો જો હયાત નથી તો મુફતી સાહબને મસ્અલો પૂછીને તેના વારસોને આપી દે જેથી ક઼યામતમાં પોતે ખુશીભેર રહી શકે.**

### ★ વિશ્વના વારસાઈના ઈતિહાસનો કદરૂપો ચહેરો ! ★

ઈસ્લામના આગમન પહેલાં જે લોકો પોતાની તાક઼તને લઈને જીવનમાં દરેક ક્ષેત્રે બુરી વૃત્તિઓની હદોને પાર કરી ચૂક્યા હતા એ જ રીતે તેઓ વારસાઈના મેદાનમાં પણ ઘણા આગળ વધી ચૂક્યા હતા. મરનારે છોડેલા માલમાં કેવળ પુરૂષોનો ભાગ હતો અને એ પણ તે લોકો જે યુદ્ધના મેદાનમાં લડી શક્તા હતા. કારણ કે કમજોર, નબળા, બાળકો અને સ્ત્રીઓ જે યુદ્ધના મેદાનમાં લડી ન શકતાં એટલા માટે તેઓને મરનારે છોડેલા વારસામાંથી પણ વંચિત રાખવામાં આવતાં. નિર્લજ્જતા એટલી હદે પહોંચી હતી કે મરનારના વારસામાં તેની પત્ની પણ ભાગીદાર બની શકતી ન હતી, અને જેના ભાગમાં પણ તે જતી તે તેને પત્ની અથવા દાસી બનાવી લેતો ભલે તે તેનો પુત્ર પણ કેમ ન હોય ! યતીમ બાળકીઓ જો માલો દૌલતની સાથે સાથે સુંદર હોતી તો દૌલતની લાલચમાં થોડીક મહેર પર તેમની સાથે લગ્ન કરી લેતા અને જો બદ્કિ઼સ્મતીથી તેણીઓ સુંદરતાથી વંચિત હોતી તો તેનું જીવન અંધકારમાં પરિવર્તિત થઈ જતું. કારણ કે ન તો તેઓ જાતે લગ્ન કરતા અને ન તો બીજા સાથે લગ્ન કરવા દેતા, એ ભયથી કે વારસામાં બીજો કોઈ ભાગીદાર ન બની જાય ! આ રીતે યતીમ બાળકીઓની ખુશીઓ વેડફાય જતી. આ બદ્હાલી કેવળ અરબમાં જ ન હતી બલ્કે આખા જગતમાં આ વબા ફેલાયેલી હતી. ખૂદ આપણુ ભારત જેને પોતાની સંસ્કૃતિ ઉપર ખૂબ જ ગર્વ હતો તેની પરિસ્થિતિ પણ આ જ રીતની હતી. રાજાઓનું પોતાની બહેન સાથે લગ્ન કરવું એ આ બાબતનો ખૂબ જ મોટો પુરાવો છે.

### ★ ઈલ્મે ફરાઈઝનું મહત્વ અને તેની ફઝીલત ★

વારસાના ઈલ્મનો સંબંધ ફિક઼્હ સાથે છે, પણ આ ઈલ્મ પોતાની મહત્તા અને અગત્યતાના કારણે એક અલગ ઓળખ ધરાવે છે. ઈસ્લામે વારસાના ઈલ્મને શીખવા પર ખૂબ જ ભાર મૂક્યો છે અને તેને અડધા ઈલ્મનું સ્થાન

આપ્યું છે. પહેલાં આપણે સમજી લઈએ કે ઈલ્મે ફરાઈઝ શું છે. ઈલ્મે ફરાઈઝ એટલે ઈલ્મે ફિક્હ અને ગણિતના તે કાનૂનો જાણવા જેના થકી મરનારે છોડેલ માલમાં તેના વારસદારોનો હક્ક જાણવામાં આવે. *(તફહીમુલ ફરાઈઝ, પેજ : ૩૧)*

ઈલ્મે ફરાઈઝનું શીખવું ફર્ઝે કિફાયા છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું : "ઈલ્મે ફરાઈઝ શીખો અને લોકોને શીખવાડો કારણ કે તે અડધુ ઈલ્મ છે." સૌ પ્રથમ જે ઈલ્મ ઉઠાવી લેવામાં આવશે તે ઈલ્મે મીરાષ (વારસાઈનો ઈલ્મ) છે અને તેનાં એંધાણ પણ જાહેર થવા લાગ્યાં છે. વધુ પડતા મદ્રસાઓમાં આ વિષયની કેવળ એક જ કિતાબ પઢવામાં આવે છે જેનું નામ "સીરાજી" છે અને નવી પેઢીમાં આ વિષય પ્રતિ દિલચસ્પી ઓછી થવા લાગી છે જે ખૂબ જ અફસોસની વાત છે.

મિશ્કાત શરીફ, બાબુલ ઈલ્મ, પેજ : ૩૮માં છે : ઈલ્મે ફરાઈઝ શીખો અને લોકોને શીખવાડો કારણ કે તે અડધુ ઈલ્મ છે. અને આ ઈલ્મ ભૂલાવી દેવામાં આવશે. અને મારી ઉમ્મતમાંથી જે વસ્તુ સૌ પ્રથમ ઉઠાવી લેવામાં આવશે તે ઈલ્મે મીરાષ છે. એટલે કે ઈલ્મે ફરાઈઝ શીખો અને શીખવાડો કારણ કે હું દુનિયાથી ઉઠાવી લેવામાં આવીશ અને ફિત્નાઓ જાહેર થશે. ત્યાં સુધી કે બે માણસો ભાગીદારી બાબતે ઝઘડો કરશે અને તેમને કોઈ એવો માણસ નહીં મળી શકે જે તેમની વચ્ચે સાચો ફેંસલો કરે. બીજી એક હદીષમાં છે : ઈલ્મે ફરાઈઝ શીખો જેવી રીતે કુર્આન શીખો છો અને લોકોને શીખવાડો છો કારણ કે હું જાહેરી જીવનથી વિસાલ પામનાર છું. *(તિર્મિઝી શરીફ)*

હઝરત ઉમર رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે કે ફરાઈઝનું ઈલ્મ એ રીતે શીખો જે રીતે કુર્આનનો ઈલ્મ શીખો છો. હઝરત અબૂ મૂસા અશ્અરી رحمۃ اللہ علیہ ફર્માવે છે, જે માણસ કુર્આન શીખે અને ફરાઈઝ ન શીખે તે મસ્તક વિનાના માણસ જેવો છે. *(તફહીમુલ ફરાઈઝ, પેજ : ૧૭)*

## ★ ઈસ્લામમાં વારસાનો દષ્ટિકોણ કુર્આનની રોશનીમાં ★

ઈસ્લામે વિશ્વમાં પ્રગતિ કરી અને ઈલ્મની રોશની ફેલાયી અને અંધકારનાં વાદળો દૂર થઈ ગયાં, અત્યાચારનો અંત આવી ગયો અને ઈસ્લામે દુનિયા સમક્ષ એક એવો મધ્યમમાર્ગી વારસાઈનો કાનૂન રજૂ કર્યો





જેનો આધાર અત્યાચાર ઉપર નહીં, બલ્કે (الاقرب فالاقرب)ને ધ્યાનમાં રાખીને તેનું બંધારણ રિશ્તેદારીઓ (સગાઈ) ઉપર રાખવામાં આવ્યું. ઈસ્લામના આ પયગામથી કેટલાયે દિલોમાં તાજગી આવી ગઈ અને ઉમ્મીદનાં કિરણો દેખાવા લાગ્યાં.

હવે આપણે કુર્આન અને હદીષની રોશનીમાં વારસદારોના હક્કોને સમજીએ. અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

"પુરૂષો માટે ભાગ છે એમાંથી જે માતા પિતાએ છોડયું અને રિશ્તેદારો અને સ્ત્રીઓ માટે ભાગ છે જે છોડી ગયાં મા બાપ તથા સગાં." *(સૂરએ નિસાઅ, પારા : ૪, આયત : ૭)*

આયતે કરીમાનું શાને નુઝૂલ આ પ્રમાણે છે : હઝરત અવસ બિન ષાબિત અન્સારીનું મૃત્યુ થઈ ગયું અને આપે ખૂબ જ માલ વારસામાં છોડયો. આપના વારસદારોમાં એક પત્ની, ત્રણ છોકરીઓ અને બે પિતરાઈ ભાઈ હતા. જાહિલિયતના દોર પ્રમાણે તેમના પિતરાઈ ભાઈઓએ તેમના બધા જ માલ ઉપર કબજો મેળવી લીધો, અને તેમની પત્ની તથા છોકરીઓને કાંઈ પણ ન આપ્યું. તો તેમની પત્ની ઉમ્મે કમહાએ કહ્યું કે જયારે તમોએ બધો જ માલ લઈ લીધો છે તો પછી મારી છોકરીઓ સાથે લગ્ન પણ કરી લો ! તેમની છોકરીઓ સુંદર ન હતી, એટલા માટે તેઓએ લગ્નની પણ ના પાડી દીધી. તો ઉમ્મે કમહા હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયાં અને ફરિયાદ કરી અને ઉપરોક્ત બનાવ બયાન કર્યો અને કહ્યું કે હું કઈ રીતે છોકરીઓનું, પાલન પોષણ કરું અને કઈ રીતે જીવન વીતાવું ?! તો આપ ﷺ આ ફરિયાદથી ખૂબ જ પ્રભાવિત થયા અને અવસ બિન ષાબિતના ભાઈઓને બોલાવ્યા અને આનું કારણ પૂછયું તો તેઓએ કહ્યું કે અમારામાં જે મરણ પામે છે તેના વારસદારો કેવળ પુરૂષો જ બની શકે છે, સ્ત્રીઓ અને નાબાલિગ બાળકોનો તેમાં કોઈ ભાગ નથી હોતો. ત્યારબાદ આ આયત નાઝિલ થઈ :–

"અલ્લાહ તમને હુકમ આપે છે તમારી ઔલાદ વિશે, પુત્રનો ભાગ બે પુત્રીઓ જેટલો છે, પછી જો માત્ર પુત્રીઓ જ હોય, ભલે બેથી વધુ તો તેણીઓને વારસાનો બે તૃતિયાંશ ભાગ (૨/૩) અને જો એક છોકરી હોય તો તેણીને અડધો ભાગ. અને મરનારનાં મા બાપને દરેકને તેના વારસામાંથી

છટ્ઠો ભાગ જો મરનારને ઔલાદ હોય તો. અને જો તેને ઔલાદ ન હોય અને (તેણે વારસદારોમાં) મા બાપ છોડયાં તો માનો એક તૃત્યાંશ ભાગ. પછી જો તે (મરનાર)ના બીજાં ભાઈ બહેનો હોય તો માનો છટ્ઠો ભાગ (મરનારે) કરેલી વસિયત અને કરજ ચૂકવ્યા પછી. તમારા બાપ અને તમારા પુત્રો, તમે શું જાણો કે તેમનામાં કોણ તમને વધુ કામ લાગશે. આ ભાગ નક્કી થયેલો છે અલ્લાહ તરફથી. બેશક ! અલ્લાહ ઈલ્મવાળો હિકમતવાળો છે.'' *(સૂરએ નિસાઅ, આયત : ૧૧)*

કુર્આન શરીફમાં અધિક ફર્માવવામાં આવ્યું છે :–

''અને તમારી પત્નીઓ જે છોડી જાય તેમાંથી તમારા માટે અડધો ભાગ છે જો તેણીઓની ઔલાદ ન હોય. વળી જો તેઓની ઔલાદ હોય તો તેણીઓના વારસામાંથી તમારા માટે ચોથો ભાગ છે, જે વસિયત તેણીઓ કરી ગઈ તે અને કરજ (ચૂકવ્યા) પછી. અને તમારા વારસામાં સ્ત્રીઓનો ચોથો ભાગ છે જો તમને ઔલાદ ન હોય, જો પછી તમને ઔલાદ હોય તો તેણીઓને તમારા વારસામાંથી આઠમો ભાગ જે વસિયત તમે કરી જાવ અને કરજ (ચૂકવ્યા) પછી. અને જો કોઈ એવા પુરૂષ કે સ્ત્રીનો વારસો વહેંચાતો હોય જેણે મા બાપ ઔલાદ કોઈ છોડયું નથી અને મા તરફથી તેને ભાઈ કે બહેન છે તો તેમનામાં દરેકને છટ્ઠો હિસ્સો. પછી જો તે બહેન, ભાઈ એકથી વધારે હોય તો ત્રીજા ભાગમાં બધા ભાગીદાર છે, મરનારની વસિય્યત અને કરજ કાઢીને, જેમાં તેણે નુકસાન પહોંચાડયું ન હોય. આ અલ્લાહનું ફર્માન છે અને અલ્લાહ ઈલ્મવાળો હિલ્મવાળો (ધૈર્યવાળો) છે.'' *(સૂરએ નિસાઅ, આયત : ૧૨)*

એક ઠેકાણે ફર્માવ્યું : ''તમને ફત્વો પૂછે છે ? તમે ફર્માવી દો કે અલ્લાહ તમને 'કલાલા' (કલાલા : જે પોતાની પાછળ ન બાપ મૂકી જાય ન ઔલાદ) બાબતે ફત્વો આપે છે. જો કોઈ પુરૂષ મૃત્યુ પામે જેની ઔલાદ ન હોય, અને તેની એક બહેન હોય તો વારસામાં એની બહેનનો અડધો ભાગ છે અને પુરૂષ પોતાની બહેનનો વારસદાર થશે, જો બહેનની ઔલાદ ન હોય. વળી બે બહેનો હોય તો વારસામાં તેનો ૨/૩ ભાગ, અને જો ભાઈ બહેન હોય પુરૂષ પણ સ્ત્રીઓ પણ તો પુરૂષનો હિસ્સો બે સ્ત્રીઓ બરાબર છે, અલ્લાહ તમારા માટે સ્પષ્ટ વર્ણન કરે છે કે ક્યાંક ભટકી ન જાવ. અને અલ્લાહ દરેક ચીજને જાણે છે.'' *(સૂરએ નિસાઅ, આયત : ૧૭૬)*





## ★ વારસાની વહેંચણી હદીષની રોશનીમાં ★

હુઝૂર عليه الصلوٰة والسلام વારસાના સંબંધે ઈર્શાદ ફર્માવે છે :–

**(૧)** પુત્રી માટે અડધો છે અને જે બચે તે સગી બહેન માટે છે. (આ તે સમયે છે જ્યારે બંને મૈયતનાં વારસદાર હોય). ખરા વારસદાર ભાઈઓ બનશે (જો તે મૌજૂદ હોય) તેમની હાજરીમાં સોતેલા ભાઈ (મત્રાઈ ભાઈ) વારસદાર નહીં બની શકે. પુરૂષ પોતાના ભાઈનો વારસદાર બની શકે છે. જ્યારે તે બંને એક માથી હોય (એટલે કે સગો હોય) અને જો કેવળ પિતા તરફથી હોય (એટલે કે મા સાવકી હોય) તો તે ભાઈ ભાઈનો વારસદાર નથી બની શકતો.

**(૨)** એક માણસ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી કે મારા પૌત્રનું મૃત્યુ થઈ ગયું છે તો તેના છોડેલા માલમાં મારો કેટલો ભાગ છે ? તો આપે ફર્માવ્યું, છટ્ઠો ભાગ છે. જ્યારે તે જવા લાગ્યા તો આપે બોલાવીને ફર્માવ્યું, તારા માટે બીજો છટ્ઠો ભાગ અસલ હક્કથી અધિક છે.

**(૩)** હઝરત ઉમર رضی اللہ عنہ પાસે એક દાદી આવ્યાં અને વારસાનો સવાલ કર્યો તો આપે ફર્માવ્યું, છટ્ઠો ભાગ છે. જો બે હશે તો બંને તેમાં શરીક થશે. અને એક હશે તો છટ્ઠો તેને પૂરેપૂરો મળશે. *(સહમાહી અમજદિયા–ઘૌસી, પેજ : ૨૪, જાન્યુઆરી, માર્ચ–૨૦૦૪)*

ઉપરોક્ત આયતો અને હદીષોમાં જે સ્પષ્ટતા સાથે મૈયતના વારસાની સ્થિતિઓ બયાન કરવામાં આવી છે જે કેવળ અને કેવળ ઈસ્લામનો જ હિસ્સો છે, **દુનિયાના કોઈપણ મઝહબમાં આનું સુક્ષ્મ દષ્ટાંત મળવું મુશ્કેલ જ નહીં અશક્ય છે !**

ખૂબ જ અફસોસ થાય છે તેઓ પર જેઓ એવો વાંધો ઉઠાવે છે કે, ''ઈસ્લામે સ્ત્રીઓ સાથે ઈન્સાફથી કામ નથી લીધું ! ઈસ્લામે પુરૂષોને સ્ત્રીઓથી બમણો ભાગ આપ્યો છે, જ્યારે કે ન્યાયનો તકાઝો એ હતો તો કે બંનેને બરાબર ભાગ મળે ! કારણ કે બંને આદમની ઔલાદ છે.'' તેમને શું ખબર કે ઈસ્લામે વારસામાં સ્ત્રીઓને ભાગીદાર બનાવીને તેમના પર કેટલું મોટુ એહસાન કર્યું છે ! જ્યાં સુધી વાત છે ન્યાય અને બરાબરીની તો જો ન્યાયની દષ્ટિએ જોવામાં આવે તો વારસામાં સ્ત્રીઓને આ હક્ક પણ ન

મળવો જોઈએ, કારણ કે **સ્ત્રી જન્મથી મૃત્યુ સુધી પુરૂષની જિમ્મેદારીમાં હોય છે. એટલા માટે કે જ્યારે તે લગ્નના સંબંધથી આઝાદ હોય છે તો પોતાના પિતાની દેખરેખમાં દરેક રોજગારીની ચિંતાથી મુક્ત રહે છે અને જ્યારે લગ્નના બંધનમાં બંધાય જાય છે તો તેનું ભરણપોષણ પતિના માથે રહે છે. અને અહીં પણ રોજગારીની ફિક્રમાંથી મુક્ત રહે છે. પણ આટલુ હોવા છતાં ઈસ્લામે તેણીને મરનારના વારસામાં ભાગ આપ્યો છે, તો તેના પર આ ઈસ્લામનું એહસાન નથી તો શું છે ?** સૌથી પહેલાં વાંધો ઉઠાવનાર પોતાના મઝહબને જુએ કે તેમના ત્યાં સ્ત્રીઓના હક્કો બાબતે અને તેણીઓ પ્રત્યે તેમનો શું દૃષ્ટિકોણ છે ?! **તેમને ઈસ્લામની આ ઉદારતા નજર નથી આવતી કે તેણે મરનારના વારસામાં ચાર પુરૂષને ભાગીદાર બનાવ્યા છે જ્યારે કે તેની સામે આઠ સ્ત્રીઓને તેમનો હક્ક઼ આપ્યો છે જે પુરૂષોથી તો બમણો છે !**

## ★ વારસાની વહેંચણીના હુકમો ★

મૈયતે છોડેલ માલમાં વારસાનો હુકમ લગાડતા પહેલાં આટલી વસ્તુઓને ખાસ ધ્યાન રાખવી જરૂરી છે :–

**(૧)** મરનાર પર કોઈનું કરજ તો નથી ? જો છે તો પહેલાં તેના માલમાંથી કરજ અદા કરવામાં આવશે. હુઝૂર ﷺએ વસિયતથી કરજ અદા કરવાનો હુકમ આપ્યો છે. **(૨)** મરનારે કોઈના માટે વસિયત તો નથી કરી ? જો કોઈના માટે મરનારે વસિયત કરી છે તો તે પ્રમાણે માલને તે વ્યક્તિને આપી દેવામાં આવે. ધ્યાન રહે કે વસિયત કરેલા માલનું પ્રમાણ ત્રીજા ભાગથી (૧/૩) વધારે ન હોય, જો ૧/૩થી વધારે હોય તો પણ ત્રીજો ભાગ (૧/૩) જ આપવામાં આવશે. અને યાદ રાખશો કે જેના માટે વસિયત કરવામાં આવે તેનો સંબંધ શરીઅતે જેમના હિસ્સા નિશ્ચિત કરેલા છે તેવા વારસદારોમાંથી ન હોય. (નહીં તો મૂળ ક઼ાયદા પ્રમાણે જ વહેંચાશે.) **(૩)** મરનારના કફન દફનની વ્યવસ્થા તેના માલમાંથી કરવામાં આવશે. ત્યાર પછી જે માલ બાકી રહેશે તેના પર વારસાના હુકમો લાગુ પડશે. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી માર્ચ–૨૦૧૨ના સૌજન્યથી)*





## ★ વારસાની વહેંચણીના નમૂના ★

**સવાલ નં. ૧ :** એક શખ્સ મૃત્યુ પામ્યો તેની પાછળ પાંચ છોકરા, સાત છોકરીઓ અને એક પત્ની છોડી ગયો છે તો તેના વારસાના કઈ રીતે હિસ્સા થશે ?

**જવાબ નં. ૧ :** શરીઅત પ્રમાણે આ મરનારની મિલ્કતના કુલ ૧૩૬ હિસ્સા થશે. મરનારની પત્નીને (આઠમો ભાગ) ૧૭ હિસ્સા, પુત્રીઓને દરેકને ૭–૭ હિસ્સા અને પુત્રોને દરેકને ૧૪–૧૪ હિસ્સા આપવામાં આવશે.

**સવાલ નં. ૨ :** એક શખ્સ પોતાની પાછળ છ પુત્રીઓ, ત્રણ પુત્રો અને પોતાની પત્ની છોડી ગયો છે તો તેનો વારસો કઈ રીતે વહેંચાશે ?

**જવાબ નં. ૨ :** આ મરનારની મિલ્કતના કુલ ૯૬ ભાગ થશે. મરનારની પત્નીને (આઠમો ભાગ) ૧૨ હિસ્સા મળશે, દરેક પુત્રીને ૭–૭ ભાગ મળશે અને દરેક પુત્રને ૧૪–૧૪ ભાગ મળશે. આમ કુલ ૯૬ ભાગ થયા.

**સવાલ નં. ૩ :** એક શખ્સનો ઈન્તેકાલ થઈ ગયો. તેના વારસદારોમાં ત્રણ ભાઈઓ અને નવ બહેનો હતી જેમાંથી એક બહેન બાપના મૃત્યુ બાદ મૃત્યુ પામી. આ મરનાર તેણીનો પતિ તથા એક પુત્રી હયાત છે. તો તેમના પિતાની મિલ્કત કઈ રીતે શરીઅત પ્રમાણે વહેંચવી જેથી કોઈનો હક્ક઼ ન માર્યો જાય તે જણાવશો.

**જવાબ નં. ૩ :** આ સંજોગોમાં કુલ મિલ્કતના ૧૫ હિસ્સા કરવામાં આવશે. ત્રણેવ ભાઈઓને બે બે હિસ્સા, નવ બહેનોને એક એક હિસ્સો મળશે. પણ નવમાંથી એક બહેન જે બાપના મૃત્યુ પછી મૃત્યુ પામી તેના એક હિસ્સાના ૫૬ હિસ્સા કરવામાં આવશે તેમાંથી તેણીના પતિને ૧૪ હિસ્સા, ૨૮ હિસ્સા તેણીની પુત્રીને, મરનાર સ્ત્રીના ત્રણેવ ભાઈઓને ૨–૨ હિસ્સા અને મરનારની આઠેવ બહેનોને ૧–૧ હિસ્સો આપવામાં આવશે.

બીજા શબ્દોમાં કુલ મિલ્કતના ૮૪૦ હિસ્સા કરવામાં આવશે. જેમાંથી દરેક ભાઈને ૧૧૪ હિસ્સા, આઠ બહેનોને દરેકને ૫૭ હિસ્સા, મરનાર બહેનના પતિને ૧૪ હિસ્સા અને તેણીની પુત્રીને ૨૮ હિસ્સા મળશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૪ :** એક શખ્સનો ઈન્તેકાલ થઈ ગયો. તેની એક પત્ની તથા બે પુત્રો તથા ચાર પુત્રીઓ હયાત હતી. બાપના મૃત્યુ પછી એક પુત્રી મૃત્યુ પામી જેને એક જગાએ પરણાવી હતી ત્યાં એક પુત્રી પછી તલાક થઈ હતી તે પુત્રી ત્યાં હયાત છે. ફરી તેણીની શાદી જ્યાં થઈ હતી ત્યાં એક પુત્રી છે અને મરનારનો છેલ્લો પતિ હયાત છે. તો મરનાર બાપનો વારસો કઈ રીતે વહેંચાશે ?

**જવાબ નં. ૪ :** મરનારની મિલ્કતના કુલ ૮૩૨ હિસ્સા થશે જેમાંથી મરનારની પત્નીને ૧૧૮ હિસ્સા, બંને પુત્રોને ૧૮૨–૧૮૨ હિસ્સા અને ત્રણ હયાત બહેનોને દરેકને ૯૧–૯૧–૯૧ હિસ્સા મળશે. હવે જે બાપના મૃત્યુ બાદ મૃત્યુ પામી તે ચોથી પુત્રીની બંને ઘરની બંને છોકરીઓને દરેકને ૨૮–૨૮ હિસ્સા અને છેલ્લે જ્યાં મૃત્યુ પામી તે પતિને ૨૮ હિસ્સા મળશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**જવાબ આપનાર :** હઝરત મુફતી મુહમ્મદ નસીમ સાહબ *(મુફતી : જામિઆ અશરફિયા, મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)*

*–(હવાલો : રજૂકર્તા : મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી, સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, બરકાતે ખ્વાજા–માસિક, જુલાઈ–૨૦૧૨)*





## (પ્રકરણ : ૧૭)

### પર્દાથી નફરત કરનાર ખૂદ મુસલમાન અને પર્દાધારી બની ગઈ !

# એક ઈસાઈ સ્ત્રીનું મન મોહક વર્ણન

એક જમાનો હતો જ્યારે હું ચર્ચમાં પોતાની જિંદગી ગુજારતી હતી. વોશિંગ્ટનમાં આવેલું, મરયમ ચર્ચ દુનિયામાં ફેમસ છે અને હજારો ઈસાઈ દુનિયાભરમાંથી આવી ત્યાં પૂજા કરે છે. તેની એક મહત્વની વાત એ છે કે તે ચોવીસ કલાક ખુલ્લુ રહે છે અને તેના દ્વાર બંધ કરવામાં નથી આવતાં. મને પોતાના પર ફખ્ર હતું કે મને આવા ચર્ચમાં રહેવાનો મોકો મળ્યો અને અહીં રહી મેં ઈસાઈયતની ખિદમત માટે પોતાનું જીવન વકફ કરી દીધું. પરંતુ કુદરતનું કરવું ઘણુ જ અનેરુ હોય છે. હું તો શું પણ કોઈ વ્યક્તિ વિચારી જ ન શકે કે ચાલીસ વરસની ઉમરે મારી વિચારધારા બદલાઈ જશે અને હું પોતાના બાપદાદાનો ધર્મ છોડી મુસલમાન થઈ જઈશ. બાળ પણથી જ મને ઈસ્લામથી સખત નફરત હતી, આ નફરત કઈ રીતે મહોબ્બત તથા પ્યારામાં બદલાઈ જશે તે વિશે વિચારવું પણ અશક્ય હતું. જો કોઈ જ્યોતિષ પણ મને કહેત કે ચાલીસ વરસની વયે તું ઈસ્લામ સ્વીકારીશ તો કદાચ હું નારાઝગીની બધી જ સીમાઓ પાર કરી જાત અને કોણ જાણે તે જ્યોતિષનો અંજામ મારા હાથે શું થાત !

સંજોગો આ પ્રમાણે છે કે મને પર્દાથી સખત નફરત હતી અને જ્યારે પણ હું કોઈ મુસલમાન સ્ત્રીને બુરખા સાથે જોતી તો મારું એ યકીન વધુ મજબૂત થઈ જતું કે ઈસ્લામે મુસલમાન સ્ત્રીઓને મર્દોની ગુલામ બનાવવાની આ એક સ્કીમ તથા કાવતરું બનાવ્યું છે જેથી કરીને તેણી લઘુતાગ્રંથિમાં હમેશાં પીડાતી રહે અને મર્દોની ગુલામીમાં રહી પોતાનો અંતિમ શ્વાસ લે. પરંતુ **મારી આ માન્યતા તે સમયે જૂઠી પડી** જ્યારે મેં મુસ્લિમ દેશોનો પ્રવાસ કર્યો અને ખાસ કરી મિસ્રમાં બે વરસ પસાર કરી મુસલમાન પર્દાવાળી સ્ત્રીઓને નજીકથી ખૂબ જ સારી રીતે જોઈ અને પારખી અને મને ઈસ્લામની પર્દા પાછળની હિકમત જાણવા તથા સમજવાનો મોકો મળ્યો. હું મલેશિયા, ઈન્ડોનેશિયા, પાકિસ્તાન તથા અફઘાનમાં ગઈ અને જોયું કે મુસ્લિમ (પર્દાવાળી) સ્ત્રીઓ એ જ આસાનીથી પોતાની જિંદગી

ગુજારી રહેલ છે જેમ કે મર્દો પોતાની જિંદગી પસાર કરે છે. મિસર તે મહત્વનો દેશ છે જ્યાં મને ઈસ્લામ સ્વીકાર કરવાનું ફખ્ર હાંસલ છે. ઈસાઈ મિશનરી થકી મને એટલા માટે મોકલવામાં આવી હતી કે હું મુસ્લિમ સ્ત્રીઓમાં જઈ તેણીઓને સમજાવું કે પર્દો તેમની આઝાદીમાં સૌથી મોટી રુકાવટ છે, જો મુસલમાન સ્ત્રીઓ પ્રગતિ ઈચ્છે છે તો પર્દો છોડી આઝાદ વાતાવરણમાં જીવવાની આદત બનાવે અને પોતાની જિંદગીથી ભરપૂર મજા માણે.

પરંતુ મિસરની ફાઝિલ આઈશાએ વિવિધ દલીલો થકી મને એ વાત માનવા પર મજબૂર કરી દીધી કે પર્દો મુસ્લિમ સ્ત્રીની આઝાદી તથા આસાનીમાં કોઈ જ અવરોધ બનતો નથી. બલ્કે તેમનો મુહાફિઝ (હિફાઝત કરનાર) તથા તેણીઓને ખરાબીઓથી દૂર રાખે છે. **મર્દોની ભૂખી નિગાહોથી બચાવે છે.** જે સ્ત્રીઓ બુરખો પહેરે છે અને પર્દો કરે છે તો તેણીઓ તથા મર્દો દરમ્યાન એક ફાસલો રહે છે જેના કારણે તેણીઓ મર્દોની ભૂખી નિગાહોથી બચી રહે છે. આઈશાએ પર્દા વિશે ઘણી કિતાબો પણ મને આપી. મુસ્લિમ સ્ત્રીઓ સાથે મારી મિત્રતાનું વર્તુળ વધતું ગયું. જ્યારે મેં બુરખો પહેરી કામ કરનાર સ્ત્રીઓને પૂછયું કે શરમ તથા હયાની પાબંદી માત્ર સ્ત્રીઓ માટે જ શા માટે રાખવામાં આવી ? શું મર્દોને અખ્લાક઼ના કોઈ ક઼ાનૂનના પાબંદ નથી કર્યા ? તો મને જવાબ મળ્યો કે **ઈસ્લામમાં મર્દોને પણ પોતાની નજરો નીચે રાખવાનો હુકમ આપવામાં આવ્યો છે અને સ્ત્રીઓને તાકવાથી તેમને રોકવામાં આવ્યા છે.** પછી એક દિવસ મારી એક સહેલી સકીનાએ મને બુરખો પહેરાવી દીધો અને મને કહ્યું કે હું બુરખો પહેરી તેણી સાથે બજાર જાઉં અને દરેક કામ બુરખામાં રહી કરી જોઉં જેમ કે મુસ્લિમ સ્ત્રીઓ કરે છે, આથી હું બુરખો પહેરી ખરીદી કરવા માટે મુસ્લિમ સ્ત્રીઓ સાથે બજાર ગઈ.

આ મારા માટે એક નવો જ અનુભવ હતો, આથી અગાઉ જિંદગીમાં મેં કદી બુરખો પહેર્યો ન હતો. પરંતુ જ્યારે મેં બુરખો પહેરી ખરીદી શરૂ કરી અને જિંદગીના સામાન્ય કાર્યો કરવાનું શરૂ કર્યું તો માલૂમ પડયું કે પર્દામાં રહી આ બધું કરવું કોઈ મુશ્કેલ કામ નથી. સૌ પ્રથમ મેં અનુભવ્યું કે પર્દો સ્ત્રીની હિફાઝત કરે છે અને પર્દાના કારણે સ્ત્રી નચિંતપણે પોતાનાં કામો





કરી શકે છે. **મર્દો તેવી સ્ત્રીઓ તરફ પોતાની નિગાહો નથી ઉઠાવતા જે પર્દા સાથે પોતાના ઘરોથી નીકળે છે અને શર્મો હયા સાથે પોતાની જિંદગી વિતાવે છે.**

મિસરમાં રહી મેં ઈસ્લામી સમાજ વિશે પણ જાણકારી મેળવી. **મેં જોયું કે જે સ્ત્રીઓ નમાઝની પાબંદી કરે છે, તેમની જિંદગીમાં દિલી સુકૂન તથા શાંતિ હોય છે.** તેણી પોતાના દરેક કામમાં સીધી હોય છે અને સમાજમાં કોઈ ગંદકીનો તેમણે સામનો કરવો પડતો નથી. આ દરમ્યાન મેં મિસરની અમુક લાયબ્રેરી પણ જોઈ અને અમુક ચોક્કસ કિતાબો ત્યાંથી મેળવી. ઘણા મુસ્લિમ રેહબર પણ મળ્યા જેમણે મારી માનસિક રીતે કેળવણીમાં ભાગ લીધો અને પછી મારા દિમાગમાં વિચાર આવ્યો કે જે પર્દો મેં પહેર્યો હતો કેમ તેને હમેશાં માટે ન પહેરી લેવામાં આવે ?! ખયાલોના ફેરફારે મારા દિલ તથા દિમાગને પોતાના કબ્જામાં લઈ લીધાં હતાં. આઈશાની મદદથી હું એક એવા પથ પર ચાલી નીકળી હતી જે કામયાબીની મંઝિલે પહોંચે છે.

અહીં એ વાત સ્પષ્ટ કરવી જરૂરી છે કે મારાં માં બાપે મારી શાદી એક ઈસાઈ જવાન સાથે કરી હતી, પરંતુ ટૂંક સમયમાં જ તેની સાથે વિવાદ પેદા થઈ ગયો હતો અને પછી તલાક઼ થઈ ગઈ. મારાં માં બાપ પણ મૃત્યુ પામ્યાં હતાં જેથી મેં **નિરાશ થઈ ચર્ચામાં શરણ લીધું હતું.** પણ અલ્લાહ તઆલાને મને હિદાયત આપવું મંજૂર હતું એટલા માટે મને આ રાહ પર લાવવાના ગૈબી કારણો ઊભાં થયાં. **મને મુસલમાન સ્ત્રીઓને બહેકાવવા માટે તથા પર્દાથી તેણીઓને નફરત અપાવવા માટે મોકલવામાં આવી હતી** પરંતુ ફિતરત (પ્રકૃતિ)ને મેં ફિતરી (પ્રાકૃતિક) તરીક઼ાથી જોઈ તો જાણવા મળ્યું કે ઈસ્લામ જ દીને હક્ક઼ છે અને તેના બધા જ ક઼ાયદા તથા ક઼ાનૂન ફિતરતના મુજબ છે. અલ્હમ્દુલિલ્લાહ ! આજે હું મુસલમાન છું અને મારું નામ 'ઉમ્મતુન્નિસા' છે.

જીવનના આટલા વરસો તથા મહીના ગુજાર્યા પછી મને સમજાયું કે "સચ્ચાઈને શોધનાર" ઈસ્લામના કોઈ એક પાસાને સામે રાખીને શાંતિથી ચિંતન મનન કરે તો હક઼ીક઼તને પારખવું તેમના માટે કોઈ મુશ્કેલ બાબત નહીં રહે. કુર્આનમાં કહેવામાં આવ્યું છે કે ઈસ્લામ દીને ફિતરત (પ્રાકૃતિક

ધર્મ) છે અને ફિતરતના તકાઝા કોઈ દિવસ બદલાતા નથી. પૈદાઈશથી મૃત્યુ સુધી જે કાંઈ પણ સામે આવે છે તેના દરેક સંજોગોમાં હક્કના શોધકો માટે હિદાયતનો રસ્તો આસાનીથી મળી શકે છે, **શરત એ છે કે ઈસ્લામને સમજવા માટે કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહને પોતાના દિમાગ પર આવવા દેવામાં ન આવે.** ઈસાઈઓની કમી એ જ છે કે **ઈસ્લામને સમજતા પહેલાં જ પોતાના દિમાગને પૂર્વગ્રહનો શિકાર બનાવી દે છે અને ઈસ્લામની ખૂબીઓને અવગણે છે.** ઈસાઈયતની મોટી ભૂલ એ છે કે તે ત્રણ ખુદામાં માને છે અને ઈસ્લામની ખૂબી એ છે કે તે એક ખુદા તરફ બોલાવે છે, આ કારણે ઈસ્લામ તથા ઈસાઈયતમાં ટકરાવ છે અને ઈસાઈયત પોતાના ખોટા ખયાલો તથા અકીદાના કારણે દરેક સંજોગોમાં હારે છે પરંતુ પોતાની હઠધર્મીના કારણે તેઓ પોતાની હાર માનતા નથી. પરંતુ **મેં ઈસ્લામ સમક્ષ પોતાની હાર સ્વીકારી છે અને મને પોતાની આ હાર પર નાઝ છે !** *(હવાલો : નઈ દુન્યા, ૧૩ થી ૧૯ ઓગષ્ટ–૨૦૦૭, રજૂકર્તા : મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી–દયાદરા, બરકાતે ખ્વાજા–માસિક, ફેબ્રુઆરી–૨૦૦૮)*





## (પ્રકરણ : ૧૮)

# એક નવ મુસ્લિમ જાપાની ખાતૂનનો ઈસ્લામ વિશે અભિપ્રાય

બેશક ! ઈસ્લામનો જે ઈન્સાફની સાથે નજીકથી અભ્યાસ કરે છે તે તેની વિશિષ્ટતાઓ, પવિત્રતા, માનવ અધિકારોનો ખયાલ, સ્ત્રીના સન્માનની જોગવાઈ તથા વિવિધ ખૂબીઓને જોઈને ઈસ્લામની સચ્ચાઈને સમજી જઈને ઈમાન કબૂલ કરવા મજબૂર થઈ જાય છે. આવું જ એક દષ્ટાંત આપની સમક્ષ એક જાપાની બહેનનું રજૂ કરીએ છીએ તેને વાંચો અને પશ્ચિમી મીડિયાના ઈસ્લામ વિરૂધ્ધ દુષ્પ્રચારની પોલને પણ સમજી લો.

પુષ્કળ વંચાતા જાપાની વર્તમાનપત્ર "ધી જાપાન ટાઈમ્સ"માં છપાયેલ સમાચાર પ્રમાણે એક એજ્યુકેટડ જાપાની છોકરીએ જાપાનની રાજધાની ટોકીયોમાં ઈસ્લામ સ્વીકારી લીધો. તેણીએ વર્તમાનપત્રને પોતાના નામનો ઉલ્લેખ કરી પોતાના ઈસ્લામ વિશેના પ્રત્યાઘાતને આ શબ્દોમાં પ્રદર્શિત કયો :–

"હું એક ધનવાન કુટુંબની છોકરી છું. બચપનથી જ મારું જીવન નેઅમતો અને ખુશીઓના માહોલમાં પસાર થયું છે. મારી માતા જેમણે મારા પિતાના મૃત્યુ બાદ ઘરનો કારોબાર સંભાળી લીધો હતો, જેમણે મારી તથા મારી બહેનોની ભલાઈના માટે કામયાબ કોશિશો કરી હતી. એટલે સુધી કે અમારા આરામ તથા રાહતની દરેક પ્રકારની સામગ્રી અમારા ઘરમાં મૌજૂદ હતી. પરંતુ તેમ છતાં પણ મારા જીવનમાં કોઈ કમીની અનુભૂતિ કરતી. એ અનુભૂતિ જેને હું ખૂદ પણ મેહસૂસ કરી શક્તી ન હતી જે મને દર વખતે બેચેન કરી રાખતી હતી. મારા ઊંડા અભ્યાસ અને પુષ્કળ મશગૂલિયતના થકી એ એહસાસ પર કાબૂ પામવાની કોશિશ કર્યા કરતી હતી.

જ્યારે મેં બારમી જમાઅતની પરીક્ષા પાસ કરી તો મને મારા ખાનદાનની સાથે દુનિયાના અમુક દેશોની સૈર કરવાનો મોકો મળ્યો. એકવાર યુનિવર્સિટીની છુટ્ટીઓમાં મેં અને મારી અમુક સહાધ્યાયી સહેલીઓએ ઉર્દુનની સૈરનો પ્રોગ્રામ બનાવ્યો. મારી એક સહેલીએ જે એ સફરમાં મારી

સાથે હતી તેણે ઉર્દુનમાં એક મુસ્લિમ કુટુંબ સાથે થોડા દિવસ રોકવાનો પ્રોગ્રામ સેટ કરી નાખ્યો. મને જ્યારે તે મુસ્લિમ ખાનદાનની સાથે રહેવાનો મોકો મળ્યો તો મને તેમની રહેણીકરણીની પધ્ધતિઓએ ખૂબ જ પ્રભાવિત કરી. કુટુંબવાસીઓ આપસમાં દૂધમાં સાકર જેમ રહેતા હતા, દરેક કામમાં એકબીજાની મદદ કરતા અને સફાઈની ખૂબ જ કાળજી રાખતા. ખાનદાનના જિમ્મેદાર (**Head of the Family**) જે એક પુરૂષ હતા તે ઘરની બહારની જવાબદારીઓ નિભાવતા, ઘરની સ્ત્રીઓ અંદરની વ્યવસ્થા, ગોઠવણ, બાળકોની કેળવણીની વ્યવસ્થા જોતી. ઘરનાં સભ્યો વચ્ચે આપસમાં સહકાર તથા કાર્યની વહેંચણીના કારણે ઘરનો કોઈ સભ્ય પોતાના ઉપર પોતાની શક્તિ બહારની જિમ્મેદારીઓ હોવાનું અનુભવતો ન હતો જેમ કે પશ્ચિમી કુટુંબોમાં નોકરિયાત સ્ત્રીઓ પુરૂષોની સરખામણીમાં પોતાને અધિક થાકેલી પાકેલી મહસૂસ કરતી હોય છે. ઘરના આ માહોલે ઘરને જન્નત નિશાન બનાવી રાખ્યું હતું.

મેં એક દિવસે **Head of the Family**ને તેનું રહસ્ય પૂછયું તો તેમણે સસ્મિત વદને જવાબ આપ્યો કે, ''હકીકતમાં આ ઈસ્લામની બરકત છે જેણે કુટુંબના સભ્યો વચ્ચે કામોની કાંઈક એ રીતની ગોઠવણ તથા વહેંચણી સ્થાપી દીધી છે કે એના પર અમલ કરવાના પરિણામે અનિવાર્યપણે ખુશી તથા આનંદનું વાતાવરણ ઉભુ થાય છે.'' તેમણે કહ્યું કે, ''ઈસ્લામે પુરૂષને હલાલ રોજી અને ઘરની બાહ્ય બાબતોનો જિમ્મેદાર ઠરાવી દીધો છે. જ્યારે સ્ત્રીને ઘરની અંદરની બાબતો અને બાળકોની દેખભાળની જિમ્મેદાર ઠરાવી છે. એ પ્રમાણે તેમણે દર્શાવ્યું કે, ''ઈસ્લામે સ્વચ્છતા પર ઘણો જ ભાર મૂક્યો છે એટલે સુધી કે સ્વચ્છતાને ધર્મનો એક ભાગ ઠરાવ્યો છે.'' તેમણે કહ્યું કે, ''સફાઈનો ભાવાર્થ ઈસ્લામમાં એક વિશાળ અર્થ ધરાવે છે, શરીર અને કપડાંની સફાઈ, ઘરની સફાઈ, ગલી અને મહોલ્લાની સફાઈ, શહેરની સફાઈ, માહોલ અને સમાજની સફાઈ, દિલ તથા નિય્યતની સફાઈ, અમલ અને વહેવારની સફાઈ વગેરે...''

ઈસ્લામના બારામાં મારી જાણકારી ખૂબ જ સીમિત હતી. આથી પહેલાં મેં ન કોઈ મુસલમાન સાથે મુલાકાત કરી હતી ન કોઈ મુસલમાન સાથે





રહેવાનો અવસર સાંપડયો હતો. **મારા દિમાગમાં ઈસ્લામ તથા મુસલમાનોની જે છબી હતી તે એ હતી કે ઈસ્લામ સખ્તીનો મઝહબ છે, તેના માનવાવાળા સંકૂચિત દષ્ટિવાળા, જ્ઞાનથી વંચિત લોકો હોય છે, તેમની પાસે ડોલર અને પેટ્રોલ સિવાય કાંઈ જ નથી. હું વિચાર્યા કરતી હતી કે ઈસ્લામ સ્ત્રીઓ પર જુલ્મને જાઈઝ રાખે છે. ઈસ્લામના બારામાં મારા આ ખયાલો પશ્ચિમી મીડિયામાં છપાનારી ખબરો અને લખાણો પરથી ઉપસ્થિત થયા હતા, કેમ કે પશ્ચિમી વર્તમાનપત્રો અને ટેલીવિઝન તથા પુસ્તકો જ મારા માટે આ બાબતે મારી જાણકારીના ઝરીયા હતા.** જાપાન પાછા આવીને તરત જ મને ઈસ્લામ ધર્મ વિશે જાણકારીનો અભ્યાસ કરવાનો ખયાલ પેદા થયો અને ટોકીયો સ્થાપિત થયેલા ઈસ્લામી કેન્દ્રે (**Islamic Centre**) જઈ કુર્આને કરીમના તર્જુમાનો એક નુસ્ખો અને અમુક ઈસ્લામી કિતાબો લઈ આવી અને અભ્યાસ શરૂ કરી આપ્યો.

મેં સૌ પ્રથમ પૈગંબરે ઈન્સાનિયત હઝરત મુહમ્મદ صلى الله عليه وسلم ના જીવનચરિત્રની કિતાબનો અભ્યાસ કર્યો જેમની જિંદગીએ મને ઘણી જ પ્રભાવિત કરી, મેં જોયું કે હઝરત મુહમ્મદ صلى الله عليه وسلم વારંવાર સ્ત્રીઓના હક્કોની અદાયગીનો હુકમ ફર્માવી રહ્યા છે ! ત્યાર પછી ઈસ્લામી સેન્ટર પર જવાનો મારો નિયમ બની ગયો. ત્યાં મેં અમુક આલિમો સાથે પણ મુલાકાત કરી જેમણે મારા દરેક સવાલના સંપૂર્ણ સંતોષકારક જવાબો આપ્યા, જે ઈસ્લામના વિશે મારા દિલમાં ખટકતા હતા. એ આલિમોમાં ઈલ્મની ગહરાઈ તથા ગાઢપણુ કિરદારની મજબૂતી, સંજોગોની રગને પારખવાની શક્તિ, સદ્‌વર્તાવ તથા અન્યોની ઈજ્જત તથા રિસ્પેકટની ભાવના કૂટી કૂટીને ભરેલી જોવા મળી. હું કલાકો સુધી તેમની સાથે ઈલ્મી ચર્ચા કરતી પરંતુ તેઓ મારી દરેક વાતનો ખૂબ જ સદ્‌વર્તાવપૂર્વક તથા ખુશીભેર જવાબ આપતા. જ્યારે કે આપણા (જાપાનના ગૈર મુસ્લિમ) અમુક મોટા મોટા પ્રોફેસરો તથા શિક્ષકોના બારામાં મારો અનુભવ હતો કે તેઓ અમુક કલાકની મુલાકાત થતાં જ મારી સુંદરતાના દીવાના બની જતા અને તેમના દિલમાં મારા હુસ્નની પ્રાપ્તિની ભાવના હિલોળા લેવા માંડતી ! મને ટોકીયોના ઈસ્લામી સેન્ટરમાં રહેતા તે આલિમોની મહોબ્બત

હમેશાં યાદ રહેશે જેઓ ડિયર ડોટર, ડિયર સિસ્ટર (પ્યારી બેટી, પ્યારી બહન) જેવા મહોબ્બતભર્યા શબ્દો અને લહેજા સિવાય કદી મને સંબોધન કરતા ન હતા.

હું મારા અભ્યાસ થકી ઈસ્લામની જેટલી ઊંડાઈએ ઉભરતી ગઈ મારો એહસાસ અને તાસિર વધતી ગઈ કે **ઈસ્લામ આખા વિ□ માટે રહમતનો ધર્મ છે અને તેણે માનવીની જિંદગીનું સૌથી અધિક સમતોલ જીવનબંધારણ રજૂ કર્યું છે. સ્ત્રીના બારામાં ઈસ્લામની તા'લીમ વાંચીને મારા આશ્ચર્યનો પાર ન રહ્યો ! આ તા'લીમ તો છબીની તદ્દન ઉલ્ટી છે જે પશ્ચિમી મીડિયાના થકી મારા દિમાગમાં અંક્તિ થઈ હતી.** મેં આ દરમ્યાન જગતના અમુક અન્ય ધર્મોનો પણ અભ્યાસ કર્યો. મેં જોયું કે **ઈસ્લામે સ્ત્રીને જે હક્કો આપ્યા છે તે અન્ય કોઈ ધર્મએ નથી આપ્યા.** તેમજ મેં એ પણ અનુભવ્યું કે વર્તમાન સમાજ વ્યવસ્થા અથવા સ્ત્રીના હક્કની ચળવળો સ્ત્રીઓને જે હક્કો આપે છે અથવા જેની તેઓ માંગણી કરે છે તે અસમતોલ અને ન્યાયવિહિન છે. ઈસ્લામ સ્ત્રીને એક પુખ્તા વ્યક્તિ સ્વીકારે છે.

મારા માટે ઈસ્લામની આ તા'લીમની ખોજ કોઈ પ્લાનેટ(ગ્રહ)ની ખોજથી કમ ન હતી કે **ઈસ્લામે આજથી ૧૪૦૦ વરસો પહેલાં સ્ત્રીને મિલ્કતમાં હક્ક આપ્યો હતો અને તેને પોતાના માલમાં પતિની ડખલગીરી વિના અધિકારનો હક્ક અપાવ્યો હતો ! જ્યારે કે યૂરોપે અમુક સો વરસો અગાઉ સ્ત્રીના આ હક્કને માન્ય કર્યો છે તે પણ એ મહાન એહસાનની સાથે કે જાણે તે જ દુનિયામાં સૌથી પ્રથમ સ્ત્રીને મુક્તિ અપાવનારો છે !**

આ લંબાણપૂર્વકના અભ્યાસ અને ઊંડી ખોજ તથા ચિંતન બાદ મેં ઈસ્લામ સ્વીકારવાનો નિર્ણય કરી લીધો અને ઈસ્લામ સ્વીકાર્યા પછી નમાઝ શરૂ કરી દીધી, મેં ગઈ રમઝાનના રોઝા પણ રાખ્યા અને કુર્આનની અમુક સૂરતો પણ યાદ કરી છે જે મને નમાઝની સારી રીતે અદાયગીમાં મદદ આપે છે. અત્યારે મને અરબી ભાષા શીખવાની લગન છે અને થોડા સમય બાદ મિસ્ર જઈને જામિઆ અઝહરમાં પ્રવેશની ઈચ્છા છે. ત્યાંથી પાછા





ફરીને મારી જિંદગીનું સૌથી મોટુ કામ દીને રહમતની તબ્લીગનું હશે જે **મારી અંતિમ ઈચ્છા છે, કેમ કે હું જાણું છું કે ઈસ્લામના બારામાં પશ્ચિમી સ્ત્રીઓ ગલતફહમીનો શિકાર છે, જો તે તેણીઓ સમક્ષ ઈસ્લામની સાચી સાચી તા'લીમ તથા ભેદ જાહેર થઈ જાય તો લાખો પશ્ચિમી સ્ત્રીઓ ઈસ્લામ ધર્મમાં પ્રવેશી જશે."** –*(અશ્રફિયા મુબારકપુર, જુલાઈ–૦૪)*

હે મુસલમાનો ! ઈસ્લામ વિશે ગલતફહમીના શિકાર આવા અસંખ્ય લોકો જ્યારે ઈસ્લામની વાસ્તવિક્તાનો અભ્યાસ કરે છે તો ઈમાનની દૌલતથી માલામાલ થઈ જાય છે. એક ગલતફહમીમાં સપડાયેલ કાફિર જ્યારે ઈસ્લામની નજીક આવે છે તો તેના નૂરથી તેના દિલની દુનિયા ચમકી ઉઠે છે, જ્યારે અફસોસ ! આજે મુસલમાનના ઘરે જન્મ પામનારને જોઈને દિલ કકડી ઉઠે છે કે ન એની વાણી મુસલમાનને છાજે તેવી છે ન વર્તન, ન પહેરવેશ, ન કિરદાર મુસલમાન હોવાની ચાડી ખાય છે ! બલ્કે, સરાપા ગૈરના જેવા દેખાતાં આપણા ભાઈ બહેનોએ આવા પ્રસંગોથી પણ બોધ લઈને સંપૂર્ણપણે ઈસ્લામમાં દાખલ થઈ જવું જોઈએ. અને પોતાના કિરદારથી, અખ્લાકથી ઈસ્લામની અસલ છબી પ્રદર્શિત કરવી જોઈએ તો ગૈરોનાં ટોળેટોળાં ઈસ્લામ પ્રતિ વળી જશે.

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ફેબ્રુઆરી–૨૦૦૫)*

## (પ્રકરણ : ૧૯)

# મેં ઈસ્લામ શા માટે કબૂલ કર્યો ?!

## એક ઓસ્ટ્રેલિયન ખાતૂન સીસીલા મહમૂદાની કહાની ખૂદ તેણીની જ ઝબાની

સૌથી પહેલાં હું આપને જણાવી દેવા ઈચ્છું છું કે હું મુસલમાન છું, જો આપને હું આમ કહું કે ઈસ્લામ કબૂલ કરવાથી પહેલાં પણ હું મુસલમાન હતી, તો આપને નવાઈ ન લાગવી જોઈએ. પરંતુ હું એ કહું છું કે પૈદાઈશી રીતે હું મુસલમાન છું. જ્યારે હું આવું કહું છું કે પૈદાઈશની રીતે હું મુસલમાન છું તો મારી નજર સામે આ મુબારક હદીષ છે કે :–

كل مولوديولد على الفطرة ووالداهٗ

يهودانه اويمجسانه اوينصرانه

**ભાવાર્થ** : ''દરેક બાળક જ્યારે પૈદા થાય છે તો એ મુસલમાન હોય છે. અલ્લાહ તઆલા દરેક બાળકને ફિતરતની (પ્રાકૃતિક) રીતે દીને ઈસ્લામ પર જ પૈદા કરે છે. કોઈ બાળકને કાફિર બનાવીને પૈદા નથી કરવામાં આવતું. પૈદાઈશના સમયે દરેક બાળક મુસલમાન હોય છે. પરંતુ જેમ જેમ એ સમજતું થાય છે એનો માહોલ એના પર અસર કરવા લાગે છે. એનાં માતા પિતા પોતાના અકીદાઓને એના દિમાગ પર સવાર કરી દે છે, તે એને યહૂદી કે નસરાની બનાવી દે છે.'' હવે બાળક એ જ બધું કરવા લાગે છે જે એનાં માતા પિતા એને કરવાનું કહે છે. હકીકત એ જ છે કે અલ્લાહ જ એનો ખાલિક છે, કાઈનાત પર એનો હુકમ ચાલુ છે એના હુકમના વગર કોઈ કામ નથી થઈ શકતું, ત્યાં સુધી કે પાંદડું પણ એના હુકમના વગર નથી હાલી શકતું, પરંતુ બાળકનાં માતા પિતા પોતાના બાળકનો ચેહરો ગૈરુલ્લાહની તરફ ફેરવી દે છે, તેઓ મૂર્તિઓની આગળ સજદામાં પડી જાય છે, પહાડો, દરિયાઓ અને સમંદરોને પણ પોતાનો મા'બૂદ બનાવી લે છે, એના દિમાગ પર અંધકારનો પર્દો પડી જાય છે. જિંદગીનો મતલબ એની પીઠ પાછળ ચાલી જાય છે. તે અલ્લાહને છોડીને ફિતરત પ્રમાણેની ચીજોથી ડરવા લાગે છે. એનો આ જ ડર એનામાં એ





એહસાસ પેદા કરે છે કે જે એનાથી વધારે તાકતવર એ જ એનો ખુદા છે. એ જ કારણે દુનિયાની ઘણી બધી કૌમો જાનવરોની ઈબાદત કરે છે, સિંહ, ચિત્તા, હાથી, વાંદરા ઈન્સાનના મુકાબલામાં શક્તિશાળી તથા તગડાં હોય છે, એટલા માટે જાનવરોને જ અમુક કૌમોમાં મઅબૂદનો દરજો પ્રાપ્ત છે. આ કોમો પોતાની જરૂરિયાતો આ જાનવરોની સામે રજૂ કરે છે ! અને એમનું યકીન છે કે જાનવર એમના મદદગાર થઈ શકે છે ! સાપ અને ઉંદરને પણ પોતાની ઈબાદતનુ મઝહર બનાવવાવાળા લોકો મૌજૂદ છે ! ઈસ્લામ આ તમામ જૂઠા અકીદાઓની રદ કરે છે અને એલાન કરે છે કે દરેક બાળકને અલ્લાહે મુસ્લિમ ફિતરતની સાથે પૈદા કર્યું છે એટલે એને મુસલમાન બનાવીને દુનિયામાં મોકલ્યો છે. આવી હાલતમાં જો હું એવું કહું છું કે હું મારી પૈદાઈશથી પહેલાં આલમે અરવાહ (રૂહોની દુનિયા)માં મુસલમાન હતી અને જ્યારે હું પૈદા થઈ તો એ સમયે પણ મુસલમાન હતી, તો એમાં કોઈને પણ નવાઈ ન થવી જોઈએ.

જેથી જ્યારે હું સમજદાર થઈ તો મેં ખૂદને એક ઈસાઈ કુટુંબમાં જોઈ. મારું કુટુંબ વધારે પડતુ ધાર્મિક હતું. ઈસાઈઓના તહેવારો ઘણા ધામધૂમથી અમારા કુટુંબમાં મનાવવામાં આવતા હતા. મારા પિતા અધિક સંબંધીઓવાળા હતા, જ્યારે એ લોકો ભેગા થતા અને વાતચીત કરતા તો અધિક્તર એમની વાતચીત ધાર્મિક પદ્ધતિ પ્રમાણેની થતી હતી. હઝરત ઈસાથી સંબંધિત જૂની વાર્તાઓ કહ્યા કરતા હતા. યાક રૂહ મરયમને નૂરનું પૂતળુ કહેતા હતા. જેનાથી કોઈ ગુનોહ થયો નથી, પરંતુ નવાઈની વાત એ હતી કે ખુદાનો ઝિક્ર એ લોકો ઘણો ઓછો કરતા હતા. એમનું કહેવાનું એ હતું કે ખુદાનું અસ્તિત્વ જરૂર છે એના અસ્તિત્વથી ઈન્કાર કરવો શક્ય નથી, પરંતુ મસીહ અને મરયમ આ દુનિયાને ચલાવવામાં વધારે શક્તિમાન છે અને જે કાંઈ છે તે આ બંનેના કબ્જામાં છે. જો એ બંનેવ આ કુદરતના કારખાનાને ન ચલાવે તો સંતુલન બગડી જશે. હું મારી વડીલોની વાતો સાંભળતી હતી, પરંતુ મારી સમજમાં કાંઈ ન આવતુ હતું. એનું પરિણામ એ આવ્યું કે ધીમે ધીમે ઈસાઈયતના સંબંધથી મારો અકીદો કમજોર પડતો ગયો. અને અનુભવ થવા લાગ્યો કે આ લોકોના અકીદામાં કોઈ ખામી છે. ખામી શું છે એ તો હું સમજી શકતી ન હતી, જેથી એટલું જરૂર હતું કે મારું દિલ તથા દિમાગ ઈસાઈયતથી દૂર થતુ ચાલ્યું.

કેટલાય એવા મોકાઓ પણ આવ્યા જ્યારે કેટલીક ખાસ વ્યક્તિઓનું આગમન અમારે ત્યાં થયું તો મેં નાદાનીની સાથે એમનાથી થોડીક વાતો પૂછી, જે મારી સમજમાં ન આવતી હતી. મારો વિચાર એ હતો કે પોતાની બુદ્ધિની ખામીના કારણથી ધાર્મિક વાતો મારી સમજમાં નથી આવતી, તો આ ખાસ પ્રકારની વ્યક્તિઓથી રહબરી પ્રાપ્ત કરું તો જરૂરથી મારી શંકાઓ દૂર થઈ જશે. પરંતુ એ કહેવાતા બુઝુર્ગોથી સવાલો પૂછવાથી જણાયું કે તેઓ જાતે ગુમરાહ છે અને કદાચ એમની ગુમરાહી મારી ગુમરાહીના સામે વધારે છે ! કેમ કે જો એવું ન હોત તો જે સવાલો મારા દિમાગમાં પેદા થતા હતા તે એમના દિમાગમાં પણ આવવા જોઈતા હતા. પરંતુ આ સવાલોનું એમના દિમાગમાં ન આવવું એ વાતની નિશાની હતી કે તેઓ ભટકેલા હતા, અને જે ખૂદ ભટકેલ હોય તે બીજાને શું હિદાયત આપી શકે છે ? મને એ બુઝુર્ગોએ કહ્યું કે ઈસાઈ મઝહબ જેવો છે એને એવો જ માનવામાં આવે, અને જે સવાલો મારા દિમાગમાં ઉઠી રહ્યા હતા એને એમણે શૈતાની ખયાલ ગણાવ્યું. મારા માતા પિતાને સૂચના આપી કે તેઓ મારી સખત દેખરેખ રાખે અને મને ઈસાઈયત પર કાયમ રાખવાના માટે ચર્ચમાં મોકલતા રહે. મને સમજાવતા રહે કે ખુદા મસીહ અને મરયમના વિશે બાબઈલ જે કાંઈ કહે છે એ સાચું છે અને એના પર મારે ઈમાન રાખવું જોઈએ.

પરંતુ હું સારી ફિતરત લઈને આવી હતી. આજે ઈસ્લામ કબૂલ્યા પછી પણ મારી ફિતરત એ છે કે હું એ ચીજને કબૂલ કરું છું, જે મારી સમજમાં આવી જાય. ઈસ્લામની ખૂબી જ એ છે કે એ ફિતરતના પ્રમાણે છે. ફિતરત આપણાથી જે માંગણી કરે છે, ઈસ્લામ પણ એ જ માંગણી આપણાથી કરે છે. જો આપણે ઈસ્લામના નિયમોની પાબંદી કરીએ છીએ તો એનો અર્થ એ છે કે આપણે ફિતરતના નિયમો પર ચાલી રહ્યા છીએ, જ્યારે કે ઈસાઈયત ફિતરતના નિયમોના બિલકુલ વિરૂધ્ધ છે. એમણે અલ્લાહના અસ્તિત્વને ત્રણમાં વહેંચી દીધું છે. એનાથી વધારે ફિતરતની વિરૂધ્ધ વાત કોઈ બીજી નથી હોઈ શકતી કે તેણે ખુદાની જાતને જ ત્રણ હિસ્સાઓમાં વહેંચી દીધો છે ! જે કૌમ ખુદાને જ ત્રણ હિસ્સાઓમાં વહેંચી દે તે ખૂદ એક કઈ રીતે થઈ શકે છે !





કુર્આન મજીદમાં જગા જગા ઈન્સાનોને ફિતરતના ઉગમ સ્થાનોની તરફ ધ્યાનિષ્ઠ કરવામાં આવ્યા છે અને કહેવામાં આવ્યું છે કે ફિતરત ઉદ્‌ભવસ્થાનો એ વાતની દલીલ છે કે ખુદા એક છે, જો ખુદા એકથી વધારે હોત તો આ દુનિયા ચાલી જ નથી શકતી હતી. એક ખુદા કહેતો કે સૂરજ ઊગી જાય, પરંતુ બીજો ખુદા કહેતો કે અત્યારે ન ઊગે. આ જ વિરોધાભાસ સૂરજના ડૂબવાની બાબતમાં બની શકે છે. આ પરિસ્થિતિને દરેક બાબતમાં ધારી શકાય છે. હવાઓ પોતપોતાની દિશાઓમાં ચાલે છે, ઋતુઓ પોતાપોતાના વખત પર તબદીલી કરતી રહે છે, જમીનથી પેદાવાર મોસમના સંબંધથી થાય છે. કુર્આન મજીદ દુનિયાવાળાઓથી ધ્યાનિષ્ઠ કરે છે કે તે જમીનથી નીકળનાર જુદા જુદા ઝાડોને જુએ કે એમને જમીન ફાડીને કેવી રીતે કાઢવામાં આવ્યાં. આ ઝાડો વિવિધ પ્રકારનાં છે, જાત જાતના ફળો એનામાં પેદા થાય છે. એ જરૂરી નથી કે એક જાતનું ફળ કોઈ બીજી જાતનાં ઝાડથી પેદા થઈ જાય. જે ફળ જે પ્રકારના ઝાડના માટે નક્કી છે એ જ ફળ એમાં આવશે, કોઈ બીજી જાતનું ફળ એનાથી પેદા નથી થઈ શકતું. સેંકડો જાતનાં ફૂલ આ દુનિયાને મેહકાવી રહ્યાં છે, દરેક ફૂલની રંગત અને એની ખૂશ્બુ જુદી છે. અસંખ્ય પક્ષીઓ છે જે કિલ્લોલ કરી રહ્યાં છે, દરેક પક્ષીનો અવાજ જુદો જુદો છે. દુનિયાનું મહાનથી મહાન મ્યુઝીક આ પક્ષીઓનાં કિલ્લોલનો મુકાબલો નથી કરી શકતું. અસંખ્ય પશુ અને ચોપગાં જમીન પર ઘૂમી રહ્યાં છે, સમુદ્રોમાં એક બીજી જ દુનિયા આબાદ છે, એમાં રહેનારી મખ્લૂક બુદ્ધિને દંગ કરી દે છે. આ કુદરતનો સામાન્ય કારોબાર એ વાતની દલીલ છે કે ખુદાની જાત એક છે, અને જો જાતે ખુદાવંદી એક ન હોત તો આ દુનિયા અસ્તિત્વ જ પામી શકતી હતી. ખુદાને એકથી વધારે હિસ્સાઓમાં વહેંચી દેવું ઈન્સાની અક્કલના દેવાળીયાપણાની નિશાની છે.

ઈસ્લામમાં દાખલ થવાનો બનાવ પણ ઘણો વિસ્મયજનક છે, એટલો વિસ્મયજનક કે એની કલ્પના પણ આપ નથી કરી શકતા. થયું એવું કે એક દિવસ મારી મોટી દીકરી પોતાની સ્કૂલની કોઈ મુસલમાન જમાઅતવાળી છોકરી પાસેથી એક કિતાબ લઈ આવી. મેં જોયું કે મારી દીકરીના હાથમાં કોઈ નવી કિતાબ છે અને તે એને ધ્યાનથી વાંચી રહી છે. હું દીકરીના

નજીક ગઈ અને એના હાથમાંથી કિતાબ લઈ લીધી. કિતાબનો વિષય "ઈસ્લામ" હતો. મેં દીકરીને કિતાબના વિશે પૂછયું તો એણે જણાવ્યું કે એના કલાસમાં ફૌઝીયા નામની એક મુસ્લિમ છોકરી છે જે એનાથી ઘણી જ નિખાલસ રીતે વર્તે છે. ફૌઝીયા આ કિતાબ વાંચી રહી હતી જેને વાંચવાના માટે મારી પુત્રી લઈ આવી હતી. મેં મારી પુત્રીની સાથે એ કિતાબ વાંચી, જેમ જેમ કિતાબનાં પાનાં પલટાતાં ગયાં, મારા દિલ તથા સમજની દુનિયા બદલાવા લાગી. મને લાગ્યું કે મારી ગુમ થયેલ મતા મને મળી ગઈ છે, એ ઈમાની મતા જેને આસમાનથી લઈને હું આવી હતી અને ઈસાઈ ઘરાનામાં તે ગુમ થઈ ગઈ હતી. મારી પુત્રી પણ કિતાબના વિષયથી ઘણી જ પ્રભાવિત હતી. મેં મારી પુત્રીને કહ્યું કે તે પોતાની જમાઅતવાળી સહેલીને ઘરે લઈને આવે. ફૌઝીયા અમારા ઘરે આવી ગઈ. એની સાથે અમે ઘણી બધી વાતો કરી. ફૌઝીયાએ જણાવ્યું કે એના પિતા એક વેપારી છે. ફૌઝીયાએ એમને પોતાના ઘેર બોલાવ્યાં, અમારી આવજા એના ઘરે ચાલુ થઈ ગઈ. ઈસ્લામના વિશે ઘણી બધી જાણકારી અમને એ લોકોથી પ્રાપ્ત થઈ. મુસલમાનોનાં કેટલાય ઈજતમાઓમાં આકસ્મિક જવાનું નસીબ થયું. અમારામાં એ તમન્ના પેદા થવા લાગી કે અમે ઈસ્લામ કબૂલી લઈએ. એક દિવસ ફૌઝીયાના ઘરવાળાંઓની સામે અમે અમારી એ તમન્નાની જાહેરાત કરી જેનાથી તે લોકો ઘણા જ ખુશ થયાં. મને અને મારી પુત્રીને ઈસ્લામિક સેન્ટરમાં લઈ જવામાં આવ્યાં જ્યાં અમારું ઘણી જ નિખાલસતાની સાથે સ્વાગત કરવામાં આવ્યું. ઓસ્ટ્રેલિયાના મુફતીએ અમને કલ્મએ શહાદત પઢાવીને ઈસ્લામના વર્તુળમાં દાખલ કરી દીધાં. અલ્હમ્દુલિલ્લાહ ! અમે માં દીકરી મુસલમાન છીએ. અમને શું ખબર હતી કે ઈસ્લામી કિતાબ અમારી જિંદગીમાં ઈન્કેલાબ ખડો કરી દેશે.

*(નઈ દુન્યા અઠવાડિક (ઉર્દૂ), ૫ થી ૧૧ નવે–૦૫, પેજ–૧૭, બરકાતે ખ્વાજા–માસિક, ફેબ્રુઆરી–૨૦૦૬)*





## (પ્રકરણ : ૨૦)

## બ્રિટીશ અભિનેત્રીનો ઈસ્લામ સ્વીકાર !

બ્રિટીશ અભિનેત્રી મરયમ ફ્રાન્કોઈસ–કેરાએ તાજેતરમાં ઈસ્લામ અંગીકાર કર્યો હોવાનું જાહેર કર્યું છે. તેણીએ ૧૯૯૦માં ફિલ્મ "સેન્સ એન્ડ સેન્સીબિલીટી"માં બાળ અભિનેતા તરીકે કામ કર્યું છે. હઝરત મુહમ્મદ صلى الله عليه وسلمથી પ્રેરિત શિર્ષકવાળા ઘણા આલ્બમમાં તેણીએ યોગદાન આપ્યો છે. ઈસ્લામ અંગીકાર કર્યા બાદ મરયમના પ્રત્યાઘાત **onislam.net** પર આ પ્રમાણે હતા :–

કેમ્બ્રીજમાંથી ગ્રેજ્યુએટ બની મેં ઈસ્લામ અંગીકાર કર્યો તે પૂર્વે હું કૈથલિક ખ્રિસ્તી હતી. ગોડ (અલ્લાહ)માં શ્રદ્ધા ધરાવતી હતી પણ મનઘડત ધર્મમાં શ્રદ્ધા ધરાવતી ન હતી. મારા પરિવર્તનનું કારણ કુર્આન છે. પ્રારંભમાં મેં કુર્આનનું અધ્યયન આક્રોશપૂર્વક શરૂ કર્યું કે જેથી મારા મુસ્લિમ મિત્રોને ખોટા સાબિત કરી શકું, બાદમાં મેં વધુ ખુલ્લા મનથી કુર્આનનું અધ્યયન શરૂ કર્યું.

અલ્ ફાતિહાના પ્રારંભમાં સમગ્ર માનવજાત સાથે સંબોધને મારા વિચારોમાં રોક લગાડી. તેણે (કુર્આન) તે ગ્રંથો વિશે વાત કરી જે બંનેને હું જાણતી હતી. કુર્આને મને સમજણ આપી કે મારા નસીબ, મારા અમલ અને મારા પ્રત્યાઘાતો અંગે હું એકલી જ જવાબદાર ઠરાવવામાં આવીશ.

સગાવાદ શાસિત આ વિશ્વમાં કુર્આને નૈતિક સત્ય ઉજાગર કર્યું છે અને નૈતિક્તાનો પાયો નાખ્યો છે. જેને ફિલોસોફીમાં રસ હોય તેમને જણાશે કે કેન્ટ, હુમે, સારટ્રે, અરીસ્ટોટલની તમામ ફિલોસોફીથી સર્વોચ્ચ કુર્આન છે. માનવના અસ્તિત્વ અંગેના સદીઓ જૂના પ્રશ્નનો જવાબ કુર્આનમાં છે કે, "આપણે અહીં શા માટે છીએ ?" હઝરત મુહમ્મદ صلى الله عليه وسلم એક અતિ મહત્વપૂર્ણ અભિયાન પર હતા જે મિશન પર હઝરત મૂસા, હઝરત ઈસા અને હઝરત ઈબ્રાહીમ હતા. (عليهم السلام) મેં મારા ધર્માંતરણને મારી પરંપરા વિરુદ્ધની પ્રતિક્રિયા તરીકે નથી જોયું. એનાથી વિપરિત હું જે છું તેને યોગ્ય રીતે સમજી છું અને મારા વિચારો પ્રશંસનીય છે. મને લાગે છે કે મસ્જિદોમાં

જોઈએ તેવી દાવત (બિન મુસ્લિમો માટે) નથી અને જાણ્યું કે નિયમો તથા રિવાજ ગુંચવાડા અને મુંઝવણભર્યા છે જેથી હું તરત જ મુસ્લિમ સમુદાય સાથે ઓળખ સ્થાપિત ન કરી શકી. મુસ્લિમો અંગે મને ઘણી બાબતો પ્રતિકૂળ જણાયી અને તેમનું વલણ મુંઝવણમય લાગ્યું. બાતિન (આંતરિક)ને બદલે જાહેર (બાહ્ય) બાબતો પર મુસ્લિમોનું ધ્યાન આપવું મને ઘણુ પીડાદાયક લાગ્યું. *(મુસ્લિમોએ આ બાબતે ગંભીરતાથી વિચારી સ્વાગતમય વલણ અપનાવવું જોઈએ. –તંત્રી )*

ઈસ્લામ કોઈ અજાણ્યો (નવો) ધર્મ નથી. આપણે આપણી બધી ઓળ ખ ખોઈ બેઠા છીએ એવું ન લાગવું જોઈએ. આપણી અંદર રહેલી અચ્છાઈને ઈસ્લામ યોગ્ય ઠરાવે છે અને બુરાઈને પાક સાફ કરવાનું કહે છે. ઈસ્લામે હમેશાં સંતુલન જાળવ્યું છે અને મને લાગે છે હઝરત મુહમ્મદ ﷺનો મૂળ પયગામ છે કે આપણા દરેક કાર્યમાં સંતુલન તથા સમાનતા હોવી જોઈએ.

હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺએ ફર્માવ્યું છે કે, જે તમને તકલીફ આપે તેમને માફ કરો, જે તમારાથી સંબંધ તોડે તેનાથી સંબંધ જોડો, જે તમારી બુરાઈ કરે તેના પ્રત્યે સારો વર્તાવ કરો, હમેશાં સત્યોચ્ચાર કરો ચાહે તે તમારી વિરુદ્ધ હોય. ઈસ્લામની સુંદરતા તેના શુદ્ધ અમલીકરણમાં છે અને તેનું શુદ્ધ અમલીકરણ ત્યારે જ થઈ શકે છે જ્યારે તે સમાજ, માનવજાત અને વિશ્વના સુધારણાનું માધ્યમ બને. *(ફારૂક સાપ્તાહિક, ૯–૯–૨૦૧૧)* *–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ફેબ્રુઆરી–૨૦૦૬)*





## (પ્રકરણ : ૨૧)

## ઈસ્લામ પ્રત્યેની ધૃણા જ ઈસ્લામ અંગીકારનો સબબ બની !

શું તમે એવા ગૈરમુસ્લિમોને જાણો છો જેઓ ઈસ્લામ ધર્મને ગૈરઈન્સાની ધર્મ સમજી બેઠા ? જેઓ તેને હિંસા અશાંતિ તથા કટ્ટરતાનો ધર્મ સમજી બેઠા છે ? જેમને અઝાનોની પોકાર યુધ્ધના સાઈરનોની જેમ સંભળાય છે ! તથા મસ્જિદોના મીનારાઓ મિસાઈલોની જેમ દેખાય છે ! જો હા ! તો તમે જાણી લો કે તેમનું દિલ ઈસ્લામને સમજવા માટે ખુલી શકે છે, તેમના સમક્ષ ઈસ્લામની તા'લીમાત તથા કુર્આની આદેશોનો પ્રકાશ જાહેર થાય તો વહેલી તકે હક઼ીક઼ત તથા વાસ્તવિક્તા તેમની સામે આવી શકે છે. માનવી લાખ ઘરના દરવાજા તથા બારીઓ બંધ કરી લે પરંતુ ઈસ્લામ ધર્મનું ઉજાસ તેના ઘરમાં પહોંચી જાય છે. વાસ્તવિક્તાની રોશનીઓ માનવીના દિલ સુધી પહોંચી જાય છે અને સત્યતાનું અજવાળુ જીવનને પ્રકાશિત કરીને જ રહે છે.

### ★ ઈસ્લામોફોબીયાના શિકારયૂરોપ તથા અમેરિકા ★

વર્તમાન દુનિયા ઈસ્લામોફોબીયાની શિકાર દેખાય છે. (એટલે કે ઈસ્લામને એક ભયાનક બીમારી સમજી તેના વિરોધમાં ઉગ્ર જોવા મળે છે.) દુનિયાનો દરેક મુસલમાન અલ ક઼ાઈદાનો બોમ્બધારક તથા લશ્કરે તયબાનો એજન્ટ દેખાય છે. મસ્જિદોમાંથી પોકારવામાં આવતી અઝાનની સદાઓ તેને ભયભીત કરે છે ! એ જ કારણે ક્યાંક તો મસ્જિદોમાંથી પોકારવામાં આવતી અઝાનોની સદાઓ પર પ્રતિબંધ લગાડવામાં આવે છે, તો ક્યાંક મસ્જિદોના બાંધકામમાં વિઘ્નો પેદા કરવામાં આવે છે, ક્યાંક મસ્જિદોના ગુંબદો તથા મીનારાઓ પર પ્રતિબંધ લગાડવામાં આવે છે તો ક્યાંક બુરખા તથા પર્દામાંથી મુસ્લિમ ખાતૂનોને બહાર લાવવાના પ્રયાસો કરવામાં આવે છે. આ તમામ ગતિવિધિઓ ઈસ્લામો ફોબીયાનું રૂપ છે. પરંતુ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ક઼ાદિરે મુતલક઼ તેમજ સર્વશક્તિમાન છે જે નકારાત્મક તથા નેગેટિવ વિચારશૈલી તથા વિરોધી પાસામાં પણ

સકારાત્મક તથા પોઝેટિવ સંકેત તથા વિચારશૈલીને અસ્તિત્વ આપી શકે છે. એ જ ઈસ્લામોફોબીયા (ઈસ્લામ પ્રત્યે નફરત) આજે ઈસ્લામ પ્રચાર તથા પ્રસિદ્ધિનું કારણ બનતુ જઈ રહ્યું છે. ઈસ્લામનો ભય જ દુનિયાને ઈસ્લામ સમજવા તરફ પ્રેરિત કરી રહ્યો છે અને ઈસ્લામથી દૂર ભાગવાના પ્રયાસો જ લોકોને ઈસ્લામના દામને રહમતથી બાંધી રહ્યા છે ! દરેક પ્રકારના બંધનોથી સ્વતંત્ર તથા મુક્ત થઈને જીવન પસાર કરનારા પશ્ચિમી નાગરીકોને સર્વ પ્રથમ તો ઈસ્લામ એક તંગ તથા સંકૂચિત કેદખાનું જણાય છે, પરંતુ એક સમય તે પણ આવે છે કે આખેરતના તકલીફભર્યા કેદખાનાથી નજાત પામવા માટે ઈસ્લામની હદબંદીઓ તથા મર્યાદાઓમાં પ્રવેશ માટે રાજીખુશી તથા સ્વેચ્છાએ તૈયાર થઈ જાય છે.

## ★ ઈસ્લામોફોબીયાના શિકાર હતા હઝરત ઉમર તથા અન્ય સહાબા ★

ઈસ્લામથી દૂર રહેવાના પ્રયાસોમાં ઈસ્લામ સ્વીકારવાની ઘટનાઓ દરેક યુગમાં જોવા મળે છે. રસૂલુલ્લાહ ﷺના પવિત્ર યુગમાં પણ આ પ્રકારની કેટલીયે સુઘટનાઓ આજે પવિત્ર ઈસ્લામના ઈતિહાસનો એક સુવર્ણ ભાગ છે. હઝરત ઉમર رضی اللہ عنہના ઈમાન લાવવાનો પ્રસંગ આપણે જોઈએ કે હઝરત ઉમર رضی اللہ عنہ પણ પહેલાં ઈસ્લામથી નફરત ધરાવતા હતા, એટલી હદ સુધી ઈસ્લામથી તેમને નફરત હતી કે જ્યારે પોતાનાં બહેન બનેવીના વિશે ઈસ્લામ સ્વીકાર કરવાની વાત સાંભળી તો ગુસ્સામાં આવી ગયા. પહેલાં તો રસૂલુલ્લાહ ﷺને કત્લ કરવાના હેતુથી જઈ રહ્યા હતા પરંતુ રસ્તામાં ખબર પડતાં માર્ગ બદલી નાખ્યો અને બહેનના ઘરે પહોંચી ગયા અને બંનેવની ખૂબ મારપીટ કરી અને પછી કહ્યું કે કુર્આન પાકની તે આયતો સંભળાવો જે તમે ઘરમાં છુપી રીતે પઢતા હતા. જ્યારે તેમણે સંભળાવવાનું શરૂ કર્યું તો ઉમર જેવા કઠણ હદયીનું દિલ પીગળવા લાગ્યું. દિલમાં નૂરનું એક કિરણ ફૂટવા લાગ્યું. આંખોથી શર્મિંદગી તથા પશ્ચાતાપનાં આંસૂઓ વહેવા લાગ્યાં. બેખૂદીની સ્થિતિમાં બારગાહે રિસાલત ﷺમાં હાજર થયા અને બુલંદ અવાજે કલ્મો પઢી ઈસ્લામના ખાદિમ બની ગયા.

**ઉમર સૂએ નબી ગયે નઝર સૂએ ઉમર ગઈ**
**પળી નિગાહે મુસ્તફા તો ઝિંદગી બદલ ગઈ**





હઝરત અબૂ સુફયાન, હઝરત હિન્દા, હઝરત ખાલિદ બિન વલીદ તેમજ બીજા કેટલાયે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ઈસ્લામનો સ્વીકાર કરતા પહેલાં ઈસ્લામોફોબીયાના શિકાર હતા, પરંતુ અંતમાં તેમણે ઈસ્લામના જ રહમતભર્યા દામનમાં સ્થાન મેળવ્યું.

## ★ અમેરિકામાં ૯/૧૧/૨૦૦૧ની ઘટના પછી ઈસ્લામ સ્વીકારમાં ક્રાંતિ ! ★

આજે પણ એક મોટી સંખ્યામાં લોકો ઈસ્લામો ફોબીયાના શિકાર છે. અને એટલા માટે જ તેઓ ઈસ્લામ દુશ્મનીના માર્ગે ચાલી રહ્યા છે. તેઓ ઈસ્લામ તથા કુર્આનના પૈગામથી પરિચિત નથી. તેઓ પૈગમ્બરે ﷺની પવિત્ર જાતથી તથા આપના સદ્‌ગુણોથી વાકેફ નથી. જે દિવસે તેઓ ઈસ્લામ ધર્મની હકીકતને જાણી લેશે, તેમના દિલોના દરવાજા પણ સત્યતાની ઓળખ માટે ખુલી જશે. ૯/૧૧/૨૦૦૧ના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપરના હુમલા બાદ ઈસ્લામોફોબીયામાં વધારો થયો છે અને પ્રોપેગંડા થયા કે ઈસ્લામ આખી દુનિયામાં અશાંતિ, કટ્ટરતા તથા હિંસાનો ધર્મ છે, (મઆઝલ્લાહ !) મુસલમાન દુનિયાના જે વિસ્તારમાં પણ રહે છે ત્યાં બીજાઓને અમન શાંતિથી રહેવા નથી દેતા, ઈસ્લામી તાલીમાત મુસ્લિમોને હિંસા તથા અત્યાચાર તરફ પ્રેરિત કરે છે. જ્યારે કે આ પ્રકારના તમામ પ્રોપેગંડા સરાસર જૂઠા તથા એક અડગ હકીકતની છબી ખરાબ કરવાના કાવતરાઓનો ભાગ છે. ઈસ્લામની હકીકત તથા વાસ્તવિક્તાનો પરિચય તેમને નસીબ થાય છે જેમને અલ્લાહ તરફથી તૌફીક મળે છે અને જેઓ નિષ્પક્ષ થઈને ઈસ્લામનો અભ્યાસ કરે છે.

૯/૧૧/૨૦૦૧ની ઘટના પછી જેટલા પ્રમાણમાં ઈસ્લામ તથા મુસલમાનો પ્રત્યેની ગલત ફહમીઓ તથા ખોટા પ્રોપેગંડાઓ વધ્યા છે એટલા જ પ્રમાણમાં બલ્કે તેનાથી પણ વધુ પ્રમાણમાં લોકોનાં દિલોમાં ઈસ્લામ પ્રત્યેની જિજ્ઞાસા પણ વધી છે. આ જિજ્ઞાસા તથા ઈસ્લામનો સંશોધનાત્મક અભ્યાસ જ લોકોને ઈસ્લામ તથા તેની વાસ્તવિક્તાથી મિલાવી આપે છે. એવા લોકોની એક મોટી સંખ્યા છે જેઓ પહેલાં ઈસ્લામોફોબીયાના શિકાર હતા અને બાદમાં ઈસ્લામના અભ્યાસે તેમને ઈસ્લામ સુધી પહોંચાડયા. રશિયાની સરકારી ટેલીવિઝન ચેનલ RT Newsએ આ પ્રકારના કેટલાયે

સમાચારો તથા સ્પેશ્યલ પ્રોગ્રામો ટેલીકાસ્ટ કર્યા છે જેમાં દેખાડવામાં આવ્યું છે કે ઈસ્લામોફોબીયામાં સપડાયેલા અમેરિકનો ઈસ્લામ સ્વીકાર કરી રહ્યા છે. RT Newsના આ પ્રકારના પ્રોગ્રામો અત્યારે પણ You Tube પર જોઈ શકાય છે. એ જ પ્રમાણે ઈરાનના સરકારી ટેલીવિઝન ઉપર પણ આવા પ્રોગ્રામોની એક સીરીઝ ચાલે છે. Press TVના આ પ્રોગ્રામના દરેક એપિસોડમાં એક નવમુસ્લિમને સામેલ કરવામાં આવે છે અને તેની ઈસ્લામ સુધીની યાત્રા વિશે ચર્ચા કરવામાં આવે છે. Press TVના કેટલાક વિશેષ પ્રોગ્રામો પણ You Tube ઉપર જોઈ શકાય છે. ગયા વર્ષે આ પ્રોગ્રામમાં હોલિવુડની એક મશ્હૂર અભિનેત્રી તથા મોડેલ પણ જોવામાં આવી હતી. Emilie Francoisના નામથી મશ્હૂર આ મોડેલ હવે ઉમ્મે અબ્દુલ્લાહ બની ચૂકી છે. તેણી પોતાને માથાથી લઈને પગ સુધી ઈસ્લામી બુરખામાં ઢાંકેલી રાખે છે, ત્યાં સુધી કે તે TV શોમાં પહોંચી ત્યાં પણ તેણીએ પોતાના ચહેરા ઉપરથી નકાબ (પર્દો) ન હટાવ્યો. ફક્ત આંખો ખુલ્લી હતી. ઈમીલી પણ પહેલાં ઈસ્લામ પ્રત્યે ગલત પ્રોપેગંડાની શિકાર હતી, પરંતુ જ્યારે તેને ઈસ્લામ વિશે જાણવાનો શોખ થયો અને ઈસ્લામનો અભ્યાસ કર્યા બાદ ઈસ્લામની સત્યતા સામે આવી અને તેણીએ ઈસ્લામનો સ્વીકાર કરી લીધો. તેનું કહેવું છે કે હવે તે આંતરિક ચૈન સુકૂન તથા શાંતિ અનુભવી રહી છે. ઈમીલી ઈસ્લામી પર્દાને સ્ત્રીઓ માટે એક સુરક્ષિત સ્થાન (કવચ) માને છે જ્યાં સ્ત્રીઓ દુનિયાની હવસપરસ્ત તથા વાસનામય નિગાહોથી સુરક્ષિત થઈ જાય છે. તેણીનું કહેવું છે કે એ ખોટો પ્રચાર કરવામાં આવે છે કે ઈસ્લામે સ્ત્રીઓ ઉપર અત્યાચાર તથા જુલ્મ કર્યો છે, તેમના અધિકારો છીનવી લીધા છે, તેમને પર્દામાં કેદ કરી દીધી છે. જ્યારે કે હકીકતમાં ઈસ્લામે જ સ્ત્રીઓને તેમના હક્કો તથા અધિકારો આપ્યા છે. પશ્ચિમી વિચારશૈલીએ તેણીઓને એક જાતિય તથા શારીરિક ઈચ્છાઓ પૂરી પાડવાનું સાધન બનાવી રાખી છે. તેમનું સ્વંય કોઈ અસ્તિત્વ જ નથી. તે પુરૂષો માટેનું એક રમકડુ બનીને રહી ગઈ છે. પરંતુ ઈસ્લામ સ્ત્રીઓને એક માન સન્માન તથા પ્રતિષ્ઠા પ્રદાન કરે છે, તેમને એહતેરામ તથા ઈજ્જતની નિગાહોથી જોવાનો પાઠ શિખવે છે. સ્ત્રી ઈસ્લામની નજરમાં જેટલી પ્રતિષ્ઠિત તથા સન્માનિત બાઈજ્જત છે એટલી બીજા કોઈ ધર્મમાં નથી.





## ★ અમેરિકીઓના ઈસ્લામ અંગીકારના બનાવો ★

હોલિવુડની એક અન્ય અભિનેત્રી ઐલન હવે સંપૂર્ણપણે ઈસ્લામી આદેશોની પાબંદી કરી રહી છે. તેણી પણ ઈસ્લામ પ્રત્યે ગલત ફેહમીની શિકાર હતી, પરંતુ તેની મુલાકાત એક રેસ્ટોરેન્ટમાં અમુક મસ્લિમો સાથે થઈ ત્યાર બાદ તેણીએ ઈસ્લામનો અભ્યાસ કર્યો અને મુસલમાન થઈ ગઈ. તેણી રોમન ભાષામાં લખાયેલ કુર્આન શરીફ પઢે છે, પર્દામાં રહે છે. હલાલ ઝબીહા (હલાલ રીતે ઝબહ કરેલા જાનવર) ખાય છે અને નમાઝોની પાબંદી એટલી હદ સુધી કરે છે કે જો રસ્તામાં ચાલતાં ચાલતાં નમાઝનો સમય થઈ જાય તો સડકના કિનારે જ કોઈ સાફ સુથરી જગ્યા ઉપર મુસલ્લો બિછાવીને નમાઝ અદા કરી લે છે. તે બહાર નીકળે તો તેની સાથે તેનો આઠ વર્ષનો પુત્ર પણ હોય છે જે સફેદ ઝબ્બામાં તથા માથા ઉપર ટોપી સાથે હોય છે.

હલીમા શ્યુન્સન એક હબશી સ્ત્રી છે, તેણીએ પણ ઈસ્લામ સ્વીકાર કર્યો છે. તેણી પણ પહેલાં ઈસ્લામ વિશે ખોટી માન્યતાઓ ધરાવતી હતી, પરંતુ હવે તેણે પણ ઈસ્લામી આદેશોને પોતાના જીવનનો એક મહત્વનો ભાગ બનાવી લીધો છે. હલીમા પર્દાની એટલી પાબંદ છે કે તે પોતાની કાર ડ્રાઈવ કરતી વખતે પણ પર્દામાં રહે છે.

જેમ્સ યી (James Yee) પોલ સબાહુદ્દીન આર્મ સ્ટ્રોંગ, કાર્લ કોજ, આદમ ગિઘાની વગેરે એવા અમેરિકી નાગરિકો છે, જેઓને પહેલાં ઈસ્લામથી કોઈ મહોબ્બત ન હતી, પરંતુ ઈસ્લામના અભ્યાસે તેમને પણ ઈસ્લામ સ્વીકાર કરવા મજબૂર કરી આપ્યા. હવે તેઓ પાબંદીની સાથે ઈસ્લામી એહકામો પર અમલ કરે છે. ખાવા પીવામાં ખાસ કરીને હલાલ હરામનો ખયાલ રાખે છે, અને કારોબારી મામલાઓ તથા બિઝનેસમાં પણ અલ્લાહ તથા તેના રસૂલ ﷺના ફર્માનોનું ધ્યાન રાખે છે.

*–(નઈ દુન્યા, ૫ થી ૧૧ નવેમ્બર–૨૦૧૨)*

*–(રજૂકર્તા : મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી, સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, બરકાતે ખ્વાજા–માસિક, ઓકટોબર–૨૦૧૩)*

## (પ્રકરણ : ૨૨)

# યૂરોપની મશ્હૂર મોડેલનો ઈસ્લામ સ્વીકાર !

યૂરોપની મશ્હૂર આંતરવસ્ત્રો (બિકિની)નું મોડલિંગ કરનારી યુવતી કાર્લે વોટસ્ ઈસ્લામથી પાવન થઈ ચૂકી છે. ૨૪ વર્ષની કાર્લે વોટસે ટ્યૂનિસના પોતાના પુરૂષ મિત્ર સાથે શાદી કરી લીધી છે. ઈસ્લામ સ્વીકાર્યા બાદ તરત જ તેણીએ માથાથી પગ સુધી સંપૂર્ણ હિજાબ અપનાવી લીધો. બ્રિટનના વર્તમાન પત્ર "ધી સન" સાથે વાતચીત કરતાં કાર્લે વોટસે બતાવ્યું કે તેણીના મિત્રોએ મુસ્લિમ યુવાન સાથે શાદી અને ઈસ્લામ સ્વીકારવાના નિર્ણય સાથે સહમતિ ન દર્શાવી. તેમના માટે આ કલ્પના જ ઘણી વિચિત્ર તથા ભયાનક હતી કે મોડી રાત સુધી મોડલિંગ કરનારી છોકરી હવે હિજાબમાં જોવા મળશે ! મુહમ્મદ સાલેહથી મુલાકાત પછી કાર્લેની જિંદગી સંપૂર્ણપણે બદલાય ગઈ. કાર્લેનું કહેવું છે કે ઈસ્લામ સ્વીકાર પછી તક્વો, તહારત, ઈજ્જત તથા સચરિત્રતા જેવા ગુણો જિંદગીમાં મહાનતાનો એહસાસ પેદા કરે છે. પશ્ચિમી સમાજમાં સ્ત્રીઓએ હમેશાં પોતાના શારીરિક અંગોનું પ્રદર્શન કરવું પડે છે પણ ઈસ્લામી કલ્ચરમાં એની કલ્પના સુદ્ધાં નથી કરવામાં આવતી. પશ્ચિમી સમાજમાં સ્ત્રીઓની કોઈ સિક્યૂરિટી હાંસલ નથી અને ઈજ્જત તથા સન્માનની નજરે નથી જોવામાં આવતી.

કાર્લે વોટસ્ મોડલિંગના ક્ષિતિજ પર સંપૂર્ણ ચમક દમક સાથે ચમકનારો તે તારો છે જેની અદાઓ પર આખુ બ્રિટન અમેરિકા ફિદા છે, જેના હુસ્નની ચર્ચાઓ પૂરા યૂરોપની ગલી ગલીઓમાં આમ હતી. એ હસીનો જમીલ મોડેલ જે બિકિનીને પહેરી લેતી એના ભાવ આસ્માનને સ્પર્શી જતા. જે કપડાને પહેરી લેતી તેની કિંમત ઊંચી જતી રહેતી. દૌલત તથા ખ્યાતિના નશામાં ચૂર રહેનારી આ મોડેલ પર જ્યારે ઈસ્લામનો નશો છવાયો તો દુનિયાનો દરેક નશો તેણીના માટે તુચ્છ સાબિત થયો. **નગ્નતાને ચાહનારી આ મોડેલે જ્યારે કલમએ શહાદત પઢી લીધો તો એ જ ઘડીએ તેણે નગ્નતાથી તૌબા કરીને પોતાને જભ્ભા તથા હિજાબમાં ઢાંકી લીધી અને સાથોસાથ એલાન પણ કરી આપ્યું કે હવે આ શરીર**





**અગાઉની જેમ દુનિયા સમક્ષ પ્રદર્શન માટે નથી રહ્યું બલ્કે તેની પતિની અમાનત બની ગયું છે.** (આના પરથી તે મુસ્લિમ સ્ત્રીઓ સબક્ લે કે તેણીઓ પોતે મુસલમાન હોવા છતાં પોતાના શરીરે ફેશનેબલ અંગ પ્રદર્શન કરતાં વસ્ત્રો પહેરી બેશરમીથી જાહેરમાં ગૈર મર્દોમાં ફરે છે !)

કાર્લે વોટસ આજે પોતાના પતિની ખૂબ જ આભારી છે કે તે તેણીના માટે ઈસ્લામ સ્વીકારનો સબબ બન્યો. ઈસ્લામ સ્વીકાર પહેલાં તેણીએ ઈસ્લામનો ધ્યાનપૂર્વક ગંભીરતાથી અભ્યાસ કર્યો. જેમ જેમ તે ઈસ્લામને સમજતી ગઈ તેમ તેમ તેમાં એની દિલચસ્પી વધતી ગઈ પછી તેણીએ મુહમ્મદ સાલેહને કહ્યું કે પહેલાં હું કેવળ તારા ખાતર મુસલમાન બનવા તૈયાર હતી પણ હવે મને રબ તઆલાથી સાચી મહોબ્બત થઈ ગઈ છે, મેં હક્કને ઓળખી લીધું છે અને હવે તે સાચા દિલથી રબને રાજી કરવા મુસલમાન થવા ચાહે છે. પછી તેણે જેવું મુસલમાન થવાનું એલાન કર્યું તો પૂરા યૂરોપ તથા અમેરિકામાં તોફાન મચી ગયું, સૌ આશ્ચર્યમાં પડી ગયા અને કેટલાકે અફસોસ પણ વ્યક્ત કર્યો ! તેણીની ઘણી ટીકાઓ પણ થઈ પણ તેણીએ તેને સબ્ર તથા સુકૂનથી સહન કર્યું અને કહ્યું કે લોકો કાંઈ પણ કહે પણ હું ઈસ્લામ સ્વીકારીને ખુશ છું.

કાર્લે કહે છે કે મને ઈસ્લામમાં સ્ત્રીઓના હક્ક બેહદ પસંદ છે. યૂરોપ સર્વ રીતે પ્રગતિ કરવા છતાંય સ્ત્રીઓને તે હક્કો નથી આપી શક્યું જે ઈસ્લામે પંદરસો વરસો થયાં સ્ત્રીઓને આપી રાખ્યા છે. મુસ્લિમ સમાજમાં સ્ત્રીને ઈજ્જત તથા માનની નજરે જોવામાં આવે છે. જ્યારે કે પ્રગતિશીલ દેશોમાં સ્ત્રી મનોરંજનનું તથા પ્રદર્શનનું તથા વાસના તુપ્તિનું સાધન બનીને રહી ગઈ છે. ઈસ્લામે સ્ત્રીને પ્રદર્શનથી બચાવી છે.

*–(નઈ દુન્યા વીકલી–દિલ્હી, ૨ થી ૮ સપ્ટે. ૨૦૧૩, બરકાતે ખ્વાજા–માસિક, નવેમ્બર–૨૦૧૩)*

## (પ્રકરણ : ૨૩)

## ફ્રાંસની ગાયિકાનો ઈસ્લામ સ્વીકાર !

ફ્રાંસની ગવર્નમેન્ટે પર્દા પર પાબંદીનો ક઼ાનૂન પાસ કરી દીધો. આ કાયદા પ્રમાણે જાહેરમાં પર્દો પહેરવા પર પાબંદી લાગુ કરી દીધી છે. જો કોઈ મુસલમાન સ્ત્રી પર્દો કરી બહાર નીકળે તો નવા કાયદા પ્રમાણે આ કામ ગુનો બને છે, જેથી એવું પણ થઈ ચૂક્યું છે કે મુસલમાન સ્ત્રી જ્યારે પર્દો કરી ઘરની બહાર નીકળે તો એને ગિરફતાર કરવામાં આવી છે અને એમના પર કેસ ચલાવવામાં આવેલ છે. પરંતું ફ્રાંસની ગવર્નમેન્ટ આના માટે શું કરે કે જ્યારે ફ્રાંસની મશ્હૂર ગાયિકા ઈસ્લામ ક઼બૂલ કરીને અચાનક ટી.વી. પર આવે અને ઈસ્લામની શાનમાં ગુણગાન વર્ણન કરતી જોવા મળે ?!

ફ્રાંસની ગવર્નમેન્ટે એવું સમજી લીધું હતું કે પર્દા પર પાબંદી કરીને એને ફ્રાંસમાં ઈસ્લામને ફેલાતો અટકાવી દીધો છે. વાત એ છે કે પર્દાએ ફ્રાંસમાં ઘણી મક઼બૂલિયત હાંસિલ કરી લીધી હતી. યુવાન સ્ત્રીઓમાં પર્દો પહેરવાનું ચલણ વધી રહ્યું હતું. ગવર્નમેન્ટી રિપોર્ટ પ્રમાણે પર્દાના વધતા ચલણથી સ્ત્રીઓ ઘણી પ્રભાવિત હતી અને ઈસ્લામ ક઼બૂલ કરવાના બનાવો વધુ પ્રમાણમાં બનવા લાગ્યા હતા. યહૂદી અને ઈસાઈઓએ ફ્રાંસમાં ઈસ્લામને ફેલાતો અટકાવવા માટે પર્દા પર પાબંદી લગાડવું જરૂરી સમજ્યું જેથી ગવર્નમેન્ટ પર દબાણ કરવામાં આવ્યું. અને ત્યાંની ક઼ાયદાની ટીમે આ ક઼ાયદો બનાવી દીધો જેના લીધે આખા ફ્રાંસમાં પર્દો પહેરવાનું બંધ કરી દેવામાં આવ્યું, જેથી પર્દો બનાવતી જેટલી કંપની હતી તેમણે પર્દો બનાવવાનું બંધ કરી દીધું. જો કે ગવર્નમેન્ટના આ ફૈંસલાનો સખ્ત વિરોધ કરવામાં આવ્યો છતાં લોકોના વિરોધ પર ધ્યાન આપવામાં ન આવ્યું. મુસલમાનોએ ગવર્નમેન્ટે બનાવેલ ક઼ાયદાનો સખ્ત વિરોધ કર્યો અને ક઼ાયદાને બદલવા માટે અદાલતના દરવાજા ખટખટાવ્યા, પરંતું અદાલતે પણ ફૈંસલો ગવર્નમેન્ટ તરફી આપ્યો. આવા માહોલમાં જો કોઈ મશ્હૂર ગાયિકા પર્દો પહેરી ટી.વી. પર દેખાય તો એનાથી કેવો હંગામો થઈ શકે છે એનો અંદાજો લગાડવો મુશ્કેલ નથી.

ગાયિકા મયલિની જ્યોર્જિયા દીસ ફ્રાંસની ખૂબ જ લોકપ્રિય કર્ણપ્રિય અવાજ ધરાવનારી મહિલા છે. કુદરતે એને ખૂબ જ મધુર અવાજ આપ્યો છે. એના ગવાયેલા ગીતો ફ્રાંસમાં ખૂબ જ લોકપ્રિય છે. ફ્રાંસની ગ્રામ્ય





ભાષામાં તેણીએ જે ગીતો ગાયાં છે તે આમ તથા ખાસ બધા પસંદ કરે છે. હજી બહુ સમય પણ નથી વહ્યો કે આ ગાયિકાના હુસ્ન તથા ખૂબસૂરતીની ચર્ચાઓ આમ હતી. જયારે આ ગાયિકા સ્ટેજ પર પોતાને પ્રદર્શિત કરતી તો દિલ અને જાન ફિદા કરનારા યુવાનો દરેક સમયે તેની ચારો તરફ હાજર રહેતા હતા. ગાયિકાએ ઘણી દોલત કમાઈ હતી, એ શરાબની શોખિન હતી. એના વિશે મશ્હૂર છે કે તેણી દુનિયાના ખૂણે ખૂણેથી એના માટે કિંમતી શરાબ મંગાવતી હતી. એના કોઈ ચાહવાવાળાએ યક઼ીન દેવડાવ્યું હતું કે તેણી જેટલુ ઉમદા શરાબ પીશે એટલા જ પ્રમાણમાં એના અવાજનું આકર્ષણ તથા મીઠાશ વધતી રહેશે. પરંતું આ સમય દરમ્યાન ગાયિકાના જીવનમાં એક પરિવર્તન આવ્યું જ્યારે તેને મોરિશિયસ જવાનુ થયું. ગાયિકાના પોતાના બયાન પ્રમાણે એને ત્યાં પહોંચી ઈસ્લામની જાણકારી મળી. એના જવાનો મક઼સદ ફક્ત હરવા ફરવાનો હતો, પરંતું ત્યાં એક મુસલમાન સ્ત્રીએ તેની જિંદગી બદલી નાખી. હસીનો જમીલ ગાયિકા અત્યાર સુધી એવું સમજતી હતી કે જિંદગી ખેલકૂદ તથા મનોરંજનનું નામ છે પણ પહેલી વાર એને જાણવા મળ્યું કે ઈન્સાનની જિંદગીનો મક઼સદ ઘણો બુલંદ છે. તેણીએ મોરિશિયસમાં રહીને ઈસ્લામી કિતાબો પઢી અને પોતાની જાતને સમજી. તેણીએ એ રાઝ મેળવ્યું કે જિંદગી નાચવા, ગાવા અને શરાબખોરીનું નામ નથી, એ વસ્તુઓ તો હરામ છે, પરંતું જિંદગીનો મક઼સદ એ છે કે ઈસ્લામના પાક઼ીઝા ક઼ાનૂનના પ્રમાણે જીવવામાં આવે. ગાયિકાએ ટી.વી. પર પોતાના ઈન્ટરવ્યુમાં કહ્યું કે, તેણીએ ઈસ્લામી ઈતિહાસનો અભ્યાસ કર્યો અને પહેલીવાર એ હક઼ીક઼ત સામે આવી કે ઈસ્લામ દુનિયાનો મહાન મઝહબ છે. આ મઝહબ કોઈ ઈન્સાનનો બનાવેલ નથી, પરંતું આ અલ્લાહની વહીથી દુનિયાને આપવામાં આવ્યો છે. પોતાના ઈન્ટરવ્યુમાં તેણીએ જાહેર કર્યું કે તેણે ઈસ્લામ ક઼બૂલ કરી લીધો છે, અને પર્દાનુ ઈસ્લામમાં ઘણુ મહત્વ છે. **પર્દા વિના મુસલમાન સ્ત્રી હલકી અને બેઈજ્જત છે. કોઈ મુસ્લિમ સ્ત્રીની ઈજ્જત અને આબરૂની ગેરન્ટી પર્દો કરવામાં છુપાયેલી છે. જે મુસલમાન સ્ત્રી પર્દો કરે છે એ, એ વાતનું એલાન કરે છે કે એમની જિંદગીમાં રોશની છે અને અંધકારમાંથી નીકળી તે નૂરાની દુનિયામાં દાખલ થઈ ગઈ છે.** ફ્રાંસની ગાયિકાએ બતાવ્યું કે જ્યારથી તેણીએ પર્દો કરવાનું શરૂ કર્યું છે ત્યારથી તેની જિંદગી બદલાઈ ગઈ છે. પહેલાં તે મદહોશીની (નશામય)

જિંદગી પસાર કરતી હતી, હવે તેને એના પર ફખ્ર છે કે તેણીએ ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો છે અને તેની જિંદગી ઈસ્લામી ક઼ાનૂન મુજબ (પ્રમાણે) પસાર થઈ રહી છે.

ગાયિકાના આ ઈન્ટરવ્યુથી ફ્રાંસમાં એક હંગામો ખડો થઈ ગયો છે. બધી જગ્યાએ તેના ઈન્ટરવ્યુની ચર્ચા થઈ રહી છે. સવાલ એ પેદા થાય છે કે પર્દો પહેરવા પર જ્યારે પાબંદી લગાડવામાં આવી તો આ ગાયિકા પર્દા સાથે ટી.વી. પર કેવી રીતે આવી ગઈ ?! એ પણ જાહેર કર્યું કે પર્દો કરવો મુસલમાન સ્ત્રીઓનો બંધારણીય હક્ક઼ છે. તેણીએ આશ્ચર્ય કરતાં કહ્યું કે **નગ્ન અવસ્થામાં સ્ત્રીઓના સમાજમાં બેશર્મી સાથે ફરવાથી કોઈ ખરાબી પેદા નથી થતી અને પર્દો કરી ઘરની બહાર નીકળવાથી સમાજ બગડી જાય છે ?!** ગાયિકાનું કહેવું છે કે **આ પશ્ચિમના બુધ્ધિશાળીઓની અક્કલનું દેવાળુ નીકળેલું દર્શાવે છે.** ગાયિકાનું કહેવું છે કે તેણે ફ્રાંસના ક઼ાનૂનને તોડી કાઢયો છે હવે જો હુકૂમતમાં હિમ્મત હોય તો તેના પર ક઼ાનૂની કાર્યવાહી કરે. ઈસ્લામની દુશ્મનીએ ઈસાઈઓને એટલા પ્રમાણમાં ભયભીત કરી દીધા છે કે તેઓ દરેક સમયે ઈસ્લામને ફેલાતો અટકાવવા જાત જાતની હરકતો કરે છે. ભલે પર્દો કરવા પર પાબંદી લગાડી દીધી છે તેમ છતાં પણ કેટલાક મુસ્લિમ બહુમતિ વિસ્તારમાં મુસ્લિમ સ્ત્રીઓ પર્દો કરતી દેખાઈ રહી છે. અસલમાં ઈસ્લામ એક વિશ્વ ધર્મ છે એના પર પાબંદી લગાડવી શક્ય નથી. ટેમ્પરરી તોફાન આવવાથી કેટલીક ધૂળ કચરો જરૂર ઉડી શકે છે, પરંતુ ઘણા જ જલ્દી રહમતનું વાદળ વરસે છે અને વાતાવરણની ખરાબીઓને દૂર કરી દે છે અને ઈસ્લામ માટે માહોલ પહેલાં કરતાં વધુ અનુકૂળ બની જાય છે. ઈસ્લામના ઉદયના સમયે મુસલમાનો વિચારી પણ શક્તા ન હતા કે ઈસ્લામનો પરચમ પશ્ચિમી દેશોમાં પણ લહેરાતો દેખાશે, પણ દુનિયા જોઈ રહી છે કે જમીનના દરેક હિસ્સા પર મુસલમાન મૌજૂદ છે અને કોઈપણ જાતની પાબંદી ઈસ્લામને ફેલાતો અટકાવી નથી શક્તી. સાબિત થઈ ગયું છે કે ફ્રાંસની ગવર્નમેન્ટ પર્દા પર પાબંદી લાવવામાં નિષ્ફળ સાબિત થઈ છે. ગાયિકાનું પર્દા સાથે ટી.વી. પર આવવું ફ્રાંસની ગવર્નમેન્ટના મોઢા પર એક જોરદાર તમાચો છે. જોવાનું એ છે કે ફ્રાંસની ગવર્નમેન્ટ હવે શું પોલિસી અપનાવે છે.

*(નઈ દુન્યા અઠવાડિક–દિલ્હી, ૧૫ થી ૨૧ ઓક્ટોબર–૨૦૧૨, બરકાતે ખ્વાજા–માસિક, જાન્યુઆરી–૨૦૧૩)*





## (પ્રકરણ : ૨૪)

## દીનની દાવત તથા તબ્લીગમાં સ્ત્રીઓનો રોલ

ઈસ્લામની દાવત તથા ધર્મ પ્રચાર સંબંધિત પુરૂષોની કુરબાનીઓ તેમજ તેમનું બલિદાન જે રીતે ઈસ્લામી ઈતિહાસનું અતિ પ્રકાશિત તથા રોશન પ્રકરણ છે એ જ રીતે સ્ત્રીઓની ખિદમતો તથા સેવાઓ પણ ઈતિહાસનો એક સુવર્ણ ભાગ છે. નિશ્ચિત રીતે જંગના મેદાનમાં ઈસ્લામી મુજાહિદોની સાથે પોતાની શક્તિ મુજબ નિખાલસપણે ઈસ્લામી ખાતૂનોએ પણ સહાય તથા મદદ કરી અને અજરે અઝીમની હક઼દાર બની.

તબ્લીગ તથા ઈસ્લામ પ્રચારના મેદાનમાં સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنની જેમ સહાબિયાત તથા અઝવાજે મુતહ્હરાતના કારનામાંઓ પણ ભૂલી શકાય તેમ નથી. જ્યારે કે ઈસ્લામી તાલીમાત (શિક્ષણ)થી સ્ત્રીઓ તથા બાળકોને પરિચિત તથા વાકેફ કરવાં સ્ત્રીઓની પણ જવાબદારી છે. એટલા માટે આ જિમ્મેદારીને આ પાકબાઝ સ્ત્રીઓએ સુંદર રીતે અંજામ આપી. ઈતિહાસ તથા સીરતની કિતાબો આવાં ઉદાહરણોથી ભરેલી છે. હઝરત સૈયદા આઈશા સિદ્દીક઼ા તથા સૈયદા ફ઼ાતેમા ઝહરા رضی اللہ عنہاની દાવત તથા તબ્લીગે તો ખૂબ જ પ્રભાવિત અસરો છોડી છે. અને કેમ ન હોય ! તેણીઓ તો હાદીએ દો આલમ ﷺ ની પાકીઝા કેળવણી તથા સોહબતમાં રહી અને આક઼ા ﷺ ની એક એક અદા ઉપર અમલ પૈરા રહેવાની કોશિશમાં રહેતી જેથી નિશ્ચિત રીતે આપ ﷺની તબ્લીગ તથા ઈસ્લામ પ્રચાર સંબંધિત કાબેલિયતોનો પ્રભાવ તેણીઓના ઉપર પણ પડતો રહ્યો.

### ★ હઝરત આઈશાએ બારીક ઓઢણી ફાડી કાઢી ! ★

જેમ કે હઝરત અલકમા رضی اللہ عنہ પોતાનાં વાલિદાથી રિવાયત ફર્માવે છે કે હઝરત હફસા બિન્તે અબ્દુર્રહમાન رضی اللہ عنہ હઝરત આઈશા رضی اللہ عنہا ની ખિદમત હાજર થયાં. તેમણે એક બારીક ઓઢણી ઓઢેલી હતી. સૈયદા આઈશાએ તેને ફાડી નાખી અને તેમને જાડી ઓઢણી ઓઢાડી આપી. *(મોઅત્તા ઈમામ માલિક)*

ઉપરોક્ત બનાવમાં હઝરત આઈશા رضی اللہ عنہاએ તે હદીષે પાક ઉપર

અમલ ફર્માવ્યો કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યું, "જે વ્યક્તિ કોઈ વાત શરીઅતની વિરૂધ્ધ જુએ તો તેને પોતાના હાથ વડે રોકે, અને જો હાથથી રોકવાની શક્તિ ન ધરાવતો હોય ઝબાનથી રોકે, અને જો ઝબાનથી પણ રોકવાની શક્તિ ન ધરાવતો હોય તો તેને દિલથી બુરુ જાણે, અને આ સૌથી કમઝોર ઈમાન છે. *(અન્વારુલ હદીષ, પેજ–૪૪)*

આજે મુસ્લિમ સમાજ જે પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે તે જોઈને ઘણુ દુઃખ તથા અફસોસ થાય છે. માલ તથા દૌલતની મહોબ્બતે કૌમે મુસ્લિમને દીનથી દૂર કરવામાં વિશેષ ભાગ ભજવ્યો છે. પશ્ચિમી પધ્ધતિ તેમજ વેસ્ટર્ન સ્ટાઈલ ઉપર અમલ કરવાના કારણે મુસલમાન પુરૂષો તથા સ્ત્રીઓને બુરાં તેમજ શરીઅત વિરૂધ્ધનાં કામોમાં કામયાબી તથા ઈન્ટરેસ્ટ દેખાય છે, જ્યારે કે એક મામૂલી બુધ્ધિ ધરાવતો વ્યક્તિ પણ જાણે છે કે ઈસ્લામની રોશન તથા સ્વચ્છ હિદાયતો તથા શિક્ષણમાં જ બંને જહાનની ભલાઈ તથા કામયાબી છે.

આજે બારીક ઓઢણી નહીં, માથા પર ઓઢણી જ નથી રહી ! અને વાળો છૂટા પ્રદર્શનમાં મૂકવામાં આવેલ હોય તેમ મોડેલો જેમ યુવતીઓ ફરે છે ! આજે મુસ્લિમ ઘરોમાં બેપર્દગી તથા બેહયાઈ એક ફેશનનું રૂપ ધારણ કરી ગઈ છે, આવી કપરી પરિસ્થિતિમાં મુસ્લિમ સ્ત્રીઓની જવાબદારી અધિક થઈ જાય છે, એક સ્ત્રી જે ઘરની શોભા તથા રોનક હોવાની સાથે સાથે તેના ઉપર ઘરેલુ વ્યવસ્થા તથા સંચાલન તેમજ બાળકોના શિક્ષણ તથા કેળવણીની પણ જવાબદારી હોય છે. જો તેણીઓ પ્રારંભથી જ પોતાની પ્યારી દીકરીઓને જેમની ઉપર કેટલીયે બાબતોનું ભવિષ્ય નિર્ભર રાખે છે, તેથી ભવિષ્યની મમતાને પર્દા તથા હયા જેવા અલંકારોથી સુશોભિત કરતી રહે અને ઈસ્લામિક વ્યવહાર તથા ટેવોની ખૂબીઓથી આગાહ કરતી રહે તો ઉત્તમ પરિણામો જાહેર થઈ શકે છે. એક ઈસ્લામી ખાતૂન પોતાની દીકરીને આ પ્રમાણે નસીહત તથા શિખામણ આપે કે :–

## ★ સ્ત્રી કઈ રીતે તબ્લીગ કરે ! ★

"મારી દીકરી ! ઈસ્લામે આપણને જે તાલીમ આપી છે તે પ્યારી છે અને આપણી સફળતાની જામિન છે. જો બેટા ! પર્દા તથા હયાની સાથે જીવન પસાર કરનારી ઈસ્લામી ખાતૂનોને આજે દુનિયાભરમાં મોહબ્બત





તથા પવિત્રતાની સાથે યાદ કરવામાં આવે છે. નબીએ કરીમ ﷺની પાક બીબીઓ તેમજ આપ ﷺની સુપુત્રીઓ તથા અન્ય સહાબી સ્ત્રીઓ رضی اللہ عنہاનાં ગુણગાનનાં ગીતો કેટલા પ્રેમ તથા નિખાલસતાની સાથે ગાવામાં આવી રહ્યાં છે. આ પવિત્ર તથા મહાન નારીઓની કથાઓ એટલા માટે કહેવામાં નથી આવતી કે તેણીઓ ઉચ્ચ વર્ગીય ખાનદાનોથી સંબંધ ધરાવતી હતી પરંતુ તેમની કથાઓ એટલા માટે રજૂ કરવામાં આવે છે કે તેમણે કુર્આની આયતો તથા મુસ્તફા જાને રહમત ﷺનાં કથનો તેમજ શરીઅતના અહકામો ઉપર ખૂબ દઢતાની સાથે અમલ કર્યો હતો.

એટલા માટે મારી પ્યારી દીકરી ! સદા બાપર્દા રહેજે અને પોતાની ઈજ્જત તથા આબરૂની રક્ષા કરતી રહેજે, આ ઈજ્જત તથા માન મર્યાદા આપણને ઘણીયે શહાદતો તથા કુરબાનીઓ થકી મળી છે. યાદ રાખજે ! આ જે નકાબ તથા સ્કાર્ફ છે તેનાથી આપણી ઈજ્જત વધે છે, બુરી તથા ભૂખી નજરોથી રક્ષા થાય છે, તેના વડે ઈસ્લામી મહાનતા લોકોનાં દિલોમાં પેદા થાય છે. તું જાણે છે ! દુનિયા આજે આપણને આપણી જ ઈસ્લામી તાલીમાત તથા તરીકાઓથી નફરત કરવાની શિખામણ આપે છે, સ્ત્રી આઝાદીના નામે આપણને ઘરના પવિત્ર ઈસ્લામી માહોલમાંથી બહાર કાઢીને બજારો, કાઉન્ટરો, કલબો, ડાન્સ બારો તેમજ રંગીન પાર્ટીઓની શોભા બનાવી પોતાની નફસાની ખ્વાહિશો તથા વાસનાઓની શિકાર બનાવવા માંગે છે. આવા સંજોગોમાં સદા ઈસ્લામની મદદ કરજે અને આધુનિક યુગના બેહકાવામાં આવીશ નહીં ! તું જાણે છે કે ઈસ્લામની મહાન ખાતૂનો જીવન જરૂરીયાત માટે ક્યારેક ઘરથી બહાર નીકળતી હતી તો બાપર્દા બુરખાની સાથે નીકળતી હતી, જેથી ગેરમેહરમોને તેમનું શરીર પણ નજર આવતું ન હતું. જો તેં પણ આ પ્રમાણે સિધ્ધાંતવાદી જીવન પસાર કર્યું અને પોતાની આબરૂની હિફાઝત તથા લેહાઝ રાખ્યો, મદ્રસા તથા સ્કૂલ જતી વખતે પર્દાની પાબંદી કરી, તો એક બાજુ તું અમલના મેદાનમાં સફળતા પ્રાપ્ત કરીશ અને અલ્લાહની મદદની હકદાર બનીશ. કેમ કે અલ્લાહનો વાયદો છે કે,"જો તમે અલ્લાહના દીનની મદદ કરશો તો અલ્લાહ તમારી મદદ કરશે." અને બીજી બાજુ તું પાકબાઝ રહીશ તથા ગુનાહોની ગંદકીઓથી પણ દૂર રહીશ.

આ પ્રમાણેની નસીહત તથા શિખામણ ઔલાદ ઉપર ગાઢ પ્રભાવ પાડે છે. અને કેમ ન હોય ! જ્યારે કે માતા પિતાનો તો પોતાની ઔલાદ માટે અનમોલ તોહફો સારો સંસ્કાર તથા સુંદર કેળવણી જ છે. અને આ પણ તબ્લીગ તથા ઈસ્લામ પ્રચારનુ એક પ્રભાવશાળી માધ્યમ છે. અને પ્યારા વાંચકો ! આ હદીષ પણ યાદ રાખજો કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવી આપ્યું કે كلكم راع ولكم مسئول عن رعيته "તમારામાંથી દરેક નિગેહબાન (દેખરેખ કરનાર) છે અને દરેકથી તેના હેઠળનાં વિશે સવાલ થશે."

## ★ બહેનો તબ્લીગના આ ક્ષેત્રે ધ્યાન કરે ! ★

અહીંયાથી જાણવા મળ્યું ઔલાદને પણ એ તમામ વાતો ઉપર અમલ કરવાની તાકીદ કરવામાં આવે જેનો ઈસ્લામે આદેશ આપ્યો છે. અને એ તમામ બુરાઈઓ તથા બુરી વાતોથી દૂર રાખવામાં આવે જે દુનિયા તથા આખેરતની તબાહી વહોરવાનો સબબ હોય.

દાવત તથા તબ્લીગથી સંબંધિત સ્ત્રીઓની જિમ્મેદારીઓ ઘણી હોય છે. માંના રૂપમાં પણ તેણી સારી તબ્લીગ કરી શકે છે, બહેનની હેસિયતથી પણ એક સમાજ સુધારકનો રોલ અદા કરી શકે છે. જેવી રીતે તેણી પત્ની સ્વરૂપમાં એક પતિની ઈસ્લાહ (સુધારણા) નો સામાન તૈયાર કરી શકે છે, તેવી જ રીતે તેણી બહેનપણી તથા સહેલી હોવાના નાતે પોતાની ઈસ્લામી બહેનોને નેકીઓનું આમંત્રણ તથા બુરાઈઓથી દૂરીનો પાઠ શિખવાડી શકે છે. ફક્ત આ તરફ ધ્યાન દોરવાની જરૂરત છે, પરિણામો જાતે જ જોવા મળશે. શું એક વફાદાર દીકરી પોતાની મમતાની વાત ટાળી શકે છે?! જ્યારે તે પોતાની દીકરીને બુરી વાતથી રોકે અને ભલાઈની વાત બતાવે. શું એક બહેન પોતાની પ્યારી બહેનની સારી વાત તથા સારા મશ્વરાને ઠુકરાવી શકે છે ?! શું એક જિગરી તથા મુખ્લિસ સહેલી પોતાની બહેનપણીની ઈસ્લાહી વાતોને રદ કરી શકશે ?! ના ! વફાદાર દીકરી, પ્યારી બહેન તથા જિગરી સહેલીની આવી ઉમ્મીદ તથા આશા ન કરી શકાય ! તો પછી કેમ આ તરફ ધ્યાન આપવામાં નથી આવતું ?

## ★ પતિ પત્ની કઈ રીતે તબ્લીગ કરે ? ★

કુર્આન કરીમ ફર્માવે છે :–





تعاونو على البر والتقوىٰ ولا تعاونوا على الاثم والعدوان

"નેકી તથા પરહેઝગારી પર એક બીજાની મદદ કરો અને ગુનાહ તથા ઝયાદતી (મર્યાદાની બહારનાં કામો) ઉપર એક બીજાની મદદ ન કરો." આ આયતે કરીમા ઉપર દરેક સ્ત્રી તથા પુરૂષ પણ સારી રીતે અમલ કરી શકે છે. દરેક પતિ પત્ની પણ સારી રીતે આ આયત ઉપર કાર્યરત થઈ શકે છે. તે એ રીતે કે પત્ની પોતાના પતિને બુરાઈ કરતાં જુએ તો તેને રોકે અને નેકીઓ તરફ આમંત્રણ આપે. એ જ પ્રમાણે એક પતિ પોતાની પત્નીને ગલત કાર્યોથી બચાવી શકે છે અને નેક કામો તરફ પ્રેરિત કરી શકે છે. જેમ કે હઝરત હબીબ અઝમી رضی اللہ عنہ નાં પત્ની "અમરાહ" નો નિયમ હતો કે રોજ રાત્રે પોતાના પતિને જગાડતાં અને કહેતાં, "ઉઠી જાવ ! રાત વીતી ગઈ, માર્ગ લાંબો છે અને આપણી પાસે મુસાફરીનો સામાન ઘણો ઓછો છે, નેક બંદાઓના કાફલા આપણાથી ઘણા આગળ જઈ ચૂક્યા છે, હવે પાછળ ફક્ત આપણે જ રહી ગયા છીએ." *(રૌઝુર્રિયાહીન ઉર્દૂ, પેજ, ૩૨૯)*

જુઓ ! એક વફાદાર પત્ની જો પોતે નમાઝ રોઝાની પાબંદ છે તો તેણી પોતે સવારે જાગીને પોતાના પતિ તથા બાલ બચ્ચાંઓને પણ જગાડીને નમાઝની તાકીદ કરી શકે છે, અને આ તબ્લીગ તથા દાવતની ઘણી ઉત્તમ પધ્ધતિ છે. પરંતુ આજે આપણી કૌમની પરિસ્થિતિ જોઈને મુસ્લિમ કૌમની બેટીઓ, પવિત્ર માંઓ તથા બહેનો ઉપર ઘણો અફસોસ થાય છે કે ન તો તેણીઓ પોતે શરીઅતની તબ્લીગ તથા દાવતમાં આગળ વધીને ભાગ લે છે અને ન તો પોતાનાં સંબંધીઓને આ તરફ ધ્યાન દોરવાની કોશિશ કરે છે.

## ★ માં કઈ રીતે તબ્લીગ કરશે ?! ★

આ હકીકત ઢાંકી છુપી નથી કે એક માંનો ઔલાદની કેળવણીમાં બાપ કરતાં વધારે રોલ હોય છે. એટલા માટે કે ઘરમાં બાપથી વધારે માંની જ સાથે દીકરા દીકરીઓ જીવનનો અધિક સમય વિતાવે છે, અને એ જ અદબ તથા કેળવણીનું માધ્યમ હોય છે. માંની સારી તથા નબળી વાતોની તેઓ પોતાના જીવનમાં નોંધ કરે છે. જો એક માં પોતાની દીકરીઓને મોટેરાઓના હક્કો તથા શાદી પછીના જીવનના આદાબ તથા તરીકા ઈસ્લામની રોશનીમાં બતાવે તથા શિખવાડે, ઈસ્લામની મહાન ખાતૂનોનાં દાંપત્ય

જીવનના બનાવો સંભળાવે, સૈયદા ફાતેમા ઝહરા رضی اللہ عنہاની પ્યારી તથા સાદગીવાળી શાદીની બરકતો બતાવે, તો એ વાતો પણ સારા પરિણામો વ્યક્ત કરશે. વળી એ તો જુઓ કે બેટીઓની સારી કેળવણી તથા તેમની સાથે સારા વર્તાવ ઉપર હદીષોમાં કેટલી બશારતો તથા ખુશખબરીઓ આપવામાં આવી છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું :

من عال جاريتين حتی تبلغا جاء يوم القيٰمة اناوهو

هكذا وضم اصابعه

જેણે બે દીકરીઓનું પાલન પોષણ કર્યું ત્યાં સુધી કે તેણીઓ બાલિગ (પુખ્ત) થઈ ગઈ તો કયામતના દિવસે હું અને તે આ પ્રમાણે ઉભા હશે ! અને આપ صلی اللہ علیہ وسلم એ પોતાની બે આંગળીઓને મિલાવી. *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૩૩૦)*

આ વિષયમાં હઝરત ઓસામા બિન ખારજા ગઝારી رحمۃ اللہ علیہએ પોતાની દીકરીને નિકાહના સમયે કરેલ નસીહત ઘણી અસરકારક સાબિત થશે. આપે ફર્માવ્યું કે, ''બેટી ! તું એક માળામાં હતી, હવે અહિયાંથી નીકળીને તું એવી સોહબતમાં જઈ રહી છે જેને તું સારી રીતે નથી ઓળખતી, એવા સાથીની પાસે જઈ રહી છે જેનાથી તારી મિત્રતા નથી. એટલા માટે તું ધરતી બની જા, તે તારા માટે આકાશ હશે. તેના માટે બિસ્તર બની જા, તે તારા માટે શક્તિ તથા આશ્રય પ્રાપ્તિનો સ્તંભ બની જશે, તેના માટે બાંદી બની જા, તે તારા માટે ગુલામ બની જશે, તેની સાથે કોઈ વિષયમાં અડી ન જતી (હઠ ન કરતી) કે જેથી તે તને દૂર હટાવી દે, તેનાથી દૂર ન રહેતી, નહીં તો તે તને ભૂલાવી દેશે.

જો તે તારાથી નજીક થાય તો તું તેનાથી વધુ નજીક થઈ જા અને જો તે તારાથી હટે તો તું તેનાથી દૂર થઈ જા. તેના નાક, કાન તથા આંખ (એટલે કે દરેક પ્રકારના ભેદો)ની હિફાઝત કર કે તે તારાથી માત્ર તારી ખૂશ્બુ સુંઘે (એટલે કે ભેદની રક્ષા તથા વફાદારી પામે), તે તારાથી માત્ર સારી વાતો સાંભળે, તે તારાથી માત્ર સારુ કામ જ જુએ.'' *(કાબિલે રશ્ક ખવાતીન, પેજ–૧૭૪)*

ઉપરોક્ત નસીહતો પર ચાલી એક દીકરી દાંપત્ય જીવનના સફરને





પૂરસુકૂન (શાંતિમય) તથા આરામદાયક બનાવી શકે છે અને આ અમલની દા'વત દીનની તબ્લીગ તથા પ્રચારનો શ્રેષ્ઠ આધાર પણ સાબિત થશે. કાશ ! આધુનિક યુગની યુવતીઓ આ રંગબરંગી ફૂલોથી ખૂશ્બુ પ્રાપ્ત કરી પોતાના ઘરને ખૂશ્બુદાર તથા સુગંધિત કરી આપે.

## ★ શાદી પ્રસંગે દીની તબ્લીગ ★

મુસ્લિમ ઘરોમાં આજે શાદીના પ્રસંગે જે ગેરશરઈ હરકતો કરવામાં આવી રહી છે તે પણ અફસોસજનક છે. નાચ ગાન, ફટાકડાઓ તથા સ્ત્રી પુરૂષોની ભેળસેળ તેમજ બેહયાઈની વસ્તુઓનો ઉપયોગ આ સર્વ વાતો ફુઝૂલ કામ હોવાની સાથે તબાહી તથા બર્બાદીનો સબબ બનતી જાય છે. આવા સમયે સ્ત્રીઓની જિમ્મેદારી વધુ થઈ જાય છે. જો એક સ્ત્રી તથા ઈસ્લામી ખાતૂન એ વાત ઉપર અટલ થઈ જાય કે મારા ઘરમાં શાદી પ્રસંગે નાજાઈઝ કામો નથી થઈ શક્તાં ! તો પતિની હિમ્મત નથી કે તે ઘરને આવાં કામોથી બેચૈન કરી આપે. એ જ પ્રમાણે જો સ્ત્રી આવા ખુશીના અવસરે ઈસ્લામી મેહફિલો (મીલાદની મેહફિલ, સીરતુન્નબી صلی اللہ علیہ وسلم જલ્સા વગેરે)ના સંબંધમાં પતિ સાથે મશ્વરો કરે તો નેક મક્સદ તથા મશ્વરો પણ સારા પરિણામો તથા અસરોને જન્મ આપી શકે છે.

સારાંશ કે સ્ત્રીઓ અલગ અલગ રીતે દા'વત તથા તબ્લીગે દીન તેમજ ઈસ્લામ પ્રચારની ફરજો અંજામ આપી શકે છે. ફક્ત આ તરફ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરત છે. સારા તથા નેકીનાં કામોની નિયત ઉપર જ્યારે અજર તથા સવાબની બશારતો આવી છે, તો પછી તે નેક કામ કર્યા પછી કેટલો સવાબ મળશે તેની કલ્પના પોતે જ કરી શકો છો !

અલ્લાહ કરીમ આપણાને સૌને દીનની દા'વત તથા તબ્લીગનાં કામો આપણી શક્તિ મુજબ કરવા તૌફીક અતા ફર્માવે, અને નિખાસતા તથા અસરકારક્તાની દૌલતથી નવાઝે. આમીન

*–(અઝ : મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી, સદર મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા, આમોદ બરકાતે ખ્વાજા–માસિક, ઓગસ્ટ–૨૦૦૯)*

## (પ્રકરણ : ૨૫)

# મુસ્લિમ સ્ત્રીઓનો દીની ઈલ્મી શોખ કાલે અને આજે !

કુરૂને ઉલા (રસૂલ, સહાબાના તથા તાબઈનના જમાના)માં મુસ્લિમ સ્ત્રીઓના શિક્ષણ પર ધ્યાન આપવામાં આવતું હતું એની સ્પષ્ટતા ઈતિહાસની કિતાબોમાં મૌજૂદ છે. અઝવાજે મુતહ્હરાત અને સહાબિયાતના ઈલ્મી કમાલો તથા ફઝાઈલથી આજે કોણ મુસલમાન છે જે અજાણ હોય. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاના ઈલ્મ તથા ફઝ્લની એ સ્થિતિ છે કે તેમની ગણના મુજતહિદીન સહાબામાં થાય છે. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના જમાનામાં તેઓ ફતવા આપતાં હતાં. સહાબાએ કિરામની સમક્ષ જો કોઈ મુશ્કેલ સવાલ આવતા તો તેને હઝરત આઈશા رضی اللہ عنہا જ હલ કરતાં હતાં. અન્ય અઝવાજે મુતહ્હારત પણ ઉલૂમે કુર્આન અને સુન્નતે રસૂલથી પરિપૂર્ણ હતાં.

મુસ્લિમ શરીફની એક રિવાયતમાં છે કે એક મૌકા પર ઘણી બધી સ્ત્રીઓ દરબારે રિસાલતમાં હાજર થઈ અને અર્ઝ કરી કે પુરૂષો આપથી ફાયદો પામવામાં અમારાથી અગ્રતા લઈ જાય છે, એટલે આપ આપની તરફથી અમારા માટે કોઈ દિવસ નક્કી કરી આપો તે દિવસે અમે આપની પાસે હાજર થઈ જઈએ અને અલ્લાહે જે ઈલ્મ આપને આપ્યો છે, આપ અમને તેની તા'લીમ આપો. આપે ફર્માવ્યું, "તમે સ્ત્રીઓ ફલાણા દિવસે ફલાણી જગ્યા પર એકત્ર થઈ જાવ. તે બધી સ્ત્રીઓ તે સ્થળે જમા થઈ ગઈ, પછી રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા અને સ્ત્રીઓને તા'લીમ આપી. પછી ફર્માવ્યું, તમારામાંથી જે સ્ત્રીના જીવનમાં તેના ત્રણ બાળકો મરી જાય, તે બાળકો તેના માટે દોઝખથી હિફાઝતનો સબબ બનશે. એક સ્ત્રીએ સવાલ કર્યો કે, યા રસૂલલ્લાહ ! ﷺ બેના વિશે શું હુકમ છે ? અબૂ સઈદ رضی اللہ عنہ ફર્માવે છે કે તે સ્ત્રીએ ફરી સવાલ કર્યો તો આપે ફર્માવ્યું, બે ! બે અને બે પણ !

હાફિઝ ઈબ્ને હજર ફર્માવે છે, "આ હદીષથી એ વાત માલૂમ થઈ કે





સહાબાની સ્ત્રીઓ દીની મસાઈલ જાણવાની ઘણી બધી શોખિન હતી."

આ હકીકત છે કે આ હદીષમાં સ્ત્રીઓ તરફથી ઈલ્મ શીખવાની તીવ્ર ઈચ્છા જોવા મળે છે કે પોતાના માટે વિશેષ મેહફિલની ઈચ્છા તેણીઓએ દર્શાવી, રસૂલુલ્લાહ ﷺએ સ્ત્રીઓની આ ઈચ્છાને માન આપી તેમની માંગણી પ્રમાણે અલગ મેહફિલ સ્ત્રીઓ માટે સજાવી.

નબવી યુગ પછી પણ ઘણા લાંબા સમય સુધી મુસ્લિમ સ્ત્રીઓમાં ઈલ્મનો શોખ બરાબર રહ્યો અને તેણીઓએ દરેક પ્રકારના ઉલૂમો ફુનૂનમાં કમાલો પ્રાપ્ત કર્યા. ઈમામ અબૂ દાઊદ હદીષ શરીફમાં એક સ્ત્રીના પણ શાર્ગિદ હતા. એવી જ રીતે ઈમામ સિયૂતીના ઉસ્તાદોની યાદીમાં ઘણી બધી સ્ત્રીઓનાં નામ પણ જોવામાં આવે છે. હઝરત ઉમર رضی اللہ عنہ જેવા જલીલુલકદર સહાબી પણ હઝરત અસ્માથી પોતાના ખ્વાબોની તાબીર પૂછતા હતા. ઈમામ ઈબ્ને અસાકિર દમિશ્કના એક મશ્હૂર ઈતિહાસકાર થઈ ચૂક્યા છે તેમણે જે ઉસ્તાદોથી હદીષ વિદ્યા પ્રાપ્ત કરી હતી તેમાં એંસીથી વધુ સ્ત્રીઓ હતી.

હકીમ ઈબ્ને જુબેર જે અશબીલીયહ (એક જગ્યાનું નામ)ના મશ્હૂર તબીબ હતા. તેમની બહેન અને ભત્રીજી ડોકટરી અને ઈલાજની ઘણી બધી મશ્હૂર જબદરસ્ત તબીબા (ડોકટર) હતી અને સ્ત્રી રોગોના ઈલાજમાં તેમને કાબેલિયત હાંસલ હતી તે કારણે જ ઉંદુલુસના રાજાઓનો ઈલાજ તેમને સુપ્રત હતો. તો કેટલીક સ્ત્રીઓને પ્રવચન કરવામાં એટલી મહારત હતી કે તેમને ખાસ લકબ આપવામાં આવતો હતો, જેવું કે હઝરત અસ્મા બિન્તે અબૂબકને સામાન્ય રીતે લોકો 'હતીબએ અન્સાર'ના લકબથી યાદ કરતા હતા.

આ પ્રત્યેક વાકિયાથી વધારે દિલચશ્પ આ વાક્યો છે કે જ્યારે હારૂન રશીદ નામના મશ્હૂર ઈસ્લામી બાદશાહ જે મધ્યપૂર્વના દેશમાં થઈ ગયા. ઈતિહાસમાં તેમનું નામ ખૂબ જ પ્રખ્યાત છે. એક વખત તેમને એક લોંડી (દાસી)ની જરૂરત હોવાથી તેમણે એલાન કરાવ્યું. એલાન સાંભળીને બે સ્ત્રીઓ દાસી તરીકે સેવા આપવા તેમના દરબારમાં આવી. તેમાં એક કાળી હતી અને બીજી ગોરી હતી. બાદશાહે કહ્યું કે મારે તો એક જ દાસીની જરૂરત છે. ગોરી દાસી બોલી કે મારો તો રંગ પણ ગોરો છે માટે મને જ

રાખી લો ! કાળી દાસી બોલી કે રંગ તો કાળો જ સારો હોય છે માટે મને જ નોકરીમાં રાખી લો. બાદશાહને આ બંનેની વાત સાંભળી રમૂજ પડી. તેમણે કહ્યું કે તમે બંને સાબિત કરી આપો કે ગોરો રંગ અથવા કાળો રંગ બેમાંથી કયો રંગ ચઢિયાતો છે, તો તમારામાં જે જીતશે તેને હું રાખી લઈશ. આ સાંભળી પેલી બંને સ્ત્રીઓ એકબીજા સાથે મુનાઝરો કરવા તૈયાર થઈ ગઈ. તે બંને દાસીઓએ અરબી ભાષામાં કવિતા બોલીને એકબીજાના રંગ વિશે જે ચર્ચા કરી તે જાણવા જેવી છે.

ગોરી સ્ત્રી : ''મોતી સફેદ હય ઔર ક઼ીમતી હૈ ઉસકી લાખોં, ઔર કોયલા હૈ કાલા પેસેમેં ઢેર લે લો !'' ગોરી સ્ત્રીનો ઉપરોક્ત શેઅર સાંભળી કાળી સ્ત્રી બોલી, ''ઔર કુછ !'' ત્યાર પછી ગોરી બોલી કે, ''અલ્લાહ કે નેક બંદો કા મુંહ સુફેદ હોગા, ઔર દોઝખી જો હોંગે, મુંહ ઉન્કે હોંગે કાલે.'' આ બે શેર સાંભળીને બાદશાહ ખુશ થયા. પછી કાળી સ્ત્રીને બાદશાહ બોલ્યો કે, ''સુન લિયા તુમને ? હય જવાબ ઈસકા તુમ્હારે પાસ ?'' બાદશાહના સૂચનમાં થયેલો ઈશારો સમજી જતાં કાળી દાસી બોલી કે, હા બાદશાહ સલામત ! તેવું કહીને કાળી દાસીએ જવાબમાં કડી લલકારી કે, ''હૈ મુશ્ક઼નાફ઼ા કાલી, કિંમતમેં બેશ આલી, રૂઈ સુફેદ હય ઔર પૈસેમેં ઢેર પા લી.'' (અર્થ : મુશ્ક઼ એટલે કસ્તૂરી કાળી છે પરંતુ તેની કિંમત ઘણી ઊંચી છે, પરંતુ રૂ સફેદ છે અને એક પૈસામાં ઢગલો મળે છે.) બાદશાહ કાળી સ્ત્રીનો જવાબ સાંભળી ભારે પ્રભાવિત થયા અને બોલ્યા કે, ''ઔર સુનાવો !'' બાદશાહ તરફથી પ્રોત્સાહન મળતાં કાળી દાસીએ વધારે આત્મવિશ્વાસ સાથે બીજો શેર લલકાર્યો કે, ''આંખો કી પુતલી કાલી હય નૂર કા વો ચશ્મા, ઔર આંખ કી સુફેદી હય નૂરસે વો ખાલી !'' (અર્થ : આંખની પુતળી કાળી છે, છતાં તમામ પ્રકાશનો તે ભંડાર છે અને આંખમાં જે સફેદી છે, તે પ્રકાશથી સાવ ખાલીખમ છે !) હજી બાદશાહ કશું બોલે તે પહેલાં ગોરી દાસીને કાળી પર ગુસ્સો ચઢવાથી બોલી પડી કે, ''કાગઝ સુફેદ હય સબ, કુર્આન પાકવાલે.'' તેણી આગળ બોલે તે પહેલાં કાળીએ જવાબ આપી દીધો કે, ''ઔર ઉનપે જો લિખે હંય, કુર્આન કે હુરૂફ કાલે !'' ગોરી : ''મીલાદ કા જો દિન હય, રોશન વો બિલ્યકીં હૈ.'' કાળી : મેઅરાજ કી શબ હય, કાલી હૈ યા નહીં ?!'' ગોરી : ઈન્સાફ કીજીએગા કુછ સોચયેગા પ્યારે, સૂરજ સુફેદ રોશન, તારે સુફેદ સારે. કાળી : ''હાં ! સોચયેગા આક઼ા !





હય આપ અક઼લવાલે, કાલા ગિલાફે કા'બા, હઝરત બિલાલ કાલે.'' ગોરી : ''રૂખે મુસ્તફ઼ા હય રોશન, દાતોં મેં હય ઉજાલા.'' કાલી : ''ઔર ઝુલ્ફ઼ ઉનકી કાલી, કમલી કા રંગ કાલા !'' આ ચર્ચા ઘણી આગળ વધી જાત, પરંતુ બાદશાહે તરત જ દરમ્યાનગીરી કરતાં જણાવ્યું કે, બસ ! બસ ! હવે વધુ ચર્ચાની જરૂરત નથી, તમે બંને વિદ્વાન છો ! બુદ્ધિવાન છો ! હું તમને બંનેને મારા દરબારમાં દાસી તરીકે રાખી લઉં છું.

ભાઈઓ ! કેવી સરસ જ્ઞાનગોષ્ઠી વાંચવા મળી અને એ વાત પણ જાણવા મળી કે પહેલાંના જમાનામાં દાસી તરીકે સેવા આપતી સ્ત્રીઓ પણ કેવી બુદ્ધિમાન અને ઈસ્લામી જાણકારી ધરાવતી હતી ? તેમની ચર્ચામાં ગંદા ગીત કે ફટાણાં ન હતાં, હલ્કી કોટીની ભાષા ન હતી, એકબીજાને ગાલી ગલોચ ન હતાં, કોઈ ગોરા રંગનું હોય કે કાળા રંગનું હોય પણ ઈસ્લામે રંગ, ભાષા, દેશ અને વંશના ભેદ મિટાવી દીધા છે. કોઈ ગોરા શખ્સને કાળા પર ફઝીલત પ્રાપ્ત નથી. ગોરા અને કાળા માનવી અલ્લાહે બનાવ્યા છે. માનવી પોતાની વિદ્યાથી, સંસ્કારથી, અદબથી, પવિત્રતાથી અને બુદ્ધિ પ્રતિભાથી દરેક મજલિસમાં માન અને આદર મેળવી જાય છે. અફસોસ ! સદ્અફસોસ ! આપણી માં બહેનોની ઈસ્લામી તા'લીમ ક્યાં ચાલી ગઈ ! આજે તો નાની નાની છોકરીઓ ફિલ્મી ગીત ગાય છે કે, સીરિયલોનો ઈન્તેઝાર કરે છે, આજના ડિગ્રીધારી અને ડિગ્રી વિનાના બધાય છોકરાઓ છોકરીને પસંદ કરતી વખતે, તેનો ગોરો રંગ, રૂપ, ઊંચાઈ, ફેશન, હેર સ્ટાઈલ, ચાલવાની સ્ટાઈલ, વાત કરવાની સ્ટાઈલ એવું બધું પસંદ પડે તો જ લગ્ન કરવાની હા પાડે છે. ભાઈઓ ! ઔરતનું ઝેવર તેની શર્મો હયા છે, સ્ત્રીનું હુસ્ન તેની પાકીઝગી છે, સ્ત્રીનો લિબાસ સભ્યતા તથા સુઘડતા છે, સ્ત્રી ખૂબસૂરત ભલે હોય ન હોય પણ ખૂબ સીરત તો હોવી જ જોઈએ. સ્ત્રી વફ઼ાની પુત્રી છે, સબ્રનો પહાડ છે, બાળકની પ્રથમશાળા તેની માંની ગોદ છે. જો એ ગોદવાળી જ બે અદબ, બદ્અખ્લાક, બદ્સીરત, બદ્ચલન ને બદ્ ક઼લામ હોય, તો એવી ગોદમાં બાળકને કેવો સંસ્કાર મળશે ? માટે બચપણથી જ આપણા બાળકોને કાળા ગોરા વિશે ભેદભાવવાળી વાતો સંભળાવો નહીં, પરંતુ તેમને ઈસ્લામી અદબ, અખ્લાક઼, સભ્યતા, ઈસ્લામી તા'લીમ, ઈસ્લામી સાહિત્યથી શણગારો અને ઈસ્લામી

મજલિસોમાં બચપણથી બેસાડવા માંડો જેથી બુઝુર્ગોનો અદબ, એહતેરામ, નમ્રતા, સાદગી, પવિત્રતા, શરીઅતની પાબંદી વગેરે ગુણોનો પાયો મજબૂત બની જશે અને જવાન થયા બાદ શાદી થયા પછી તેમનાં બાળકોનું સારુ ઘડતર તેણીઓ કરી શકશે.

વળી આજે સ્ત્રી કેળવણી પર ધ્યાન આપવામાં આવે છે તો કેવળ દુનિયવી વિદ્યાનું જ ધ્યાન અપાય છે અને તેનું પરિણામ એ નીકળે છે કે દીનથી અજ્ઞાન ઔલાદ ફક્ત સ્કૂલ કોલેજના માહોલમાં જતાં તદ્દન આવારા તથા સ્વચ્છંદી બનીને ક્યારેક ગૈર કૌમના યુવાનો સાથે લફરાં કરીને તેમની સાથે શાદી કરી લે છે તથા ઈસ્લામથી પણ નીકળી જાય છે ! અથવા તો આઝાદ ખયાલ ફેશનેબલ કેવળ નામની મુસલમાન રહી જાય છે, નહીં તો ઈસ્લામ નામની ચીજ તેના સીનામાં બાકી રહેતી નથી. માટે દુનિયાવી જ્ઞાનની સાથે સાથે પાયામાંથી જ ઈસ્લામ વિશે ઈલ્મ પણ શીખવાડો એમાં જ તમારી તથા તમારી ઔલાદની બંને જહાનમાં ભલાઈ છે.

*–(રજૂકર્તા : મુફ્તી મુહમ્મદ હસનખાન રઝવી બેડીવાળા, બરકાતે ખ્વાજા–માસિક, ઓગસ્ટ–૨૦૦૮)*





## (પ્રકરણ : ૨૬)

## ઈસ્લામની તબ્લીગમાં સ્ત્રીઓનો કિરદાર

ઈસ્લામે સ્ત્રીઓને જેટલા પણ હક્કો આપ્યા છે તેનું વર્ણન તો વારંવાર થાય છે પણ સ્ત્રીઓ પર જે જવાબદારીઓ છે તેનું વર્ણન બહુ ઓછું થાય છે. આ દુનિયામાં કેટલીય કૌમો આવી, પેઢીઓ આવી એમાંથી કેટલાક પોતાના જ્ઞાન, હુન્નર અને પોતાની તરક્કીમાં બહુ પ્રચલિત થયા પણ તેનાથી ઘમંડ થવા લાગ્યો અને પોતાના માલિક પોતાના ખાલિક઼ને ભૂલી બેઠા અને તેનાથી બેખૌફ થઈને પોતાની જિંદગી ગુજારવા લાગ્યા અને તેની નાફર્માની કરવા લાગ્યા. આ હતો તે જમાનો જેમાં આપણા નબીએ કરીમ ﷺના વસીલાથી એક ઉમ્મતને ઊભી કરી કે તે દુનિયાને અલ્લાહના દીન તરફ બોલાવે, કુફ્ર અને શિર્કથી તેને દૂર કરે, અને તેને સમજાવે કે આ દુનિયામાં ફક્ત દુનિયા પૈદા કરનાર અલ્લાહ તઆલાની ઈબાદત થવી જોઈએ, એમાં જ માનવીની કામયાબી છે, ખુદાની નાફર્માની ખતરનાક છે, તેનાથી દુનિયા અને આખેરત બંનેવ બરબાદ થઈ જશે. આવી રીતે હુઝૂર ﷺની આ ઉમ્મત પૂરી દુનિયાની નજાત, ભલાઈ અને કામયાબી માટે ખડી કરવામાં આવી, એટલા માટે તેને 'ખૈરે ઉમ્મત'ના લક઼બથી સંબોધવામાં આવી. આ કામ માટે તેને અમ્ર બિલ મઅરૂફ વ નહી અનિલ મુન્કર (સારી વાતોનો હુકમ આપવો અને બુરી વાતોથી રોકવા)નું સૂત્ર આપવામાં આવ્યું. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે; "તમે બેહતર છો એ બધી ઉમ્મતોમાં જે લોકોમાં જાહેર થઈ, ભલાઈનો હુકમ આપો છો, અને બુરાઈથી મના કરે છો, અને અલ્લાહ પર ઈમાન રાખે છો." *(સૂરએ તૌબા, આયત–૧૧૦, કન્ઝુલ ઈમાન)*

યહૂદીઓમાંથી માલિક બિન ઔફ અને વહબ બિન યહૂદા આ બંનેવ હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ વગેરે સહાબીઓથી કહેતા હતા કે અમે લોકો તમારાથી બેહતર છીએ અને અમારો દીન તમારા દીને ઈસ્લામથી બહેતર છે જેની તમે તબ્લીગ કરી રહ્યા છો. આ માટે ઉપરની આયત નાઝિલ થઈ. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન)*

પછી સ્ત્રીઓ અને પુરૂષોની ખૂબીઓ બયાન કરે છે. અલ્લાહ તઆલા ફર્માવે છે, "અને મુસલમાન પુરૂષો અને મુસલમાન સ્ત્રીઓ એકબીજાના મદદગાર છે. ભલાઈનો હુકમ આપે છે અને બુરાઈથી રોકે છે." *(કન્ઝુલ ઈમાન, સૂરએ તૌબા, આયત-૭૧)*

કુર્આન મજીદનું આ સંબોધન પુરૂષોને પણ છે અને સ્ત્રીઓને પણ છે. ઉમ્મતે મુસ્લિમાને જે જવાબદારી આપવામાં આવી છે તેમાં ઉમ્મતની સ્ત્રીઓ અને પુરૂષો બંનેવ શરીક છે. એટલા માટે આવી રીતે વિચારવું કે એનો ભાર ફક્ત પુરૂષોએ જ ઉઠાવવાનો છે અને સ્ત્રીઓ તેનાથી આઝાદ છે, તો એ ખોટુ છે. જેવી રીતે પુરૂષો માટે સુસ્તી કરવી મુનાસિબ નથી, એવી જ રીતે સ્ત્રીઓ માટે પણ સુસ્તી સારી નથી.

અલ્લાહ તઆલાના દીનનું ખુલ્લમ ખુલ્લા એલાન કરવું અને તેના પર અડગ રહેવું કોઈ સહેલી વાત નથી. અહીંયા ડગલે ને પગલે સબ્રની પરીક્ષા લેવામાં આવે છે. આ માર્ગ ક્યારેય પણ સહેલાઈથી પસાર નથી કરી શકાતો. એની અંદર જાતજાતની તકલીફો વેઠવી પડે છે. કેટલીક વખતે સળગતી આગમાંથી માનવીને પસાર થવું પડે છે. અલ્લાહ તઆલાની રહમત તથા મહેરબાની નાઝિલ થાય એ બંદાઓ પર જે આ ખતરનાક રસ્તા પરથી હસતા હસતા પસાર થયા. કુર્આન પાકે આવી પાક ઝાતોનું વર્ણન કર્યું છે જેઓ ફક્ત અલ્લાહ તઆલા પર ઈમાન રાખતા હતા અને તેની ઈબાદત કરતા હતા અને તેના દીનની તબ્લીગ કરતા હતા, એટલા માટે આ લોકોને આગની ભઠ્ઠીમાં નાખવામાં આવ્યા, પણ એ લોકો પોતાના દીનથી જરા પણ ડગ્યા નહીં અને પોતાના દીન પર કાયમ રહ્યા. આવા નેક બંદાઓમાં પુરૂષો પણ હતા અને સાથે સાથે સ્ત્રીઓ પણ હતી.

હઝરત નૂહ علیہ السلام એ સાડા નવસો વર્ષ સુધી પોતાની કૌમમાં દીનની તબ્લીગ કરી લોકોને એક અલ્લાહની ઈબાદત કરવા હુકમ આપ્યો. સદીઓની કોશિશો પછી જ્યારે ઈમાન ન લાવ્યા ત્યારે આપે બેઈમાનો માટે બદ્દુઆ કરી, પરંતુ જે પુરૂષો અને સ્ત્રીઓ ઈમાન લાવ્યાં અને રાહે હક્કમાં જે પુરૂષો અને સ્ત્રીઓએ સાથ આપ્યો તેમના માટે દુઆ કરી, "હે મારા રબ ! મને બક્ષી દે અને મારાં મા બાપને અને તેને જે ઈમાન સહિત મારા ઘરમાં છે અને બધા જ મુસલમાન પુરૂષો અને મુસલમાન સ્ત્રીઓને,





અને કાફિરોને તબાહી સિવાય બીજુ કશું વધારે આપ નહીં." *(કન્ઝુલ ઈમાન, સૂરએ નૂહ, આયત-૨૮)*

અલ્લાહની રહમત તે પુરૂષો અને સ્ત્રીઓ પર જેમણે વિરોધીઓ વચ્ચે રહીને પોતાની જિંદગી ગુઝારી, અલ્લાહના દીનને ફેલાવતાં રહ્યાં, જરા વિચાર તો કરો કે શું આ અલ્લાહના બંદાઓએ તકલીફો નહીં વેઠી હોય ? પોતાના દીન માટે લોકોની ગાળો તથા પથ્થર નહીં ખાધા હોય ? આ વાત ગવાહી આપે છે કે દરેક જમાનામાં પુરૂષ હોય કે સ્ત્રી દરેકે પોતાના દીને હક્ક માટે કુર્બાનીઓ આપી છે.

## ★ ઈસ્લામનો ઈતિહાસ ગવાહી આપે છે ★

આની ગવાહી તો હુઝૂર ﷺ અને તેમના જાંનિષાર સહાબાએ કિરામથી પ્રાપ્ત થાય છે કે દીનને ફેલાવવા અને તબ્લીગથી લઈને ઈસ્લામી શાસન કાયમ થવા સુધી હુઝૂર ﷺ અને સહાબાએ કિરામ અને ઈસ્લામી સ્ત્રીઓ ખતરનાક હાલતોથી પસાર થયાં. જાત જાતની તકલીફો વેઠી, દોસ્તો દુશ્મનો બની ગયા, સગાં સંબંધીઓએ હાથ ખેંચી લીધા. આ લોકોએ લોકોની ગાળો સાંભળી, પથ્થર ખાધા, ઘર છોડયું, જાન અને માલની કુર્બાનીઓ આપી. ઈસ્લામની તબ્લીગમાં પુરૂષો સાથે સ્ત્રીઓ પણ હતી, એટલા માટે અલ્લાહ તઆલાએ આ લોકોને જન્નતની ખુશખબરી આપી :

"તો એમની દુઆ સાંભળી લીધી તેમના રબે કે હું તમારામાં કામ કરવાવાળાઓની મેહનત બેકાર નથી જવા દેતો, પુરૂષ હોય કે સ્ત્રી, તમે આપસમાં એક છો. તો તે લોકો જેમણે હિજરત કરી, અને પોતાના ઘરથી નીકળી ગયા, અને મારી રાહમાં સતાવવામાં આવ્યા અને લડયા અને માર્યા ગયા, જરૂર એમના બધા ગુનાહ ઉતારી દઈશ અને જરૂર એમને બાગોમાં લઈ જઈશ જેના નીચે વહેતી નહેરો છે અલ્લાહની પાસેનો સવાબ અને અલ્લાહની જ પાસે સારો સવાબ છે." *(કન્ઝુલ ઈમાન, સૂરએ આલે ઈમ્રાન, આયત-૧૯૫)*

## ★ ચાર શહીદોની માં હઝરત ખન્સા رضی اللہ عنہا ★

હઝરત ખન્સા رضی اللہ عنہا જે બહુ પ્રચલિત શાઈરા હતાં. જંગે કાદસિયામાં પોતાના ચાર નવજવાન છોકરાઓ સાથે જંગમાં શરીક થયાં અને જંગમાં

શરીક થતા પહેલાં પોતાના છોકરાઓને નસીહત કરી કે તમે ઈસ્લામને ખુશી ખુશી કૃબૂલ કર્યો છે અને પોતાની મરજીથી હિજરત કરી છે, શું તમને ખબર નથી કે અલ્લાહ તઆલાએ કાફિરોથી જેહાદ કરવામાં કેટલો ઘણો સવાબ રાખ્યો છે ? સારી રીતે સાંભળી લો કે આ ફાની દુનિયાથી આખેરત બેહતર છે, અને પછી જંગમાં પોતે પણ ગયાં. પોતાના છોકરાઓની શહાદત જોઈને તેઓ રડયાં નહીં, તેમનું કાળજું ફાટયું નહીં ! પરંતુ એના પર ફખ્ર કર્યો કે ચાર શહીદોની માં છું ! *(માહનામા કન્ઝુલ ઈમાન–દિલ્હી, જૂન–૨૦૦૮)*

## ★ જંગે યરમૂકમાં ઈસ્લામની મુક઼દ્દસ સ્ત્રીઓ ★

જંગે યરમૂક મયદાને યરમૂકમાં થઈ હતી. આ જંગમાં રૂમી અને ઈસ્લામી લશ્કર સામ સામે હતાં. આ જંગ રજબના મહિનામાં હિ. ૧૫માં થઈ હતી. આના વિશે હઝરત અલી كرم الله وجهه الكريم કહે છે કે, આ તે જંગ છે જેનું વર્ણન હુઝૂર ﷺ કર્યા કરતા હતા અને ત્યાં સુધી કહ્યું હતું કે આ જંગનું વર્ણન હમેશાં બાકી રહેશે. જંગે યરમૂક જે ચૌદ દિવસ સુધી ચાલી હતી તેમાં મુસલમાન મુજાહિદોની સંખ્યા કરતાં રૂમીઓની સંખ્યા ત્રણ ઘણી હતી. (લગભગ એનાથી પણ વધારે હતી.) જંગે યરમૂકના અગ્યારમા દિવસે જ્યારે ઈસ્લામી લશ્કર અને રૂમીઓ વચ્ચે જંગ ચાલુ થઈ ત્યારે રોમીઓની સખ્તી વધારે હોવાથી ઈસ્લામી લશ્કરના જમણી અને ડાબી બાજુના મુજાહિદોએ જ્યારે પીછે હઠ કરી અને એક જગ્યાએ ઉભા થઈ ગયા. પણ પોતાના ખૈમામાં ન જતા કારણ કે ઈસ્લામની મુક઼દ્દસ સ્ત્રીઓ ત્યાં પથ્થર અને ચાબુક લઈને ઊભી હતી. પણ કેટલાક મુજાહિદો નાસીને ખૈમા આગળ પહોંચ્યા. તે લોકોને આવતા જોઈ હઝરત અફીરા બિન્તે અફફારે સ્ત્રીઓને લલકારીને કહ્યું કે, હે ઈસ્લામની નીડર સ્ત્રીઓ ! મુસલમાન મુજાહિદ હાર ખાઈ નાસી આવે છે એમને જંગમાં પાછા મોકલો ! આ સાંભળી સ્ત્રીઓ આગળ વધી અને મુજાહિદોના ઘોડાના પગોને અને માથાંઓને ચાબુક અને પથ્થરથી મારવા લાગી અને કહેવા લાગી કે તમે અમને છોડીને ક્યાં જાઓ છો ? શું પોતાની પત્ની અને બાળકોને રૂમીઓના હવાલે કરવા માંગો છો ? જો તમે લોકો પોતાની પત્નીની રક્ષા નથી કરી શકતા તો તમને પતિ બનવાનો કોઈ હક્ક઼ નથી. અલ્લાહ તઆલા બેઈજ્જત કરે તે પુરૂષોને જે પોતાની





પત્ની અને બાળકોનું રક્ષણ ન કરી શકે. આવી રીતે સ્ત્રીઓ પોત પોતાના પતિ અને સગા સંબંધીઓને જંગમાંથી નાસી જવાથી રોકતી હતી.

હઝરત હિંદ બિન્તે ઊત્બા બિન રબીઆ હઝરત અબૂ સુફયાનનાં પત્ની અને હઝરત લીના બિન્તે જરીર હુમૈરીયા આ સ્ત્રીઓ આગળ હતી અને બધી સ્ત્રીઓના હાથમાં ચાબુક અને પથ્થર હતા. એટલી જ વારમાં હઝરત અબૂ સુફયાન رضی اللہ عنہ હાર ખાઈને પાછા આવી રહ્યા છે. તેમને આવતા જોઈ તેમની પત્ની હઝરત હિંદ બિન્તે ઊત્બા رضی اللہ عنہا આગળ વધ્યાં અને પોતાના પતિના ઘોડાને ચાબુકથી મારવા લાગ્યાં અને કહ્યું કે જાવ પાછા અને પોતાની જાન કુર્બાન કરો ! જ્યારે હઝરત અબૂ સુફયાને પોતાનાં પત્નીથી આ સાંભળ્યું તો તરત જ પોતાનો ઘોડો પાછો દોડાવ્યો અને અન્ય નાસી જતા મુજાહિદોને કહ્યું કે, હે દીને ઈસ્લામના મુજાહિદો ! નાસીને ક્યાં જાવ છો ! પાછા ફરો નહીંતર દુનિયા અને આખેરતમાં રુસ્વા થશો. આ સાંભળી બધા મુજાહિદો પાછા ફર્યા અને હઝરત અબૂ સુફયાનની પેરવી કરતા જંગમાં લડવા માટે ગયા. મુજાહિદોને જોશ આપવા માટે ઈસ્લામની મુક઼દ્દસ સ્ત્રીઓએ પણ રૂમીઓ પર હુમલો કર્યો. સ્ત્રીઓને જંગના મૈદાનમાં જોઈ રૂમી સિપાહીઓ તા'જજુબમાં પડી ગયા. સ્ત્રીઓની બહાદુરી અને નીડરતાને જોઈને હૈરાન થઈ ગયા. સ્ત્રીઓ હુમલો કરવામાં પુરૂષોથી પણ આગળ વધી ગઈ. એક સ્ત્રીને હઝરત અયાઝ બિન સોહેલ رضی اللہ عنہએ એક રૂમી સાથે લડતી જોઈ. તે રૂમી પોતાના ઘોડા પર સવાર હતો અને સ્ત્રીને કૈદ કરવા ચાહતો હતો પણ તે સ્ત્રીએ ચાબુકથી તે રૂમી પર હુમલો કર્યો. હુમલો કરવાથી તે રૂમી ઘોડા પરથી નીચે પટકાઈ ગયો તો તે સ્ત્રીએ તેને ચાબુકથી મારી મારીને દોઝખમાં મોકલી દીધો.

તે દિવસે ઈસ્લામની મુક઼દ્દસ સ્ત્રીઓ હઝરત સઈદા બિન્તે આસિમ ખૌલાની, હઝરત ખૌલા બિન્તે અજવર, હઝરત ખૌલા બિન્તે સુઅલબા અન્સારીયા, હઝરત કઅબ બિન્તે માલિક બિન આસિમ, હઝરત સલ્મા બિન્તે હાશિમ, હઝરત નઅમ બિન કનાદ, હઝરત અફીર બિન્તે અફફા, હઝરત હિંદ બિન્તે ઊત્બા બિન રબીઆ હઝરત અબૂ સૂફયાનનાં પત્ની, હઝરત લીનાં બિન્તે જરીર હુમૈરીયા, હઝરત અસ્મા જે હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہની સાહબઝાદી છે. رضی اللہ عنہن વગેરે ઈસ્લામની મુક઼દ્દસ

સ્ત્રીઓએ એવી નીડરતા બતાવી કે મુજાહિદોને શર્મ આવી અને તેમણે પણ હુમલો કર્યો, હુમલો કરવાથી રૂમી લશ્કરમાં હલચલ થઈ જવા પામી. પછી જ્યારે સાંજ પડી એટલે બધા પોતપોતાના ખૈમામાં પહોંચી ગયા. ૧૨મા દિવસે જ્યારે રૂમીઓ તીરોની વર્ષા વરસાવી રહ્યા હતા ત્યારે કેટલાક મુજાહિદો પાછળ જવા લાગ્યા પણ સ્ત્રીઓ પાછળ હતી. ચાબુક અને પથ્થરથી તેમના ઘોડાઓને જંગની તરફ ફેરવતી હતી અને મુજાહિદો પણ પાછા ગયા. જ્યારે રૂમીઓ તરફથી તીરોની વર્ષા વરસી રહી પછી તલ્વારોનો દૌર ચાલુ થયો ત્યારે મુજાહિદો સાથે સ્ત્રીઓ પણ તલ્વાર લઈને રૂમીઓ પર તૂટી પડી અને રૂમીઓ પર મુસીબતોનું આભ તોડી નાખ્યું.

હઝરત અબૂ સૂફયાનનાં પત્ની હઝરત હિંદ બિન્તે ઊત્બા પોતાની જાન હથેલી પર લઈ નીડરતાથી ઈસ્લામના દુશ્મનોથી લડતાં હતાં. રૂમી સિપાહીઓ પર તલ્વારનો એક વાર કરી જમીન પર મુડદા ફેંકી દેતાં. તેમની નીડરતા જોઈને તેમના પતિ હઝરત અબૂ સુફયાન પણ લડવા લાગ્યા.

હઝરત સૈયદના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની સાહબઝાદી હઝરત અસ્મા પોતાના પતિ હઝરત ઝુબૈર બિન અવ્વામ رضی اللہ عنہ ની સાથે મેદાને જંગમાં પોતાના પતિનો સાથ આપતાં રહ્યાં. હઝરત ઝુબૈર એક રૂમીને મારતા તો તેમની પત્ની હઝરત અસ્મા પણ એક રૂમીને મારતાં. જો હઝરત ઝુબૈર બેને મારતા તો હઝરત અસ્મા પણ બેને મારતાં. આવી રીતે પોતાના પતિનો સાથ આપીને દિલેરી અને નીડરતા પ્રદર્શિત કરતાં હતાં.

હઝરત ખૌલા બિન્તે અજવર رضی اللہ عنہا ની સામે એક ઊંચો અને ભારે બદનવાળો એક રૂમી આવ્યો. પણ હઝરત ખૌલાએ એવી તલ્વાર ઉગામી કે તે રૂમીને પોતાનો અંતિમ સમય દેખાવા લાગ્યો, પણ અચાનક હઝરત ખૌલાની તલ્વાર તૂટી ગઈ, આ મૌક઼ાનો ફાયદો તે રૂમીએ ઉઠાવ્યો અને તલ્વારનો એક વાર કર્યો. હઝરત ખૌલાએ તે વાર ઢાલ પર લીધો પણ તલ્વાર ઢાલને ચીરી ફાડીને હઝરત ખૌલાના માથા પર વાગી. ખૂનની પીચકારી વાગી અને હઝરત ખૌલા ઘોડા પરથી નીચે પટકાઈ ગયાં. રૂમીએ જ્યારે આ જોયું કે મુસ્લિમ સ્ત્રી જમીન પર પડી છે તો પોતાની તલ્વારને હઝરત ખૌલાના પેટમાં ઘુસાડવાનો ઈરાદો કર્યો. જ્યારે હઝરત અફીરા





બિન્તે અફફારે જોયું કે હઝરત ખૌલા જમીન પર પડયાં છે, ત્યારે પોતાનો ઘોડો કુદાવીને રૂમીના ઘોડાની આગળ ઊભો કરી દીધો અને તલ્વારનો એવો જોરદાર વાર કર્યો કે તે રૂમીનું માથું શરીરથી અલગ થઈ ઘણે દૂર પડયું. પછી હઝરત અફીરા ઘોડા પરથી નીચે આવ્યાં અને હઝરત ખૌલાની પાસે ગયાં અને હઝરત ખૌલાનું માથુ ઉઠાવ્યું અને પોતાના ખોળામાં મૂક્યું. માથુ ઉઠાવ્યું ત્યારે હઝરત ખૌલાના માથાના બધા વાળો લોહીથી રંગાઈ ગયા હતા. હઝરત અફીરાએ તેમને હલાવ્યાં પણ થોડા બેભાન હતાં, પછી ધીમે ધીમે આંખો ખોલી. હઝરત અફીરાએ પૂછયું, તમારી હાલત કેવી છે ? હઝરત ખૌલાએ કહ્યું કે મને લાગે છે કે હું બચી શકુ નહીં. શું તમે મારા ભાઈ ઝરાર رضی اللہ عنہ ને જોયા છે. હઝરત અફીરાએ કહ્યું, હા ! હમણા જ થોડીવાર પહેલાં તે સહી સલામત હતા. હઝરત ખૌલાએ કહ્યું કે મારા ભાઈને મારા સલામ કહેજો. પછી હઝરત ખૌલાએ આ દુઆ માંગી, "હે અલ્લાહ ! મને ભાઈના બદલે કરી દે અને મારા ભાઈના લીધે ઈસ્લામને રંજીદા ન કર."

એટલે કે હઝરત ખૌલા કહેતાં હતાં કે, હે અલ્લાહ ! મને મારા ભાઈના બદલે શહીદ કર અને મારા ભાઈને સલામત રાખ. જો મારા ભાઈને કશું થઈ જશે તો ઈસ્લામના લશ્કરને સદમો થશે અને લશ્કરીઓની હિંમત તૂટી જશે.

હઝરત અફીરા બિન્તે અફફારે હઝરત ખૌલાને તસલ્લી આપી અને તેમને ઊભાં કરવાની કોશિશ કરી પણ લોહી વધારે વહી જવાથી ઊભા ન થઈ શક્યાં, તો હઝરત અફીરાએ તેમને ઊંચકી લીધાં અને ખૈમા (તંબૂ)માં લઈ ગયાં અને તેમના પાથા પર પાટો બાંધ્યો. અલ્લાહ તઆલાના ફઝ્લ અને મહેરબાનીથી હઝરત ખૌલા બચી ગયાં અને માથા પર ઘા હતો છતાં પણ લશ્કરની રાત્રે હિફાઝત કરતાં હતાં. *(મર્દાને અરબ, ભાગ–૨)*

આ હતી ઈસ્લામની મુક઼દ્દસ સ્ત્રીઓ કે જેમણે ઈસ્લામની તબ્લીગમાં પોતાની જાન કુર્બાન કરી, પોતાના બાળકોને અલ્લાહની રાહમાં આપી દીધાં. પોતાનું ઘર છોડયું, પોતાનો માલ લૂટાવ્યો, પોતાના પતિને જેહાદ માટે મોકલ્યા અને કોઈની પણ પરવા કર્યા વગર પોતે પણ જંગમાં ચાલ્યા ગયાં.

### ★ ઈમામ માલિક رضی اللہ عنہ નાં વાલિદા ★

હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ નાં વાલિદાનું નામ આલીયા બિન્તે શરીક બિન અબ્દુર્રહમાન છે. હઝરત ઈમામ માલિકનાં માં ઘણા જ સમજદાર સ્ત્રી હતાં. તેમણે હઝરત માલિકની તર્બિયતમાં ખાસ ધ્યાન આપ્યું. આપે હદીષના ઈલ્મ માટે ઈમામ માલિકને પોતાનાથી દૂર મોકલ્યા અને કહ્યું કે જાવ, હદીષ પઢો અને લખો. અને તેમણે હદીષ પઢી અને કેટલાય લોકોને હદીષો પઢાવી અને ઉમ્મતના મહાન ઈમામ થઈ ગયા.

### ★ હઝરત ઈમામ સુફયાન رضی اللہ عنہ નાં માં ★

હઝરત ઈમામ સૂફયાન હલાલી رضی اللہ عنہ જે તાબઈન છે અને હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ ના ઉસ્તાદ છે. હઝરત ઈમામ શાફઈ કહે છે કે, જો હઝરત ઈમામ માલિક અને ઈમામ સુફયાન ન હોત તો હિજાઝમાંથી ઈલ્મ (જ્ઞાન) ખતમ થઈ જાત. હઝરત સુફયાનની માંએ તેમની તર્બિયત એવી રીતે કરી છે કે મુસલમાન માંઓએ સબક હાંસલ કરવો જોઈએ. હઝરત વકીઅ જે ઈમામ સુફયાનના શિષ્ય છે, તે કહે છે કે હઝરત સુફયાનની માંએ તેમને કહ્યું કે : "મારા પ્યારા બેટા ! તું ઈલ્મ (જ્ઞાન) પ્રાપ્ત કર, હું કપડાં સીવીને તારી જરૂરતોને પૂરી કરીશ અને ઈલ્મને પોતાના ચાલચલનમાં ઉતાર." *(ઔરત ઈસ્લામ ઔર જદીદ સાયન્સ)*

ઈસ્લામની મુકદ્દસ સ્ત્રીઓ કે જેમણે ઈસ્લામની તબ્લીગ માટે પોતાનાં બાળકોને મદરસામાં મોકલ્યાં, ઈલ્મ (જ્ઞાન) પ્રાપ્ત કરવા પોતાનાથી દૂર મોકલ્યાં, પોતાનાં બાળકોની તર્બિયત કરી અને પોતે પણ અલ્લાહની ઈબાદત કરતાં રહ્યાં. અને તેમનાં બાળકો જ્ઞાન પ્રાપ્ત કરી ઉમ્મતે મુસ્લિમોના ઈમામો બન્યા, દીનની તબલીગ કરી, કિતાબો લખી અને પોતાની જિંદગી દીનની તબ્લીગમાં પસાર કરી. આ જમાનાની માંઓ છે કે જેઓ પોતાનાં બાળકોને મદરસામાં નહીં પણ ઈંગ્લિશ મીડિયમમાં, મસ્જિદમાં નહીં પણ થિયેટરોમાં મોકલે છે, શું આ દીને ઈસ્લામની તબ્લીગ છે ? ઈંગ્લિશની સાથે દીનનું જ્ઞાન પણ અપાવો, ખૂબ જ અલ્પ સંખ્યામાં સ્ત્રીઓ મળશે કે પોતાનાં બાળકોની પોતે તર્બિયત કરતી હશે, પોતાના બાળકને મદરસામાં મોકલતી હશે, પોતાનાં બાળકોને નમાઝી બનાવતી હશે, બાળકની તર્બિયત





માં થકી જ થઈ શકે છે કેમ કે પિતા તો રોજી કમાવા જતા હોય છે જેથી બાળક પોતાની માં સાથે ઘરમાં વધુ રહે છે. જો માંઓ જાગૃત થઈ જાય તો દીને ઈસ્લામની ઘણી સારી તબ્લીગ થઈ શકે છે.

**હે ઈસ્લામની મુકદ્દસ શહઝાદીઓ !** સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ના મુબારક કદમોથી હિંદુસ્તાનમાં લાખો લોકો કુફ્રના અંધકારમાંથી મુક્તિ પામી ઈસ્લામની અણમોલ રોશનીવાળા થયા, તેની પાછળ પણ તેમનાં માંની જ કુર્બાનીઓ છે કે પુત્રને દીનને ખાતર અલ્લાહની રાહમાં વકફ કરી આપ્યો. **હિંદુસ્તાનવાસીઓ ! આપણુ ઈમાન પણ એક ઈસ્લામી નેક ખાતૂનની કુર્બાનીનો જ સદકો છે !** એ જ પ્રમાણે ગૌષે આ'ઝમ رضی اللہ عنہ થી જગતભરમાં ઈમાનની રોશની ફેલાયી તેની પાછળ પણ તેમનાં નેક સાલેહા માતાની કુર્બાનીઓ જ રંગ લાવી છે, તો હે મારી મુસલમાન માંઓ બહેનો ! તમો એના પરથી કાંઈક બોધગ્રહણ કરો અને તમારા જિગરના ટુકડાઓને ઈલ્મે દીન શીખવા માટે પ્રોત્સાહિત કરો, તેમને દીનની મહોબ્બત શીખવાડો, રસૂલે પાક صلی اللہ علیہ وسلم ના ઈશ્ક વિશે સમજાવો, બુઝુર્ગોની મહોબ્બત વિશે જણાવો, સારા અખ્લાક શીખવાડો જેથી 'ઈસ્લામની તબ્લીગમાં સ્ત્રીઓના કિરદાર'ની યાદી બને તેમાં તમારું નામ પણ સામેલ થઈ જાય અને તે તમારી નજાતનો સબબ બને, અને તમારી ઔલાદ બંને જહાનમાં સાચી ઈજ્જત પામે.

**હમારે હાથમેં બાગે નબી કી બાગબાની હૈ**
**હમારા કામ ક્યા હૈ ? ઈસ ચમન કી પાસબાની હૈ**

અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلم ના સદકામાં ઈસ્લામી ખાતૂનોને હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا ના નકશે કદમ પર ચાલવાની તૌફીક આપે. (આમીન)

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ઓગસ્ટ–૨૦૦૮,*
*અઝ : મુહમ્મદ તૌફીક રઝવી પેટલાદી )*

## (પ્રકરણ : ૨૭)

# સ્ત્રી નિકાહની કાઝી બને તો તેનાં બુરાં પરિણામો !

દરેક ચીજ તેના સ્થાને રહે તો તેમાં જ સૌની ભલાઈ છે. રેલ્વે ટ્રેન તેની ટ્રેક પર રહીને દોડે અને બસ રોડ પર રહે તેમાં સૌની સલામતી છે, જો ટ્રેન રોડ પર ઉતરી આવે અને બસ ટ્રેક પર ચાલી જાય તો કેટલી ખાના ખરાબીઓ સર્જાય શકે છે તે દરેક સમજે છે. તે જ પ્રમાણે બુટ ચપ્પલ પગમાં પહેરવાને બદલે માથે રાખવામાં આવે અને ટોપીને પગમાં પહેરવામાં આવે તો એ નર્યી મૂર્ખતાનું પ્રદર્શન થશે. એ જ પ્રમાણે ઈસ્લામી જીવન બંધારણમાં સ્ત્રીની ઈજ્જત તથા સલામતી એમાં જ છે કે તેણી પર્દામાં રહે અને પુરૂષ બહાર રહી તેણીનું ભરણ પોષણ તથા અન્ય જરૂરતો હક્કોને પૂરા પાડે. પણ આજે પશ્ચિમી બેહયા કલ્ચરે ઈસ્લામની વિરૂદ્ધ જઈને ઈસ્લામના પવિત્ર સામાજિક બંધારણમાં ભંગાણ પડાવવા અને સ્ત્રીઓમાં બગાવત પેદા કરવા સ્ત્રી આઝાદીના નામ પર સ્ત્રીને પુરૂષ સમોવડી બનાવવા અને પુરૂષ સાથે ખભે ખભા મિલાવી ચાલવા ઉશ્કેરણી કરી અને ઠેરે ઠેર તેણીને આગળ ધરવા માંડી અને ગ્રાહકો રિઝવવાના રમકડાની હૈસિયત તેણીની રહી ગઈ ! અને પતિની વફાદાર, ઈજ્જતદાર, સચરિત્ર સ્ત્રીને બદલે બેહયા તથા બદ્ચલન, નખરાળી નાચનારી જેવી તેણીની જિંદગી બની ગઈ, અને તેણીને એવી બેહાલ બનાવી કે નધણીયાતી થઈને અનેક ધણીઓની ગુલામડી બની ગઈ !

મુસ્લિમ સ્ત્રીઓને પણ ઈસ્લામ દુશ્મન તાકતોએ તેમના ફંદામાં ફસાવવા પ્રયાસો કર્યા અને પશ્ચિમી શિક્ષણ પદ્ધતિથી સ્કૂલ કોલેજોમાં છોકરા છોકરીઓને મિશ્ર રાખી શિક્ષણના નામે સ્કૂલ કોલેજોના મુક્ત વાતાવરણમાં બે વિજાતિય તબકાના મેળ મેળાપમાં જે ખરાબીઓ ઉપસ્થિત થઈ રહી છે તેનાથી સૌ કોઈ વાકેફ છે. પશ્ચિમી શિક્ષણ સ્વચ્છંદી તથા બેહયાઈનો માહોલ સર્વત્ર ફેલાવી રહ્યું છે અને કોન્ડમ તથા એબોર્શન કલચર ઉભુ કરી રહેલ છે. એથી ઉલ્ટુ ઈસ્લામી શિક્ષણ એક પાકીઝા સભ્યતાવાળો અને





સુઘડ સમાજ રચે છે. પણ ઈસ્લામી જ્ઞાનથી દૂર રહી કેવળ પશ્ચિમી છૂટછાટવાળા માહોલથી આકર્ષાઈને બે ચોપડી ભણી લીધેલી કેટલીક સ્ત્રીઓ પોતાને મહાન સમજવા લાગી અને ઈસ્લામના બંધારણથી બગાવત કરીને ગૈરોની ડાયરેક્ટ ઈનડાયરેક્ટ ચડામણી તથા પોતાની ખ્યાતિના મોહમાં કાંઈક નવું કરવાની ઘેલછા સાથે નવાં નવાં દુઃસાહસો કરવા માંડી.

જેમ કે થોડા સમય પર અમેરિકાના એક ચર્ચમાં જુમ્આ કાયમ કરીને સ્ત્રી ઈમામ બની ! અને જગતરભરમાં કુખ્યાત થઈ ગઈ ! એ જ પ્રમાણે હાલમાં પ્લાનિંગ કમિશનની મેમ્બર કહેવાતી મુસ્લિમ સ્ત્રી સૈયદા હમીદે (શીઆ) લખનૌની એક હોટલમાં નામના મુસલમાન જોડા નાઈશ હસન અને ઈમરાનના નિકાહ પઢાવ્યા. નિકાહનો ખુત્બો પઢયો, ઈજાબો કબૂલની વિધિ કરી અને સ્ત્રીની ગવાહી ઈસ્લામમાં અડધી ગણાતી હોવાથી બે પુરૂષ ગવાહોને બદલે ચાર સ્ત્રી ગવાહો રાખ્યા...વગેરે સર્વ નિકાહનો કારોબાર સ્ત્રીઓ થકી થયો ! અને આ નિકાહ પઢાવનારીએ વધુમાં કહ્યું કે, સમય બદલાઈ ચૂક્યો છે, હવે આપણે બદલાઈ જવું જોઈએ, શું જરૂરી છે કે આપણે આપણા બાપદાદાના દૌરની રસમોને પકડીને બેસી રહીએ ?! આજના દૌરમાં જ્યારે સ્ત્રી દરેક કામ કરી શકે છે તો તેણી નિકાહ પણ પઢાવી શકે છે. અમે એ જ સાબિત કરવાની કોશિશ કરી છે કે સ્ત્રી પણ નિકાહ માટે કાઝી બની શકે છે. *(નઈ દુન્યા, ૩૧ થી ૫ ઓગષ્ટ–૨૦૦૮)*

આ કહેવાતા નિકાહ કરનાર દુલ્હો ઈમરાન પણ આ વાતે ગર્વ લે છે કે એક સ્ત્રી કાઝીએ તેના નિકાહ પઢાવ્યા ! અને તેની દુલ્હન નાઈશ પણ "ભારતીય મહીલા મુસ્લિમ આંદોલન"ની સભ્ય છે અને તેણીએ ઈસ્લામની વિરુધ્ધ જ આંદોલનનું આ એક દશ્ય ખડુ કર્યું છે ! એ પણ પોતાને મોડર્ન અને એડવાન્સ નારી ગણે છે, અને આ કહેવાતા નિકાહથી ગર્વિષ્ઠ છે. જો કે આ પ્રકારના નિકાહ એ એક ડ્રામો છે જેનાથી મીડિયામાં જગતભરમાં ચર્ચા થાય અને આ કરતૂત કરનારાઓની ખ્યાતિ થઈ જાય અને ગૈરો તથા અધર્મી લોકો એમની વાહ વાહ કરે એ જ હેતુ એમાં જોવા મળે છે.

આ સ્ત્રી કાઝીએ દલીલ કરી છે કે, "કુર્આનમાં ક્યાંય નથી કે સ્ત્રી નિકાહમાં કાઝી ન બની શકે." અમારું કહેવું છે કે ઈસ્લામના બાની નબી કરીમ ﷺ તથા તેમના સહાબીઓ, ત્યારબાદ તાબઈનો, ત્યારબાદના ઉલમાએ કિરામના અત્યાર સુધીના ક્રમમાં સ્ત્રીને કાઝી બનાવવાની રજા

નથી. આ નીચેથી જેમ ઉપર જઈએ તો સૌ તે લોકો છે જેઓ કુર્આન, હદીષને તથા ઈસ્લામી શરીઅતને સૌથી વિશેષ સમજનાર છે. સૌ પ્રથમ તો એ કે કુર્આન, હદીષની રૂએ ઈસ્લામમાં સ્ત્રીએ ગૈર મેહરમોથી પર્દામાં રહેવાનો હુકમ છે, તે પાકીઝગીના દૌરમાં સૌથી પવિત્ર ઉમ્મતની માંઓને તથા મુસલમાન પવિત્ર સહાબી સ્ત્રીઓને પર્દા પાછળ રહેવા તથા ચહેરા પર ચાદર નાખવાનો હુકમ કુર્આનમાં આવ્યો છે. જેમ કે રબ્બે કરીમનું ફર્માન છે :–

يَآَيُّهَا النَّبِىُّ قُلْ لِاَزْوَاجِكَ وَبَنَاتِكَ وَنِسَآءِ الْمُوْمِنِيْنَ يُدْنِيْنَ
عَلَيْهِنَّ مِنْ جَلَابِيْبِهِنَّ ذٰلِكَ اَدْنٰى اَنْ يُّعْرَفْنَ فَلَا يُوْذَيْنَ
وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا

"અય નબી ! પોતાની પત્નીઓ, સાહેબઝાદીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે, એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ નહીં આપવામાં આવશે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂ. અહઝાબ, રુકૂઅ–૫)*

તેમજ શરીઅતમાં સ્ત્રીના અવાજને પણ "છુપાવવાની ચીજ" ઠરાવી છે. તો પુરૂષ ક઼ાઝી તથા પુરૂષ ગવાહ બનવા પાત્ર મૌજૂદ હોવા છતાં સ્ત્રીઓનો આ ડ્રામો કોઈ રીતે શરીઅત હેઠળનો પુરવાર થતો નથી.

હવે આ ડ્રામાઈ નિકાહના મંઝરને જુઓ ! બેપર્દા ખુલ્લા કે છુટ્ટાવાળોવાળી સ્ત્રીઓ દુલ્હન, સ્ત્રી ક઼ાઝી તથા સ્ત્રી ગવાહો, મેકઅપ કરીને બની ઠનીને સ્ટેજ પર બેઠેલી છે, તેમની સાથે ફાસિક઼ મેહરમ ગૈર મેહરમ પુરૂષો બેઠેલા છે અને સામે મજમામાં તેમને તાકી તાકીને જોઈ રહેલા નિકાહના ડ્રામામાં આવેલા વિવિધ પુરૂષો સ્ત્રીઓની ભેળસેળ હાજર છે. બતાવો ! આ બેપર્દા દુલ્હન, બેપર્દા સ્ત્રી ગવાહો, બેપર્દા સ્ત્રી ક઼ાઝી તેમનું આ રીતે જાહેર પબ્લિક સામે બેસવું તથા નિકાહનો ખુત્બો પઢવું એ ઈસ્લામી શરીઅતમાં હરામ નથી ?! ઉપર દર્શાવ્યું તેમ તથા અન્ય કુર્આની આયતો તથા હદીષોથી આ રીતના નિકાહ એ શું ઈસ્લામ સાથે એક મઝાક નથી ? શું કુર્આનમાં સ્પષ્ટ એવું જ લખાણ જોઈએ કે, "સ્ત્રી નિકાહની ક઼ાઝી ન બની શકે ?" તો તો કાલે સર્વ જાહેર ક્ષેત્રમાં વિવિધ કામો કરતી બેપર્દા ફરતી સ્ત્રીઓ કહેશે કે અમારા માટે કયાં કુર્આનમાં આ કામો ન કરવાની આયત છે ?! શું આ વાત નરી જેહાલત તથા મૂર્ખાઈ નથી ?! યક઼ીનન ! મૂર્ખામી તથા ગુમરાહી છે,





કારણ કે જ્યારે સ્ત્રીને ગૈર મર્દોથી પોતાના શરીરને છુપાવવાનો અને પર્દાનો હુકમ કુર્આનમાં આવ્યો, હદીષમાં તેના હુકમો વિવિધ રીતે આવ્યા, સ્ત્રીનો અવાજ પણ ઔરત (છુપાવવાની ચીજ) છે તેવું અલ્લાહના રસૂલના હુકમોના આધારે જાહેર થયું, તો શું એ તેણીઓને નથી સુઝતું ?! તો આ પરથી કુર્આન, હદીષની રૂએ મનાઈ ન થઈ ગઈ ? શું કુર્આનમાં તેમનાં નામો લઈને આયતો ઉતરવી જોઈતી હતી ! તો એ માનતી ! સારાંશ કે ક્યારેક ક્યારેક આવી મોર્ડન સ્ત્રીઓને બે ચોપડી ભણી લેતાં પોતે બુદ્ધિમાન હોવાનું ભૂત સવાર થઈ જાય છે અને તેમને અન્ય ગૈરો તથા અધર્મીઓનો ટેકો મળી જતાં આવા ડ્રામા ક્યાંક ક્યાંક યોજાય જાય છે, એથી વધુ એમના આ કરતૂતોનું કોઈ મહત્વ નથી હોતું.

આ ક઼ાઝી બનવાની શોખિન તેણીનું કહેવું કે દુનિયા બહુ આગળ વધી ગઈ અને જેથી આપણે બાપ દાદાની રસમો પકડીને બેસી ન રહેવું જોઈએ. તો તેણી જાણી લે કે આ બાપદાદાની રસમ નથી ! પણ આ નિકાહની રીત તો કુર્આન હદીષના હુકમો અનુસાર છે, અને શું કુર્આન હદીષને ૧૪૦૦ ઉપર વરસો થઈ ગયાં તો તેને પૂરાણુ કહીને તેને ત્યજીને કોઈ નવું જીવન બંધારણ તથા નવી માન્યતાઓ અપનાવીને તે મુસ્લિમ રહેશે ? માટે ખરું એ છે કે મુસલમાનની ભલાઈ એમાં જ છે કે દુનિયામાં ઉદ્ભવ પામતાં નવાં કપડાં, નવાં સફરનાં સાધનો, નવી જાતનાં મકાનો.... વગેરે સર્વ નવું અપનાવે પણ તેની નજાત તો એ જ અસલ મઝહબને પકડી રાખશે તો જ થશે, તેમાં મનમાન્યા ફેરફાર કર્યા તો ઈસ્લામથી બહાર થઈ જશે અને તેનો અંજામ હમેશાંની જહન્નમ જ છે.

વળી ગવાહો સંબંધે પણ મસ્અલો તો એ જ છે કે અસલમાં બે મર્દ ગવાહોના બદલે સ્ત્રી જો ગવાહ હોય તો બે સ્ત્રી ગવાહ થઈ શકે, ચારે ચાર નહીં કેમ કે એક મર્દનું ગવાહ હોવું તો જરૂરી છે, નહીં તો ગવાહી માન્ય રહેશે નહીં. અને નિકાહના માટે તો પુરૂષ જ ગવાહ હોવા જોઈએ કેમ કે જાહેરમાં નિકાહ થાય તો સ્ત્રી ગવાહોને લોકો જોશે અને બેપર્દગી ઉભી થશે જે શરીઅતનું ઉલ્લંઘન છે.

અલ્લાહ તઆલા મુસલમાનોને ઈસ્લામી ક઼ાનૂનોથી બગાવત કરવાથી મેહફૂઝ રાખે અને શરીઅતના મૂળ હુકમોના પાબંદ બનાવે. (આમીન)

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ઓકટોબર–૨૦૦૮)*

(પ્રકરણ : ૨૮)

## પતિ પત્નીના પ્રશ્નો સંબંધી જાણવા જેવા મસાઈલ

કેટલીક વાર એવું થાય છે કે સ્ત્રી હજી કોઈના નિકાહમાં છે અથવા પતિએ તલાક઼ નથી આપી, અથવા પતિના તલાક઼ આપવાથી ઈદ્દતમાં છે અને હજી ઈદ્દત પૂરી થઈ નથી. વળી ક્યાંક બને છે કે પત્ની પતિથી રિસાઈને વરસ બે વરસથી પિયર નાસી આવી છે અને તેની તલાક઼ હાલ થઈ તો ઈદ્દત પહેલાં જ શાદીની ગોઠવણ થાય છે અને ઈદ્દત પહેલાં જ નિકાહ પઢાવી દેવામાં આવે છે, એમ સમજીને કે બે વરસથી પતિથી દૂર જ છે ! વળી ક્યાંક તો મસ્અલો બતાવવા છતાં નથી માનતા ! તેના સંબંધી શરીઅતનો હુકમ જુઓ :–

### ★ નિકાહવાળી તથા ઈદ્દતવાળીના બીજે નિકાહ હરામ ! ★

"જ્યારે સ્ત્રી કોઈના નિકાહ અથવા ઈદ્દતમાં હોય તો તે તેણીના નિકાહ કોઈ જાણી જોઈને બીજા સાથે પઢવા જાઈઝ નથી. જેથી નિકાહવાળી કે ઈદ્દતવાળીના નિકાહ બીજા સાથે પઢી આપ્યા તો **એ નિકાહ હરામ** છે અને ઝિનાનો દરવાજો ખોલવું છે. તેણી તથા બીજા નિકાહ પઢનાર પતિ માટે અનિવાર્ય છે કે એકબીજાથી તરત જ અલગ થઈ જાય અને જાહેરમાં તૌબા વ ઈસ્તિગફાર કરે અને **નિકાહ પઢાવનારો** સખત ગુનેહગાર, જહન્નમના અઝાબનો હક્ક઼દાર છે, તે તૌબા વ ઈસ્તિગફાર કરવા ઉપરાંત એ **નિકાહના નાજાઈઝ હોવાનું એલાન** કરે અને નિકાહની ઉઝરત પાછી આપી દે. જો એ લોકો એવું ન કરે તો મુસલમાનો તેમનો બહિષ્કાર કરે. એવા નિકાહ પઢાવનાર જાહેરમાં તૌબા ન કરે ત્યાં સુધી તેની પાછળ નમાઝ જાઈઝ નથી." *(ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ–૧, પેજ–૬૬૩)*

હે મુસલમાનો ! અલ્લાહથી ડરશો અને કોઈપણ સંજોગોમાં શરીઅતની હદો ન તોડશો, નહીં તો જહન્નમનો અઝાબ વેઠવો એટલો આસાન નથી !





### ★ પાગલની પત્ની તલાક઼ વિના બીજા નિકાહ ન કરી શકે ★

એક ઠેકાણે નિકાહ બાદ પતિ પાગલ થઈ ગયો તો તેનો ઘણો ઈલાજ કરાવ્યો પણ સારું ન થયું તો ગામવાળાઓથી લખાણ લઈ તેના વાલીએ તેણીના નિકાહ બીજે કરી આપ્યા. બાદમાં તે મૂળ પતિ સારો થઈ ગયો અને પત્નીને લેવા તેના પિતા પાસે ગયો તો તેણે ગામવાળાઓનું પોતે સારો થયો એ બાબતનું લખાણ માંગ્યું. તો આ બાબતે શરીઅત શું કહે છે ? જુઓ :–

"આ સંજાગોમાં તે સ્ત્રી શરીઅતની રૂએ મૂળ પતિની જ પત્ની છે, હરગિઝ હરગિઝ બીજા સાથે તેણીના નિકાહ થઈ શકતા નથી **ત્યાં સુધી કે મૂળ પતિ મૃત્યુ ન પામે** અથવા **સારો થઈને તલાક઼ ન આપે.** (કારણ કે પાગલની આપેલી તલાક઼ પડતી નથી) કેવળ પંચ કે ગ્રામ્યજનોના લખી આપવાથી કે વાલીની ઈજાઝતથી બીજે નિકાહ કદાપિ ન થઈ શકે. જેથી **તે સ્ત્રીના બીજે નિકાહ કરાવનારા, નિકાહ કરનાર, ગવાહો અને આ નિકાહથી રાજી રહેનારા સૌ જાહેરમાં તૌબા કરે** અને તેના વાલી પર તે સ્ત્રીને તેના મૂળ પતિને ત્યાં મોકલવી વાજિબ તથા અનિવાર્ય છે. જો તે એવું ન કરે તો સૌ મુસ્લિમો તેનો બોયકોટ કરે." *(ફતાવા ફયઝુરૂસૂલ, ૧/૬૬૯)*

### ★ સસરો વહુ સાથે ઝિના કરે તો ?! ★

વર્તમાન દૌરમાં ખરાબીઓ તેની ચરમ સીમાએ પહોંચી રહી છે અને એવા બનાવો બને છે કે અલ્લાહની પનાહ ! "બાપ પોતાના પુત્રની પત્ની (વહુ) સાથે ઝિના કરે" અથવા "વાસના સાથે કેવળ હાથ જ પકડી લે" જો એવું બને તો શું હુકમ છે તથા સસરો પોતાના દીકરાની વહુ સાથે નિકાહ કરી શકે ? તેના વિશે જાણી લો :–

"ઉપરોક્ત સંજોગોમાં તે "પુત્ર" પર તેની **પત્ની હમેશાં માટે હરામ થઈ ગઈ.** હવે તે પતિ પત્ની બંને માટે અનિવાર્ય છે કે તરત જ એકબીજાથી અલગ થઈ જાય અને આપસમાં પતિ પત્નીના સંબંધો કદાપિ ન રાખે. જો તેઓ અલગ ન થાય તો લોકો તેને ત્યાં ખાવું, પીવું, ઉઠવું, બેસવું અને

દરેક પ્રકારના ઈસ્લામી સંબંધો બંધ કરી દે. તેમજ પોતાના પુત્રના તલાક઼ આપ્યા બાદ પણ તેની **વહુ સાથે તે સસરાએ નિકાહ કરવા હરામ** છે. જેમ કે કુર્આનમાં છે, "તમારા નસલી પુત્રોની પત્નીઓ તમારા પર હરામ છે." *(ફતાવા ફયઝુર્રસૂલ, ૧/૫૬૯)*

## ★ પતિ પોતાની સાસુ સાથે ઝિના કરે તો ?! ★

"જો પતિ પોતાની સાસુ એટલે **પત્નીની સગી** માં સાથે ઝિનામાં પડી જાય (મઆઝલ્લાહ !) તો પતિ માટે તે સાસુની પુત્રી એટલે **પોતાની પત્ની હરામ થઈ ગઈ.** *(આલમગીરી, ૧/૨૫૬)* અને સાસુ સાથે પણ નિકાહ નથી કરી શકતો, એટલા માટે કે **પત્નીની માં સાથે નિકાહ હરામ** છે.

જેમ કે કુર્આન શરીફના પારા–૪ મુહર્રમાતની આયતમાં છે : وَاُمَّهٰتُ نِسَآىِٕكُمْ ઝૈદ જાહેરમાં તૌબા તથા ઈસ્તિગફાર ન કરે તો સૌ મુસલમાન તેનો બોયકોટ કરે."

બીજે ઠેકાણે છે : "જે શખ્સ પોતાની સાસુ સાથે ઝિના કરે અથવા **વાસના સાથે ચુંબન કરે** તો તેની **પત્ની હમેશાં માટે હરામ** થઈ ગઈ." આ કેસોમાં પત્ની જો કે નિકાહથી નીકળી નથી જતી અને ન તલાક઼ પડશે, બલ્કે પતિ પર ફર્જ થશે કે તે પત્નીને છોડી આપે. એટલે કે પતિ તે પત્ની સાથે પત્ની તરીકેનો સંબંધ બાંધી શકતો નથી, પણ જો છૂટી કરવા ચાહે તો તલાક઼ આપવી પડશે. *(ફતાવા ફયઝુર્રસૂલ, ૧/૫૮૨)* એ જ પ્રમાણે ફિક઼્હની કિતાબોમાં છે કે પતિ અંધારામાં કે ભૂલથી પત્નીને બદલે પોતાની પુત્રીના શરીરને વાસના સાથે સ્પર્શ કરે તો તેની પત્ની તે પતિ માટે આ જ પ્રમાણે હરામ થઈ જાય છે.

## ★ એકની હયાતીમાં બીજી બહેન સાથે નિકાહ હરામ ★

આ દુનિયામાં એવા પણ દિલેર લોકો છે ખુદાનો ડર રાખતા નથી અને શરીઅતના કાનૂનોની પરવા કર્યા વિના પોતાની વાસનાઓ સંતોષવા એવું પણ કરે છે કે પત્ની નિકાહમાં હોવા છતાં તેની સગી બહેન સાથે વ્યભિચાર કરે છે અને ક્યાંક તો નિકાહ કરી ઘરમાં રાખે છે. તેના વિશે હુકમ જુઓ :

"એક પુરૂષનું બે સગી બહેનોને એક સમયમાં રાખવું સખત નાજાઈઝ





તથા હરામ છે. મુહર્રમાતની આયતમાં એ હુકમ છે. જેથી જેણે એવું કર્યું હોય તે બીજી બહેનને તાત્કાલિક અલગ કરી દે અને જાહેરમાં તૌબા કરે. જો એ એવું ન કરે તો મુસલમાનો તેનો બોયકોટ કરે. જો મુસલમાનો એવું નહીં કરે તો તેઓ પણ ગુનેહગાર થશે." તેમજ આ પણ છે કે, **"તલાક઼ આપેલી પત્નીની ઈદ્દત હજી ચાલુ હોય તે દરમ્યાન તેની જ બહેન સાથે તે તલાક઼ આપનાર પતિએ નિકાહ કરવા જાઈઝ નથી."** (ફતાવા આલમગીરી) જેથી જો તે પત્નીની ઈદ્દત પૂરી થતાં પહેલાં તેની બહેન સાથે નિકાહ કર્યા તો તે સખ્ત ગુનેહગાર થયો. તે તેણીથી અલગ થઈ જાય અને તૌબા તથા ઈસ્તિગફાર કરે. પછી પ્રથમ પત્નીની ઈદ્દત પૂરી થયા બાદ તેની બહેનને રાખવા ચાહે તો નવેસરથી નિકાહ કરે, તો હવે શરીઅતની રૂએ વાંધો નથી. હા ! સાળી સાથે ઝિના કર્યો તો સખત ગુનો કર્યો, જહન્નમમાં પડવાનો હક્કદાર ઠર્યો, પણ પત્નીના નિકાહમાં વાંધો આવશે નહીં. *(ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ–૧)*

## ★ શું નિકાહ પહેલાં દુલ્હાને કલ્મા પઢાવવા જરૂરી છે ? ★

"નિકાહ પહેલાં દુલ્હાને કલ્મા પઢાવવા જરૂરી નથી પણ દુલ્હા તથા દુલ્હને એને પઢવાથી ઈન્કાર કરવો ગલત છે, કેમ કે તેને પઢવું પઢાવવું **બરકત તથા રહ્મતના નુઝૂલનો સબબ** છે. હદીષમાં છે : તમારા મર્દોને **લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ**ની તલ્કીન કરો. એ જ પ્રમાણે અલ્લામા શામીએ દફન બાદ કલ્માની તલ્કીનનું હદીષથી દર્શાવ્યું. *(રદ્દુલ મુહ્તાર, ૧/૫૭)* તેના ફાયદા પણ છે. અને નિકાહ વખતે ઘણા ફાયદાઓ સાથે એક ફાયદો એ પણ છે કે, **મુસલમાન તથા કાફિરોનો નિકાહ થતો નથી,** તો જો અજાણતામાં દુલ્હા કે દુલ્હન કોઈનાથી કુફ્ર થઈ ગયું હશે તો નિકાહ જ થશે નહીં અને **જીવનભર હરામકારી થતી રહેશે** ! એટલા માટે પાછલા ઉલમાએ દુલ્હા દુલ્હનને નિકાહ પહેલાં કલમા પઢાવવાનું શરૂ કર્યું. એ જ પ્રમાણે શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ ફતાવા અઝીઝિયા, ૧/૨૮માં દર્શાવ્યું છે. ઉલમાએ એહલે સુન્નતનો દરેક અમલ હિકમતથી ભરપુર છે એના માટે જાહિલોએ ખોટી દલીલો ન કરવી. *(ફતાવા ફયઝુર્રસૂલ, ૧/૫૪૮ પરથી)*

## ★ હાલની ક્રિશ્ચ્યન સ્ત્રી સાથે નિકાહ થશે નહીં ! ★

આપણા ઘણા યુવાનો ક્રિશ્ચ્યન (ઈસાઈ) સ્ત્રીઓ સાથે પ્રેમજાળમાં ફસાઈને લગ્ન કરવા તૈયાર થઈ જાય છે અને લગ્ન પછી પોતે જ બેદીન થઈ જાય છે, અથવા તે સ્ત્રી મુસ્લિમ થતી નથી છતાં તેઓ પતિ પત્ની તરીકે રહે છે એના વિશે હુકમ જાણો :–

''ઈસાઈ સ્ત્રી સાથે તેણીને મુસલમાન કર્યા વિના તેણી સાથે નિકાહ કરવો જાઈઝ છે. (ફતાવા આલમગીરી, પેજ–૨૬૩) પરંતુ ઈસાઈ સ્ત્રી સાથે નિકાહ ન કરવા બેહતર છે કે એમાં ઘણી ખરાબીઓનો દરવાજો ખુલે છે. ફતાવા આલમગીરીના એ જ પેજ પર છે :–

.......અને **ઈસાઈ સ્ત્રી સાથે નિકાહ ત્યારે જ જાઈઝ છે જ્યારે કે તે પોતાના એ જ (અસલ) ઈસાઈ મઝહબ પર હોય,** અને જો **કેવળ નામ માત્રની ઈસાઈ હોય** અને વાસ્તવમાં **નેચરી** તથા **નાસ્તિક હોય** જેમ કે **હાલના સામાન્યતઃ ઈસાઈઓનો હાલ** છે, તો **તેમનાથી નિકાહ નથી થઈ શક્તા.''** *(ફતાવા ફયઝુર્રસૂલ, ૧/૬૧૮)*

## ★ વહાબી, દેવબંદી, શીઆ વગેરે સાથે નિકાહ થતા જ નથી ! ★

આજકાલ ઘણા લોકો પોતે સુન્ની હોવા છતાં બદ્‌મઝહબો વહાબી, દેવબંદી વગેરે બાતિલ ફિર્ક઼ાવાળા સાથે પોતાના પુત્ર કે પુત્રીને પરણાવી દે છે તો તેઓ શરીઅતનો ક઼ાનૂન જાણી લે. આવા જ એક પ્રશ્નના જવાબમાં ''ફતાવા ફયઝુર્રસૂલ'' (ભાગ–૧)માં છે :–

**''દેવબંદી સાથે સુન્ની છોકરા કે છોકરીના નિકાહ થતા જ નથી.** આલમગીરી, ભાગ–૧, પેજ–૨૬૩માં છે : (અર્થ) : **મુર્તદના નિકાહ મુર્તદ્દા સ્ત્રી, મુસ્લિમ સ્ત્રી તથા અસલી કાફિરા સ્ત્રી સાથે જાઈઝ નથી, એવી જ રીતે મુર્તદ્દા સ્ત્રીનો નિકાહ મુર્તદ તથા મુસ્લિમ તથા અસલી કાફિર પુરૂષ સાથે જાઈઝ નથી.** એ જ પ્રમાણે મબસૂતમાં છે અને **વહાબિયત સ્પષ્ટ મુર્તદપણુ (ઈર્તેદાદ) છે,** જેથી જેના અક઼ીદા વહાબી દેવબંદી મોલ્વીઓ જેવા હોય અથવા તેમના કુફ્રી અક઼ીદા જાણવા છતાં તે મોલ્વીઓને મુસલમાન જાણે તેવા છોકરા કે છોકરીના નિકાહ





કોઈની સાથે થતા નથી. જે થશે તે હરામકારી થશે. જો પાછળથી ખબર પડે અથવા સુન્ની હોય અને પછીથી છોકરી કે છોકરો વહાબી થઈ જાય તો તેનાથી અલગ થઈ જાય અને (સુન્ની) **છોકરી તલાક઼ લીધા વિના બીજે નિકાહ કરી શકે છે,** કેમ કે નિકાહ થતા જ નથી અથવા કુફ્રી અક઼ીદા અપનાવ્યા બાદ તૂટી ગયા, તો તલાક઼ કેવી ? જેઓ શરીઅતના આ ક઼ાનૂનને ગંભીરપણે નથી લેતા તેઓ અઝાબે ઈલાહીના હક્ક઼દાર છે. અને જાણવા છતાં આવા નિકાહ પઢાવનારા પણ ફાસિક઼ છે કે તેઓ બે કોડીની રકમના બદલામાં જહન્નમ વહોરી રહ્યા છે.'' *(બહવાલા ફતાવા ફયઝુર્રસૂલ, ૧/૬૦૬, ૬૦૭)*

## ★ દુનિયાવી કોર્ટને માનો છો કે શરીઅતના ક઼ાનૂનને ?! ★

આજકાલ એવું બને છે કે પતિ પત્નીમાં તલાક઼ થતાં જ્યાં સુધી તે સ્ત્રી બીજે નિકાહ નથી કરતી ત્યાં સુધી ભરણ પોષણ માટે પતિ સમક્ષ કોર્ટમાં દાવો કરે છે. તો આ બાબતે જેઓ અલ્લાહ અને તેના હબીબ صلى الله عليه وسلم પર તથા ક઼બ્ર, ક઼િયામત, અઝાબ, સવાબ પર ઈમાન રાખે છે તેમણે નીચે પ્રમાણે શરીઅતના ક઼ાનૂન પર અમલ કરવો જોઈએ.

''જે સ્ત્રીની તલાક઼ થાય તેના રહેવા સહેવા ભરણ પોષણની જવાબદારી પતિના માથા પર 'ઈદ્દત'ની મુદ્દત સુધી જ છે.'' *(બહારે શરીઅત)* ઈદ્દત પૂર્ણ થયા બાદ તે સ્ત્રીની જવાબદારી તેના માં બાપ કે વાલી વારસો, ભાઈઓ, સગાંઓની છે અને કોઈ ન હોય તો ધાર્મિક સંસ્થાઓની છે કે તેઓ તેને નિભાવે કે અન્ય ઠેકાણે પરણાવી આપે.

કેટલીક જગાએ વરસો વરસ સુધી સ્ત્રી શાદી કરતી નથી અને ગૈર ક઼ૌમની કોર્ટોમાં જાય છે અને પતિ પાસેથી જબરદસ્તી રકમ મેળવે છે અથવા તે રકમ ન આપે તો તેને જેલની સજા ખવડાવે છે. તો **આ ઈસ્લામમાં જાઈઝ નથી.** અને તેણીઓ ઈદ્દત પછી જબરદસ્તી **જે ખાય છે તે હરામ ખાય છે** અને જે માલ મેળવે છે તે **હરામ મેળવે છે.** વળી ક્યાંક તલાક઼ થતાં કોર્ટમાં ન જવા સોદો થાય છે કે આટલા હજાર આપી દો ! તો એ **સૌ સોદાબાજી હરામ** છે. મુસલમાનો ! શું શરીઅતના ક઼ાનૂનોથી તમને સંતોષ નથી ? આવું તમારું ઈમાન છે ?! હા ! જો કોઈપણ પ્રોબ્લેમ રજૂ કરવો હોય તો ''ઈદારાએ શરઈય્યા'' એટલે સુન્ની મુફતીઓ સમક્ષ રજૂ કરવો

એમાં જ તમારી ભલાઈ છે.

## ★ લાપતા પતિની વિવિધ સ્થિતિઓના હુકમો ★

પતિ લાપતા થઈ જાય અને કોઈ રીતે એ ભાળ ન મળી શકે કે તે જીવતો છે કે મૃત્યુ પામ્યો, આ સંજોગોને પતિ લાપતા હોવું (ફુકદાને ઝવજ)અને એના પતિને મફકુદુલ ખબર (લાપતા)થી તાબીર કરવામાં આવે છે. જો કોઈ સ્ત્રી પર આ મુસીબત આવી પડે અને તે એકલાપણુ અને બેકસીની જિંદગી પસાર કરવા પર સબ્ર ન કરી શકે તો એવી તેણી માટે ઈસ્લામમાં કોઈ માર્ગ છે કે નહીં ?

એના અનુસંધાનમાં **જામિઆ અશરફિયા મુબારકપુર** થકી મુંબઈ યોજાયેલ **૧૧મા ફિક઼્હી સેમીનાર**માં ૧૯ સફર હિ.સ. ૧૪૨૬ની બીજી બેઠકમાં ઈસ્લામી ફિક઼હના જુઝઈય્યાતને લક્ષમાં રાખીને ખૂબ બહષો થઈ પછી આ ફેંસલા કરવામાં આવ્યા :–

ઈમામ માલિકની નજીક લાપતા પતિ (ઝવજે મફકુદુલ ખબર)ની પાંચ સ્થિતિઓ તથા તેના વિવિધ હુકમો છે તે આ મુજબ છે :–

**(अ)** પતિ ઈસ્લામી શહેરમાં વબા (પ્લેગ જેવા રોગચાળા)ના જમાના સિવાયના સમયમાં લાપતા થયો. એમાં સ્ત્રીએ **ક઼ાઝીને ત્યાં દાવો કરવાનો** છે. તે ત્યાર **પછી ચાર વરસ રાહ જોવાની** મોહલત આપશે. અને હાલ માલૂમ ન થતાં નિકાહ રદ થશે અને ઔરત **મૌતની ઈદ્દત** પસાર કરીને કોઈ અન્ય સાથે નિકાહ કરી શકશે.

**(ब)**ઈસ્લામી શહેરમાં વબાના સમયમાં લાપતા થયો. તેનો હુકમ ઈમામ માલિકને ત્યાં એ છે કે **વબા ખત્મ થતાં પત્ની મૌતની ઈદ્દત ગુજારે** પછી નિકાહ કરી લે.

**(क)** મુસલમાનોની આપસમાં ખૂનરેજીમાં શરીક થયો પછી પતો ન લાગ્યો. એ સંજોગોમાં તેમને ત્યાં એ હુકમ છે કે **જંગ બંધ થવાના દિવસથી વફાતની ઈદ્દત ગુજારે**, ત્યારબાદ નિકાહ કરી લે.

**(ड)** કાફિરોના શહેરમાં લાપતા થયો તો તેમને ત્યાં આ સંજોગોમાં હુકમ એ છે કે સ્ત્રી પતિની ઉંમર **૭૦ વરસની થવાની રાહ જુએ** જ્યારે કે પતિના માલમાંથી તેનો ગુઝારો થવાની વ્યવસ્થા હોય.





**(च)** મુસલમાનો અને કાફિરોની વચ્ચે જંગ થઈ તેમાં શરીક થયો પછી પતો ન લાગ્યો. એ સંજોગોમાં હુકમ એ છે કે **ક઼ાઝીને ત્યાં હાલત દર્શાવીને નિકાહની રજા માંગે.** તે તેને **એક વરસની મોહલત** આપે, જો એ દરમ્યાન પતિની ભાળ ન મળે તો તેણી **મૌતની ઈદ્દત પસાર કરીને** નિકાહ કરી લે.

એના પર સવાલ એ હતો કે આપણા (હનફી) ફુકહાએ કિરામ શરઈ જરૂરતના આધારે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ના મઝહબથી વિમુખ થઈને ઈમામ માલિક رضی اللہ عنہ નો જે આ મઝહબ અપનાવ્યો છે કે લાપતા પતિની પત્ની કાઝીના નિશ્ચિત કરેલા નિયત સમય ચાર વરસો સુધી પતિની રાહ જોઈને કેટલીક મંઝિલોથી પસાર થયા બાદ નિકાહ કરે. શું તે વબાના (રોગચાળાના) જમાના સિવાયમાં ઈસ્લામી શહેરમાં લાપતા પતિ સાથે ખાસ છે ? જેમ કે એ જ જાહેર છે. અથવા નિકાહ તોડવાની પાંચેવ સ્થિતિઓ માટે સર્વ સામાન્ય છે ?

આ પ્રશ્નના જવાબમાં એવું નક્કી થયું કે લાપતા (મફકૂદ)ની આ વહેંચણી તથા પ્રકારોના અલગ અલગ હુકમો કેવળ ઈમામ માલિકના મઝહબમાં છે. હનફીઓની નજીક આ વહેંચણી તથા પ્રકારો નથી. બલ્કે સર્વ પ્રકારો લાપતા (મફકૂદ)ના માટે ઈન્કેરાઝે ઈક઼રાન અને પતિના જન્મથી લઈને ૭૦ વરસો સુધી ઈન્તેઝારનો હુકમ છે.

અને જરૂરતની હાલતમાં આપણા ફક઼ીહોએ ઈમામ માલિકના મઝહબમાં પ્રથમ વર્ણવેલ સ્થિતિ અપનાવવાનો હુકમ આપ્યો છે. અમે એવું સમજીએ છીએ કે આ સ્થિતિથી દરેક રીતે લાપતા થનાર પતિની પત્ની માટે હલ નીકળી આવે છે. એટલા માટે લાપતા ગમે તે પ્રકારમાંનો હોય પલટાવાનું આ જ સ્થિતિ પ્રતિ થશે.

તો હુકમ એ છે કે લાપતા ગમે તે પ્રકારનો હોય તેની પત્ની જો સબ્ર નથી કરી શક્તી તો (શરઈ) કાઝીને ત્યાં દાવો દાખલ કરશે. ક઼ાઝી દાવો સત્ય સાબિત થતાં **ચાર વરસની મોહલત** આપશે અને એ મુદ્દતમાં તેહક઼ીક઼ તથા તપાસ કરશે. મૌત તથા હયાત કાંઈ માલૂમ ન થતાં **સ્ત્રી ફરી કાઝી પાસે રજૂઅ કરશે** અને તે **મૌતની ઈદ્દત ગુજારવાનો હુકમ આપશે.** પછી સ્ત્રી મૌતની ઈદ્દત પસાર કરીને કોઈ અન્ય શખ્સ સાથે નિકાહ કરી શક્શે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**★ ભરણપોષણ વગેરે જરૂરી હક્કોથી પત્નીનું વંચિત હોવા તથા લાચારીના સબબે નિકાહ તોડવાની ઈજાઝત ★**

પતિ પત્નીને ખોરાક, પોશાક આપવાથી તદ્દન આજિઝ તથા લાચાર હોય તો તેને "તઅસ્સુરે નફકા" કહે છે. ક્યારેક એવું થાય છે કે કોઈ ચાલાક શખ્સ બનાવટી કારોબાર જાહેર કરીને નિકાહ કરી લે છે જો કે તેની પાસે કાંઈ જ નથી હોતું. અથવા શરૂમાં કાંઈક હોય છે અને બાદમાં તે તદ્દન મુફલિસ થઈ જાય છે.

અથવા પતિ લાપતા થઈ ગયો અને ઘરે પત્નીના જીવનનિર્વાહ માટે કાંઈ પણ નથી, અને ક્યારેક એવું થાય છે કે **પતિ મૌજૂદ છે અને ખુશહાલ પણ છે પણ બેરહમ છે, મામૂલી વાત પર પત્નીને એવી સજા આપે છે કે ભરણ પોષણ તથા પત્નીને તેના અન્ય હક્કોથી વંચિત કરી આપે છે અને તલાક઼ પણ નથી આપતો કે તેણી આઝાદ થઈને પોતાનો કાંઈ બંદોબસ્ત કરી શકે.** તેણી દરેક રીતે લાચાર થઈને દારુલ ઈફતાનો સહારો લે છે કે આ મુસીબતથી છૂટકારાનો કોઈ માર્ગ બતાવવામાં આવે. ત્યાંથી નિરાશ થઈ પાછી ફરે છે તો કોર્ટનો દરવાજો ખટખટાવે છે. આ પ્રકારના પુષ્કળ કેસો કચેરીઓમાં પડેલા છે અને ત્યાં જે ફૈંસલા બહાર પડે છે તેનો હાલ કોઈનાથી છુપો નથી. આ પ્રકારના ગંભીર કેસોમાં ધ્યાન કરવું સમયનો એક મહત્વનો મસ્અલો હતો. એટલા માટે ઉલમાએ કિરામે સામુહિક ચિંતન મનન કરીને આ વિષયમાં નીચે પ્રમાણેના ફૈંસલા બહાર પાડયા :–

**★ ભરણપોષણની મુશ્કેલીમાં નિકાહ તોડવા વિશે ★**

**સવાલ :** પતિ ગરીબી તથા મુફલિસીના કારણે ભરણપોષણની વ્યવસ્થા કરવાથી લાચાર છે અને પત્ની દુઃખ વેઠવા તૈયાર ન હોય તો શું તેને કાયમી હાજતના કારણે એ ઈજાઝત છે કે હનફી કાઝીને ત્યાં દરખાસ્ત આપે અને કાઝી તેહકીક઼ કર્યા બાદ તેના નિકાહ રદ કરી આપે ?

**જવાબ :** મૂળ હનફી મઝહબ તો એ જ છે કે ભરણપોષણની મુશ્કેલીના આધારે નિકાહ રદ નથી થતા અને કાઝીને છૂટા પાડવાનો હક્ક઼ નથી. પરંતુ તકલીફ દૂર કરવાના માટે વર્તમાન સમયમાં સ્ત્રીને એ રજા છે કે હનફી





કાઝીને ત્યાં પોતાની મુસીબત તથા પરેશાનીથી મુક્તિના માટે દરખાસ્ત આપે. પરંતુ કાઝી તરત જ નિકાહ રદ કરવાનો ફૈંસલો બહાર ન પાડે બલ્કે નીચે પ્રમાણે તબક્કાવાર કાર્યવાહી કરે :

**(अ)** પ્રથમ એ તેહકીક઼ કરે કે ઔરત ખરેખર ભરણપોષણની મુશ્કેલીનો સતત શિકાર છે કે નહીં ? જો તેહકીક઼થી સાબિત થાય કે વાસ્તવિક્તા એથી ઉલ્ટી છે, એટલે કે તેને ભરણપોષણની તકલીફ ટેમ્પરરી આવી છે, કાયમી હાજતની સ્થિતિ નથી, અથવા ભરણપોષણની મુશ્કેલી મુદ્દલે કોઈ સમસ્યા જ નથી, બલ્કે કોઈ અન્ય કારણે બંને વચ્ચે અણબનાવ પેદા થયેલો છે, તો કાઝી બંનેની ફરિયાદોનો નિકાલ લાવીને સુલેહ કરાવી આપશે. અને બંનેને સમજાવટથી એકબીજાના હક્કોની હિફાઝત કરવાની હિદાયત આપીને કેસ ખત્મ કરશે.

**(ब)** અને જો તેહકીક઼થી એ સાબિત થઈ જાય કે સ્ત્રી સતત ભરણપોષણની મુશ્કેલીની પીડામાં સપડાયેલી છે અને પતિની સ્થિતિ લાચારીભર્યી છે અને પતિના હક્કમાં કાયમી હાજત તેહકીક઼પૂર્ણ છે તો પતિને હુકમ આપે કે તે પોતાની પત્નીને તલાક આપીને મુક્ત કરી આપે જેથી તેના કારણે બીજી જિંદગી મુસીબતના વમળમાં ન ફસાયેલી રહે. રબ તઆલાનો ઈર્શાદ છે :–

فامسكوهن بمعروف اوسر حوهن بمعروف *(સૂ. બકરહ, ૨૩૧)*

અને જો પતિ નરમીથી તલાક઼ ન આપે તો (કાઝી) તેની સાથે સખ્તી કરે, છતાં ન માને તો તેના બહિષ્કારનું ફર્માન જારી કરી આપે જેથી સામાજિક દબાણથી તંગ આવીને ઠેકાણે આવી જાય.

**(क)** પરંતુ પતિ જો કોઈ રીતે પણ તલાક઼ આપવા માટે તૈયાર ન થાય અને ઈન્કાર તથા નાફર્માની પર અડેલો રહે તો વર્તમાન સંજોગોમાં હવે નિકાહ રદ કરવા સિવાય ઉપાય નથી. જો તે ઈલાકામાં સુન્ની સહીહુલ અકીદા શાફઈ કાઝી મૌજૂદ હોય જેમ કે કેરાલા વગેરે ઈલાકામાં છે, તો મુસ્તહસન એ છે કે હનફી કાઝી એ કેસ શાફઈ કાઝીને ત્યાં તબદીલ કરી આપે, અને શાફઈ કાઝી જરૂરી કાર્યવાહી કર્યા બાદ નિકાહ રદ કરીને પછી (કેસ) હનફી કાઝીને ત્યાં મોકલી આપે. હનફી કાઝી ફૈંસલાનો અભ્યાસ કર્યા બાદ તેને લાગુ પાડે, સાથોસાથ સ્પષ્ટતા કરી આપે કે ફરિયાદી સ્ત્રી ઈદ્દત ગુજારીને બીજી વ્યક્તિ સાથે નિકાહ કરી શકે છે.

**(ड)** અને જો તે ઈલાકામાં સુન્ની સહીહુલ અક઼ીદા શાફઈ ક઼ાઝી મૌજૂદ ન હોય જેમ કે સામાન્યતઃ હિંદ પાક.ના ભાગોમાં એ જ હાલ છે તો મહાન હર્જ તથા સખત તકલીફના નિવારણના માટે ઈજાઝત છે કે હવે હનફી કાઝી ડાયરેક્ટ એ નિકાહ રદ કરી આપે, જેમ કે આપણા અહલે સુન્નત અકાબિરે મફકૂદુલ હાલ (લાપતા પતિ)ના વિષયમાં એ જ માર્ગ અપનાવ્યો કે માલિકી ક઼ાઝી ન મળવાના સબબે હનફી ક઼ાઝીને ડાયરેક્ટ નિકાહ રદ કરવાની ઈજાઝત આપી. અને આજે તમામ અહલે સુન્નતનો એના પર અમલ ચાલુ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

પતિ ગરીબી કે તંગદસ્તીનો શિકાર નથી પણ સ્ત્રી ભરણપોષણથી વંચિત છે. તો એની ચાર સ્થિતિઓ છે :–

**૧.** પતિ લાપતા છે એટલે એવો લાપતા છે કે જેની મૌત તથા હયાતની ભાળ ન મળી શકે. સાથોસાથ રકમ વગેરે પણ ન હોય જેનાથી પત્નીનો ગુજારો થઈ શકે.

**૨.** પતિ ગાયબ હોય અને એ ખબર ન હોય કે ક્યાં છે ? ક્યારે આવશે ? હા ! એવું માલૂમ હોય કે તે જીવતો છે, ભલે ક્યાંય પણ હોય, તો એને ફિક઼્હની બોલીમાં **"ગયબતિ મુન્કતઆ"** કહે છે.

**૩.** પતિ ગાયબ હોય પણ "ગયબતિ મુન્કતઆ"ન હોય, એટલે કે ખબર હોય કે ફલાણી જગાએ છે પણ આવતો નથી અને ન તો તેના થકી કોઈ રીતે ભરણપોષણ હાંસલ થઈ શકે છે.

**૪. પતિ મૌજૂદ છે પણ તેણે પત્નીને લટકાવી રાખી છે,** ન તલાક આપીને તેણીને આઝાદ કરે છે, ન તો તેના હક્કો, ભરણપોષણ વગેરે અદા કરે છે.

જાહેર છે કે આ સંજોગોમાં જેવી રીતે પત્ની ભરણપોષણથી વંચિત છે તેવી જ રીતે પત્નીત્વના હક્કોથી પણ વંચિત છે. જેના કારણે વર્તમાનકાળ માં મોટાભાગે અથવા ઘણી સ્ત્રીઓનું ગુનાહમાં પડવાનો મહાન ભય ખડો છે. આ ખૂદ એક સખત તકલીફ તથા મુસીબત છે.

**હુકમો : (૧)** પતિ લાપતા હોય જેના કારણે ભરણ પોષણની મુશ્કેલ સ્થિતિ પેદા થઈ ગઈ તેનો હુકમ ઈમામ માલિક તથા ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہما ને ત્યાં એ છે કે નિકાહ રદ કરવો જાઈઝ છે. અને એ જ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ નો પણ ક઼ૌલ છે જેને મોટા પ્રમાણના શાફઈ





ફક઼ીહોએ અપનાવ્યો છે.

માલિકી ફિક઼્હની વિશ્વસનીય કિતાબ "મુખ્તસરુલ અલામીતિલ ખલીલ" અને તેની શરહ (ખુલાસો) "મિખ્લે જલીલ" (ભાગ–૪, પેજ–૨૦૩)માં આ લખાણ છે કે જો લાપતા થયેલ પતિએ ઘરે એટલો માલ છોડયો છે જેના થકી પત્ની પોતાના ભરણપોષણની વ્યવસ્થા કરતી રહે, સાથોસાથ વાસનાના પ્રભાવ હેઠળ ગુનાહમાં પડવાનો ભય ન હોય તો ક઼ાઝી પત્નીની માંગણી પર ચાર વરસ સુધી પતિની રાહ જોવાની મોહલત આપશે. અને જો તેના માટે પતિના માલની ભરણ પોષણની વ્યવસ્થા ન હોય તો ભરણ પોષણ ન હોવાને કારણે ક઼ાઝી ખરેખર તેહક઼ીક઼ કર્યા બાદ તેનો નિકાહ તરત રદ કરી આપશે. તે જ પ્રમાણે જો સ્ત્રીને વાસનાના પ્રભાવના કારણે ગુનાહમાં પડવાનો ભય હોય તો પણ ક઼ાઝી તેના નિકાહ કોઈ હદ નક્કી કર્યા વિના રદ કરી આપશે.

હનફી આલિમોએ લાપતા પતિની પત્નીના બારામાં ઈમામ માલિકની જે તકલીદ કરી છે અને પત્નીના માટે ચાર વરસની મુદત નિશ્ચિત કરી છે તે એ જ શરતોની કાળજીની સાથે છે. જ્યારે શરઈ જરૂરતના કારણે પોતાના મઝહબ (મસ્લક)થી વિમુખ થઈને ચાર વરસની રાહ જોવી (તાજીલ) જાઈઝ છે તો ભરણ પોષણની કમી તથા ગુનાહના ડરની સ્થિતિમાં આ જ પ્રકારની શરઈ જરૂરતની બિના પર હવે રાહ જોયા વિના (બિલા તાજીલ) નિકાહ રદ કરવાની ઈજાઝત છે.

**(૨)** 'ગયબતે મુન્કતઆ'ની સ્થિતિમાં શૈખુલ ઈસ્લામે એ બયાન ફર્માવ્યું કે જે ક઼ાઝીના મઝહબમાં ભરણ પોષણની મજબૂરીના સબબે નિકાહ રદ કરવો જાઈઝ હોય, હનફી ક઼ાઝી તેને ત્યાં કેસ તબદીલ કરીને નિકાહ રદ કરાવી આપે. *(ફતાવા હિંદિયહ, ભા–૧, પેજ–૫૫૦, ૫૫૧)*

**(૩)** 'ગયબતે ગયર મુન્તકતઆ'ની સ્થિતિમાં જ્યારે ભરણ પોષણ પામવું મુશ્કેલ થઈ જાય તો તે પણ 'ગયબિતે મુન્કતઆ'ની જેમ છે એટલા માટે એમાં પણ 'ગયબતે મુન્કતઆ'નો હુકમ છે. એના કાઈલ (માનનાર) હનફી ફિક઼્હના જલીલુલકદર ઈમામો તથા ફક઼ીહો છે.

**(૪)** પ્રથમ આપણા મઝહબ (મસ્લક)ના વર્તુળમાં રહીને કાંઈક અસરકારક તદબીરો અજમાવવામાં આવે. તે અસરવિહોણી થઈ જાય તો કોઈ હનફી ક઼ાઝીને ત્યાં કેસ દાખલ કરે અને તે તહક઼ીક઼ કર્યા બાદ નિકાહ

રદ કરવાનો ફેંસલો કરી આપે.

પ્રથમ, બીજી તથા ત્રીજી સ્થિતિમાં પણ હુકમ એ જ છે કે પ્રથમ મુશ્કેલી દૂર કરવાની તદબીરો પોતાના મઝહબ (મસ્લક)ના વર્તુળ હેઠળ રહીને અપનાવવામાં આવે. તે અસરવિહોણી થઈ જાય તો અંતિમ પગલા રૂપે નાચાર થઈને નિકાહ રદ કરવાના ફેંસલાની ગુંજાઈશ પણ છે.

તદબીરો આ પ્રમાણે છે :–

**(૧)** પ્રથમ છોકરીને સબ્ર તથા શુક્ર અને ખૌફે ખુદાની તલ્કીન કરે, રોઝા રાખવાની હિદાયત આપે. સાથોસાથ તેના ઘરવાળાંઓને અને અમુક ભલા માણસોને તેના ભરણ પોષણની વ્યવસ્થા માટે પ્રોત્સાહિત કરે. દુનિયા ભલા માણસોથી ખાલી નથી, કાંઈ ન કાંઈ વ્યવસ્થા કરે જ છે. અને હાલ પણ હજારો સ્ત્રીઓ સાબિરા, શાકિરા, ખાઈફા, ખાઈશા (સબ્ર શુક્ર તથા ખુદાના ડરવાળી) જોવા મળે છે. શક્ય છે તેણી તેઓમાંથી બને અને તલ્કીન કૂબૂલ કરી લે. પછી જો તેણી બીજીવાર ફરિયાદ કરે તો પણ હિદાયત તથા તલ્કીન કરીને કાઝી તેણીને પાછી મોકલી આપે. પરંતુ જો તેના પછી પણ ઔરત ફરિયાદ કરે અને તેની ઉમર, હાલત, આદત (ચાલ ચલન)ને લક્ષમાં લઈને ખાત્રીનો અંદાજો થાય કે તેણી હદથી બહાર જઈ શકે છે અથવા ભરણ પોષણની વ્યવસ્થા ન થવાના કારણે સતત તકલીફનો શિકાર થતી રહેશે અથવા બંનેવ વાતો એકઠી છે તો હવે હંબલી મઝહબ પર ફત્વો તથા કુઝાની ઈજાઝત થશે.

ચોથી સ્થિતિ પર અધિક ચર્ચા તથા પ્રારંભિક તદબીરોનું બયાન હઝરત મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી સદર–ફતવા વિભાગ, અલ્ જામિઆ અશરફિયાના મકાલા (લખાણ)માં છે. અલ્લાહ બેહતર જાણનાર છે. (તે તદબીરો આ પ્રમાણે છે) :–

જે ઔરત આફતોમાં સપડાઈ ચૂકી તેના છૂટકારાની તદબીર ફતાવા રઝવિય્યહ્, ભાગ–પમાં વિવિધ સ્થળે એ બતાવવામાં આવી છે કે ઔરત ઈસ્લામી હાકિમને ત્યાં ફરિયાદ કરે. તે (હાકિમ) પતિને એ વાત માટે મજબૂર કરે કે પોતાની પત્નીને ભરણ પોષણ આપે, પત્નીત્વનો વઝીફો અદા કરે, નહીં તો તલાક્ આપે. જો ન માને તો કેદ કરે. તેમ છતાં ન માને તો મારે, ત્યાં સુધી કે તે બે વાતોમાંથી એક અપનાવી લે.





આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ના જમાનામાં રામપુર વગેરે ઈસ્લામી શહેરોમાં એવા સત્તાધારી હાકિમો હતા જેઓ આ રીતની જુલ્મપીડિત (મઝલૂમ) સ્ત્રીઓના પતિના જુલ્મ તથા તેના પંજાથી પોતાની શક્તિ તથા સત્તાના બળે છોડાવી શક્તા હતા, પણ આજના દૌરમાં કોઈ એવો સત્તાધારી શરઈ કાઝી નથી જે જાલિમ પતિને કેદ કરે, મારે અને સદ્વર્તાવ માટે અથવા તલાક માટે મજબૂર કરે, એટલા માટે હવે તેના ક્રમસર ત્રણ ઉપાયો છે :–

**(૧)** એક એ કે પતિનો સામાજિક બહિષ્કાર કરવામાં આવે અને તેમાં જરા પણ ઢીલ રાખવામાં ન આવે. આ શિક્ષા (તઅઝીર) થકી સરકશ તથા તૌફીક્હિન શખ્સ સિવાય દરેક તે માણસ સુધરી શકે છે જેનું ઝમીર કાંઈક પણ જીવંત હોય અને તેમાં જરા પણ ઈસ્લામી હમિય્યત તથા ગૈરત (શરમ) મૌજૂદ હોય.

**(૨)** પરંતુ જો તે કઠણ હ્રદયી, મુર્દા ઝમીર તથા બેતૌફીક્ જ નીકળ્યો અને (સરકશીથી) નાફર્માનીથી ન અટકયો તો ઔરતને સબ્ર તથા શુક્ર તથા અલ્લાહની રઝામાં રાજી રહેવા તેમજ રોઝા રાખવાની હિદાયત કરવામાં આવે અને એના પર મજબૂતીથી કાયમ રહે.

**(૩)** પરંતુ જો ઔરત તેમ છતાં પણ અધૈર્યની શિકાયત કરે અને તેની ઉમર, સ્થિતિ, આદત (ચાલચલન) તેની સાક્ષી પૂરે તો હવે શરઈ જરૂરત તેહકીક્યુક્ત થઈ ચૂકી. આ સંજોગોમાં કાઝીને નિકાહ રદ કરવાની ઈજાઝત છે. *[(હવાલો : મુંબઈ ખાતે **"સુન્ની દા'વતે ઈસ્લામી"**ના આયોજન હેઠળ **"જામિઆ અશરફિયા–મુબારકપુર"** થકી જમાદિઉલ અવ્વલ ૧૮, ૧૯, ૨૦ હિ.સ. ૧૪૨૬ (૨૯, ૩૦, ૩૧ જુલાઈ–૨૦૦૫)માં ઉલમાએ એહલે સુન્નતના ઉલમા તથા મુફતીઓએ યોજેલ **૧૧મા ફિક્હી સેમીનાર**માં રજૂ થયેલ ફેંસલાઓ **હુઝૂર મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી સાહબ**ના શબ્દોમાં રજૂ કર્યા છે.)]*

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, એપ્રિલ–૨૦૦૯)*

(પ્રકરણ : ૨૯)

## અવળે હાથે કાન પકડવા તે આનું નામ !

## સ્ત્રીઓને સ્વતંત્રતા આપવી ન જોઈએ ?!

સ્ત્રીઓની પવિત્રતા તથા ઈજ્જતની સાચવણી માટે ઈસ્લામ ધર્મના સિધ્ધાંતો જો રજૂ કરવામાં આવે છે તો ઈલેકટ્રોનિક મીડિયા તથા વર્તમાન પત્રો ચીખી ઉઠે છે અને ત્રાસવાદી જેમ વેધક શબ્દોના હેન્ડગ્રેનેડ મુસ્લિમોના માહોલમાં બેચેની ખડી કરવા આડેધડ ફેંકે છે અને ફાવે તેમ બેફામ શબ્દોમાં ઈસ્લામની કે ઈસ્લામના નિષ્ણાત આલિમોની "પેલા મુલ્લાઓ કહે છે....!" કહીને ટીકાઓ કરવામાં પાછી પાની નથી કરતાં, અને" ઈસ્લામે સ્ત્રીને ચાર દિવારીમાં કેદ કરી છે, તેણીને કોઈ હક્કો નથી આપ્યા, તેણીને આઝાદી નથી આપી બલ્કે ગુલામડી બનાવી છે, સ્ત્રીઓ પર જુલ્મ કર્યો છે.....વગેરે" જાત જાતના અને ભાત ભાતના આક્ષેપો કરી મૂકે છે. એવા જ એક દૈનિક પત્રને વાસ્તવિક્તાનું જાણે ભાન થયું હોય તેમ શું લખે છે તે જુઓ !

'ગુજરાત સમાચાર' દૈનિક પત્ર (તા. ૨૫–૨–૨૦૦૯) ના 'ન્યુઝ ફોકસ' કોલમમાં આ હેડીંગ સાથે એક લેખ છે : " સમાજમાં લગ્ન બાહ્ય સંબંધો ભયજનક હદે વધી રહ્યા છે ! " એનો અર્થ એ છે કે સમાજમાં વ્યભિચાર વધી રહ્યો છે એની એમને પણ ચિંતા તો છે જ પણ ઈલાજ જણાતો નથી ! એટલે આ કોલમમાં લખે છે કે :–

### ★ મનુસ્મૃતિગ્રંથના વિધાનમાં ચિંતનની જરૂર ! ★

*"નવી દિલ્હીમાં પ્રેકિટસ કરતા માનસશાસ્ત્રી ડોક્ટર સંજય ચુઘ એક ચોંકાવનારું વિધાન કરતાં કહે છે કે, 'બેવફાઈ હવે આપણે લાઈફસ્ટાઈલનો એક હિસ્સો બની ગઈ છે." મુંબઈની ફેમિલી કોર્ટમાં પ્રેકિટસ કરતા એક વકીલ કહે છે કે, 'ઈ.સ. ૧૯૯૫માં જે દર સાત લગ્ન પડી ભાંગતાં હતાં, તેમાનાં એકમાં બેવફાઈ કારણભૂત રહેતી હતી. આજે દર ત્રણ લગ્ન પડી ભાંગે છે, તેમાંના એકમાં કારણભૂત બેવફાઈ હોય છે. અને ૩૦ ટકા લગ્નો આજે સ્ત્રીની બેવફાઈને કારણે જ તૂટી પડતાં હોય છે.'* ***જેમ જેમ વધુને વધુ મહિલાઓ ઘરની ચાર દિવાલોની સલામતીને બંધન માનીને***





***તેની બહાર નીકળવા માંડી છે, તેમ તેમ સામાજિક મર્યાદાઓનો લોપ થઈ રહ્યો છે.***

*જે મનુસ્મૃતિ ગ્રંથમાં "સ્ત્રીઓને સ્વતંત્રતા અપાય નહીં" તેવું વિધાન કરવામાં આવ્યું છે, તેમાં જ એવું વિધાન પણ કરવામાં આવ્યું છે કે, ત્યાં દેવતાઓનો વાસ હોય છે. ' આ વિધાન ઉપરથી ખ્યાલ આવે છે કે, મનુસ્મૃતિના રચયિતા સ્ત્રીઓના વિરોધી નહોતા પણ નારીજાતિનો ભારે આદર કરનારા હતા. તેઓ તો નારીજાતિની પૂજા કરવાની હિમાયત કરનારા હતા. પરંતુ નારી જો દુરાચારી હોય તો તેની પૂજા કેવી રીતે કરી શકાય ? તેની ચિંતા તેમને હતી. તેમને એ વાતની પણ જાણ હતી કે,* ***સ્ત્રીને જો વધુ પડતી સ્વતંત્રતા આપવામાં આવે તો તે પ્રકૃતિગત રીતે જ વાસના ધરાવતી હોવાથી ઝડપથી દુરાચાર તરફ વળી શકે છે. આ કારણે સ્ત્રીઓના ચારિત્ર્યની રક્ષા કરવાના ઉમદા હેતુથી જ તેમણે 'સ્ત્રીઓને સ્વતંત્રતા આપવી ન જોઈએ"*** *તેવું વિધાન કર્યું હશે,* ***એવું લાગ્યા વિના રહેતું નથી.*** *આર્થિક રીતે આઝાદ થયેલી મહિલાઓ આજે પોતાને મળેલી આઝાદીનો કેવો દુરુપયોગ કરી રહી છે તે જોયા પછી નારીવાદીઓએ પણ* ***મનુસ્મૃતિના ઉપરોક્ત વિધાનને નવા પરિપ્રેક્ષ્યમાં નિહાળવાની જરૂર ઊભી થઈ છે,*** *એમ લાગ્યા વિના રહેતું નથી." (ગુજરાત સમાચાર)*

એટલે કે આ વર્તમાન પત્રવાળાને પણ હવે ડહાપણની દાઢ ફૂટી ! " સ્ત્રીઓને સ્વતંત્રતા એટલે બહુ છૂટછાટ આપવી નહીં, નહીં તો આપણી આબરૂના કાંકરા કરી નાખે ! " એ વાતનો સ્વીકાર તેમણે લેખના પ્રારંભમાં આ રીતે કર્યો છે :–

### ★ લગનબાહ્ય સંબંધોની ચિંતાજનક સ્થિતિ ! ★

*"વૈદિક ધર્મના ગ્રંથ 'મનુસ્મૃતિ'માં એક વિધાન કરવામાં આવ્યું છે કે, 'સ્ત્રીઓને સ્વતંત્રતા અપાય નહીં." આ વિધાનને કારણે સ્ત્રી સ્વતંત્રતાનો ઝંડો ઉપાડીને ફરતી આધુનિક મહિલાઓ અત્યંત વ્યગ્ર બની ગઈ હતી અને તેમણે 'મનુસ્મૃતિ' ગ્રંથની જાહેરમાં હોળી પણ કરી હતી. આજે પણ નારીવાદીઓ 'મનુસ્મૃતિ' ગ્રંથની ટીકા કરવાની એક પણ તક જવા દેતા*

નથી. **મનુસ્મૃતિ ગ્રંથના આ ટીકાકારોએ 'ઈન્ડિયા ટુડે' મેગેઝિનમાં પ્રગટ થયેલો એક લેખ પણ વાંચવો જોઈએ, જેમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે, 'આર્થિક આઝાદી અને નોકરીને કારણે આજની આધુનિક નારીઓ અગાઉ કરતાં વધુ પ્રમાણમાં લગ્નબાહ્ય સંબંધો બાંધતી થઈ છે,** જેને કારણે છૂટાછેડાના પ્રમાણમાં પણ ભારે ઉછાળો આવ્યો છે,' સ્ત્રીઓની આઝાદી અને લગ્નબાહ્ય સંબંધો વચ્ચે ચોક્કસ સંબંધ દ્રષ્ટિગોચર થઈ રહ્યો છે.

ઈન્ડિયા ટુડેના લેખની પ્રસ્તાવનામાં જ જણાવવામાં આવ્યું છે કે, 'આર્થિક રીતે આઝાદ થયેલી ભારતીય મહિલાઓ પોતાની જાતનો સાક્ષાત્કાર કરી રહી છે અને તેઓ પોતાની જાતીય ઈચ્છાઓ તેમજ લાગણીઓને વાચા આપવામાં જરાય ડરતી નથી. જો આ મહિલાઓના પતિદેવો તેમની ઈચ્છાઓ પૂરી કરવા સક્ષમ ન હોય તો આ ઈચ્છાઓ અન્ય પુરુષો દ્વારા પૂરી કરવા માટે પણ તેઓ તૈયાર હોય છે. **આજના સમાજમાં જેમ મુક્ત વાતાવરણ ઊભુ થતું જાય છે તેમ વધુ સ્ત્રીઓ લગ્નબાહ્ય સંબંધો તરફ ધકેલાતી જાય છે. આ હકીકત દીવા જેવી સ્પષ્ટ અને આપણી આજુબાજુ તેના અનેક કિસ્સાઓ જોવા મળે છે.** મહિલાઓની આર્થિક આઝાદીના પગલે પરિણિત મહિલાઓને પણ પોતાના પતિ સિવાયના પુરુષ સાથે જાતીય સંબંધો બાંધવાની આઝાદી મળી ગઈ છે, જેનાં ગંભીર નુકસાનો છે.'' (ગુજરાત સમાચાર)

વળી આગળ એ જ લેખમાં નર્યી વાસ્તવિક્તાનો તેમણે એકદમ નિખાલસતાપૂર્વક સ્વીકાર કર્યો. પર પુરૂષોની વચમાં નોકરી કરતી, રાતમાં ઘર બહાર કામ કરતી સ્ત્રીઓ વિશે લખે છે :–

## ★ પતિની છત્રછાયા છોડી ક્યાંય ન જાવ ! ★

''કોલ સેન્ટરની નોકરીમાં મોડી રાત્રે કે વહેલી સવારે વાહનની અવરજવરમાં પુષ્કળ એકાંત અને અનૂકુળતા મળી જતી હોય છે. વળી સ્ત્રીનો સ્વભાવ મૂળભૂત રીતે વેલ જેવો હોય છે. જે પુરૂષ તેની સૌથી વધુ નજીક હોય, તેની તરફ તે અઢળક ઢળે છે. આ સંયોગોમાં સાથે નોકરી કરતા, સાથે હરતા ફરતા અને હસી મજાક કરતા પુરૂષો પ્રત્યે સ્ત્રી વધુ આકર્ષાઈ જાય અને તેની સાથે શારીરિક સંબંધો બાંધી બેસે તેવી શક્યતા





ખૂબ જ વધી જાય છે. **સ્ત્રીઓના આ મૂળભૂત સ્વભાવથી માહિતગાર નીતિશાસ્ત્રોના રચયિતાઓએ જ સ્ત્રીને પોતાના પતિની છત્રછાયા છોડીને ક્યાંય ન જવાની શિખામણ આપી હશે ને ?''** (ગુજરાત સમાચાર)

**હવે આ મુસીબત ગળે ફસાઈ છે તેનો સ્વીકાર તેઓ કરી રહ્યા છે અને સ્ત્રીઓને નીતિશાસ્ત્રોએ પતિની છત્રછાયા છોડી ક્યાંય ન જવાની શીખામણ આપી તેને યોગ્ય ક઼બૂલે છે !** પણ તેનો કોઈ સચોટ ઈલાજ તેઓ એ લેખમાં દર્શાવી શક્યા નથી, પણ છેલ્લે અમુક શિખામણો લખી છે જેનાથી કાંઈ વળે એવું નથી !

આ જ વાત જો ઈસ્લામી કાનૂન પ્રમાણે સ્ત્રીને પર્દામાં રહેવા માટે તથા ઘરમાં રહી પોતાની ઈજ્જત સાચવવાની વાત રજૂ કરવામાં આવે તો તેના વિરૂદ્ધ હોબાળો મચાવી દેનારાં આ વર્તમાન પત્રો કેટલી સાહજિક્તાથી તેમના વૈદિક ધર્મ ગ્રંથ 'મનુસ્મૃતિ' ની સ્પષ્ટ વાત કે ''સ્ત્રીઓને સ્વતંત્રતા અપાય નહીં''ને સ્વીકારી રહ્યાં છે ! ખૈર ! સીધા હાથે નહીં તો અવળે હાથે પણ તેમણે કાન તો પકડયા !

## ★ લગ્ન બાહ્ય સંબંધો (વ્યભિચાર) દૂર કરવાનો ઈસ્લામિક ઈલાજ ! ★

સીધી વાત છે કે સ્ત્રી ઘરની બહાર પર્દા વિના બની ઠનીને ફરે, અજાણ્યા પુરૂષોના સહવાસમાં સતત આવ્યા કરે તો ખૂબ જ ભય રહે છે કે ક્યાંય આડો વહેવાર (લગ્નબાહ્ય સંબંધ) બાંધી બેસે. એવું ન થાય અને સ્ત્રીની ઈજ્જત સચવાય તથા સમાજમાં ગંદકી ન ફેલાય અને પાકીઝા સમાજનું ઘડતર થાય એટલા માટે જ કુર્આન ફર્માવે છે :–

(અર્થ) : 'જ્યારે તમે એમનાથી કોઈ સામાન માંગો તો પર્દાની પાછળ થી માંગો, આ તમારા અને એમનાં દિલોના માટે વધારે સાફ સ્વચ્છ રીત છે.'' *(સૂ. અહઝાબ, પા. ૨૨, રુ. ૪)*

ઈસ્લામમાં દિલની સફાઈને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યું છે દિલ સાફ તો આખુ શરીર સાફ અને સમગ્ર સમાજ સાફ તથા શાંતિમય ચૈન સુકૂનવાળો હશે. એટલે ઘરમાં રહેતી સ્ત્રીઓને પણ કાંઈ કામ પડે તો પર

પુરૂષ જઈને ડાયરેક્ટ ન મળે બલ્કે ઉપર હુકમ થયો તેમ પર્દાની આડ હેઠળ જ મળે. સ્પષ્ટ છે કે **આ સાવચેતી હશે તો લગ્નબાહ્ય સંબંધો પેદા થશે નહીં.** માટે જેઓ લગ્નબાહ્ય સંબંધથી ચિંતામય છે તેમણે દરેકે કુર્આનના આ હુકમ પર અમલ કરવો જાઈએ.

વળી એ તો સર્વ જાતિ ધર્મના લોકો સ્વીકારે છે કે પહેલાંના જમાનામાં વર્તમાનકાળ કરતાં શરમ તથા સંકોચ, સુસંસ્કારની સુગંધથી સર્વ સમાજો મહેક્તા હતા અને પશ્ચિમી કલ્ચરના અનુકરણથી નાલાયક ફિલ્મી નર્તકીઓ તથા હિરો હિરોઈનનાં છૂટછાટવાળાં દ્રશ્યો ફેલાવાથી, ઘરોમાં ટી.વી. દ્વારા ફિલ્મો, બિભત્સ સીરીયલો રજૂ થવાથી સમાજમાં શરમ, હયા, સંસ્કારોનો જનાઝો નીકળી ગયો છે. પણ ઈસ્લામે તો ૧૪૦૦ વરસ પહેલાં એવું ન બને તે માટે ચેતવણી આપી અને જણાવ્યું, તે પણ અતિ પવિત્ર સ્ત્રીઓ એટલે કે નબીની પત્નીઓ, પુત્રીઓ તથા તે પવિત્ર યુગની સૌથી અધિક પાકબાઝ મુસલમાન સ્ત્રીઓને જણાવ્યું કે :–

"અય નબી ! પોતાની પત્નીઓ, સાહેબઝાદીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે, એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ નહીં આપવામાં આવશે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂ. અહઝાબ, રુકૂઅ–પ)*

આજે પણ જે સ્ત્રી પર્દામાં હશે તેને કોઈ બિભત્સ ઈશારો નહીં કરે, સીટી નહીં મારે, એ તો સૌને અનુભવ છે, બલ્કે તેને સૌ માનથી જોશે. જ્યારે કોઈ બેપર્દા નખરાળી સ્ત્રી જોવા મળે તો તેની છેડતી કરવાના બનાવો સ્વભાવિકપણે બનતા પણ જોવા મળે છે. તો શા માટે સમાજની પવિત્રતા સાચવવા ઈસ્લામના આ હુકમોને સ્વીકારી લેવામાં ન આવે !

સ્ત્રીની ઈજ્જત ઘરમાં રહેવામાં જ છે. બજારૂ સ્ત્રીઓ જેમ ભટકવાની ઈસ્લામે મનાઈ કરી છે. કુર્આનમાં છે, (અર્થ) : "પોતાના ઘરોમાં રહો અને અગાઉની જાહિલિયત જેમ બેપર્દા ન ફરો." *(સૂ. અહઝાબ, રુકૂઅ–૧)* આજે સ્ત્રીઓ શરમ હયા નેવી મૂકીને બજારો, પાર્કો, સિનોમાઘરો વગેરેમાં બની ઠનીને ફરતી થઈ ગઈ છે અને આમાંથી જ વાસનાના ભૂખ્યાઓના સંપર્કમાં આવતાં લગ્ન બાહ્ય સંબંધો ઉપસ્થિત થાય છે. અને જરૂરત માટે





બહાર જવાનું થાય તો ઉપર જણાવ્યા મુજબ પર્દો કરીને જાય તો સર્વ બુરાઈઓથી સમાજ સુરક્ષિત રહેશે.

વધુ લખી લખાણ લંબાવવાનો અર્થ નથી કેવળ દર્શાવવું એ છે કે **ઈસ્લામની પાકીઝગીની તાલીમ જો અપનાવવામાં આવે તો દુનિયાભરમાંથી લગ્નબાહ્ય સંબંધો, પછી તેના કારણે થતા ઝઘડા, તલાક઼ો, આપઘાતના કે સ્ત્રીને જીવતી બાળી દેવાના બનાવો સર્વ આફતોથી છૂટકારો મળી શકે છે.** કમસે કમ મુસલમાનોને તો મારી અપીલ છે કે **તમે જો તમારા રબનું નહીં માનો તો કોણ માનશે ?! તમે તો અમલ કરો !** અને નહીં અમલ કરો અને ગૈર મુસ્લિમો જેમ બેપર્દા રહેશો તથા પત્નિ, પુત્રીઓને બે પર્દા ફેરવશો તો ખુદાના ક઼ાનૂનથી આવી બગાવતનો અંજામ વેઠવા પણ તૈયાર રહેજો ! અલ્લાહ સૌને નેક સમજ આપે. આમીન *–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, જુન–૨૦૦૯)*

(પ્રકરણ : ૩૦)

# સ્ત્રીની પોલિટિક્લ નેતાગીરી ઈસ્લામી રોશનીમાં

નબીએ કરીમ صلى الله عليه وسلم એ ક઼યામતની નિશાનીઓમાં એક નિશાની એ પણ બયાન ફર્માવી છે કે ક઼યામત આવતા પહેલાં સ્ત્રીઓ પુરૂષો ઉપર રાજ તથા શાસન કરશે. આપણુ ઈમાન તથા યક઼ીન છે કે નબીએ કરીમ صلى الله عليه وسلم સાદિક઼ (સાચા) છે. આપ صلى الله عليه وسلم ની ઝબાને અક઼દસથી નીકળેલ એક એક શબ્દ નિશ્ચિત રીતે સત્ય છે તથા આપની દરેક આગાહી (ભવિષ્યવાણી) સાચી સાબિત થશે. આજે આપણે વૈશ્વિક સ્તરે રાજકરણની દુનિયા ઉપર નજર દોડાવીએ તથા રાજકરણ અને નેતાગીરીના મેદાનમાં સ્ત્રીઓની ભાગીદારીનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરીએ તો સરવરે કાઈનાત صلى الله عليه وسلم ના ઉપરોક્ત ફર્માન ઉપર આપણુ ઈમાન તથા યક઼ીન અધિક કામિલ થઈ જાય છે.

સ્ત્રીઓની રાજકરણ સંબંધે નેતાગીરીનો મસ્અલો મઝહબી દાનિશ્વરો દરમિયાન એક મુદ્દતથી ચર્ચાનો વિષય બન્યો છે. અને દરેક ધર્મ તથા મઝહબના પ્રતિનિધિઓએ આ વિષયમાં ભાત ભાતના વિચારો તથા ખયાલો રજૂ કર્યા છે. માનવજાતની એકતા તથા સ્ત્રીઓ પ્રત્યે સ્વતંત્રતાના ઝંડાધારી કહેવાતા ચિંતકો, પરિણામ તથા અંજામથી બેપરવા લોકો સ્ત્રીઓની આગેવાની તથા નેતાગીરીની તરફદારી વિશે અક્કલ તથા બુદ્ધિથી અનાડી લોકો ઘણી એલફેલ દલીલો આ નાઝુક તથા કુમળા વર્ગની પ્રાકૃતિક લાયકાતોથી બેખબર લોકો પાયા વિનાની દલીલો રજૂ કરે છે. આવા એજ્યુકેટેડ પણ દીની જ્ઞાનથી અભણ એવા ચિંતકોએ આ બાબતે ઈસ્લામી સિદ્ધાંતોનો અભ્યાસ કરી પોતાની સોચ તથા વિચારશૈલીની દિશા સહીહ કરી લેવી જોઈએ.

અલ્લાહ તઆલાએ પોતાની સર્વવ્યાપી હિક઼મત મુજબ માનવતાને બે વર્ગોમાં વહેંચીને તેમની કાર્યસીમા તથા કાર્યપદ્ધતિ પણ નિશ્ચિત ફર્માવી આપી છે. અને એ જ પ્રમાણેની તેમના અંદર શક્તિઓ તથા ક્ષમતાઓ પણ પ્રદાન કરી છે. અલ્લાહ તઆલાની ચોક્કસ કરેલ આ મર્યાદાઓ તથા





સીમાઓથી વિરુદ્ધ કરવું હક઼ીક઼તમાં પ્રાકૃતિક સિદ્ધાંત (કુદરતી નિયમ)થી બગાવત છે, જે ક઼ૌમોની તબાહીનું કારણ તથા બેઈજ્જતીનો સામાન હોય છે. અલ્લાહ તઆલાએ સ્ત્રી પુરૂષની પ્રાકૃતિક રચના મુજબ બંનેની જવાબદારીઓમાં પણ ફરક કર્યો છે. આગેવાની તથા લીડરશીપ માટે પુરૂષોને નિયુક્ત કર્યા છે, જ્યારે કે સ્ત્રીઓને નાઝુક હાલતથી સંબંધ ધરાવવા તથા પ્રાકૃતિક રીતે નરમ હોવાના કારણે ઘર સંબંધિત કાર્યો તેમજ ઔલાદના લાલન પાલન તથા કેળવણી તથા અન્ય ગૃહ સંબંધિત જવાબદારીઓ સોંપી છે.

આ બંને વર્ગ દરમિયાન આ પ્રકારની કાર્ય વહેંચણી બંનેની શારીરિક રચના, સ્વભાવ, તબિયત, કાર્યક્ષમતા તેમજ પ્રાકૃતિક આવશ્યક્તાના તદ્દન મુતાબિક઼ છે.

સ્ત્રી વર્ગની રાજનૈતિક સક્રિયતાના તથા ગરમા ગરમીમાં હિસ્સેદારી અથવા રાજકીય નેતાગીરી એ ધાર્મિક તથા મઝહબી દૃષ્ટિ બિંદુથી જ નહીં બલ્કે તેમની પ્રાકૃતિક તથા કુદરતી ક્ષમતાઓ કાબેલિયતોની વિરુદ્ધ છે. રાજકરણની પગદંડી ઘણી મુશ્કેલ તથા ગુંચવણમય હોય છે, જેના ઉપર ચાલીને મંઝિલ સુધી પહોંચવા માટે કાર્યશક્તિ, ચિંતન, પૂર્વ અનુમાન, દૂરંદેશી ત્વરિત નિર્ણય શક્તિ, અતિ બુદ્ધિમત્તાની સખત જરૂરત હોય છે, જેનાથી સ્ત્રીઓ સામાન્યતઃ કુદરતી રીતે વંચિત હોય છે. એક પાર્ટી અથવા રાજ્ય તથા રાજ્યની નેતાગીરી માટે નેતામાં જે ક્ષમતાઓ અનિવાર્ય છે, એક સ્ત્રી તેને પૂર્ણ પાડવાની શક્તિથી લાચાર તથા આજિઝ હોય છે. ભાવનાઓની ઉગ્રતા, આતૂરતા તથા બેસબ્રી, કુદરતી શરમો હયા, નિર્ણય શક્તિનો અભાવ, વિશેષ સ્વભાવિક રૂચીઓ વગેરે એવી બાબતો છે જેના કારણે નાઝુક સ્ત્રી વર્ગને આગેવાની નેતાગીરીના વજનદાર હોદ્દાના લાયક ઠરાવી શકાય નહીં.

ઈતિહાસના કોઈ પણ વિદ્યાર્થીના દિમાગમાં એ સવાલ ઊભો થઈ શકે છે કે દુનિયાના ઈતિહાસમાં અમુક એવી સ્ત્રીઓનું વર્ણન પણ જોવા મળે છે જેમણે પોતાની અતિ બુદ્ધિમત્તા, આશ્ચર્યજનક વિચારશૈલી તથા પૂર્વ અનુમાન (દૂરંદેશી) સત્તા તથા હુકૂમત કરવાની અત્યંત ક્ષમતાઓ દ્વારા પોતાની સત્તાને પ્રગતિ આપી પોતાનું નામ રોશન કર્યું છે અને હમેશાં માટે

ઈતિહાસનો એક અતૂટ ભાગ બની ગઈ છે, તો પછી આ નાઝુક વર્ગને રાજસત્તા તથા નેતૃત્વની ક્ષમતાઓથી વંચિત ઠરાવીને તેણીઓને આ હક્કથી મેહરૂમ કઈ રીતે ઠરાવી શકાય છે ? પણ હક઼ીક઼તમાં આવી ઘટનાઓ અપવાદ તથા જુઝ હોય છે જેને લઈને સામાન્ય નિયમ વિરુદ્ધ દલીલો ન કરી શકાય. અને એમાંય શરીઅતની પાબંદીઓને તો રહી નથી જ એ હક઼ીક઼ત છે.

સ્ત્રીઓ સંબંધે સ્વતંત્રતાની વકાલત કરનારા તેમજ ગળુ ફાડી ફાડીને સમાનતાનો નારો લગાડનારા પશ્ચિમીઓ (યૂરોપિયનો) સ્ત્રીઓ પ્રત્યે કેટલી હમદર્દી ધરાવે છે તથા તેમના આ પ્રયાસો સ્ત્રીઓ અંગે નિખાલસ છે કે પછી ઈસ્લામ દુશ્મનીમાં છે, તેનો અંદાજો ખૂદ તેમના કરતૂતો તથા કારનામાંઓથી જ લગાડી શકાય છે. વાસ્તવિક્તા એ જ છે કે તેઓ પોતે જ આ સિદ્ધાંત ઉપર અમલ નથી કરતા. સ્ત્રીઓની આઝાદી સંબંધે સૌથી મોટા ઠેકેદાર અમેરિકાને જ જોઈ લો જે આજે આખા જગતમાં માનવજાતની સમાનતાનો ઢંઢેરો પીટી રહ્યું છે, પરંતુ આજ સુધી એકપણ ખુશનસીબ સ્ત્રી ત્યાંની પ્રમુખ નથી બની શકી.

ઈસ્લામ જે એક પ્રાકૃતિક ધર્મ તથા દીને ફ઼િતરત છે અને દરેક ક્ષેત્રે મધ્યમતાનો પાઠ શીખવે છે તે આ વિષયમાં પણ ઘણી સ્પષ્ટ ફિક્ર તથા વિચાર ધરાવે છે. ઈસ્લામે સ્ત્રીઓને ઘરની શોભા ઠરાવી છે, તથા તેની પ્રાકૃતિક ક્ષમતાઓના આધારે તેનું કાર્યવર્તુળ પણ ચોક્કસ કરી આપ્યું છે. ઈસ્લામે તેમની ઈજ્જત તથા માન સન્માનની સુરક્ષા માટે તેમને પર્દાનો આદેશ આપ્યો છે અને પર્દા વિના (બેપર્દા) ગૈર મેહરમ (પર પુરૂષો) સામે જવાને શરીઅતની દષ્ટિમાં એક સખ્ત જુર્મ તથા અપરાધ ગણાવેલ છે. સ્પષ્ટ છે કે શરીઅતના આ પ્રકારના આદેશોનું પાલન એવી સ્ત્રી કદી પણ નથી કરી શકતી જેના દિમાગમાં રાજકરણ તથા નેતૃત્વનું ભૂત સવાર હોય, અથવા રાજનૈતિક આગેવાનીનો નશો ચડયો હોય. આ પવિત્ર તથા નાઝુક વર્ગનું રાજકરણ તથા નેતૃત્વના મેદાનમાં ઝંપલાવવું અન્ય રીતે પણ કેટલીયે ખરાબીઓ તથા બુરાઈઓનો દરવાજો ખોલી આપે છે. ગૈરમર્દ સાથે એકાંતમાં ચર્ચા, ગૈર મર્દો સાથે ઉઠવું બેસવુ, બેપર્દગી તથા બેહયાઈ આ મેદાનની એક સામાન્ય વાત છે. રાજકરણ એ હરીફાઈ તથા મુક઼ાબલાનું





મેદાન ગણવામાં આવે છે જ્યાં દરેક વ્યક્તિ પોતાના હરીફને માત કરવા માટે દરેક પ્રકારના શરઈ અથવા ગેરશરઈ પ્રયાસો કરવાથી પણ ચૂક્તો નથી. પોતાની તમામ શરઈ તથા ધાર્મિક મર્યાદાઓ તથા જવાબદારીઓને ભૂલી જાય છે. આવી સ્થિતિમાં એક સ્ત્રી પોતાનામાં સ્ત્રીપણાની સુરક્ષા કઈ રીતે સાચવી શકે છે ? ઈસ્લામી હદોમાં રહીને પોતાની રાજનૈતિક જવાબદારીઓને કઈ રીતે અંજામ આપી શકે છે ? આશ્ચર્યજનક વાત છે એ લોકોની જેઓ ઈસ્લામી આદેશો ઉપર કાર્યરત રહીને સ્ત્રી માટે રાજનૈતિક નેતાગીરી અંગેની ભાગીદારીની વાતો કરે છે. ઈસ્લામના આ સિદ્ધાંત તથા ખયાલને સ્ત્રીઓના અધિકારો વિરુદ્ધ ઠરાવવો એ સરાસર બેઅકલી તથા નાદાની છે. ઈસ્લામનો આ આદેશ હક઼ીક઼તમાં સ્ત્રીઓના સ્ત્રીપણાની હિફ઼ાઝત તથા તેમની ઈજ્જત તથા મર્યાદાની સુરક્ષા માટે છે. અલ્લાહ તઆલા સૌને સાચી સમજ અતા ફર્માવે. (આમીન)

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, નવેમ્બર–૨૦૧૦, રજૂકર્તા : મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી, સદરુલ મુદર્રિસીન દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

## (પ્રકરણ : ૩૧)

# મુસલમાન પરણિત સ્ત્રીઓને ખુશખબર !

મારી પ્યારી બહેનો ! નીચેની હદીષો વાંચો અને રબની રહમતો તથા અતાઓ પામવા માટે એ રીતે જીવીને ખુદાના ઈનામો તથા નબી કરીમ ﷺની બશારતોની હક્કદાર બનો.

રિવાયત છે કે એકવાર સરકારે મદીના ﷺએ સ્ત્રીઓને ઈર્શાદ ફર્માવ્યો, શું તમે એ વાત પર રાજી નથી કે જ્યારે સ્ત્રી પોતાના પતિથી ગર્ભ ધારણ કરે અને તે પતિ તેનાથી રાજી હોય તો તે સ્ત્રીને (દરરોજ) એવો સવાબ અતા કરવામાં આવે છે કે જેવો અલ્લાહની રાહમાં રોઝો રાખનાર તથા રાત્રે ઈબાદતમાં જાગનારને મળે છે. અને તેને પ્રસુતિ પીડા થતાં એવાં એવાં ઈનામો આપવામાં આવશે કે જેનાથી આસ્માન તથા જમીનવાળાઓમાંથી કોઈને એનાથી માહિતગાર નથી કરવામાં આવ્યા. અને તેણી બાળકને જેટલુ દૂધ પીવડાવશે તો તેણીને દરેક ઘૂંટના બદલામાં એક નેકી અતા કરવામાં આવશે અને તેણીને જો બાળકના કારણે રાત્રે જાગવું પડે તો રાહે ખુદામાં સિત્તેર ગુલામ આઝાદ કરવાનો સવાબ મળશે. *(કન્ઝુલ ઉમ્માલ)* આ પરથી સ્ત્રીઓએ ખુશ થવું જોઈએ કે બાળકોની પરવરિશ તથા પતિને રાજી રાખવામાં કેટલો મહાન સવાબ તેમને મળે છે અને તકલીફો પર સબ્ર કરવામાં કેવી મહાન નેઅમતોનો વાયદો અલ્લાહ તરફથી છે. (સુબ્હાનલ્લાહ !)

રહમતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, અલ્લાહ તઆલા એ સ્ત્રીને પસંદ કરે છે જે પોતાના પતિથી મહોબ્બત રાખે અને પર પુરૂષથી પોતાની રક્ષા કરે. *(કન્ઝુલ ઉમ્માલ)*

જાણવા મળ્યું કે પરાયા પુરૂષો સાથે નિઃસંકોચ બેપર્દા મળનારી તથા હંસી મજાક કરનારી સ્ત્રીઓને અલ્લાહ પસંદ નથી કરતો. જેથી અલ્લાહના ગઝબથી બચવા માટે પર પુરૂષોથી દૂર રહેવામાં જ ભલાઈ છે.

નબી કરીમ ﷺએ ફર્માવ્યું, સ્ત્રીઓમાં સૌથી સારી તે છે કે જ્યારે પતિ તેણીના તરફ જુએ તો તેને ખુશ કરી આપે, અને જ્યારે તે તેણીને કોઈ હુકમ આપે તો તેની આજ્ઞાપાલન કરે અને પોતાની જાન તથા માલમાંથી





કોઈ રીતે પતિને નાખુશ કરીને તેનો વિરોધ ન કરે. *(ઉપર મુજબ)*

સૈયદે આલમ ﷺનું ફર્માન છે કે સ્ત્રીનું કામકાજ કરવું જેહાદ કરનારાઓના રુત્બા સમાન છે. *(ઉપર મુજબ)*

સ્ત્રીઓએ નબી પાક ﷺની દષ્ટિમાં સૌથી સારી સ્ત્રી ઠરવું હોય તો પોતાના પતિને ખુશ રાખવો જોઈએ તથા જેહાદ કરનારાનો રુત્બો પામવા ઘરકામ શોખથી કરવું જોઈએ, કકળાટ કરીને નહીં !

રસૂલે પાક ﷺએ ફર્માવ્યું, સ્ત્રી સગર્ભા થવાથી લઈને બાળ જન્મ તથા તેને દૂધ છોડાવતા સુધી (સવાબના મર્તબામાં) એવી છે જેવી રીતે ઈસ્લામની રાહમાં સરહદની નિગરાની કરનારા દરેક જેહાદ માટે તૈયાર રહે છે. અને એ દરમ્યાનમાં જો મૃત્યુ પામી તો શહીદના બરાબર સવાબ પામશે. *(ઉપર મુજબ)*

અલ્લાહની રાહમાં કેવળ એક દિવસ ઘોડો બાંધવો એ દુનિયા તથા એમાં જે કાંઈ છે એ સર્વથી બેહતર છે. (બુખારી શરીફ) તથા અલ્લાહની રાહમાં સરહદ પર એક દિવસ તથા એક રાત ઘોડો બાંધવો એક મહિનાના રોઝા અને કયામ (નમાઝો પઢતા રહેવા)થી બેહતર છે. *(મુસ્લિમ શરીફ)* આ પરથી સ્ત્રીના સવાબનો અંદાઝો કરો ?!

નબી પાક ﷺએ ફર્માવ્યું છે કે, "જ્યારે કોઈ સ્ત્રી પોતાના બાળકને દૂધ પીવડાવે છે તો દરેક ઘૂંટને પીવડાવવા પર એવો બદલો મળે છે કે જાણે જાનદારને જીવંત કરી આપે. (બે વરસ બાદ) દૂધ છોડાવે છે તો એક ફરિશ્તો એલાન કરે છે કે તારા પાછલા સર્વ ગુનાહો માફ થઈ ગયા, હવે આગળ જે કાંઈ કરીશ તે નવેસરથી ગણાશે." આ પરથી જાણવા મળ્યું કે બાળકો ન જણનારી તથા પોતાનુ દૂધ બાળકોને ન પીવડાવનારી ફેશનેબલ સ્ત્રીઓ આનાથી મેહરૂમ છે.

નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "હે સ્ત્રીઓ ! યાદ રાખો, તમારામાંથી જે નેક છે તે નેક મર્દોથી પહેલાં જન્નતમાં જશે. પછી જ્યારે પતિ જન્નતમાં આવશે તો એ સ્ત્રીઓને ગુસ્લ આપીને ખુશ્બુ લગાડીને લાલ તથા પીળા રંગની સવારીઓ પર પતિઓના હવાલે કરવામાં આવશે અને એમની સાથે એવાં બાળકો હશે જાણે વિખરાયેલાં મોતી."

રબ્બે કરીમ તમામ બહેનોને નેક રાહે ઈસ્લામ પર ચાલવાની તૌફીક આપે. (આમીન)–*(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ઓક્ટોબર–૨૦૧૧)*

(પ્રકરણ : ૩૨)

## અમેરિકાએ જન્મ આપેલી એક નવ મુસ્લિમ મહિલાએ ઉભો કરેલ નવો ફિત્નો

# મુસ્લિમ સ્ત્રીઓને ગુમરાહ કરવા કુર્આન પર એક વધુ આક્રમણ!

અમેરિકી નવ મુસ્લિમ મહિલા સાલેહા બખ્તિયારે કુર્આન મજીદનું નવુ ભાષાંતર કર્યું છે. તેણીએ આયતોની વિગતવાર સ્પષ્ટતા કરી છે કે કુર્આન મજીદમાં જ્યાં આવારા સ્વભાવ રાખતી પત્નીઓની સુધારણા માટે આદેશ છે, ત્યાં જ ચેતવણી માટે પતિઓને એ હક્ક આપ્યો છે કે તેઓ સમાજમાં દીની ઈજ્જતની સુરક્ષા માટે કડકાઈ અપનાવી શકે છે. અને એનું એક પાસુ એ પણ છે કે વિદ્રોહી અને નાફર્માન પત્નીઓને હળવી સજા પણ આપી શકે છે.

દુનિયાના બધા નિયમોમાં એ પહેલુ હોય છે કે નિયમનો ભંગ કરનારને સજા આપવામાં આવે છે, તે ચાહે સ્ત્રી હોય કે પુરૂષ. ઈસ્લામ અગર વિદ્રોહી નાફર્માન અને અમાનતમાં ખયાનત કરવાવાળી પત્નીઓની સજા માટે નિયમ બનાવે છે તો તેમાં નવાઈની વાત શું? વાસ્તવમાં વાત ઈસ્લામની દુશ્મનીની છે. સત્ય અને ઈમાનદારીથી વિચારવાનું કામ ઈસાઈ અને યહૂદીઓની નજર સમક્ષ નથી. બસ, તે લોકો તો ઈસ્લામી નિયમોમાંથી કોઈ નિયમને મઝાક બનાવવા માટે લઈ લે છે, અને પછી ઈસ્લામ વિરુધ્ધ લડાઈ શરૂ કરી આપે છે. વર્તમાનકાળમાં પશ્ચિમી મીડિયામાં સ્ત્રીઓના હક્કો વિશે અજીબો ગરીબ લેખો પ્રકાશિત થઈ રહ્યા છે. એવું લાગે છે કે દુનિયાની અડધી વસ્તી અર્થાત સ્ત્રીઓને ઈસ્લામથી નફરત કરવાની લડાઈનો સિલસિલો બહુ જ જોરશોરથી ચાલી રહ્યો છે. ઈસ્લામના દુશ્મનોની યોજના કદાચ એ જ છે કે દુનિયાની સ્ત્રીઓને ઈસ્લામ વિરુધ્ધ ભડકાવવામાં આવે જેની પ્રતિક્રિયા રૂપે જ્યારે મુસલમાન નારાજગીનો દેખાવ કરે જેથી ચારેબાજુથી તોફાન ઉભુ થઈ જાય. પરંતુ ઈસ્લામના દુશ્મનોએ એ વાત સારી રીતે યાદ કરી લેવી જોઈએ કે ઈસ્લામને બદનામ કરવા માટે એ





લોકોએ કોઈ નવુ હથિયાર નથી વાપર્યું, આ જ હથિયારને તેમનાથી પહેલાંના ઈસ્લામના દુશ્મનો પણ વાપરતા આવી રહ્યા છે. આ ઈસ્લામના દુશ્મનોનો અંજામ પણ તે જ થશે જે ભૂતકાળમાં ઈસ્લામના દુશ્મનોનો થઈ ચૂક્યો છે.

પરંતુ જ્યાં સુધી સાલેહા બખ્તિયારના અંગ્રેજી ભાષાંતરની વાત છે તો ઈસ્લામી મુફક્કિરોએ તેને અરબી ભાષાના બંધારણના વિરુધ્ધ બતાવ્યું. ઈસ્લામી નિયમોના જાણકાર પ્રોફેસર ખાલિદ અબુલ ફઝલ એ ભાષાંતર પર વિવેચન કરતાં કહે છે કે, "સાલેહા બખ્તિયારને અરબી ભાષા પર પ્રભુત્વ પ્રાપ્ય નથી, અને તેણીની જાણકારી અરબી ભાષા વિશે ઉપરછલ્લી છે."

તેણીએ પતિઓના હક્કો વિશે નાઝિલ થયેલ આયતોને પોતાની સમજ પ્રમાણે ભાષાંતરનું રૂપ આપી દીધું છે જેથી અસલ આયતોનો ભાવાર્થ અને ભાષાંતરમાં મોટો તફાવત આવી ગયો છે. કુર્આન મજીદ અલ્લાહ તઆલાની નાઝિલ કરેલ કિતાબ છે, અને અગર તેનું ભાષાંતર દરેક રસ્તે ચાલનાર ગમે તેવી વ્યક્તિ થકી કરાવવામાં આવે તો તેનો અંજામ સારો ન જ હોય. સાલેહા બખ્તિયાર નવ મુસ્લિમ છે. તેણીએ ખ્રિસ્તી ધર્મ છોડીને ઈસ્લામ કબૂલ કર્યો છે. એવી હાલતમાં તેણીનું અરબી જ્ઞાન માત્ર શબ્દકોશ સુધી સીમિત છે જેથી ભાષાંતર કરવામાં ઉઘાડી ભૂલો થયેલ છે. કુર્આન અલ્લાહ તઆલાનો કલામ છે જે ફરિશ્તા થકી પૈગંબરે ઈસ્લામ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ પર નાઝિલ થયા પછી પૈગંબરે ઈસ્લામ ﷺની ઝુબાનથી આપણા સુધી પહોંચેલ છે એટલા માટે એમાં થોડુ પણ અદલ બદલ ચાલશે નહીં. જ્યારે સાલેહા બખ્તિયારે પોતાની સમજ વડે ભાષાંતર કર્યું છે અને ભાષા તથા વર્ણન તથા તેના આગળ પાછળની સ્થિતિઓ તેણીની નઝર સમક્ષ નથી. કોઈપણ રીતે સાલેહા બખ્તિયારનું ભાષાંતર કુર્આન મજીદના ભાષાંતરોમાં એક નવો વધારો છે. જોવાનું એ છે કે આ ભાષાંતરના વિશે ઈસ્લામના વિદ્વાનો આના પર હજી શા પ્રત્યાઘાતો રજૂ કરે છે. ખુલ્લે આમ સાલેહા બખ્તિયારનું ભાષાંતર વિખવાદનું કારણ બની ગયું છે.

ઈસ્લામના વિરોધીઓ ઈસ્લામને બદ્‌નામ કરવાનો કોઈ અવસર હાથથી ખાલી જવા નથી દેતા. કુર્આન મજીદને પણ આ લોકો ઈસ્લામના

વિરુધ્ધ એક હથિયારની જેમ ઉપયોગ કરે છે. દુનિયા ગવાહ છે કે ઈસ્લામના આગમન પહેલાં સ્ત્રીઓની સ્થિતિ ઘણી જ દયામણી હતી. નોકરોથી પણ બુરી જિંદગી જીવવું સ્ત્રીઓનું ભાગ્ય બની ગયું હતું. ઈસ્લામે સ્ત્રીઓની સુરક્ષા માટે નિયમો બનાવ્યા અને તેને સમાજમાં ઈજ્જતનું સ્થાન આપ્યું. ઘરની ચાર દિવારોમાં સ્ત્રીઓને એવા હક્કો આપ્યા છે જે આનાથી પહેલાં દુનિયાની સંસ્કૃતિ અને શિષ્ટાચારના ઈતિહાસમાં ક્યાંયે જોવા નહીં મળે. સ્ત્રીઓને પોતાના પતિઓની સંપત્તિ તથા ઈજ્જત અને આબરૂની દેખભાળ કરનાર બનાવી. પરંતુ જો કોઈ સ્ત્રી પોતાના પતિની મિલ્કત અને તેની સંપત્તિની દેખરેખમાં અને અમાનતદારીમાં ખયાનત કરે તો આવી હાલતમાં પતિને હક્ક છે કે તે પત્ની પાસે જવાબ માંગે. પત્નીની જવાબદારી છે કે તે ઘરેલુ કામકાજની દેખરેખના વિશે પોતાના પતિઓને સંતુષ્ટ કરે અને કોઈ એવું કામ ન કરે જેનાથી પતિઓનો ભરોસો ઉઠી જાય. અને પત્ની પોતાના પતિની સંપત્તિનો દુરપયોગ ન કરે.

આજ કારણે ઈસ્લામે નિયમ બનાવ્યો છે અને કુર્આન મજીદમાં તે નિયમની પૂરી વિગત દર્શાવવામાં આવી છે. જો પત્ની પતિના હક્કોને પૂરા ન કરે અને તેમાં ખયાનત કરે તો એવી હાલતમાં પતિને હક્ક છે કે તે પોતાની પત્નીને સીધા માર્ગ પર લાવવા માટે ચેતવણી આપે. આ છતાંય તેમાં સુધારણા ન થાય તો તે પત્નીને પતિ સજા પણ આપી શકે છે. બસ આ જ કારણને લઈને ઈસ્લામના વિરોધીઓ હમેશાં ઈસ્લામ વિરુધ્ધ હુલ્લડ ઉભુ કરે છે. સ્ત્રીઓના અધિકારોની દેખરેખ કરવાવાળી ઈસાઈ અને યહૂદી સંસ્થાઓ દુનિયાની સ્ત્રીઓની સમક્ષ ઈસ્લામના આ પાસાને ઘણુ જ વિકૃત તથા ડરામણુ બનાવીને રજૂ કરે છે. અમેરિકાની એક સંસ્થાએ ચળવળ ચલાવી છે, જેનો મકસદ છે કે, "દુનિયાની મુસ્લિમ સ્ત્રીઓને ઈસ્લામના ત્રાસથી બચાવવામાં આવે ! કેમ કે ઈસ્લામ પ્રત્યેક મુસ્લિમ પતિને હક્ક આપે છે કે તે પોતાની પત્ની પર હાથ ઉઠાવી શકે છે અને નાફર્માની કરવા બદલ તેને સજા આપી શકે છે."

યાદ રહે કે ઈસ્લામમાં મુસ્લિમ પતિઓને આદેશ આપવામાં આવ્યો છે કે તે પોતાની પત્નીઓને કદાપી ત્રાસ ન આપે. અણગમતી હાલત પૈદા થવા પર પતિ જો પોતાની પત્નીને સજા આપે તો એના માટે પણ એક મર્યાદા રાખવામાં આવેલ છે, રોકવામાં આવ્યો છે કે પતિ પત્નીના મોઢા ઉપર





તમાચો ન મારે, શરીરના નાઝુક અંગો પર ઈજા ન પહોંચાડે, આંખ, કાન, નાકને કદાપી નુકસાન ન પહોંચાડે. બસ, સુધારણા માટે (દાતણ) મિસ્વાક વગેરેથી મારી શકે છે, જેનાથી વધારે ઈજા ન પહોંચે, અને પત્નીના વર્તનમાં સુધારણા આવી જાય. કેવળ આટલી જ વાત છે, જેના માટે ઈસ્લામના દુશ્મનોએ હંગામો મચાવ્યો છે કે ઈસ્લામ મુસલમાન પતિઓને પોતાની પત્નીઓને ત્રાસ આપવાની પરવાનગી આપે છે ! જ્યારે કે કુર્આન મજીદમાં કેટલીયે જગ્યાએ સ્ત્રીઓ સાથે સદ્‌વર્તન કરવાનો આદેશ આપ્યો છે. પૈગંબરે ઈસ્લામ ﷺએ પોતાની અંતિમ હજ્જના પ્રસંગ પર જે ખુત્બો આપ્યો હતો તેમાં પણ કયામત સુધીના મુસલમાનોને સંબોધિત કરતાં ફર્માવ્યું હતું કે, "તેણીઓને ખુદા દ્વારા કાયમ કરેલ મર્યાદા ન ઓળંગે અને સ્ત્રીઓ સાથે સદ્‌વર્તન કરે, તેણકદાપી ત્રાસ ન આપે, અલ્લાહને કોઈ પણ હાલતમાં ત્રાસ પસંદ નથી." *–(નઈ દુન્યા અઠવાડિક ઉર્દૂ, ૭ થી ૧૩, મે–૦૭)*

*–(હવાલો : રજૂ. સૈયદ ઈરફાન અલી અબ્બાસ કેરવાડાવાળા,*
*બરકાતે ખ્વાજા–માસિક, જુલાઈ–૨૦૦૭)*

